# પ્રતિમાઓ

ઝવેરચંદ મેઘાણી



गूजरात विद्यापीठ ग्रंथालय

ग्रंथनाम પ્રતિમાઓ

अनुक्रमांक 278970 રુ किंमत रु 65-00

स्थानांक ક : 3

दा.ता. નિયાબર

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય

STOCK - 2008

C

00278970


# પ્રતિમાઓ

ઝવેરચંદ મેઘાણી

ગૂજરાત વિદ્યાપીઠ
ગ્રંથાલય
અમદાવાદ - ૧૪

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

Gujarati Stories





ફૂ-:૨
મેઘાણી
278970



કિંમત : રૂ. 65

પુનર્મુદ્રણ: ફેબ્રુઆરી 2008
આવૃત્તિઓ : પહેલી 1934, બીજી 1942, ત્રીજી 1946
પુનર્મુદ્રણ: 1976, 1981
'મેઘાણીની સમગ્ર નવલિકા'(ભાગ 1)માં પુનર્મુદ્રણ 1998


**PRATIMAO**
*short stories*
by Jhaverchand Meghani
Published by Gurjar Grantharatna Karyalaya,
Gandhi Road, Ahmedabad 380 001, (India)
Ed.3, 1946, reprinted 2007

સુશોભન-રેખાંકનો : વાસુદેવ સ્માર્ત
પાનાં : 8+168=176
ISBN 978-81-8480-006-7
નકલ : 1250

■ *પ્રકાશક : અમરભાઈ ઠાકોરલાલ શાહ* ***ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય*** *રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380 001 : ફોન : 22144663* ■ *ટાઇપસેટિંગ :* ***શારદા મુદ્રણાલય*** *201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-380 006 : ફોન : 26564279* ■ *મુદ્રક :* ***ભગવતી ઑફસેટ*** *15/સી, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-380 004*

અર્પણ

કજિયાળી બહેનને



*તારે અંતર, ઓ સખિ, મરીને સરજું બાળ;*
*ચંપાવું તુજ ઉપર પરે, આ માથું આ વાળ.*
*અથવા પથ્થર બનું પ્રહારો સહેતાં –*
*તારે કાને હજાર ગાન ગાવાં હતાં!*
*શીખવિયું તેં જ સદા મૂંગા રહેતાં –*
*તારે કાને હજાર ગાન ગાવાં હતાં!*

[લેખકના ગીત-સંગ્રહ 'કિલ્લોલ'માંથી]

# નિવેદન

[પહેલી આવૃત્તિ]

જગતના કેટલાય કલાકારોની કલા પોતાના મર્મવાહક ('ઇન્ટરપ્રીટર') વિના નિષ્ફળ ઊભી છે; પોતાની પિછાન કરાવનારા આશકોની એને રાહ છે. ચિત્રપટના ડિરેક્ટરોએ પોતાની વિશિષ્ટ વાણીમાં નવી એક દુનિયાનું નિર્માણ કર્યું છે. તેઓને હું સર્જકો કહું છું. તેઓની સર્જેલી આ નવ પ્રતિમાઓના ખરા મર્મને જો હું પારખી શક્યો હોઉં એમ તમને ભાસે, તો હું આમાં નવસર્જનનો જ આનંદ પામીશ. મારું કેટલું છે ને કેટલું પારકું છે એ અલગ પાડીને બતાવવું સહેલ નથી, આવશ્યક નથી, તેમ ઈષ્ટ પણ નથી. એમાં મારો પ્રાણ નિચોવાયો છે, એટલું શું મારે માટે ઓછું છે?

આ વાર્તાઓના સર્જન સાથે એક નવું નામ જોડાયેલું છે કે જેને સાહિત્ય, કલા અથવા ચિત્રપટની દુનિયામાં ભાગ્યે જ કોઈ સ્થાન આપે. (વસ્તુતઃ ઘણુંખરું મારો જીવનસંબંધ આવી કોઈ 'દ્વારકાની છાપ' વગરના જ સ્નેહીઓમાં સંઘરાયો છે.) આ યુવાન વ્યાપારી સુહૃદે મારા જીવનની એક વિકટ રાત્રીને પહોરે એક દીવો ચેતાવ્યો: ચિત્રપટોના દર્શનમાં એણે મને ઊંડો રસ લેતો કર્યો. એક વિવેચકને છાજતી રીતે મને એણે પરદા પર ભજવાતી કથાઓના મર્મ પારખવામાં સહાય દીધી; અને છેવટે, મારાં થીજી ગયેલ આંગળાંને જીવતા મૃત્યુમાંથી ઉગારી લેવા માટે 'કંઈક લખ! હવે કંઈક લખ!' એવું ધીરું ધીરું પંપાળીને આ વાર્તાઓના લેખનમાં મને પ્રવૃત્ત કર્યો. લખાઈ તૈયાર થતી વાર્તાઓને તપાસી તપાસી, જ્યાં જ્યાં અમારી બેઉની સમજમાં ફેર પડતો હતો ત્યાં ત્યાં નવસંસ્કરણ કરાવ્યું. એ નામનો ઉલ્લેખ અહીં કરું છું તે એની નિપુણતાને પ્રસિદ્ધ કરવા માટે નહીં, પણ સ્નેહના ચિરસ્મરણને સારુ. એનું નામ શ્રી નાથાલાલ દોશી છે. મુંબઈમાં એ મોટર-સ્ટોર્સની પેઢી ચલાવે છે.

સૌરાષ્ટ્ર સાહિત્યમંદિરના પ્રકાશન માટે તૈયાર થયેલી આ ચોપડીને 'ફૂલછાબ'ના સંચાલકોએ પોતાનું ભેટ-પુસ્તક બનાવવા મા[illegible] તે તેઓનું સૌજન્ય ગણું છું.

1-1-1934

*

['પલકારા'ના નિવેદનમાંથી]

'પ્રતિમાઓ'ની વાર્તાઓનો આધાર નીચે લખ્યાં ચિત્રપટોનો લીધો હતો:

| | | |
|---|---|---|
| જનેતાનું હૃદય | : | 'સિન ઑફ મૅડલીન ક્લૉડેટ' |
| પાછલી ગલી | : | 'બૅકસ્ટ્રીટ' |
| પુત્રનો ખૂની | : | 'ધ મૅન આઈ કિલ્ડ' |
| એ આવશે | : | 'મૅડમ બટરફ્લાય' |
| આખરે | : | 'ધ સીડ' |
| મવાલી | : | '20,000 યર્સ ઇન સિંગ સિંગ' |
| આત્માનો અસૂર | : | 'ડૉ. જેકિલ ઍન્ડ મિ. હાઇડ' |
| જીવનપ્રદીપ | : | 'સિટીલાઇટ્સ' |
| હાસ્ય: પહેલું અને છેલ્લું | : | 'ધ ક્રાઉડ' |

[બીજી આવૃત્તિ]

આ વાર્તાસંગ્રહની નવી આવૃત્તિ થતી જોવા હું ઘણા સમયથી ઉત્સુક હતો. ચિત્રપટના પરદા પરની વાર્તાઓ લેખે આ વાર્તાઓ એક માર્ગદર્શક સ્થંભ (ખાંભા)નું મહત્ત્વ ધરાવે છે; તે ઉપરાંત આપણા લઘુકથાઓના લલિત સાહિત્યમાં પણ એ નિઃશંક સ્થાન મેળવી શકેલી છે.

આવી જ બીજી વાર્તાઓનો મારો સંગ્રહ 'પલકારા' નામે પ્રકટ થયેલ છે, તે જિજ્ઞાસુઓએ જોઈ જવા જેવો છે.

રાણપુર: 25-5-'42

[ત્રીજી આવૃત્તિ]

આ ચિત્રપટ-કથાઓ ત્રીજી આવૃત્તિમાં પ્રવેશ કરે છે તે વાચક જનતાની પ્રસન્નતા બતાવે છે. મારી કૃતિઓનાં પ્રેમી જનોનો હું ઉપકાર માનું તેટલો ઓછો છે.

અમદાવાદ: 1946

# ક્રમ


| | |
|---|---|
| ◈ નિવેદન | [5] |
| 1. જનેતાનું પાપ | 3 |
| 2. આખરે | 24 |
| 3. પુત્રનો ખૂની | 47 |
| 4. પાછલી ગલી | 64 |
| 5. આત્માનો અસુર | 81 |
| 6. એ આવશે ! | 101 |
| 7. હાસ્ય : પહેલું અને છેલ્લું | 117 |
| 8. જીવન-પ્રદીપ | 131 |
| 9. મવાલી | 152 |

# પ્રતિમાઓ

# જનેતાનું પાપ

'**સા**ચેસાચ તું મને હમેશાં ચાહીશ?'

'સાત જન્મો સુધી.'

સ્ત્રી-હૃદયનો આ સનાતન પ્રશ્નઃ અને પુરુષની જીભનો આ નિત્યનવીન હાજરજવાબઃ ને પછી એક ગાઢ આલિંગન, એક માતેલું ચુંબનઃ એવી ઇંદ્રજાળ વડે જગતભરની જુવાની પોતાના સંસારનું મંગલાચરણ કરે છે. અને પછી?... પછી જોતજોતામાં તો આલિંગનની જગ્યાએ અસ્થિપિંજરો ઊભાં થાય છે અને ચુંબનોએ મઢેલા એ ગાલોમાં ઊંડી ખાઈઓ ખોદાય છે.

'તું મને નિરંતર ચાહીશ?' – 'સાત સાત જન્મો સુધી.'

એ જ કોલ વડે એક દિવસ બે જુવાનિયાંનાં જીવતર જોડાયાં. દેશાવરથી ભણવા આવેલો એક જુવાન એક મુગ્ધ કન્યાને એના બાપના ઘરની પાછલી બારીએથી કુદાવીને એ ગંજાવર શહેરના છેટા લત્તામાં લઈ ગયો. પોતે ચિત્રકાર હતો, એટલે પેટગુજારાને માટે સ્ટુડીઓ ઉઘાડ્યો. પતિનું દોરેલ એક ચિત્ર ગોઠવીને એ ચિત્રકાર-પત્ની બેઠી હતી. કલાના ખેરખ્વાહ કેંક ધનપતિઓ આ શહેરમાં વસે છે અને અકેક ચિત્રના હજારો રૂપિયા ચૂકવી જાય છે એવું એ સ્ત્રીએ સાંભળ્યું હતું. એવા એકાદનું આગમન રટ્યા કરતાં આ બન્ને જણાં લગભગ અરધાં ભૂખ્યાં ઊંઘી જતાં. લાંબી નિદ્રા ભૂખ્યાં જઠરની આગ ઉપર રાખના ભારણ સમી ઉપકારક નીવડતી.

એક દિવસ એ સ્ત્રીને થયું કે જાણે ઝાઝા દિવસની પ્રાર્થના ફળી છે. ઝૂકીઝૂકીને હાસ્યભર્યે મોંએ એણે એક દિવસ એક કલાપોષક કોટ્યાધિપતિનું સન્માન કર્યું. જેનું તળિયું હાથ ન લાગે એવા ઊંડા કુંભ

જેવી એના પેટની ફાંદ હતી. શરીરના બોજાએ ફરજિયાત ગૌરવશીલ બનાવેલી એની ગજગતિ હતી. બેમાંથી એક આંખ ખોટી હોવા છતાં તેના ઉપર ચઢાવેલું ઝૂલતી દોરીનું ચશ્મું એવો ભાસ કરાવતું કે કલાકૃતિઓનું અતિ ઝીણવટભર્યું નિરીક્ષણ કરવાને માટે ટેવાયેલી એ આંખ છે. કલાકારની આશાભરી પત્ની એ ધનપતિને પતિના દોરેલા ચિત્રની સામે લઈ ગઈ.

"આ શું? આવું, ન ઘોડો કે ન ગધેડો, એવું જનાવર શું દોર્યું છે આમાં?" એમ કહીને જ્યારે આ કાણિયા કલાપોષકે પોતાના હાથની સોટીની અણી વડે પોતાને અરુચિકર લાગતો ચિત્રભાગ બતાવવા હાથ ચલાવ્યો, ત્યારે કલાકારની સ્ત્રીએ વખતસર એ સોટીને વારી લઈને કહ્યું: "માફ કરજો, શેઠસાહેબ! ચિત્ર ખરાબ થશે."

એમ એક વાર, બે વાર, ને ત્રીજી વાર જ્યારે આ કલાભ્યાસી ક્રોડપતિની સોટીને તરછોડવામાં આવી, ત્યારે એને બહુ મોટું અપમાન લાગ્યું. એ અપમાન પણ એક નાદાન સ્ત્રીને હાથે થયું હોવાથી વિશેષ વસમું લાગ્યું. વધારામાં જ્યારે આ સ્ત્રીએ કહ્યું કે 'સોટી ઘોંચીને ચિત્ર જોવા આવ્યા છો, શેઠ! આંખ તો ઘરાણે મૂકી છે, ને ચિત્રકલાના પારખુ થાઓ છો!' – એમ કહ્યું ત્યારે એ કલોત્તેજક લક્ષ્મીનંદન પગ પછાડીને ચાલ્યો ગયો.

હજારો રૂપિયા મળવાની ધારણા રાખી બેઠેલ એ સ્ત્રીને આ હતાશાની અંદર એક મનુષ્યના અમીમય હાસ્યનો અજવાસ દેખાયો: એ માણસ પેલા કલારસિક શેઠિયાની જોડે આવ્યો હતો. એ ઉમ્મરમાં લગભગ બુઢ્ઢો હતો. જે વેળા એ ગયો, ત્યારે બારણું વાસતો વાસતો એક સૂચક સ્મિત પાથરતો એટલું સંભળાવતો ગયો કે 'ચિત્ર ખરે જ સુંદર છે!'

[2]

"શું કરું, વહાલી! લાચાર છું. મારે જવું પડે છે. પણ હું પાછો જલદી આવીશ."

એ હોય છે જીવન-નાટકના બીજા અંકનું ઊઘડતું વાક્ય. એ વાક્ય બોલી, રહ્યોસહ્યો જે કંઈ રસ હતો તેને આખરી આલિંગન–ચુંબનની વિદાય-વિધિમાં બિંદુએ બિંદુ નિચોવી નાખી, આ પરદેશી જુવાન પોતાના વતનના

વહાણમાં ચડી બેઠો. કારણ? કારણ કે એને પિતા તરફથી તાર આવ્યો હતો.

પછી તો જે સમયે એ લગ્નતત્પર યુવાન પોતાના પિતાના મહેલમાં બેઠોબેઠો મદિરાની પ્યાલીમાં પોતાની પરદેશણ પ્રિયાનો પડછાયો નિહાળતો હતો – ને એના પંદર-વીસ મિત્રો એની ગમગીની તોડવા માટે મદિરા પાતા પાતા સમજાવતા હતા કે 'ઓ મૂરખા! એવા પરદેશી પ્યાર તે યાદ રખાતા હશે! ઓ ગંડુ! એ તો એ જ તને ક્યારની વીસરી ગઈ હશે' – તે ક્ષણે દરિયાને આ કિનારે એક જાહેર સુવાવડખાનાના ખાટલા ઉપર એક સ્ત્રી છોકરું જણતી હતી: એ હતી આ જુવાને રઝળાવેલી પેલી વાટ જોતી બેઠેલી કુમારિકા.

દાઈઓ એની પાસે વધામણી ખાતી હતી: "બેન, તારે દીકરો આવ્યો. કેવો રૂપાળો છે, બાઈ!"

સ્ત્રી જવાબ દેતી હતી કે "રે! એથી તો હું મરી કાં ન ગઈ? એ કાં ન મરી ગયો?"

"અરે બહેન, આમ તો જો, કેવો નમણો દીકરો તને ભગવાને દીધો છે!" દાઈઓ બાળકને માતા કને લાવી.

"નહીં નહીં, મારે એને નથી જોવો. લઈ જાઓ એને અહીંથી, લઈ જાઓ એ પાપને." કહેતી રુદનભરી મા પડખું ફેરવી ગઈ.

પરંતુ દાઈએ જ્યારે હિંમત કરીને બાળકને માના પડખામાં મૂક્યું, માએ જ્યારે એ નિષ્પાપ માનવનો દેહસ્પર્શ – પ્રથમ પ્રભાતનો ફૂલ-સ્પર્શ – અનુભવ્યો, ત્યારે પ્યાર અને અનુકમ્પાના એના જીવનતાર ઝણઝણી ઊઠ્યા. પાપ અને પુણ્યના સંયોગમાંથી જન્મેલી નિર્દોષતાને એણે પોતાના હૈયા સાથે, ગળા સાથે, ને ગાલ સાથે ચાંપી લીધી. જગત જેને કલંક લેખે છે, એને જનેતાએ સોનાનો કળશ કરી શિર પર ચડાવ્યું.

[3]

સુવાવડમાંથી ઊઠ્યા પછી પહેલી જ વાર એને આપણે એક સુંદર આવાસમાં પ્રવેશતી જોઈએ છીએ. એની બગલમાં એક કાગળવીંટ્યું ચોગઠું

છે. એના નમસ્કાર ઝીલતા એ ઘરમાલિકે એને ઓળખી. વિસ્મય પામીએ બોલી ઊઠ્યો: "તમે, ઓહો તમે આંહીં ક્યાંથી?"

"તમને કંઈક ભેટ આપવા આવી છું, શેઠજી!" એમ બોલીને બાઈએ બગલમાંથી ચોગઠું લઈ, ઉપરનો કાગળ ઉતાર્યો; "આ ચિત્ર હું તમારા ઘરમાં ધરવા આવી છું."

"કારણ?"

"કારણ એટલું જ કે તે દિવસે મારે ઘેર તમે પેલા કલાપ્રેમી શેઠને લઈ આવેલા, ત્યારે તમને આ ગમેલું."

"પણ એનું કેટલું મૂલ્ય મારે આપવાનું છે?"

"મૂલ્ય તમારા મોંનું ઊજળું સ્મિત: ને એ મૂલ્ય તો તમે તે દા'ડે ચૂકવી ગયા હતા."

"પણ તમને હું એના સરસ પૈસા અપાવું."

"મારે એના પૈસાને શું કરવા છે? એ મારું નથી. એનો માલિક તો દરિયાપાર ચાલ્યો ગયો છે, ને એના જીવનમાંથી હું હવે બહાર જઈ પડી છું. આ એક એની સ્મૃતિ ઘરમાં રહી હતી તેને પણ છોડવા માગું છું. એનાં મૂલ્ય લેવાનો મને હક્ક નથી."

"તમે હવે શું કરશો?"

"પરણીશ."

"કોની જોડે?"

"એક ખેડૂત જોડે."

"ખેડૂત જોડે?" પુરુષ નવાઈ પામ્યો. "શું ગાયો દોહવાના, ને ભારા ઉપાડવાના કોડ જાગ્યા છે?"

"હં-હં," સ્ત્રી હસી: "થાય જ ને?"

"શા માટે આવી જીવનકળીને એમ ધૂળમાં રોળવા જાઓ છો? મારી જોડે રહો ને! હું તમને દુનિયાની રંગછોળોમાં નવરાવીશ. શા માટે ભથવારી બનવા જાઓ છો?"

"ના, ના, મારે પરણવું છે. મારે સંસાર માંડવો છે."

એટલું કહી એ વૃદ્ધને ચિત્રની ભેટ કરી, એ નીકળી ગઈ.

એ કોડ લગ્નજીવન માણવાના નહોતા. જે જુવાની એના દેહ ઉપર હિલોળતી હતી, તે એના હૈયામાં તો નહોતી જ રહી. એ તો શોધતી હતી ફક્ત એક આશરાસ્થાન: આબરૂભર્યું અને અનામત: જ્યાં એનું બાળક જીવી શકે, ઊઝરી શકે.

એવા એક આબરૂદાર ખેડુ મૂરતિયાને ઘેરે એને એનો પિતા તેડી ગયો. પરંતુ એ ઘાસ અને ઢેફાંમાં અવતાર વિતાવતા ખેડૂતને પણ પોતાની પ્રતિષ્ઠા હતી. એણે પહેલી જ શરત મૂકી કે 'તમારી છોકરી એકલી જ આવે. એના પેટનું એ પાપ – એ છોકરું – હું મારા ઘરમાં નહીં સંઘરું.'

બાપે દીકરીની સામે જોયું: "સમજી કે? તારા એ પાપને સંઘરીને કોઈ પોતાનું કુળ બોળાવવા તૈયાર નથી."

"મારું પાપ: હા, મારું પાપ:" છોકરીએ જવાબ દીધો: "મારું એ પાપ તો મારા કાળજાની કોર માથે રહેશે."

"આ તારો છેવટનો નિશ્ચય છે કે?" બાપે ભવાં ચડાવીને પૂછ્યું. દીકરીએ માથું ધુણાવ્યું.

"બસ ત્યારે." ખેડૂતે રૂખસદ સંભળાવી: "પતી ગઈ વાત. હું હાથ ધોઈ નાખું છું. ને હું પણ તને આજથી મૂએલી લેખીશ." કહીને બાપ રવાના થયો.

ખેડુઘરનાં દૂઝણાં દોવાનાં સ્વપ્ન ઘડતી સ્ત્રી પોતાની કલ્પનાનાં દૂધ-દોણાં ત્યાં ને ત્યાં પછાડીને ચાલી ગઈ.

ક્યાં?

ત્યાં – જિંદગીની રેલમછેલ મોહમજાહમાં રમાડવાનું વચન આપનાર એ બુઢ્ઢાને ઘેર, ત્યાં એની રખાત થઈને પોતે રહી. મોતીજડ્યા કુંડળ, હીરાના હાર, બંગડી, બાજુબંધ અને દેહની નગ્નતાને બહલાવવા સારુ પહેરાતાં વસ્ત્રો વડે એણે આ બુઢ્ઢાની વિલાસ-દુનિયામાં પોતાનું ભર્યુંભર્યું લાવણ્ય છંટકોરી દીધું. બુઢ્ઢો આશક એને જે પૈસા આપે છે, તેના વેચાતા લીધેલા દૂધ ઉપર એ પોતાના 'પાપ'ને પોષાવે છે: નગરથી દૂર દૂરના એક

ગામડામાં: એક ગરીબ દાઈના ઘરમાં; કેમકે આ વૃદ્ધ યારની પ્યારભરી, રોમાંચિત, મદિરામસ્ત દુનિયામાં બાળકને માટે જગ્યા નહોતી. સુઘડ સંસારને ઊંબરેથી પાછી ધકાયેલી માતાને એક નરાતાર કુત્સિત સૃષ્ટિનું શરણ લેવામાં એક જ આશય હતો: જેને જણ્યો છે તેને પ્રતિષ્ઠિત જીવનમાં સ્થપાવવાનો.

દાઈ મગાવે તેમ તેમ પોતે ખરચી મોકલ્યા કરતી; અને કોઈ કોઈ વાર એકાદ ફોટોગ્રાફરને સાથે લઈ, રબ્બર ટાયરની સુંવાળી બગીમાં માતા દાઈને ઘેર જઈ પહોંચતી, પુત્રનો વિચિત્ર વેશે ફોટો ખેંચાવતી. પોતે પણ પુત્રને ખોળામાં બેસારીને એક વાર તસવીર લેવરાવી – પણ તે તો સહેજ, ફોટોગ્રાફરના આગ્રહને વશ થઈ જઈને; સ્વેચ્છાથી નહીં. આ છબી પડાવી ત્યારે બાળક બે જ વર્ષનો હતો.

[4]

એક દિવસ એ દીકરાની દાઈ પોતાના ધણીને લઈ ઘણા જ ગભરાટભરી આવીને ઊભી રહી. ફળ ખાતી માતાએ પૂછ્યું: "કેમ? શું છે? કીકાને કેમ છે? કંઈ સમાચાર?"

"કીકાભાઈ તો મજામાં છે, બોન! પણ અમારાં હાંડલાં અભડાઈ જશે." દાઈએ પોતાનું સંકટ જણાવ્યું. ધણીના માથામાં ધબ્બો મારીને એણે વાત કરી: "આ પીટ્યાએ જૂગટું રમીને અમને બહુ ઊંડી ખાઈમાં હડસેલ્યાં છે, બોન! અત્યારે મોટી રકમ વિના નીકળવાની બારી નથી રહી."

"કેટલી મોટી રકમ?" માતાની કલ્પનામાં બાળકનું સત્યાનાશ તરવરી રહ્યું.

"પાંચસો રૂપિયા."

રકમનું નામ પડતાં જ સ્ત્રીનું શરીર સંકોડાઈ ગયું. તાતી ઘડીએ એટલી રકમની ત્રેવડ ક્યાંથી કરવી? નાખી નજર ક્યાંય પહોંચે છે?

હા. હાથની આંગળી પર. સાચા હીરાથી જડિત વીંટી પર.

બુઢ્ઢા આશકે તો એને ખરાવીખરાવીને કહ્યું હતું કે એ વીંટી ક્યાંયે અળગી કરીશ મા.

પણ – પણ દરિયામાં ડૂબતું બાળક જાણે યાચના કરી રહ્યું: 'મા!

ઓ મા! એ વીંટી નાખ. હું ડૂબું છું.' માએ વીંટી કાઢી આપી. વીંટી લઈને દાઈ વટાવવા ચાલી ગઈ.

અને બુઢ્ઢાએ તે દિવસ સાંજે કોઈ અનેરા ઉલ્લાસભેર આવીને માશૂક પાસે યાચના કરી: "મારી સાથે શાદી કરીશ તું?"

"કબૂલ: કબૂલ, પ્યારા!" માનું હૃદય પ્રકાશી ઊઠ્યું: પોતાનું ફરજંદ હવે હમેશાંને માટે સંકટમુક્ત બનશે એવી છૂપી આશા એના દિલમાં ચેતાઈ ગઈ.

"સાચે જ? વાહ, લે ત્યારે તો આ આપણી પહેલી રાતની લગ્નભેટ." એમ કહીને આશકે મોટા મોટા પારાનો એક નવલખો હાર એના કંઠમાં રોપી દીધો.

તે રાત્રિએ લગ્નવિધિ પૂરી કરીને જે વેળા આ જુગલ પોતાની રંગીલી દુનિયા વચ્ચે મહેફિલનાં નાચગાણાં અને ખાણાંપીણાં નિહાળતું બેઠું હતું, ત્યારે એકાએક બારણું ઊઘડ્યું. હથિયારબંધ પોલીસ-ટુકડી હાજર થઈ, અને નગરના એ શિરોમણિ ઉઠાઉગીરને જાહેર કર્યું: "તું ને તારી આ રાંડ, બેઉને અમે કેદ કરીએ છીએ. આ રહ્યો એ ચોરીનો માલ: આ રાંડના ગળામાં."

તે ક્ષણે સ્ત્રીને ભાન થયું કે પોતે શહેરના એક નામચીન મવાલીની પત્ની બની છે, ને પોતાના અંગ પરના તમામ દરદાગીના ચોરાઉ છે.

"તમે! તમે! તમે કોણ?" સ્ત્રી ચીસ પાડી ઊઠી.

"મેં તને આપેલું મારું નાંમ ખોટું હતું. પોલીસ સાચું કહે છે."

"ઓહ! ઓહ! તમે મને શા સારુ સાચું નામ ન કહ્યું? એથી મારા હૃદયમાં લગીરે ફેર ન પડત." કહેતી બાઈ ભાંગી પડી.

નગરનો માતબર મવાલી આખરની ઘડીમાં ભવ્ય બન્યો. એણે પોલીસોને કહ્યું: "હું ઈશ્વરની સાખે કહું છું, મારા કોઈ પણ ગુનામાં આ સ્ત્રી શામિલ નથી. એને છોડો."

"એ બચાવ અદાલતમાં કરજો." કહીને પોલીસે બેઉને ઉઠાવ્યાં. મવાલી ભવ્યતાનું એક પગથિયું આગળ ચડ્યો: "એને જરા આગળ લઈ

જાઓ. મને મારો ઓવર-કોટ લઈ લેવા દ્યો. ઠંડી બહુ લાગે છે.''

''નહીં નહીં, મને એનાથી જુદી કરશો નહીં. મને એની જોડે જ સજા દેજો.'' એવી ચીસો પાડતી એ જ્યારે મહેફિલ-ઘરની બહાર ઘસડાતી હતી, ત્યારે અંદરથી એક ગોળીબાર સંભળાયો. નગરનો મહાન ઉઠાઉગીર પોતાની છાતી ભેદીને ખલ્લાસ થયો હતો.

વકીલ-બારીસ્ટરના બચાવ વિનાની આ દિશાશૂન્ય અને એકલ બાલ-માતાએ આરોપીના પીંજરામાં ઊભાં ઊભાં પોતાની પચીસ વર્ષની વયે આવો ઈન્સાફ સાંભળ્યો: ''મરનાર ગુનેગારની આ રાંડ હતી, સબબ એના ગુનાઓમાં આ ઓરત એની રાંડ તરીકે શામિલ ન હોય તો એ અશક્ય છે. સબબ કોર્ટ એને દસ વર્ષની સખત મજૂરીની કેદ ફરમાવે છે.''

*

લોઢાના જાડા ઊભા સળિયા અને તે ઉપર ગૂંથી લીધેલી મજબૂત ઝીણી જાળી: એવી એક જેલ-બારીની અંદરથી બાળકની માતા પુત્રની દાઈને છેલ્લી ભલામણ કરી હતી: ''બહેન, દસ વરસે – દસ વરસે હું બહાર આવીને તારો પાઈયે પાઈ હિસાબ ચૂકવી આપીશ. મારી જાત વેચીને પણ તને ભરી આપીશ. તું દીકરાને સાચવજે. એને દુઃખી થવા દઈશ ના.''

''બોન!'' ગામડિયણ દાઈ બારી ઉપર રડી પડી: ''છૈયાની ચંત્યા તમે જરીકે ના રાખજો. હું મારી ઘરવખરી વેચીને પણ એને મોટો કરીશ. તમારું સત્યાનાશ તો, બોન, અમે જ વાળ્યું છે. મેં જ મોઈએ તમારી આંગળીએથી વીંટી કઢાવી, તે વીંટીએ જ તમને પકડાવ્યાં. તમારી આ વલે કરી!''

''બેન, હવે એ ભૂલી જા. દસ વરસ તો વાતવાતમાં નીકળી જશે. તું બચ્ચાને મોટો કરજે, ને......''

હાથમાં તાળું-ચાવી લટકાવીને ઊભેલી દરોગણે હાકલ કરી: ''બાઈ, મુલાકાતનો સમય પૂરો થઈ ગયો.''

''થોડી વાર, બાઈસાહેબ, થોડીક વાર!'' કહેતી માતાએ બારીની જાળી સાથે બન્ને હોઠ લગાડ્યા. પહેલી બાજુથી દાઈએ મોં અડકાડ્યું,

ગૂજરાત વિદ્યાપીઠ
ગ્રંથાલય
અમદાવાદ - ૧૪



માતાએ બચીઓ પર બચીઓ ભરી, ખુદ જાળી જ ઓગળી જાય એટલી બધી બચીઓ ભરી. જાળી વાટે, દાઈના હોઠ વાટે, પહેરેગીરોનાં શસ્ત્રોની આરપાર એ બચીઓ ક્યાં પહોંચતી હતી? – કૂણા નાના બે હોઠ ઉપર.

278970

[5]

કલાકો, પ્રહરો, દિવસો ને રાત્રિઓ: ટીપે ટીપે ટીપે, કણીએ કણીએ, નિઃશ્વાસે: એમ કરતાં જીવન-શીશીમાંથી દસ વરસની રેત સરી ગઈ ને પાંત્રીસમા વર્ષની પ્રભાતે કારાગૃહના દરવાજાએ એને વિદાય-ભેટમાં દસેક વધુ વર્ષોની અવસ્થા ભેળી બંધાવી. એ બહાર આવી ત્યારે એને લેવા માટે આવડા મોટા જગતમાંથી એક જ માનવી આવી ઊભું હતું: દીકરાની દાઈ. એનું નાનકડું પોટકું દાઈએ ઉપાડી લીધું, ને બેઉએ ધીમે પગલે જેલ છોડી.

"અહોહો!" હવાની લેરખીઓ ખાતી ને ઉન્મુક્ત અજવાળું નિહાળતી પુત્ર-માતા બોલવા લાગી: "નવો અવતાર: નવી દુનિયા: બધું જ નવું નવું."

ને એણે જેલ બહાર ઝાડ દીઠું. આજે એને ઝાડનાં પાંદડાંનો સ્પર્શ કરવાની છુટ્ટી હતી તેની એણે ચારે મેર જોઈને ખાતરી કરી. ઝાડની લળેલી ડાળીનાં પાંદને એણે આંખો, ગાલો ને ગળા સરસાં ચાંપી લીધાં. શીતળ! શીતળ! કેવું સ્નેહમય અને શીતળ! પેટનાં સેંકડો સંતાનો જાણે એના મોં ઉપર સુંવાળા હાથ ફેરવતાં હતાં, પોતે જાણે પોતાના એકના એક પુત્રના વાળ પર પંજો ફેરવતી હતી. લહરીઓમાં, કિરણોમાં, પાંદડાંના મર્મરધ્વનિમાં, જાણે માતા અને બાળકના મૂક, અગમ વાર્તાલાપ સિવાય બીજી કશી વાત નહોતી.

ઝાડને છાંયડે બેઉ થોભ્યાં. માતાએ દાઈને પુત્રના સમાચાર પૂછ્યા. ક્યાં છે? કેવડો મોટો થઈ ગયો છે? કેવો રૂપાળો છે? કદી કદી માને યાદ કરે છે ખરો? સવાલોનો અંત નહોતો. જવાબો એને અધૂરા ને અધૂરા જણાતા. દાઈ ત્યાંથી બારોબાર માતાને પુત્ર પાસે જ લઈ ચાલી.

એક મોટા અનાથ-આશ્રમને પગથિયે આવીને બેઉ ઊભાં રહ્યાં. અંદર પેસતાં પહેલાં એક જ ક્ષણે માને સાંભરી આવ્યું. એણે દાઈને પૂછ્યું:

"બહેન, તારી કને કંઈ 'ખઉ ખઉ' છે?"

દાઈએ પોતાની કોથળી ફેંદી. તેમાંથી એક સકર-લકડી જડી આવી. સકર-લકડી સાચવીને માએ પોતાના ગજવામાં સંતાડી દીધી.

ઑફિસમાં જઈ એણે પોતાનું નામ આપ્યું. પુત્રને લઈ જવા માગણી કરી.

"બાઈ!" આશ્રમના મંત્રીએ જવાબ આપ્યો: "કાયદો તમને બાળક સુપરત કરવાની ના પાડે છે. તમે ભયાનક ગુના બદલ દસ વર્ષની કેદ ભોગવી આવ્યાં છો. બાળકને મેળવતાં પહેલાં તમારે તમારી ચાલચલગત, તમારી ચોક્કસ આવક વગેરેની ખાતરી આપવી પડશે."

"તમારા એ કાયદાબાયદા જાય ચૂલામાં." માએ કહ્યું: "મારે શી પડી છે એ કાયદાફાયદાની? મને મારો છોકરો આપો ને, એટલે બસ, મારા ભાઈ!"

મંત્રીએ આ પાગલીના પ્રલાપ સામે એક અક્કડ હાસ્ય કર્યું. માતા માંડ માંડ સમજી શકી કે કાયદાબાયદા તો ચૂલામાં નહીં જઈ શકે; કાયદો તો કોઈ પણ જનેતાના વહાલ કરતાં ચડિયાતો જ રહેવાનો.

પછી માતા ગરીબડી બની. એણે પૂછ્યું: "મારો છોકરો મારે જોવો છે."

મંત્રીએ માથું ખજવાળ્યું. આવી બદચાલની ગુનાહિત ભયંકર ઓરતને છોકરા સાથે સમાગમ કરાવવામાં એણે કોઈ મહામારીના ચેપ જેટલો ભય અનુભવ્યો. માનું મોં જવાબની રાહ જોતું ફાટી રહ્યું હતું. કાયદાફાયદાની બેપરવાઈને બદલે એના ચહેરા પર અનાથતા ચડી બેઠી હતી.

મંત્રીની બાજુમાં એક બીજો મનુષ્ય બેઠો હતો. એ આ વિદ્યાલયનો અધ્યાપક દાક્તર હતો. એણે પૂછ્યું: "તમારા દીકરાને મળ્યાં તમને કેટલો સમય થયો?"

"દસ વરસ અને બાર દિવસ."

દાક્તરે ગૃહપતિ તરફ નજર નાખી પૂછ્યું: "થોડુંક મળી લેવા દઈએ તો? નહીં તો આ બાઈનું દિલ સ્થિર નહીં રહે. હું સાથે જઈને મેળવી આવું."

"ઠીક. મેળવી આવો ત્યારે."

અંદર પેસતાં જ માએ કહ્યું: "ઊભાં રહો. જુઓ, તમે બેમાંથી કોઈ મને કહેશો નહીં. ઓળખાવશો નહીં. મારે જોવું છે, હું એને ઓળખી કાઢું છું કે નહીં!"

ટોળેટોળાં બાળકોનાં: કોઈ દડે રમતાં: કોઈ છલંગો દેતાં: કોઈ ગીતો ગાતાં: આખું ક્રીડાંગણ કિલ્લોલી ઊઠ્યું છે: એકને જોઈ બીજાને ભૂલી જવાય એવા ઘાટીલા, પ્રિયદર્શી અને ચંચળ છોકરાઓ. દેહને અણુઅણુએ જીવન નાચે છે.

એ સહુની આરપાર ધીરે પગલે અને શોધતી આંખે માતા ચાલી. અનેક ચહેરા દીઠા. એકને તો ઊભો રાખીને ધારી ધારી નિહાળ્યો. માથું ધુણાવીને આગળ ચાલી. આખરે એક ખૂણામાં એની આંગળી ગઈ: "એ જ મારો ને?"

હા, એનો જ હતો એ. પછવાડે ચાલી આવતી દાઈને દેખતાંની વાર જ બાળકે દોટ મૂકી. "મા, મા," કહેતો એ દાઈને બાઝી પડ્યો. દાઈએ એને પંપાળીને કહ્યું: "બચ્ચા, આમને પણ તું મળ. એ તારી......."

"હું તારી બાની ઓળખીતી છું, ભાઈ!" એમ વચ્ચે બોલી ઊઠીને મા છોકરાની નજીક આવી. પહોળું માથું, ચપટાં સીધાં લમણાં, રેશમિયા વાળ, ચોખ્ખી સુડોળ મુખમુદ્રા ઉપર જાણે કાલે જ ઊગી નીકળી હોય તેવી તાજી તેજીલી આંખો: પાતળિયો, ઊંચો કંડાર્યો હોય તેવો દેહ.

બાળકને પોતાની મા સિવાયનું કોઈ બહુ પંપાળે તે નથી ગમતું. આ માતાને એ વાતની ખબર હશે. એણે પોતાનું પરાયાપણું જાળવી રાખ્યું. ગોદમાં લેવા મરું મરું થતી લાગણીઓને એણે રૂંધી રાખી.

"મારી બાને તમે ઓળખતાં હતાં?" પૂછીને પુત્ર તાકી રહ્યો.

"હા ભાઈ, તારી બા પણ તારા જેવાં જ રૂપાળાં હતાં."

"મને બધા એ જ કહે છે. દાઈ-મા પણ બાના રૂપની વાતો કરે છે. પણ બીજા બધા મને ખીજવે છે કે તારી બા તો જેલમાં પડી છે! હું પૂછું છું કે એમ કેમ બને? બા જેવું રૂપાળું હોય તે જેલમાં કેમ જ પડે? કોઈએ બાને ખોટેખોટી જેલમાં નાખી હશે."

માતાએ માંડ માંડ આંસુ રોક્યાં.

પોતાની બાની બહેનપણી સામે બાળક કંઈક સ્પષ્ટીકરણની આશાએ તાકી રહ્યો. એણે પૂછ્યું: "બાને તમે જેલમાં મળી આવ્યાં? એ મજામાં છે?"

"ભાઈ!" માતાએ શાંતિ ધરીને જવાબ દીધો: "તારી બા તો જેલમાં ગુજરી ગયાં."

"ગુજરી ગયાં? એટલે શું મરી ગયાં?"

માએ મોં હલાવ્યું. બાળકની હડપચી પંપાળી.

બાળકે નીચું માથું ઢાળ્યું. એનું મોં પ્રાર્થનામય બન્યું, "કેમ મને કોઈએ અત્યાર સુધી ન કહ્યું – બા મરી ગયાં, એમ?"

"ભાઈ, આ ખાઈશ ને?" કહી માએ સકર-લકડી કાઢીને ધરી.

બાળકે એના બે ટુકડા કર્યા, કહ્યું: "લ્યો, અરધું હું ખાઉં, અરધું તમે ખાઓ."

બેઉ ખાવા લાગ્યાં. બાળક ખાતો ખાતો કહે છે: "તમે મને બહુ ગમો છો."

સકર-લકડીના ટુકડા બેઉએ ગલોફાં ફુલાવીને ખાધા. જાણે ખૂબ ખાઈ નાખ્યું હોય તેવી સામસામી ચેષ્ટા બેઉ કરતાં હતાં.

જમવાનો ઘંટ બજ્યો. તમામ બાળકો જવા લાગ્યાં. દાક્તર અને દાઈ પણ ચાલતાં થયાં. માએ બાળકને એક બચી ભરી. બાળક ચાલતો થયો.

મા હજુ સ્થિર જ હતી. એણે અવાજ કર્યો: "ભાઈ!"

બાળક ઊભો રહ્યો. મા સામે જોયું. મોં મલકાવ્યું.

માએ હાથ લંબાવ્યા. કહ્યું: "એક વાર."

"પણ ઘંટ બજી ગયો."

"એક જ વાર." કહી માએ હાથ પહોળા કર્યા.

બાળકે ચોગમ નજર કરી, ત્યાં બીજું કોઈ નહોતું. ચોરની માફક દોડીને એ પેલા પહોળાયલા હાથની બાથમાં સમાયો. માએ છેલ્લી ચૂમી ચોડીને કહ્યું: "ભાઈ, આ ચૂમી તારાં બાની વતી."

મૂએલી બા મૃત્યુને સામે પારથી ઘડીભર હેત કરતી હોય, તેવું સુખ પામતો બાળક, પોતે એક નિયમબદ્ધ છાત્રાલયમાં ભણે છે એવું ભાન થતાં જ મૂઠીઓ વાળીને ત્યાંથી દોડી છૂટ્યો.

"ત્યારે તો એની બા મરી ગઈ!" દાક્તરે માતાને છાત્રાલયની બહાર લઈ જતાં જતાં ઉદ્ગાર કાઢ્યો. એ સમજી ગયો હતો. માતાએ જે વેળા છોકરાની પાસે બા ગુજરી ગયાની ખબર આપી પોતાની પિછાન છુપાવી દીધી, તે જ ક્ષણે દાક્તરે દીઠું હતું કે માએ પુત્રના કલ્યાણને ખાતર જ જીવતી સમાધ લઈ લીધી હતી. એ અણદીઠ બલિદાનનાં દર્શને દાક્તરની આંખો ભીની કરી હતી.

"દાક્તરસાહેબ!" માતાએ વાત બદલી નાખી: "છોકરો ભણવામાં કેવો નીકળશે?"

"દાક્તરી વિદ્યામાં ભારી ઝળકે તેવો છે, પણ એનું ખર્ચ કોણ ઉપાડી શકે?"

"દાક્તરીમાં કેટલું ખર્ચ થાય?"

"ઓ બાપ! લખલૂટ ખર્ચ. એ તો વિચાર જ કરવા જેવો નથી."

"દાક્તરીમાં મારો દીકરો બહુ ઝળકી ઊઠશે?"

"ગજબ." દાક્તરે હાથ પહેળાવ્યા: "સર્વને ઢાંકે તેવો દાક્તર બને. મહાપુરુષ નીવડે."

મા થોડી વાર થંભી ગઈ. એના હોઠ છાનું છાનું બબડતા હતા: 'મહાપુરુષ, મહાપુરુષ': એની આંખો ભાવિનાં શિખરો ઉપર એક પાતળા ઓછાયાને છલંગો દેતો ભાળી રહી હતી. એણે વિદાય માગતાં કહ્યું:

"દાક્તરસાહેબ, મારા કાગળની વાટ જોજો."

[6]

થોડાક જ મહિના ગયા, પછી માસે માસે એ દાક્તર ઉપર નાણાંનાં પરબીડિયાં આવવા લાગ્યાં. અને એ છૂપી મદદથી માતાનો પુત્ર દાક્તરી અભ્યાસનાં પગથિયાં પછી પગથિયાં ચડવા લાગ્યો. કોના તરફથી આ પૈસાની ટપાલ આવે છે તે પુત્રને જણાવવાની ના લખાઈ આવેલી. એ નોટોના થોકડા ચાલ્યા આવતા હતા સામા તીરની સૃષ્ટિમાંથી, જ્યાં પુત્રની માતા ફરી વાર પોતાના શરીરને શણગારી, ગાલના ખાડામાં સુવાસિત પાઉડરનાં પુરાણ કરી હોઠ રંગી, હવસનાં પૂતળાંને રમાડતી હતી. મધરાત પછીની મદભભકતી મહેફિલોમાં પોતાના લૂંટાતા યૌવનને એ જાણે એમ કહેતી કહેતી રોકતી હતી કે, 'પાંચ જ વર્ષ ઠેરી જા! મારો બેટો ભણીગણીને મહાપુરુષ બની જાય ત્યાં સુધી તું થોભી જા!'

પરંતુ જોબન કાંઈ કોઈના બેટાને મહાપુરુષ બનાવવા સારુ રોકાયું છે કદી? એ તો ચાલતું થયું – માના ભરપૂર દેહમાંથી-માંસ રુધિરના લોચા ને લોચા તોડીને એ તો ચાલ્યું. એક બાજુ દાક્તરી વિદ્યાલયના ભવ્ય વ્યાખ્યાન-મંદિરમાં વીસ વર્ષનો પુત્ર એક હાડપિંજરની પાંસળીઓ ગણી રહ્યો છે, ત્યારે એ મોડી રાતની રંગસૃષ્ટિમાં માતાનાં હાડકાંનું માળખું પણ ભમે છે.

જોબન ગયું, પફ-પાઉડરના થથેડા પણ કદરૂપતાને ઢાંકવા અશક્ત નીવડ્યા, અને પુત્ર 'મહાપુરુષ'ની નિસરણીને વચગાળે પગથિયે પૈસાની જોગવાઈ વિના અટકી પડ્યો હોવાના સમાચાર આવ્યા. એટલે પછી માતા સીધેસીધી દ્રવ્યચોર બની. જુગારખાનામાં, જલસાઓમાં ને પીઠાઓમાં એની ત્રાંસી નજરની ચાતુરીએ પરાયાં ગજવામાંથી પાકીટો સેરવવા માંડ્યાં; અને રહ્યુંસહ્યું શરીર પણ જે કોઈ પંલીતને વા પિશાચને વેચી શકાય તેને વેચી એણે પુત્રને નિસરણીનાં છેલ્લાં પગથિયાં ચડાવ્યો. છેલ્લું રૂ. 400ની નોટોનું પરબીડિયું ઉઠાવીને જ્યારે એ એક જુગારખાનામાંથી નાસી, ત્યારે એને

અને ભયાનક મોતને હાથવેંતનું છેટું હતું. એની લાશ સુધ્ધાં હાથ ન આવવા દે એવી ટોળી એનો પીછો લઈ રહી હતી.

એક અંધાર-ગલીના ખૂણામાં બેસીને માએ જ્યારે ફફડતે હૈયે એ નોટો ગણી, ત્યારે એની ઊંડી ગયેલી આંખોમાં સંતોષની ઝલક ઝલકી ઊઠી, જાણે કોઈ હિંસક જાનવર લપાઈને બેઠું બેઠું ભૂખ્યાં બચ્ચાં માટે ભીષણ યુદ્ધ કરીને આણેલા શિકાર ઉપર આંખો તગતગાવતું હતું.

બીજે દિવસે જ્યારે દાક્તરે આવીને એ થોકડો પુત્રના હાથમાં મૂક્યો, ત્યારે પુત્ર એટલું જ બોલ્યો: "ઓહો! આજ આ ખરચી ન મળી હોત તો મારી આખી કારકિર્દી પર પાણી ફરી વળત."

[7]

કમ્મરેથી ભાંગી ગયેલી, વાંકી વળેલી, ડગુમગુ ચાલતી એક ડોશી એક સંધ્યાએ વનિતા-વિશ્રામને દ્વારે આવી ઊભી રહી. કાળાં વસ્ત્રોમાં એ પોતાનું શરીર સંકોડતી હતી – હાડકાં અને ચામડીના માળખાને જો શરીર કહી શકાય તો એ શરીર હતું. એના માથા પરથી વાળ ખરી ગયા હતા. એના મોં પર કોઈ પાગલીના જેવું હાસ્ય હતું.

"તારે આંહીં દાખલ થવું છે, ડોશી?" વમિતા-વિશ્રામની ઉપરી બાઈએ પૂછ્યું.

ડોશીએ ડોકી ધુણાવી પૂછ્યું: "મને પાછી બહાર ક્યારે નીકળવા દેશો?"

"અહીં દાખલ થનારને મરણ સુધી બહાર નીકળવાનું નહીં મળે."

"ત્યારે તો રહો, રહો." ડોશીએ કાલીઘેલી ચેષ્ટા કરતાં કહ્યું: "હું એક જણને મળીને પછી આવું."

"સારું; રાતના બાર બજ્યા સુધી અહીં દાખલ થઈ શકાય છે."

"હો."

એટલું કહીને ડોશી ત્યાંથી ચાલતી થઈ. ઘણું લાંબું અંતર ચાલી. સાંજના ધમધોકાર વાહન-વ્યવહારની ભીડમાં કચરાતી-છૂંદાતી એ કેમ

બચી ગઈ હશે એ હરકોઈ જોનારને વિસ્મય પમાડે તેવી વાત હતી.

જે મોટા મકાનને દરવાજે એ ઊભી રહી, ત્યાં પિત્તળનું એક સુંદર ચગદું ચોડેલું હતું. રસ્તા પરની બત્તીને અજવાળે એની નિસ્તેજ આંખોએ નજીક જઈને ચગદા પરનું નામ વાંચ્યું: 'ડૉ...'

આગળપાછળ કોઈ જ નથી એ તપાસીને આ ખંધી જેવી લાગતી બુઢ્ઢીએ ધારીધારીને એ ચગદું ઉકેલ્યું. એ નામના એક પછી એક અક્ષર ઉપર એણે એના ધ્રૂજતા હાથની બન્ને હથેળીઓ પસારી. પોતાના કરચલિયાળા ગાલ એ ચગદા સાથે ચાંપીને છૂપી શીતળતા અનુભવી. પછી એણે પોતાના ફાટેલા કપડા વતી અક્ષરો લૂછી સાફ કર્યા. અને એ અક્ષરોની પછવાડે પોતાના મોંનું પ્રતિબિમ્બ નીરખ્યું. પારકા સાઈન-બોર્ડના એ લીસા પિત્તળને, અરીસો કરી એ ડોશીએ પોતાના મોં પરની કરચલીઓ લૂછી, આંખો લૂછી, માથાના રહ્યાસહ્યા કેશ સરખા કર્યા, માથે ઓઢેલું ઓઢણું સરખું કર્યું, અને પછી એ ઊપડતે પગલે એ મકાનમાં દાખલ થઈ.

"કોણ છો તમે? કેમ આવ્યાં છો?" દરવાજા ઉપર આવેલી એક સુશોભિત, કદાવર નર્સે એને પ્રશ્ન કર્યો.

ડોશી કશું બોલી ન શકી.

"તમે દાક્તરસાહેબને મળવા આવ્યાં છો?" નર્સે ફરી પૂછ્યું.

ડોશીથી કશું બોલાયું નહીં. એણે યંત્રવત્ ડોકું હલાવ્યું.

"પણ દાક્તરસાહેબને મળવાનો આ સમય જ નથી." નર્સે કહ્યું.

ડોશી જડવત્ ઊભી રહી.

"તમને દાક્તરસાહેબે અત્યારનો સમય આપ્યો છે?"

ડોશીએ ડગમગતી ડોક ધુણાવી. "હા."

નર્સ અને કમ્પાઉન્ડર સામસામાં જોઈ રહ્યાં. એ દૃષ્ટિમાં સંદેહ હતો. આખરે નર્સે કહ્યું: "ઠીક ત્યારે, આવો અંદર, બેસો અહીં."

બારણા પાસે બતાવેલી બેઠક ઉપર ડોશી પોતાનાં કપડાં સંકોડતી, જાણે ઠંડીમાં ધ્રૂજતી હોય એ રીતે બેઠી.

નર્સ અને કમ્પાઉન્ડર જ્યારે પાછાં બીજા ઓરડામાં જઈ કામે લાગી ગયાં, ત્યારે ડોશીના શરીરમાં ફરી સંચળ શરૂ થયો. એણે એક વાર તો ત્રાંસી નજરે જોઈ લીધું કે આગળપાછળ ત્યાં કોઈ છે કે નહીં. કોઈ જ નહોતું, એટલે એણે માથું હલાવી, ધારીધારીને એ બેઠકનો ખંડ તપાસ્યો. અવતાર ધરીને કદી દીઠું જ ન હોય તેમ આભી બનીને એ જોઈ રહી. પછી સામેની બાજુએ આવેલા એક બારણા પર એની નજર પડી. લપાઈને એ ઊઠી. ચોરના જેવી સિફતથી એ ત્યાં પેસી ગઈ. ઓરડાની શોભા, સ્વચ્છતા, રિદ્ધિસિદ્ધિને જોતી જોતી એ છેક મોટા ટેબલ પાસે પહોંચી, ટેબલની પછવાડે ખુરસી હતી ત્યાં પેસીને ખુરસીના લીસા લાકડા પર ને મખમલની ગાદી પર એણે હાથ ફેરવ્યા. અનંત સુખની લાગણી થતી હોય તેવી એની મુખાકૃતિ બની ગઈ. પછી એ બીતી બીતી ઝટપટ ખુરસી પર બેસી ગઈ. લહેરથી, રૂવાબથી, ગંભીર મોં કરીને બેઠી. કબાટોમાં સોનેરી પૂઠાંવાળાં દળદાર પુસ્તકો ગોઠવાયેલાં હતાં તે દીઠાં. અને આખરે શું દીઠું?

એક છબી: એ સુંદર ખુરસીની ડાબી બાજુએ એક નાના મેજ ઉપર, વીજળીની લીલી બત્તી નીચે, અગરબત્તીનાં બે ધૂપિયાંની વચ્ચે ધરેલી, કોઈ ભક્તના ઘરની દેવપ્રતિમા જેવી એક છબી,

છબીમાં એક ભરયૌવના અને ઐશ્વર્યમયી મા બેઠી છે. માના ખોળામાં, માના બે હાથના કૂંડાળાની અંદર બે વર્ષનો એક બાળક બેઠો છે. મા હસે છે. બાળક પણ હસે છે.

પચીસેક વર્ષોની ઝાંખપ એ છબી ઉપર વળી ગઈ હતી. છતાં મા અને બાળકના મોં પરનું હાસ્ય મોજૂદ હતું.

ડોશીએ એ છબી ઉપાડી. છબીને છાતીસરસી ચાંપીને એ ઊભી થઈ રહી. ત્યાં તો બારણા ઉપર અવાજ સંભળાયો: "જુઓ સાહેબ, આ રહી એ ડોશી."

ડોશીએ ઊંચે જોયું. ત્રણ જણાંને દીઠાં. એક નર્સ, બીજો કમ્પાઉન્ડર, ને ત્રીજો એક સત્તાવીસ વર્ષનો પાતળો, સીધો સોટા સરખો, નમણો, કદાવર

જુવાન.

ત્રણેય જણ નજીક આવ્યાં. ડોશીએ જુવાનને પાસેથી નિહાળ્યો.ચકચકિત બૂટજોડી: ઘડીદાર, રાખોડી રંગનું અકબંધ પાટલૂન: એવો જ ઘડીદાર બંધબેસતો ડગલો: ટાઈ, કૉલર: સાફ સુંવાળું મોં: અને છેલ્લીછેલ્લી એની આંખો ત્યાં ઠરી, જ્યાં એક સીધો લાંબો સેંથો એ યુવાનના રેશમી વાળને બંને બાજુએ વહેંચતો હતો.

બુઢ્ઢીની આંખમાં ડર નહોતો. અતિ હર્ષની વેવલાઈ હતી.

"કેમ, ડોશીમા!" એ યુવાને સહેજ કડકાઈથી છતાં સભ્ય રહી પૂછ્યું: "કેમ આવ્યાં છો?"

ડોશીમાએ કાંઈ ન કહ્યું. એ તો હજુ એ જુવાનને નીરખવામાં જ મશગૂલ હતી. પણ નર્સે કહ્યું: "સાહેબ, એ તો કહે કે આપે એને અત્યારે અહીં મળવાનો સમય આપ્યો છે."

"હં-હં-હં, એમ કે?" દાક્તર સહેજ હસ્યો. "ડોશીમા, તમે આવડી ઉમ્મરે જૂઠું બોલ્યાં કે?"

પણ ડોશીની બેફિકરાઈભરી નિરુત્તર સ્થિતિ દાક્તરને વધુ ને વધુ વિસ્મયમાં નાખવા લાગી. "ઠીક, પણ હેં ડોશીમા, તમે આંહીં અંદર શું કરવા આવ્યાં? જોઉં, એ શું છે તમારા હાથમાં?"

ડોશીના હાથમાંથી લઈને દાક્તરે જોયું. પોતાની પ્યારામાં પ્યારી એ તસવીર હતી. એણે ફરી પૂછ્યું: "આ છબી શા માટે લીધી હતી તમે? તમારે એને લઈ જઈને શું કરવી હતી?"

અબોલ ઊભેલ ડોશીના હાથ જાણે હજુ એ છબીની માગણી કરતા ઊંચા થઈ રહ્યા હતા.

"હં-હં," દાક્તરે પૂર્તિ કરી: "તમારી દાનત તો આ રૂપાની ફ્રેમ ઉપર બગડી લાગે છે, નહીં કે ડોશીમા?"

ડોશીના હાથ હજુ છબી તરફ લંબાયેલા હતા. એની ચૂપકીદીએ

દાક્તરના અવાજમાં તેમ જ મુખમુદ્રામાં પલટો આણ્યો. દાક્તરે **ફરીથી** ડોશીના દિદાર નિહાળીને પૂછ્યું: "તમે ખાધું છે કે **નહીં, ડોશીમા? ક્યારે** ખાધું છે?"

"કાલે." ડોશીએ ઠંડો જવાબ આપ્યો.

દાક્તરે થોડો વિસામો ખાધો. પછી એણે નોકરને કહ્યું: "ખાવાની થાળી તૈયાર કરીને લાવ જલદી." અને નર્સને કહ્યું: "તમે બહાર જાઓ અને દરવાજો બંધ રખાવો. હમણાં કોઈને અંદર આવવા ન દેશો, તમે પણ બહાર જ રહેજો."

"પણ – પણ – સાહેબ –" નર્સ ગભરાટમાં પડી.

"કશો જ ભય નથી. જાઓ તમે તમારે."

દાક્તરને કોઈ ડાકણના સાથમાં મૂક્યા હોય તેવી ગભરાટભરી મનોદશામાં નર્સે અને નોકરે બહાર નીકળી બારણું વાસ્યું.

દાક્તર અને ડોશી એકલાં પડ્યાં. દાક્તરે પોતાના આ વિલક્ષણ દર્દીની શરીર-પરીક્ષા શરૂ કરી.

"કહો હવે, માડી! શું છે તમને?"

ડોશી તો મૂંગી મૂંગી દાક્તરનો કંઠ-રણકાર અને રોગ-પરીક્ષાની છટા નિહાળી રહી.

"લાવો, તમારા હાથ જોઉં?" કહેતાં દાક્તરે ડોશીના હાથ પોતાના હાથમાં લીધાં. દાક્તર તો તપાસી રહ્યા છે ડોશીના નખ: નખ ઉપરથી કંઈક રોગ પારખવા માગે છે. પણ બુઢ્ઢીને તો દાક્તરના હાથનો સ્પર્શ કોઈ સ્વર્ગીય શીતળતા આપી રહ્યો છે. બુઢ્ઢીના અંગેઅંગમાં ટાઢા શેરડા પડ્યા.

"હા, હવે જોઉં તમારી આંખો?" કહીને દાક્તરે એ કાળાં કૂંડાળાંમાં પડેલી, ઓલવાતા બે દીવા જેવી, ઊંડા ખાડામાં ઊતરેલી વૃદ્ધ આંખોની નીચલી પાંપણો જ્યારે આંગળી વતી પહોળી કરી, ત્યારે બુઢ્ઢીના નિસ્તેજ તારલા દાક્તરના મોંને તદ્દન નજીકથી જોઈ શક્યા.

"હા, જોઉં તમારાં ફેફસાં કેમ છે?" કહી દાક્તરે નીચા વળી બુઢ્ઢીની છાતીએ કાન માંડ્યો. ડોશીની ધીરજ તૂટી પડવાની તૈયારી હતી. એના બેઉ હાથ ઊંચા થયા. પોતાના હૈયા ઉપર પેટના બાળકના માથાની પેઠે ઢળી પડેલું એ માથું ઝાલી લેવા જેટલા નજીક એના હાથ જઈ પહોંચ્યા. પરંતુ એને કશુંક વારતું હતું. એ સુંદર માથાના વાળને સ્પર્શ્યા પહેલાં એક જ પળે એ બેઉ જર્જરિત હાથ પાછા નીચા ઢળી ગયા.

"પણ-પણ." દાક્તર પૂછે છે: "તમારું કાળજું આટલું બધું થડકે છે શાનું, હેં ડોશીમા? આટલા ગજબ ધબકારા કેમ ઊઠે છે!"

ડોશી કશું નથી બોલતી, દાક્તર એની છાતી પરથી માથું ઉઠાવી લઈને પાછા ટટ્ટાર બન્યા. પૂછ્યું: "તમારે કેટલાં છોકરાં છે, ડોશીમા?"

"એક." જરા મોડો જવાબ આવ્યો.

"દીકરો કે?"

ડોશીએ માથું હલાવ્યું.

"શું કરે છે?"

"મહાપુરુષ છે."

"હં-હં! બધી જ માતાઓ પોતાના પુત્રો વિશે એમ માને છે. કઈ જાતનો મહાપુરુષ છે તમારો દીકરો?"

"ખબર નથી."

"હં... ડોશીમા! એ ખબર નથી કે? ઠીક લ્યો, હવે તમે અહીં બેસો, નિરાંતે બેસજો, હાં કે? જુઓ, તમારો રોગ મેં પારખ્યો છે ને હવે હું તમારા સારુ દવા બનાવું છું. સરસ દવા. એક વાર પીશો ને, એટલે તમને તરત જ આરામ આવી જશે. બેસો અહીં."

ડોશીના દુર્બલ શરીરને ઝાલીને દાક્તરે એક સુંદર ખુરસી ઉપર બેસાડ્યું: ને પછી એણે દવાના કબાટો પાસે જઈ, આજ સુધી કોઈ દર્દીને માટે પોતે નહીં કરી આપ્યું હોય તેવું ઔષધ બનાવવા માંડ્યું. જાતજાતની માત્રાઓ રેડતો રેડતો એ આ બુઢ્ઢીને 'સમજ્યાં ને, માડી?' 'સમજ્યાં ને,

માડી?' એવા મધુર ટૌકારથી કશી જ ચિંતા ન કરવાનું કહેતો જાય છે, ને કબાટમાંથી ઊપડતી શીશીઓ એક પછી એક રણકાર પૂરતી જાય છે, પ્યાલીમાં ટપકતાં ઔષધિઓનાં ટીપાં પણ કોઈ અતીત સંગીતના સૂરો કાઢે છે. એક-બે વાર વાતો કરતાં કરતાં દાક્તરે ડોશીની સામે જોયું, પણ પછી તો 'મિક્સ્ચર' બનાવવામાં પોતે એટલો મશગૂલ બન્યો, નવી નવી એટલી માત્રાઓ એને સૂઝવા લાગી, અને ગુમ થયું માનેલું કશુંક જીવન સર્વસ્વ આ બુઢ્ઢીને રૂપે એને પોતાના ઓરડામાં એટલું તો સલામત જણાયું, કે બુઢ્ઢી તરફ નિહાળવું એ ચૂકી ગયા. ફક્ત એ કશીક અસંબદ્ધ વાતો બબડતો જતો હતો: 'સમજ્યાં ને માડી?' 'તમે માડી, સમજ્યાં ને?' એ એક જ વાક્ય એના બબડાટમાં વિરામચિહ્ન જેવું બની ગયું, અને પછી 'સમજ્યાં ને, માડી!'નો છેલ્લો ટૌકો કરી, 'મિક્સ્ચર' બની ગયે, એણે જ્યારે ડોશીની ખુરસી તરફ નજર કરી, ત્યારે ખુરસી પર કોઈ નહોતું બેઠું. 'માડી' ચાલી ગઈ હતી.

ક્યાં ચાલી ગઈ, એ પત્તો કોઈને ન મળ્યો. દાક્તરના જીવનમાં 'માડી' શબ્દ ભણકારરૂપે રહી ગયો.

# આખરે

**મો**ટા શહેરની આ એક આલેશાન ઑફિસ હતી. સો-બસો મહેતાઓની કલમો ચીંચીંકાર કરતી કાગળો પર આંકડા–અક્ષરો પાડતી હતી. ટાઇપરાઈટરો પર ચાલીસ-પચાસ પંજા પછડાતા હતા. ટેલિફોનની ઘંટડીઓને જંપ નહોતો. બસો મનુષ્યોનું બાઘામંડળ કોઈક યંત્રમાળના સંચાઓ જેવું નિઃશબ્દ કામગરી ખેંચી રહ્યું હતું.

તે વખતે સંધ્યાના તેજમાંથી ઘડેલી પ્રતિમા જેવી એક જોબનવંતી સ્ત્રી ત્યાં દાખલ થઈ. વચલા રસ્તા પર ચાલતી, બંન્ને બાજુએ હારબંધ ગોઠવાયેલા ચહેરાઓને તપાસતી તપાસતી પોતાના રૂપને દોરે આ બસો જણાઓની આંખોને પરોવતી પરોવતી, તાલબદ્ધ પગલે લાદીના પથ્થરોમાં પ્રાણ જગાડતી એ સ્ત્રી આગળ આગળ વધતી ગઈ. આખરે એને જ્યારે ભોમિયાએ એ વિશાળ ખંડને છેક બીજે છેડે એક ખૂણામાં લઈ જઈ ઊભી રાખી, ત્યારે એની છાયાએ એ છેલ્લા ટેબલ પર ઝૂકેલી એક ગરદનને ચમકાવી ઊંચી કરી. થાકેલી એ ગરદન નીચેથી એક નમણો ને સારી પેઠે સુકાયેલો ચહેરો ઊંચો થયો. એ બે તેજહારેલી આંખોએ આ મૂંગી ઊભેલ સ્ત્રી-મહેમાનનું મોં થોડી ક્ષણો તાકી રહ્યા પછી જ ઓળખ્યું. સુખદ, છતાં સજળ, કરુણ અને કંઈક ખસિયાણો પડી ગયેલો એ ચહેરો માંડ માંડ પૂછી શક્યો: "તમે અહીં ક્યાંથી?"

"ઓળખતાં કંઈ આટલી બધી વાર?" મહેમાને મીઠાશથી સામે પૂછ્યું.

"ઘણાં વર્ષો થઈ ગયાં એટલે હું ખ્યાલ ચૂકી ગયો ખરો. પણ કહો, તમે અહીં ક્યાંથી?"

"પછી કહું. પહેલાં તમે જ કહો, તમે અહીં ક્યાંથી? – આ કારકુનીમાં?"

"કેમ?" પોતાની કંગાલિયતનો ખરો આઘાત પુરુષને અત્યારે લાગ્યો.

"કવિતા અને સાહિત્ય તમારાં ક્યાં ગયાં? એ ક્ષેત્ર છોડીને અહીં?" સ્ત્રીએ જૂની યાદ જાગ્રત કરી.

ઉત્તરમાં યુવાન જરા નીચું, વીલું મોં રાખીને ઊભો રહ્યો. પણ મહેમાનની આંખો હજુ ઉત્તર માગતી ચોંટી હતી. કારકુન જુવાનનો હાથ ધીરે ધીરે પોતાના ગજવા તરફ ગયો. અંદરથી નાની એક નોંધપોથી ખેંચીને એમાંથી એણે એક પતાકડું ઉપાડ્યું. મહેમાન તરફ લંબાવી કહ્યું: "જોઈ લ્યો. કારકુની કરું છું શા માટે, તેનો જવાબ એ છબી આપશે."

સ્ત્રી જેમ જેમ છબી નીરખતી ગઈ તેમ તેમ એના મોં પર દીપ્તિ ને હોઠ પર સ્મિત ફૂટ્યાં. "આ બધાં કોણ? એક, બે, ત્રણ, ચાર, પાંચ: આ પાંચેય શું તમારાં..."

"મારાં છોકરાં." કારકુનને ભોંઠામણ આવતું હતું.

"વાહ રે!" છબી નિહાળતી સ્ત્રી હર્ષ પામી રહી: "કેવાં સુંદર છે પાંચેય જણાં: આ વચેટ બેઉ જોડકાં લાગે છે, નહીં?" પુરુષે એ પ્રશ્નમાં હાંસીના સૂર સમજી ફક્ત માથું જ ધુણાવ્યું.

"તમારે ઘેર હું આવું? તમારાં વહુને અને આ છોકરાંને મળવાનું મને મન થાય છે."

"ચાલો. પણ તમને ગમશે?"

"શા માટે નહીં ગમે?"

આવી એક સુઘડ, સંસ્કારવતી અને રસીલી સ્ત્રી, કે જેનો પોતે નવેક વર્ષ પહેલાંના કૉલેજજીવનમાં એક સન્માનિત વીર હતો, તે સ્ત્રીને પોતાના અત્યારના કુટુંબજીવનનું દર્શન કરાવવાની વાતથી એ યુવાન ખૂબ ખચકાયો. "મારું ઘર જોઈને તમે શું કરશો? નાહક તમારો જીવ બળશે." એમ કહીને એણે આ અભ્યાસકાળની ભક્તહૃદય મિત્રનું અંતર અંનુકમ્પિત બનાવવા

માંડ્યું. બેઉ જ્યારે ઘર તરફ ચાલ્યા ત્યારે ચારસો આંખોનાં નેણમાંથી એ જોડલી ઉપર કટાક્ષોની ઝડી વરસી.

[2]

એક ઓરડો, એક રસોડું ને એક નાની મેડી: એવું એ નાનું સાંકડું ઘર પાંચ છોકરાંની ધમાચકડી થકી પડું પડું થતું હતું. 'ઓ બા, બટુકને બાબુએ ઘુસ્તો માર્યો.' 'એં... એં ઓ બાડી! બચુડીએ કીકાને ચીંટી ખણી.' 'મોટાભાઈએ મારો કાન આમળ્યો.' 'અમને ભૂખ લાગી છે.' 'બાપુ કેમ ન આવ્યા?' – એવા એવા ગૂંચવાઈ ગયેલા શોરની વચ્ચે ઊભેલી માતા કીકાને કાને પંપાળતી તો બટુકના વાળ સરખા કરતી, બચલીને ગાલે ધીરી ટાપલી લગાવતી તો બાબુડાના બરડા પરથી ધૂળ ખંખેરતી ઊભી હતી. "ચૂપ! ચૂપ! હવે એક પણ શબ્દ નહિ: જો હમણાં તમારા બાપુ આવશે." એટલું કહી, નાક પર આંગળી મૂકી તેણે સહુના શોર શાંત પાડ્યા. "હવે જુઓ, થોડી વાર ડાહ્યાં થઈને રમો, હું હમણાં તમારે માટે ઊનાં ઊનાં મજાનાં ઢોકળાં ઉતારું છું. જે બોલશે તેને નહીં મળે, ચૂપ...! જો, તમારા બાપુને બિચારાને ત્રાસ પડે છે, એને સતાવશો તો આપણને ખાવા કરવાનું કોણ લઈ આવી દેશે? માટે બાપુ આવે ત્યાં સુધી ચૂ...પ!"

એટલું કહેતી માતા પાછી રસોડામાં દોડી ગઈ. બાળકો શાંતિ જાળવીને હારબંધ બેસી ગયાં. ધીરે ધીરે તેઓના પ્રખર સંયમની સીમા આવી ગઈ, બોબડો કીકો કશુંક ગણગણ્યો, તેની સામે બટુકે નાક પર આંગળી મૂકીને 'ચૂ...પ!' કહ્યું, એટલે બબલીએ 'એય બટુકભાઈ બોલ્યા!' કહી વ્રતખંડન કર્યું. ને ફરી પાછું ત્યાં નાક-કાનની ખેંચાખેંચનું સમરાંગણ જામવાની તૈયારી થતી હતી ત્યાં તો કમાડ ઊઘડ્યું અને એકસામટો શોર થયો: 'બાપુ! હેઈ બાપુ આવ્યા! બાપુ આવ્યા! માલા બાપુ આવ્યા!'

પાંચેય છોકરાં દોડીને બાપને બાઝી પડ્યાં. ખભે, માથે, કમરે, હાથે, ટીંગાઈ વળીને બાપાને ભોંય પર બેસાડ્યા, સુવાડ્યા, ને પછી નાનાં બાળકોએ બાપાના શરીર પર ઘોડો પલાણ્યો.

મહેમાન સ્ત્રી એકી ટશે આ દૃશ્ય જોતી ત્યાં ને ત્યાં સ્તબ્ધ બની

રહી હતી.

"ઊભાં રહો! હું આવું કે વાંદરાઓ?" એવી મીઠી હાક મારતી છોકરાંની માતા રસોડામાંથી ધસી આવી. પતિને દેખી હસી પડી. ત્યાં તો બારણા પાસે કોઈ અપરિચિત સ્ત્રીને દેખી એ સ્થિર બની. ઘોડો બનેલ બાપાએ ઊભા થઈ, કપડાં ખંખેરી, એક વાર મહેમાનને નિહાળ્યા પછી પત્નીને પરિચય આપ્યો: "આ બહેન કૉલેજમાં અમારી જોડે ભણતાં'તાં. બહુ ભલાં છે. આજે સાત વરસે અમે ઓચિંતાં મળી ગયાં, તમને સહુને મળવા માટે જ ખાસ અહીં આવેલ છે."

"એમ?" કહેતી પત્ની મહેમાન યુવતીની નજીક ગઈ. "આવો, આવો ને અંદર."

પુરુષને બીક લાગી કે રખે ક્યાંક કીકાકીકીની બા એના હીંગ-મરચાંવાળા અજીઠા હાથે આ મહેમાનને શરીરે હેત કરવા લાગશે! રખે એના નજીક જવાથી એનાં ધુમાડેલાં કપડાંની ને પસીનાની દુર્ગંધ એ સ્વચ્છ સુંદર અતિથિને અકળાવી મૂકશે! પરંતુ સારે નસીબે પત્નીએ સભ્યતા સાચવી. પતિની અને મહેમાનની જોડે પોતે પણ આછું આછું હસતી બેઠકમાં બેઠી. છોકરાં રસોડા તરફ ચાલ્યાં ગયાં. ત્યાંથી પાછા ધમાચકડીના શોર શરૂ થયા. થાકીને ઘેર આવતા ધણીની સાંજને શાંતિમય રાખવા ટેવાયેલી સ્ત્રીએ ઊઠીને કહ્યું: "હું હમણાં જ આવી, હો કે? ચૂલે રસોઈ છે, ઢોકળાં વધારીને આ આવી! બેસજો; અહીં જમીને જ જજો."

પલવારમાં તો એના તરવરિયા પગ એને રસોડામાં ઉપાડી ગયા. નીચાં ઢળેલાં નેત્રોને પુરુષે મુક્તપણે ફરી પાછાં મિત્ર સામે માંડ્યાં; અને રસ્તે થયેલી વાતચીતના અનુસંધાનમાં એ બોલ્યો: "આ જોયા હવાલ? આમાં છે ક્યાંય પ્રેરક કે પ્રોત્સાહક વાતાવરણ? આ હીંગ-મરચાંના વઘાર વચ્ચે તે હું શી રીતે એ પુસ્તક પૂરું કરું? ઘેર આવું છું ત્યાં જ જીવન થીજી જાય છે."

"પણ તમે એ જૂનું લખાણ તો લાવો! નવું જેટલું લખ્યું હોય તેટલું પણ મારે જોવું છે. એવી તેજસ્વી કલમ શું આમ મરી જશે? ના, ના, હું

નહિ મરવા દઉં. લઈ આવો તો!"

'હું નહીં મરવા દઉં!' એ અવાજના ભણકાર સાંભળતો પુરુષ મેડી પર ગયો. પોતાના લખવાના મેજ પર નજર કરતાં જ એનું પાશેર લોહી શોષાઈ ગયું. ટેબલ પર છોકરાંનાં હાથીઘોડાંનાં રમકડાં પડ્યાં છે: શાહીનો ખડિયો ઊંધો વળ્યો છે. હોલ્ડરોની ટાંકોને બદલે પૂંછડીઓ શાહીમાં બોળીબોળીને બાળકોએ બલાડાં ચીતર્યાં છે અને પોતાની સાત વર્ષોથી લખાતી એક નવલકથાની હસ્તપ્રત ઉપર એક મોટી કાતર પડી છે. કાતરને ઉપાડી અંદરથી પહેલું પાનું ઉપાડ્યું તો તેના ઉપર કોતરકામ થયેલું દીઠું: કાતરથી કાપેલાં કરકરિયાં, ફૂલો, ગધાડાં વગેરે વગેરે.

પુરુષનો શ્વાસ નીચે બેસી ગયો. થોડી વાર લમણે હાથ દઈને એ થંભી ગયો. પછી એ હસ્તપ્રત લઈને નીચે આવ્યો. પોતાની પત્ની પાછી આવીને બેઠેલી તેને બતાવીને કહ્યું: "આ દશા થાય છે ને?"

સ્ત્રીનું મોં પડી ગયું. એણે પાસે જઈ જોઈને અફસોસ બતાવ્યો: "લે અરર, આ ક્યારે કર્યું, પીટ્યાં –"

"કંઈ નહીં, કંઈ નહીં," મહેમાન વચ્ચે પડી. "લો, કંઈક નવા પ્રકરણમાંથી વાંચી સંભળાવો જોઉં."

બત્તી તેજ કરીને પુરુષે વાંચવાની શરૂઆત કરી ત્યાં તો ફરી પાછી રસોડામાં ધીંગામસ્તી મચી પડી. પુરુષનો ચહેરો ચિડાયા જેવો બની ગયો. એ પાનાં મૂકી દેવા જાય છે ત્યાં તો પત્ની ઊભી થઈ. "રહો, હું એ પાંચેય નખેદિયાંને પથારી ભેગાં કરી આવું." એમ કહી કંઈક હસતી ને કંઈક ગ્લાનિભરી એ પાછી ત્યાંથી દોડી ગઈ. પતિએ પોતાની નવલકથાનાં નવાં પ્રકરણો વાંચવા માંડ્યાં. એ વાચનની શાંતિને અખંડિત રાખવા સારુ મેડી ઉપર ઓરડાનાં બંધ દ્વારની પછવાડે બેઠી બેઠી મા એક પછી એક પાંચેય બચ્ચાંને પંપાળતી, ધમકાવતી, 'પ્રભાતે ખાઉખાઉ' ની લાલચ દેતી ધીરે સ્વરે વાર્તા કહેતી ઉંઘાડી રહી હતી. કેવાં ડાહ્યાં! મારાં પાંચેય બચુડિયાં કેવાં ડાહ્યાં! પોતાના બાપુની શાંતિ ખાતર જલદી જલદી સૂઈ ગયાં,' એવું ગણગણતી એ પ્રત્યેક બાળકને ચૂમતી હતી. પ્રત્યેકના વાળમાં આંગળીઓ

સેરવીને માથાં ખજવાળતી હતી.

ત્યાં બેઠકમાં જેમ જેમ વાર્તાનું વાચન ચાલતું ગયું તેમ તેમ અતિથિ યૌવનાની આંખોમાં રોશની ઊભરાતી ચાલી.

"ઓહોહો!" એણે આખરે કહ્યું: "આટલું કુશળ પાત્રાલેખન: આવો કલ્પનાવૈભવ: ને આવી શૈલી: આ બધી વિભૂતિઓને તમે છ કલાકની કારકુનીમાં દફનાવી દો છો? તમારે ખાતર તો ઠીક, પણ ભાવિ પ્રજાને ખાતર તો તમારે આ પુસ્તક પૂરું કરવું જ જોઈએ."

"પણ હું શું કરું? આ વેજા વળગી છે તેના પેટના ખાડા હું કેમ કરી પૂરું?"

"અરે શું કહો છો? તમને આગળથી ઍડવાન્સ રકમ આપનારા પ્રકાશકો તૈયાર છે. હું શોધી આપું. આવી હતાશાની વાણી શું કાઢો છો? તમારી સર્જનશક્તિનું ભાન તમને નથી, પણ જગત તો આ વાંચીને ચકિત બનશે."

પુરુષનો આત્મા કોઈ નવજન્મ પામતો હોય તેવી મંગલ સુખવેદના એની આંખોમાં પ્રગટી ઊઠી. પોતાને જીવનદ્વારે જાણે કોઈ સ્વર્ગદૂત ઊતર્યો હતો.

બચ્ચાંને સુવાડી, ધીરેથી ઓરડો બંધ કરી, મા નીચે આવી અને પછી બેઉને જમવાનું પીરસ્યું. પતિ અને અતિથિ વચ્ચે આખો વખત જે વાર્તાલાપ ચાલી રહ્યો તેમાં ભાગ લેવાની પોતાની સમજશક્તિ ન હોવાથી પોતાની હાજરી ત્યાંનું વાતાવરણ ખરેખરું ખીલવા નહોતી દેતી, એવી સમજને લીધે એને ઘણું દુ:ખ થયું. છતાં એ બેઉનાં મોં સામે જોઈ જોઈ જ્યાં બન્ને હસે ત્યાં હસતી અને વિસ્મય બતાવે ત્યારે મોં ચમકાવતી બેસી રહી. આજે પતિના જીવનમાં ઘણે વર્ષે પ્રાણ આવ્યો જોઈ પોતે હરખાવા લાગી.

મોડી રાતે મહેમાને રજા લીધી. 'લાવો પેલી હસ્તપ્રત' કહી એણે નવલકથાનું પરબીડિયું બગલમાં દબાવ્યું. એને વિદાય દેતી ગૃહપત્નીએ કહ્યું કે "કોઈ કોઈ વાર અહીં જરૂર આવતાં રહેજો, હો! એમને બહુ જ સુખ

થશે.''

તે રાત્રિની નીંદમાં પુરુષે કૈં કૈં સ્વપ્ન દીઠાં. એક સુંદર મુખ જાણે એને અવાજ દેતું હતું: 'બહાર નીકળ! તું આ અંધારા ઘરમાંથી બહાર આવ! વિશાળ દુનિયા તારો બોલ ઝીલવા ઝંખી રહી છે. તને હું જગતના શિખર પર બેસાડીશ.'

[3]

વળતે જ દિવસે સાંજે ઑફિસમાંથી છૂટીને કારકુન બંધુ બારોબાર પોતાની નવી મિત્રને ઘેર ગયા; એની લાકડી, ટોપી ને કોટ એ મિત્રે સ્વહસ્તે જ ઉતરાવીને ખીંટી પર ગોઠવી દીધાં, પછી એને પોતે મકાનમાં ફેરવવા લાગી, ઠેરઠેર એ પુરુષે સાહિત્યરસની સાક્ષી પૂરતાં પુસ્તકો, કલાત્મક ચિત્રો વગેરે સામગ્રીના શણગાર દીઠા. ઘરની ચીજે ચીજ સુવ્યવસ્થિત; જરા પણ અવાજની અડચણ નહિ; આહાહા! સાહિત્યનું સર્જન કરવા માટે કેવું પ્રેરક વાતાવરણ! પુરુષને દરેક ઓરડો દેખાડતી એ મિત્ર પૂછતી હતી કે ''અહીં તમને લખવાનું ન ફાવે? અહીં એકાદ-બે કલાક બેસો તો નવલકથા પૂરી ન કરી શકો? પૂરી કર્યા વિના તો નહીં જ ચાલે. એ પુસ્તકના હજાર રૂપિયા તો હું તમને અપાવ્યે જ રહીશ અને એની સાત આવૃત્તિ તો હું તમને ત્રણ વર્ષમાં બતાવી આપીશ. બોલો, અહીં બેસીને લખશો?''

''ને જુઓ,'' એને ઉપલે માળે તેડી જતાં જતાં કહ્યું: ''મારી બેઠક તો નીચે છે, ને તમે તમારી બેઠક આ કૅબીનમાં રાખી શકો.'' એમ કહી એણે એક નાજુક ખંડનાં દ્વાર ખોલ્યાં. શો સુંદર સ્ટડીરૂમ! પુરુષનું મનપંખી જાણે એ જીવન-માળામાં ગોઠવાઈ ગયું.

''હું –'' સ્ત્રીએ ખાતરી આપી: ''હું પણ તમને લેખનકામમાં અડચણ પાડવા જરીયે નહીં આવું. જુઓ, આજે એકાદ કલાક બેસીને અનુભવ કરો, ફાવે તો પછી કાલથી નિયમિત બબે કલાક આવીને લખજો.''

– ને પુરુષે તે દિવસનો અનુભવ લઈ જોયો, ગમી ગયું, ખાતરી થઈ કે અહીં તો કલમ અને કલ્પનાશક્તિ બન્ને જાગી ઊઠશે.

[4]

રાત પડી ગઈ છે. રાંધ્યુંચીંધ્યું ક્યારનું તૈયાર છે. થોડું થોડું પીરસીને પણ ગોઠવી રાખ્યું છે. રોજ સાંજે બાપુની જોડે બેસીને જમવા ટેવાયેલ છોકરાં આજે બહુ મોડું થવાથી ઉપરાઉપરી બગાસાં આવવા છતાં બાપુ વગર જમવા બેસતાં નથી. ઓચિંતું માને યાદ આવ્યું: પતિ રોજ જ્યાં લખવા જતો ત્યાં જ હશે, પણ લખવાનો પ્રવાહ વેગબંધ ચાલી રહ્યો હશે, સમયનું ભાન નહીં રહ્યું હોય, ટેલિફોન કરીએ.

પાડોશીને ઘેર ટેલિફોન પર એ દોડી ગઈ. પછવાડે પાંચેય છોકરાં પણ ગયાં. ટેલિફોનની આસપાસ પાંચેય જણાં વીંટળાઈ વળ્યાં. 'બા, મને બાપુ જોડે વાત કરવા દે!' 'ના, બા, મારે બાપુનો સાદ સાંભળવો છે.' 'હેં બા, બાપુ એમાં સંતાઈ બેઠા છે?' – એવા એવા હર્ષોદ્ગાર કાઢતાં એ પાંચેયની વચ્ચે ઊભેલ માતાને સામો જવાબ મળ્યો: "હલ્લો! હલ્લો! આજ તો તમે સહુ જમી લેજો. મેં આંહીં જ જમી લીધું છે. મને આંહીં લખવાનું બહુ ફાવી ગયું છે. હું કાલે સાંજે આવીશ."

"પણ હલ્લો! હલ્લો!" એટલું બોલીને પત્ની અટકી ગઈ. કેમકે સામેથી પતિએ રિસીવર પડતું મૂકી દીધું હતું, અહીં માના હાથમાંથી રિસીવર ખૂંચવી લઈને એકબીજાની ઉપર પડતાં છોકરાં એ યંત્રમાં બૂમો પાડવા લાગ્યાં:

'હલ્લો! હલ્લો બાપુ! હલ્લો બાપુજી! હું કીકો. મારું નામ બબલી. બાપુજી, જમવા ચાલો, અમે વાટ જોઈએ છીએ. અમને ભૂખ લાગી છે. હલ્લો! હલ્લો! હલ્લો!'

માએ ધીરેથી એ રિસીવર બબલીની મૂઠીમાંથી છોડાવીને ટેલિફોનની ઘોડી પર લટકાવી દીધું. પછી પોતે સ્તબ્ધ ઊભી રહી. દસ નાની નાની આતુર આંખો એની સામે તાકી રહી; માએ કહ્યું: "ચાલો."

"બાપુએ શું કહ્યું, બા?" કીકો પૂછવા લાગ્યો.

"એણે જમી લીધું."

"ક્યાં? અમારા વિના?" પાછાં છોકરાં ટેલિફોન પર ધસતાં હતાં,

તેને રોકી લઈ માએ ઘરમાં લીધાં, સહુને ખવરાવી લીધું. સુવરાવ્યાં, પોતે જમ્યા વગર રસોઈ કાઢી નાખી, ઢાંકણઢૂંબણ કરી મોડી રાતે ઊંઘી ગઈ.

[5]

બારણામાં એ દાખલ થયો ત્યારે એના પગલામાં જોશ હતું. ચહેરા પર ચમક હતી. આખા દેહમાં વિજયનો ઉમંગ ઉછાળા મારતો હતો. હાથમાં એક કાગળિયો હતો.

"ક્યાં ગઈ? તું ક્યાં છે?" એણે સાદ દીધો. ત્યાં તો પાંચ બચ્ચાંની મા બે સૂના દિવસો કોઈ કુસ્વપ્નાની માફક ઊડી ગયા હોય તેમ મેડી પરથી દોડતી આવી. એને પૂરી સીડી ઊતરવા દીધા પહેલાં તો પતિ સામે ધસ્યો, અને એના હાથમાં કાગળિયો ધરી દીધો.

"પાંચસો રૂપિયાનો ચેક! મને પેલાં બહેનની મદદથી પ્રકાશકે આ પાંચસો રૂપિયાનો ચેક ઍડવાન્સમાં આપ્યો. આપણી નવલકથા પૂરી થયે હજાર રૂપિયા ચૂકવવાના છે. અદ્‌ભુત! પ્રકાશકોએ મારી કૃતિને અદ્‌ભુત કહી. આપણાં દાળદર હવે ફીટી ગયાં. હવે તમે સહુ બસ છૂટથી મૉજ કરો. તારે માટે સાડી-પોલકાં ને છોકરાં સારુ નવાં કોટપાટલૂન સીવવા નાખો. હવે તારે જરાય મૂંઝાવાનું નથી, સમજી? હવે મારી કલમમાં નવું જોમ આવી ચૂક્યું છે. તું જોજે તો ખરી, એક વર્ષમાં તો હું જગતની ટોચે ચડી બેસીશ. હવે મારે 60 રૂપિયાની કારકુની શા માટે કરવી? આજે જ રાજીનામું ફગાવીને નીકળી ગયો છું. મને આજે મારી છૂપી શક્તિનું આત્મભાન થઈ ગયું છે. બસ, હવે લહેર કરો તમે બધાં, લહેર કરો."

– ને એ પત્ની-હૃદયના સામા પડઘાની વાટ જોતો ઊભો રહ્યો. પત્ની દાદરના છેલ્લા પગથિયા પર અટકી ગઈ. એનાં આંગળાં પેલાં પાંચસો રૂપિયાના લીલાલીળા ચેકને યંત્રવત્ પકડી રહ્યાં હતાં. એ પાંચસો રૂપિયાની રકમની માલિકીએ એના આંગળાંમાં કેમ કશી વીજળી ન પ્રગટાવી? કેમ એનું મોં વેરાન સરખું સૂનકાર અને ઉજ્જડ જ રહ્યું? એની આંખોએ પતિના ઉલ્લાસનું એક કિરણ પણ કેમ ન ઝીલ્યું? સ્વામીનો આટલો ઊર્મિઉછાળ, સાગરની ધસતી છોળ ધરતીના કિનારા પર અથડાઈને વેરણછેરણ થઈ

જાય તે રીતે પત્નીની જડતા સાથે ભટકાઈ ભાંગી ભુક્કો કાં થઈ ગયો?

"ઠીક ત્યારે." પુરુષ પાછો વળવા લાગ્યો: "હું હવે જાઉં છું. જલદી ત્યાં બેસીને નવલકથા પૂરી કરી નાખું. ત્યાં એ બહેને બાપડાંએ મને અત્યંત લાગણીથી લખવાની સગવડ કરી આપી છે. હું હવે ત્યાં જ જમી લઈશ એટલે નકામો સમય ન જાય."

'નકામો સમય ન જાય!' એ શબ્દોએ સ્ત્રીને આરપાર વીંધી. એ ચૂપ ઊભી.

"કેમ કંઈ બોલતી નથી?"

"બોલું? દુઃખ નહીં લગાડો?"

"શું કહેવું છે? તારે સારુ હું આટલું સૌભાગ્ય કામી આવ્યો. પાંચસો રૂપિયા તારા હાથમાં મૂકું છું, તો પણ તને કેમ જરીકે ઉમળકો નથી આવતો?"

"પાંચસો રૂપિયાને – આવી રીતે રળેલા લાખ રૂપિયાને પણ – મારે શું કરવા છે?"

"ત્યારે?" પુરુષ કંઈક કંટાળ્યો.

"હું જાણું છું કે એ બહેનને અને તમારે સાહિત્યનો મેળ મળ્યો છે. સુખેથી એની સાથેના મેળમાં તમે તમારું સાહિત્ય સરજો, પણ મારી માગણી એક જ છે કે: તમે અહીં બેસીને જ લખો."

"અહીં બેસીને લખું? ઘરમાં ક્યાંય તસુ જેટલી પણ શાંતિની જગ્યા રહી છે ખરી? તું કેવી ખોટી જીદ કરે છે? અહીં આ વેજા મને એક અક્ષર પણ પાડવા દેશે કે?"

પત્ની નીચે ઊતરી. એણે પતિને ખભે હાથ મૂકી કરગરતે સ્વરે કહ્યું: "આજની રાત તમે અજમાવી જુઓ. હું પાંચેયને શાંત રાખવાનું વચન આપું છું. એ તો બાપડાં ડાહ્યાં છે. તમારા પર એને એટલું બધું વહાલ છે, કે ચુંકારો ય નહીં કરે. લ્યો, હું હમણાં જ મેડીમાં બધું ઠીકઠાક કરી આવું."

એટલું કહેતી એ ઉપર દોડી. ઉપલી ભોંયમાં તો એવાં તોફાન મચ્યાં

હતાં કે જીર્ણ ભાડૂતી મકાનનું ચણતર કાંકરીઓ વરસાવી રહ્યું હતું. એ કાંકરીઓની ઝડી ઝીલતો આ માજી કારકુન, આ ભાવી જગતના શિખર પર પોતાનું આસન લેનાર નવલ-સમ્રાટ ચૂપચાપ ટેલવા લાગ્યો. ટેલતાં ટેલતાં એના હાથની દાઝભરી ભીંસ વચ્ચે એની ટોપી ચેપાવા લાગી. હજુ એને જોડા ઉતારવાનું મન થતું નહોતું. પગનાં તળિયાં અને જોડાની સગતળીઓ વચ્ચે એ જાણે આ સ્ત્રીના વહાલને ભીંસી ભીંસી છૂંદી નાખતો હોય ને, એવો ભાર દઈ આંટા મારવા લાગ્યો.

થોડી વારે એને ભાસ થયો કે બચ્ચાંના શોર મેડી પર શમતા હતા. આજ ઘરમાં પ્રસરતી શાંતિ એને પોતાની કટ્ટર વેરણ લાગી. પાંચેય બાળકોને નીચે ઉતારી આવેલી પત્નીએ મલકાતે મોંએ આજીજીસ્વરે કહ્યું: "હવે તમે ઉપર જઈને સુખેથી લખવા લાગી પડો. અમે પાસે નહીં આવીએ. તમને બોલાવશું પણ નહીં. જાઓ, ટેબલ પર મેં તમામ ગોઠવી દીધું છે."

સ્વદેશે આવવા નીકળેલો મુસાફર બંદર પર પહોંચીને એક જ મિનિટ પહેલાં આગબોટ ઊપડી જતી જુએ ને જે લાગણી અનુભવે તે લાગણીનો ભોગ થઈ પડેલો આ લેખક મેડી પર ગયો. અંદરથી એણે દાઝભર્યો ધક્કો મારીને બારણું ભીડી દીધું.

નીચે માતાએ એક ખુરસી પર બેસીને પાંચેય બાળકોને ગોદમાં લીધાં. એકને ખોળામાં બેસારી, બેને પગની જાંઘો ઉપર ઘોડો પલાણાવી, ચોથાના વાળ પંપાળતી અને પાંચમી પુત્રીની પીઠ થાબડતી એ ધીરા ધીરા સ્વરે ફોસલાવવા લાગી: "જુઓ, માંડ માંડ તમારા બાપુજી આજે ઘેર આવ્યા છે. એ કહે છે કે તમે એમને નિરાંતે લખવા દેતાં નથી તે માટે એ અહીં નથી જમવા-સૂવા આવતા. મેં માંડ માંડ આજ એમને રોક્યા છે. હવે તમે બસ, એવાં, મીની જેવાં ચૂપ બની જાઓ, કે એ આ...ટલું બધું લખી નાખે, ને પછી આ...ટલા બધા પૈસા તમારે માટે લઈ આવે, તેમાંથી આ...ટલાં બધાં કપડાં-રમકડાં આપણે લઈશું, ખરું?"

આખું ઘર ચૂપચાપ બન્યું. મોટાં હતાં તે ઘર બહાર રમવા ઊપડી ગયાં. મા રસોડામાં ગઈ. પછવાડેથી કીકો ને બટુકો બે જણા કંઈક સંતલસ

કરતા ઊભાઃ સિસકારા વતી બેઉ જણા વાતો કરતા હતાઃ

"બાપુ શું કરે છે મેડી ઉપર?"

"લખે છે!"

"શું લખે છે?"

"મો...ટું મોટું કંઈક."

"એવું મોટું શું? ચાલો આપણે છાનાંમાનાં જઈને જોશું?"

બિલ્લીપગલે બેઉ સીડી પર ચડ્યા. ચૂપ! ચૂપ! ચૂપ! એમ એકબીજાને ચૂપ રહેવા કોણી મારતા મારતા બારણા પાસે પહોંચ્યા.

કીકાએ કમાડની તરડમાંથી અંદર જોયું. જોતાં જ ચકિત બન્યો. બટુકની સામે જોઈ હસ્યો. બટુકે એને ખસેડી પોતાની આંખો તરડમાં તાકી. બન્ને છોકરા વિસ્મયથી મોંની સિકલ બગાડતા એકબીજાની સામે જોતા ઊભા.

બાપુ શું કરતા હતા! ખુરસી પર બેસીને જીભના ટેરવા ઉપર અધરપધર પેન્સિલ ચકાવતા હતા! બાપુને લખવાનું સૂઝતું નહોતું. લેખિનીને પ્રેરણા પાનાર માનવી ત્યાં હાજર નહોતું. બાપુને શાંતિ ઉપરાંત પણ કંઈક જોઈતું હતું.

"બાપુ તો ખેલ કરે છે!"

"મને જોવા દે."

બેઉ જણાએ આ મેડીના બંધ બારની પાછળ ભજવાઈ રહેલ તમાશો જોવાની ઉત્સુકતા ને ઉત્સુકતામાં એકબીજાને તરડ પાસેથી ધકાવવા માંડ્યું. બેઉને ભાન થઈ ગયું હતું કે બાપુ તો નાહકના જ આપણને ચૂપ કરી એકલા તમાશો કરે છે. એ ભાને તેઓને ગંભીરતા ભુલાવી ધક્કાધક્કીમાં બટુકે નાના કીકાને જરા વધુ પડતો આઘે ધકેલી દીધો. ધબ ધબ ધબ કરતું કીકાનું ગોળમટોળ શરીર દાદરનાં પગથિયાં ઉપર પછડાતું છેક નીચે જઈ પડ્યું અને એ ધબધબાટમાં કીકાના કંઠસ્વરે પુરવણી કરી બાપુના સમાધિભંગનાં ઢોલ-શરણાઈ ગજાવી મૂક્યાં. બાકીનાં ત્રણ પણ આ રડાપીટમાં સાથ આપવા આવી પહોંચ્યાં. અને રસોડામાંથી ધ્રાસકો પામેલી

મા ચૂલો ફૂંકેલ મોંએ ને બળતી આંખે દોડી આવી.

"બા, ઓ બા!" એવા આર્તસ્વર કરતા કીકાને 'મા, મા! મારા બાપ! શું થયું મારા પેટને?' એવા લાલનસ્વર સંભળાવતી માએ તેડી લીધો. ખોળામાં સુવાડ્યો, ક્યાં ક્યાં વાગ્યું તે તપાસવા લાગી.

"બટુકાભાઈએ મને ધક્કો માર્યો."

બટુકો કહે: "મેં કાંઈ જાણી કરીને માર્યો છે? અમને કેમ નો'તો જોવા દેતો?"

"શું જોવા?" માએ પૂછ્યું.

"બાપુ ખેલ કરતા'તા ઈ... ઈ!"

"શાનો ખેલ?" મોટાં છોકરાં પોતે મોડાં પડ્યાં એથી પશ્ચાત્તાપને સ્વરે પૂછી ઊઠ્યાં.

બટુકાએ જીભ કાઢીને બાપુ જે કરતા હતા તેનો અભિનય કરી બતાવ્યો.

"હવે રહે રહે, પાજી!" એટલું મા જ્યાં બોલી ત્યાં જ મેડીનું દ્વાર ઊઘડ્યું, ને બાપુની ચૂપચાપ કઠોર મુખમુદ્રા નીચે ઊતરી.

"બાપુનો તમાશો! બાપુનો તમાશો!" એવું બરાડતાં બીજાં ચારેય જણાં ઘરબહાર નાસી ગયાં, ને અહીં ભેંકડા કાઢતા કીકાને 'ખમા મારા બાપ, તને ખમા!' એમ પટાવતી માતાએ પતિની સામે લજ્જિત મોંએ નીરખ્યું; બોલી: "મને બહુ જ શોક થાય છે. તમને મેં શાંતિ જાળવવાની ખાતરી આપી, મેં છોકરાંને ઘણું ઘણું વારેલાં, પણ હું કઢી ઊભરાઈ જાય એ બીકે રસોડામાં ગઈ, ત્યાં આમ બની ગયું."

પતિ હોઠ ભીંસીને ચૂપચાપ ટેલવા લાગ્યો. પત્નીના મોં પરની કાકલૂદી એણે દીઠી નહીં.

"અં... અં... અં!" કીકો પોતાના દુખતા અંગની રાવ કરતો બોલી ઊઠ્યો: "હું મરી ગિયો રે...!'

"ના, ના, ના, મારા વા'લા!" માએ એને છાતીએ ચાંપ્યો: "તું શીદ મરે, બાપ! તારા જેવા તો મારે એકને સાટે એકવીસ હોજો ને!"

"એકવીસ!!!" એટલો જ શબ્દ સંભળાતાં પતિને અવસર જડ્યો: "એકવીસ!!! હજુ પાંચથી નથી ધરાઈ રહી! હજુ એકવીસના કોડ છે તારે? વાહ વાહ! ધન્ય છે આકાંક્ષાને!"

એટલું કહી, ઇચ્છિત મોકો મળતાંની વાર જ કોટ ખભે નાખી, ટોપી પહેરી, બાકીનો રોષ બારણા પર ઠાલવતો પુરુષ એ રાત્રિને પહેલે પહોરે બહાર નીકળી ગયો.

રાંધ્યાં ધાન ચૂલે રહ્યાં.

[6]

દસ વર્ષો પછી:

સાચેસાચ એ કારકુનીના ટેબલ પરથી છલાંગો મારતો મારતો સ્વામી નવલસમ્રાટના સિંહાસન પર વિરાજી રહ્યો છે. એની લેખિનીમાંથી ટપકતા પ્રત્યેક શાહીના બિન્દુએ રૂપિયા વરસી રહેલ છે: બુલંદ પ્રકાશકો એના મકાનને પગથિયે મોટરો ઠહેરાવે છે: એના ઑટોગ્રાફ મેળવવા માટે અનેક સાહિત્યરસિકોનાં ટોળાં ભમે છે: એના દેહની બહુવિધ તસવીરો એ દેશનાં અખબારોની વચ્ચે સ્પર્ધાનો વિષય બની રહી છે: ને એના આ દિગ્વિજયના એક જાજ્વલ્યમાન દાયકાની પાછળ એક વિભૂતિ પોતાની છાયા છવરાવતી ઊભી છે: તકદીરના શ્યામ આસમાનને ચીરી ચંદ્રલેખા-શી આવી પડેલી એ મિત્ર તરુણી: પુરુષની પામરતાના ઢગેઢગ રાફડામાંથી મહત્ત્વાકાંક્ષાનો ભુજંગ જગાડનારી એ માનુષી મોરલી: એણે જ આ કંગાલને કુટુંબસંસારના ભસ્મપુંજમાંથી ફૂંકી અંગાર પ્રગટાવ્યો, પોતાના જ ઘરમાં સંઘરીને એનું આવું ઉચ્ચ ઘડતર કર્યું.

આજ એ જીવનસખી એને પોતાનો કરી લઈ એની બાજુમાં ખડી છે. પોતાના ભુજપાશમાં એને સંઘરી રહી છે. મહત્તાને હીંચોળે એને ફંગોળી રહી છે: આજ એ પુરુષને જીવનમાં શી કમીના રહી છે?

ફતેહના દુંદુભિનાદે એના કાન પરથી જીવનના ઝીણા તંતુસ્વરને આગળ કરી દીધા છે. પોતાની હૃદયેશ્વરીનો દોર્યો એ દેશાટને નીકળ્યો છે. સ્થળેસ્થળમાં એને કોઈ સભાગૃહો કે પરિષદો-સંમેલનો શોભાવવાનાં

નિમંત્રણો મળે છે. વર્તમાનપત્રો એની મુસાફરીઓનાં બયાનો ને એની ભાતભાતની તસવીરો પ્રગટ કરે છે.

એક દિવસ એક દૂર દૂરના નાના શહેરના હૉટેલમાં આ પ્રતાપી યુગલનો મુકામ પડ્યો. વળતે દિવસે પ્રભાતે એને એક કાગળ મળ્યો. અક્ષરો પરિચિત નીકળ્યા. લખ્યું હતું: 'અમે અહીં છીએ. છોકરાંને મળવા માટે એક વખત આવી શકશો?'

વાંચતાં જ વાત્સલ્યનો તીણો તંતુસ્વર એના હૃદયમાં સંભળાયો.

ચાલીસ વર્ષની આધેડ માતા એક નાના સાદા મકાનમાં પોતાનું જીવનસ્વર્ગ પાથરીને રહેતી હતી.

આજકાલ કરતાં એણે દસકાનો આયુષ્ય-પંથ પાંચેય બચ્ચાંને કપાવી દીધો છે. સહુથી મોટેરા પુત્રનો ભરડાયેલો કંઠ અને કદાવર દેહ-ઉઠાવ એણે યૌવનમાં પ્રવેશ કર્યો હોવાની યાદ આપી રહ્યો છે. પાડોશીની કન્યા માટે એનું માગું પણ આવી પડ્યું છે. ભવિષ્યની પુત્રવધૂ ઘરમાં આવ-જા કરે છે, પુત્રીને માટે પણ મન હરતા મુરતિયા આંટા ખાય છે. જોડકા પુત્રો પંદર વર્ષની કિશોર ઉમ્મરે અશ્વિનીકુમારો જેવા દીપે છે. ને કજિયાળો કીકો પણ ઠીક ઠીક કાઠું કાઢી રહ્યો છે.

બેઉ લમણાં અને તાળવાના ભાગ ધોળા બની ગયેલ અને પાંખા પડેલ વાળ માતાને વીતેલાં વીતકોના જીવનલેખ જેવા લાગે છે. એક દિવસ એ માથા પર કમ્મર સમાણી કાળી લેશ-લટો ઝૂલતી હતી. અત્યારે એ પાંખી શ્વેત લટો કિનારા પર પહોંચી રહેલ નૌકાની ધજાઓ-શી શોભે છે. પાંચ બચ્ચાં અને બે ભાવિ સંસારમાં ભળનારાં એમ સાતેયનાં મુખકલ્લોલ નીરખતી મા ધીરું ધીરું મલકાય છે. એ મલકાટની નીચે સંસારની કંઈક સ્મૃતિઓ દટાયેલી પડી છે.

દ્વાર પર ટકોરા પડ્યા. ઉઘાડતાં જ પિતા આવી ઊભો રહ્યો. માતાએ નિહાળીને જોયો. અકથ્ય કોઈ લાગણીનો આવિર્ભાવ રોકવા માટે એણે આંખો મીંચી દીધી. પિતા તો આ કુટુંબને કોઈ સ્વપ્નની સૃષ્ટિ જેવું જોઈ દિગ્મૂઢ બની ગયો. માએ સંયમ જાળવીને આંખો ઉઘાડી.

"મિત્ર ક્યાં છે? કેમ છે?"

"સારી પેઠે છે. મારી જોડે જ છે."

"ઓહો!" માએ ફરી આંખો બીડી.

પિતાને મા બચ્ચાં પાસે લઈ ગઈ. બોલી: "ઓળખો છો, અલ્યાં! તમારા બાપુ."

'બાપુ!' ચકિત બનેલાં છોકરાં દોડીને બાઝી ન પડી શક્યાં. માત્ર છેટેથી જોઈ રહ્યાં.

પિતા નજીક આવ્યો. એક પછી એક સહુને મળ્યો. એના મોંમાંથી આપોઆપ ઉદ્ગાર નીકળતા ગયા: "તું કોણ? મોટો બચુ? આવડો ઊંચો થઈ ગયો તું?"

"બાપુજી!" કહેતી પુત્રી સામે આવી.

"ઓહો! આ કોણ?" પિતા આભો બનીને તાકી રહ્યો.

"બબલી." દૂર ઊભી ઊભી બા ઓળખાવતી હતી.

"બબલી? મારી દીકરી આવડી મોટી થઈ ગઈ?" પિતા જાણે કોઈ જાદુઈ સૃષ્ટિ નિહાળતો હતો.

"અને તમે બન્ને?" બાપ બેલડા પુત્રો કને પહોંચ્યો: "તમે તો બીજાં દસ વર્ષે પણ ઓળખાઈ જાઓ. વાહ, મારાં બેલડાં!"

બેઉનાં માથાં પર હાથ ફેરવીને પિતાએ માતાની સામે તાક્યું. બન્ને આંખો જાણે આ જોડકાંના જન્મ પછીનાં દોહ્યલાં દિવસ-રાત્રિઓનું સ્મરણ કરતી હતી. ત્યાં તો 'બાપુ, મને!' કહેતો કીકો આગળ આવ્યો.

દસ મિનિટના પરિચયે એવી તો વ્હાલ-સૃષ્ટિ સરજી મૂકી, એવું તો ભર્યું ભર્યું ઘર બનાવી નાખ્યું, બાપ-બચ્ચાંની વચ્ચે એવો મેળ નિપજાવ્યો, કે માતાનાં નેત્રો દૂર ઊભાં ઊભાં હર્ષાશ્રુજળે નહાવા લાગ્યાં. માના મુખમાં શબ્દ નહોતો. એનું હૈયું તો પતિ પાછો ઘેર આવ્યો છે ને બચ્ચાં સાથે જીવ જોડી રહ્યો છે એ જોઈને સુખસમાધિની લહેરમાં લહેરાતું હતું. એને આજ જીવનનો અંત આવી જાય એવી ભાવનાનાં ઘેન ઘેરાતાં હતાં. પાંચેય જણ્યાંને હેમખેમ મોટાં કરીને પતિની સન્મુખ ધરવામાં એનો આત્મા

નવખંડપૃથ્વીના વિજય જેવડો ગર્વ ધારણ કરી રહ્યો. જ્યાં ઊભી હતી ત્યાંથી હાલવાચાલવાનું મન એને નહોતું થતું.

છોકરાંએ સાંભળ્યું તો હતું જ કે બાપુ દેશના એક મહાન પુરુષ બન્યા છે. આજ એ મહાન પુરુષને પોતાના સગા બાપ તરીકે મળવા આવ્યો નિહાળી છોકરાંએ ઊંડું ઊંડું અભિમાન અનુભવ્યું. દેશભરનો સિંહાસનધર વિદ્વાન પોતાનો પિતા છે એ વાત દસકો વીત્યે બાપને ભેટતાં બાળકોને મન જીવનના મહોત્સવ જેવી હતી.

"બાપુજી!" કીકાએ હાથ પકડ્યો. "અમારા ઓરડામાં તો ચાલો. કંઈક સરસ બતાવું."

"હા, હા, ચાલો બાપુ!" કહેતી બબલીએ ભાંડુઓને ચેતાવ્યાં: "હમણાં બાપુજીને કોઈ કહેશો નહીં, હો! આપણે શું બતાવવાનાં છીએ એ કોઈ ન બોલશો."

પાંચેય છોકરાં પિતાને બીજા ખંડમાં ઘસડી ગયાં. કીકાએ કબાટમાંથી એક જાડી પહોળી ચિત્રપોથી કાઢી.

"બાપુ, હમણાં આંખો મીંચી જજો, હાં કે?"

બાપે આંખો બીડી, છોકરાંએ પોથી ખુલ્લી કરી. "હવે જુઓ."

બાપે જોયું. પાને પાને બાપુની તસવીરો: તસવીરોની નીચે પિતાના માન-સમારંભોના છાપામાં છપાયેલા અહેવાલોની કાપલીઓ ચોડેલી: દસ વર્ષોના પોતાના દિગ્વિજયનો ઇતિહાસ: છોકરાંએ પિતાનો પરિચય આ રીતે જીવતો રાખ્યો હતો.

"બાપુજી!" કીકાએ હસીહસીને કહ્યું: "બા તો આ આલ્બમ જોઈ જોઈ રડ્યા જ કરતી."

પાછાં બધાં બહાર આવ્યાં.

સમજણાં બાળકો ધીમે ધીમે ઘર બહાર ગયાં. વર વહુ બે જ ઘરમાં ઊભાં રહ્યાં. પત્ની પોતાના તમામ ભાવોને શમાવીને સ્થિર રહી. પણ પતિ પૂરેપૂરો પાસે ન આવ્યો. થોડે અંતરે ઊભાં ઊભાં એણે વિસ્મય બતાવી પૂછ્યું: "મેં તો તારો પત્તો મેળવવા બહુ બહુ પ્રયત્નો કર્યા પણ કોઈ તારી

ભાળ મેળવી શક્યું નહીં. આપણે જૂને સરનામે હું તને મનીઑર્ડરો મોકલવા લાગ્યો, કે જેથી તારું સાચું સરનામું જડે, પણ મનીઑર્ડરો બધાં જ પાછાં વળ્યાં.''

પત્નીએ કશો જ ઉત્તર આપ્યા વગર પતિની સામે સહાસ્ય જોયા કર્યું.

''તેં શી રીતે આટલાં બધાંનું ગુજરાન કર્યું?''

એનો પણ ઉત્તર પત્ની તરફથી ન મળ્યો. બરાબર એ જ ક્ષણે એક સ્ત્રીએ ત્યાં આવીને પત્નીને પૂછ્યું: ''મારા માપનું બદન તૈયાર હશે, બહેન?''

સ્વામી સમજી ગયો; સ્ત્રીએ પરાયાં કપડાં સીવીસીવીને પેટ ભર્યાં હતાં. દસ વર્ષો સુધી એણે રાત-દિવસ દરજીકામ કર્યું હતું. આંખોનાં હીર અને આંગળીઓના આ ટુકડા એણે વેચ્યાં હતાં. ઊંડા ગયેલ ગાલ અને બેસી ગયેલ લમણાં ઉપર એ કથા અંકિત હતી.

થોડી વાર બેઉ એની એ સ્થિતિમાં ઠરી રહ્યાં. ઘરમાં કોઈ નહોતું, પત્નીને આશા હતી કે નજીક આવી વહાલ દેખાડશે. ત્યાં તો પુરુષે રજા માગી: ''હું હવે જઈશ.''

''ભલે.''

''કાલે પાછો છોકરાંને મળવા આવીશ.''

''સારું.''

મોટરને ચાલુ કરતા પિતા પ્રત્યે એક પછી એક પાંચ બાળકોએ રસ્તા પર હારબંધ ઊભા રહીને 'બાપુ, આવજો!' 'બાપુ, આવજો!' એવું બોલી નમન કર્યાં.

પાંચેય જણાંને ચકિત કરતો મહાપુરુષ ચાલ્યો ગયો.

ઘરની બારીમાં ઊભેલી માતા મોટરના ધુમાડા દેખાયા ત્યાં સુધી ખસી નહીં.

પછી એણે ધીમે ધીમે બારી પર પરદો સરકાવ્યો.

બાળકોને ઘરમાં 'બાપુ' સિવાય બીજો કોઈ વાતચીતનો વિષય ન

રહ્યો.

બીજે દિવસ પિતા પાછો મોટર લઈને આવ્યો. બાળકોને પૂછ્યું: "ફરવા ચાલશો?"

છલાંગો મારીમારીને પાંચેય છોકરાં બાપની મોટરમાં ચડી બેઠાં. રાત્રિએ પાછાં આવ્યાં ત્યારે મા રાંધણું કરીને બેઠી હતી. પતિનો રઝળુ આત્મા ધીરે ધીરે સંતાનોની વહાલ-બેડીમાં બંધાઈ રહ્યો છે. એમાં એનો ઊંડો ઉલ્લાસ હતો. એક દિવસ ફરીને પાછો એ કુટુંબમાં બેસશે એ એનું સ્વપ્ન હતું. રખે સ્વપ્ન ભાંગી જાય, એ બીકે એનાં નેત્ર અર્ધમીંચેલાં જ રહેતાં. કોઈ ન દેખી જાય તેટલા ઊંડાણમાં આ સુખ પોતે સંઘરતી બેઠી હતી.

"બા! ઓ બા!" છોકરાંએ ઘેર આવીને ઘરને ચકડોળે ચડાવ્યું: "બહુ મજા આવી: મોટરમાં બહુ મજા આવી. બાપુની જોડે પેલાં પણ હતાં; બાપુ તો એને 'રાણી' કહી બોલાવે છે. બાપુએ તો અમારા પર કેટલું બધું વહાલ કર્યું! અમને મો...ટા મોટા બનવાની વાતો કીધી."

બા સાંભળી જ રહી. એના સુખસ્વપ્ન પર કોઈ વાદળીની છાંયડી પડી.

કીકાએ કહ્યું: "ને બા, બાપુ અમને અહીંથી નગરમાં લઈ જવા જ આવેલ છે. અમને ત્યાં મો...ટી મોટી નિશાળોમાં ભણાવવાના છે."

"ઓ...હો!" બાની દૃષ્ટિ હવે કશુંક સ્પષ્ટ જોવા માટે સ્થિર બની.

"હા, બા. સાચું," બેલડા પુત્રોએ સાખ પૂરી: "ત્યાં અમને નિશાળે લેવા-મૂકવા મોટર જ આવવાની. ત્યાં અમારે આ કપડાં પહેરવાનાં નથી. નગરમાં જઈને એકદમ બાપુ નવાં કપડાં કરાવી આપવાના."

કીકો બોલ્યો: "મને તો બાપુની 'રાણી' તારા કરતાંય વધુ વહાલી લાગે છે. તું તો અમને થીગડાંવાળાં કપડાં પે'રાવે છે ને!"

"હો-હો-હો, બેટા કીકા! તુંયે આમ બોલીશ!" કહેતી, હૃદયની આંકડી જેવું હાસ્ય કરતી એ કીકાને છાતીએ વળગાડી રહી. પણ કીકો બાના એ કઠોર બનેલા આલિંગનમાંથી છૂટવા મથતો હતો.

મોટા પુત્રને બાએ પૂછ્યું: "આ છોકરા સાચી વાત કરે છે?"

"હા જ તો, બા!" મોટાએ ખાતરી આપી: "કાલે સવારમાં જ બાપુ અમને તેડવા આવશે. એણે અમને તૈયાર થઈ રહેવા કહ્યું છે."

આખી રાત હર્ષઘેલાં છોકરાં ઊંઘ્યાં નહીં. પોતપોતાની નાની નાની એકએક ટ્રંક ભરવા લાગ્યા. તેઓના વાર્તાલાપમાં, 'બાપુ' અને 'રાણી' શબ્દ પ્રત્યેકને કંઠે વારંવાર ગહેકતો હતો.

માતાય જાગતી પડી રહી: પણ કારણ જુદું હતું.

વહેલી સવારે સહુની સંગાથે માએ જ્યારે નાના કીકાને પણ 'મારાં બૂટ, મોજાં, આ રમકડાં સાથે લેવાં છે', એવી વિદાયની તૈયારી કરતો દીઠો, ને જ્યારે માને ચોખ્ખી પ્રતીતિ થઈ કે આ તો સ્વપ્ન નથી, કઠોર સત્ય છે, ત્યારે એણે કીકાને જુદો તારવીને કહ્યું: "કીકા, બેટા, બીજાં છો જતાં. તું અહીં મારી પાસે જ રહેજે, હો!"

સાંભળતાં જ કીકાએ બરાડા માંડ્યા. હાથપગ પછાડી ઊઠ્યો. છાતીફાટ રડવા લાગ્યો: "નહીં, મારે જવું જ છે, જવું જ છે, જવું જ છે."

"પણ બેટા, મારા દા'ડા શે ખૂટે?" મા કરગરી.

"ન ખૂટે તો હું શું કરું એમાં?" કીકાએ ડૂસકાં ભરતાં જવાબ દીધો.

"હા, હા, કીકા!" બીજાં ચારેય કહેવા લાગ્યાં: "તારે તો બાની કને રહેવું જ જોઈએ ને? બાના દા'ડા શે ખૂટે?"

"હં... એમ કરીને તમારે જતાં રહેવું છે; બાના દા'ડા ન ખૂટે તો અમે શું કરીએ?" કીકાના રુદને જોર પકડ્યું.

ત્યાં તો મોટરનું ભૂંગળું ગાજ્યું. પિતાએ પ્રવેશ કર્યો.

"બાપુ આવ્યા! બાપુ આવ્યા!" કહેતાં બાળકો એને બાઝી પડ્યાં. "કેટલા વખતથી અમે બારીમાં વાટ જોઈ રહ્યાં'તાં, બાપુ! તમારું ઘડિયાળ બહુ જ પાછળ હશે."

"ના બચ્ચાં! બરાબર વખતે હું આવ્યો છું. તમે તૈયાર છો?"

"હા, અમે સૌ તૈયાર છીએ, ફક્ત કીકો રડે છે."

"કેમ?"

"બા કહે છે કે એના દા'ડા શે ખૂટે માટે કીકો એક અહીં રહે."

"ના, ના." બાએ હસીને જવાબ દીધો: "હું ક્યાં એવું કહું છું! કીકો પણ ભલે સહુ જોડે આવે."

કીકાએ પથારી ખૂંદવાનું છોડીને ઘેલા હર્ષે ભરી દોટાદોટ કરી મૂકી.

"ત્યારે હવે?" પિતાએ મોઘમ પ્રશ્ન કર્યો.

"આમ જરા આવશો?" કહી મા પિતાને એક બાજુ પર લીધા. બોલી: "આખરે આમને સહુને ય ઉપાડી જશો? મારી કને કશું જ નહીં રહેવા દો શું?"

માના શબ્દો સાંભળી ગયેલાં છોકરાં ધસી આવ્યાં. બાપની બાજુએ જાણે સૈન્યના લડવૈયા હોય તેમ ઊભાં રહ્યાં. બાને કહેવા લાગ્યાં: "આમ શું કરે છે તું, બા! અમારી આડે શીદ આવે છે! અમને ભણવા કરવાનું ને આગળ વધવાનું મળે છે તે તારાથી કેમ નથી જોવાતું? તું આવી અદેખી કેમ થાય છે?"

"હં-હં!" માતાએ છોકરાંની દલીલ ગળે ઉતારી નાખી. "તેમના ઉત્કર્ષની વચ્ચે હું જનેતા આડખીલી બનું છું. ત્યારે તો કંઈ નહીં!"

માએ કહ્યું: "છોકરાંઓ, છેલ્લી વારનો ચા-નાસ્તો કરી લો." માએ પ્યાલા, ચાહની કીટલી, ઢેબરાં, પેંડા, મોસંબી વગેરે સવારની નાસ્તા-સામગ્રી તૈયાર પીરસી રાખેલી. ટેબલ છલોછલ ભરેલું.

છોકરાં એક પછી બોલ્યાં: 'મને તો ભૂખ જરીકે નથી લાગી.' 'મને ય નહીં.' 'મને પણ ઇચ્છા નથી.'

સહુને નિર્વિઘ્ને નીકળી જવાની તલપાપડ ઇચ્છા હતી.

બાળકના શબ્દો માના કલેજા પર ટાંકણાના પ્રહાર સમ પડી કોઈ નવીન નકશી કંડારતા હતા.

"ઠીક ત્યારે, રજા લઈ લો."

એક પછી એક બાળકને માએ હસી હસી મળી લીધું. જાણે બધાં સાંજ સુધીની જ સેલગાહે જાય છે.

કીકાને વિદાયની બચ્ચી ભરતી ભરતી એ જોરથી હસી.

વિદાયવિધિને બની શકે તેટલી ટૂંકી કરાવીને છોકરાં પોતપોતાની પેટીઓ લઈ બહાર મોટરમાં ચડી બેઠાં, ગોઠવાઈ ગયાં. પરસ્પર વાતો કરવા લાગ્યાં: "બાપુ તે હવે કેટલીક વાર ઊભા રે'શે બા કને? કેટલું મોડું થઈ ગયું!"

ખાલી ઘરમાં બન્ને જણાં સામસામી મીટ માંડી ઊભાં રહ્યાં. પત્નીના હોઠ મલકી રહ્યા છે.

"અદ્ભુત! અદ્ભુત! અદ્ભુત!" એ ત્રણેય શબ્દોમાં પોતાનો પરાજય ઉચ્ચારી પુરુષે ઘર બહાર પગલાં માંડ્યાં. નીકળી ગયો. રવાના થતી મોટરને નીરખવા આજે પત્નીએ બારીનો ચક ચડાવ્યો નહીં.

નિઃસ્તબ્ધ ઘરમાં એ એકાકિની ઊભી હતી.

અવાજ આવ્યો: "મીં...યા...ઉં!"

ઘરની પાળેલી મીની સામે આવીને ઊભી હતી. પૂંછડી પટપટાવી આમતેમ દોડાદોડ કરીને પછી અવાજ કાઢતી મીની જાણે કરગરતી હતી.

શું કરગરે છે? માને સમજાયું. 'ઓહો, તારે પણ જવું છે ને? સુખેથી જા. બહેન, તુંયે સુખેથી જા.'

માએ બારી ઉઘાડી. મીની સડેડાટ બહાર સરકી ગઈ.

સૂનકાર પરિપૂર્ણ બન્યો.

એ નીરવતામાં એકાકાર બની જતી મા ઊભી રહી. જીવનનો સરવાળો નીકળી ચૂક્યો છે. હિસાબની પતાવટ થઈ ગઈ છે.

માએ બાજુમાં જોયું. સાત પ્યાલા, સાત રકાબી, દૂધનું વાસણ, મેવો અને ઢેબરાં, નીરવતામાં વૃદ્ધિ કરતાં પડ્યાં છે. પૂછે છે જાણે: તું કોની રાહ જુએ છે, મા?

કોની રાહ?

કોઈની નહીં: કોઈની નહીં: મીનીની યે નહીં.

મેજ ઉપર એ બેઠી. આજ પહેલી જ વાર એણે લાગણીઓ પરનો કાબૂ ખોયો. હવા સાથે મૂઠી અફળાવતી બોલી: "અદ્ભુત! અદ્ભુત! અદ્ભુત!"

પછી એણે ઢેબરું ઉપાડ્યું. ઢેબરાને ચોવડું વાળીને ખાવા લાગી. જાણે એ હમણાં પોતાની આંગળીઓ ચાવી જશે! દાઝ કાઢતી કાઢતી એ જાણે ખાય છે.

પોતાને સારુ એ ચા બનાવતી હતી: ચીનાઈ માટીનાં એ પ્યાલા-રકાબી, સાકર-પાત્ર, દૂધ-પાત્ર, કીટલી અને ચમચા, ઓરડાની ભયાનક નીરવતાને ઠણીંગ, ઠણીંગ, ઠણીંગ અવાજે ભેદતાં હતાં! કે વધુ ભયાનક કરતાં હતાં?

મા, પાંચ બચ્ચાંની મા, પાંચ જીવતાં બાળકોની જન્મદાત્રી જીવતર ધરીને પહેલી જ વાર એકલી નાસ્તો ખાતી હતી. પ્રભાત ઊઘડતું હતું.

એકલતા દીઠી છે જગતમાં?



# પુત્રનો ખૂની

દેવાલયોના મિનારા ઉપર મંગલ ઘંટારવ થાય છે. ભાગોળે તોપો વછૂટે છે. લોકો નૃત્યગીતમાં તલ્લીન છે. મહાયુદ્ધના વિરામની આજે બીજી વર્ષગાંઠ ઊજવાય છે.

નગરના દેવળમાં લશ્કરી અફસરો, સૈનિકો અને સ્વયંસેવકોનો એક જબ્બર સમુદાય પ્રાર્થના કરવા એકત્ર થયો છે. એ હતું પ્રભુમંદિર: કાર્યક્રમ હતો જગત-શાંતિની બંદગી કરવાનો: પણ એ નગર હતું, મહાયુદ્ધના વિજેતાઓનું. સમુદાયનો એકેએક આદમી પગથી મસ્તક સુધી યુદ્ધના પોશાકમાં જ સજ્જિત બની બેઠો હતો. લોખંડી ટોપથી ચમકતાં માથાં: છાતી પર ખણખણતી કડીઓ ને ચકચકિત પટ્ટા: કમર પર રિવૉલ્વરો અને સમશેરો: પગના બૂટ ઉપર લોઢાની એડીઓ: એ મેદનીને હરકોઈ ખૂણેથી જુઓ, હથિયાર અને લશ્કરી દમામનું જ એ પ્રદર્શન હતું. પ્રાર્થના અને હથિયાર બેઉ એક સાથે ત્યાં ગોઠવાયાં હતાં, અને સામસામી મશ્કરી કરતાં હતાં. પ્રાર્થના સાચી કે મારવાની શક્તિ સાચી, એ બે વાતની ત્યાં મૂક સ્પર્ધા ચાલતી હતી.

ટૂંકી એક બંદગી પતાવીને પ્રાર્થના વિસર્જન થઈ. અને જ્યારે એ બુલંદ પ્રાર્થનામંદિર એક છેડાથી બીજા છેડા સુધી નિઃસ્તબ્ધ જનશૂન્ય બની ગયું, ત્યારે એ બાંકડાની સેંકડો હારો માહેલી એક હારમાં, એક ઠેકાણે, એક ચોરની માફક લપાઈ રહેલો માનવી બેઠકની નીચેથી બીતો બીતો ઊંચો થયો.

એના શરીર પર સાદાં કપડાં હતાં. તેનું પણ ઠેકાણું નહોતું. એના મોં ઉપર કોઈ ઉત્સવનો ઉલ્લાસ નહોતો. વેદનાનું ચિતરામણ હતું. વિરાટ

દેહની અંદરથી ઊઠતા ઝીણા આત્માના અવાજ જેવો દેખાતો એ વીસ-બાવીસ વર્ષનો પીડાતો જુવાન એ ખાલી મંદિરમાં હળવે પગે ચાલીને ગર્ભાગાર સુધી પહોંચ્યો અને એને ધર્મગુરુએ અવાજ દીધો.

"તું કોણ છે, ભાઈ?" એ ભય પમાડે તેવી એકાન્તમાં આ મવાલી જેવા જુવાનને જોઈ ધર્મગુરુએ વિહ્વળ સ્વરે પૂછ્યું.

"હું – હું ખૂની છું. મેં મારા સગા હાથે હત્યા કરી છે. બહુ ભયાનક હત્યા કરી છે. બહુ ભયાનક હત્યા કરી છે, ગુરુદેવ! હું એ પાપનો એકરાર કરવા અને એનું પ્રાયશ્ચિત લેવા અહીં આવ્યો છું. મેં હત્યા કરી છે." યુવક આંતઃતાપમાં તરફડતો હતો.

"હત્યા! કોની હત્યા? ક્યાં?" ધર્મગુરુએ પૂછ્યું.

"બે વર્ષ ઉપર. મહાયુદ્ધની રણભૂમિમાં. એક મારા જ જેવડા જુવાનને મેં મારી બંદૂકથી ઠાર માર્યો છે. એણે મારું કંઈ જ નહોતું બગાડ્યું."

"ભાઈ, હું તારા આ પ્રલાપમાં કશું જ સ્પષ્ટ સમજી શકતો નથી." ધર્મગુરુનું વિસ્મય વધતું જતું હતું; અને વધુ વધુ વ્યગ્ર બનતો જતો એ જુવાન પોતાની સગી આંખો સામે એક અતિ કરુણ શબ્દચિત્ર આંકતો આંકતો વલોવાયે જતો હતો.

"ગુરુદેવ! હું યે આપણા વિદ્યાલયમાંથી અભ્યાસ છોડી, સ્વદેશની રક્ષાનો સાદ પડતાં સૈન્યમાં ભરતી થઈને લડવા ગયો હતો. એ એક દિવસ અમારી ટુકડીએ ઓચિંતો આપણા શત્રુદળની ખાઈઓ ઉપર છાપો માર્યો. હુકમ સાંભળતાં મેં પણ મારી બંદૂક છોડી, અને મારી ગોળીથી વીંધાઈને એક આદમી ઠાર થયો છે એ દેખી હું પણ હર્ષોન્માદમાં રણકિકિયારી કરતો ધસી ગયો. જતાં મેં ત્યાં શું જોયું? છેલ્લાં ડચકાં ભરતો એક જર્મન જુવાન: મારા જેવડી જ ઉંમર હતી એની: એની બંદૂક આઘે પડી હતી. એની કને એક પણ હથિયાર નહોતું. એની સન્મુખ બે જ ચીજો પડી હતી: જર્મનીના જગત-વંદ્ય સંગીતકાર બીથોવનનાં સુંદર ગીતોની સ્વરલિપિનું પુસ્તક: એ પુસ્તકમાંના એક પ્રેમગીતવાળા પાના ઉપર એક અધૂરો લખાયેલો પ્રેમપત્ર: અને એક શાહીભરી કલમ.

"કાગળ એ પોતાની વિવાહિત કન્યા ઉપર લખી રહ્યો હશે. કાગળમાં યુદ્ધની કારમી હિંસા અને કરુણતા ઉપર ઉદ્દ્ગારો ટપક્યા હતા. લખ્યું હતું કે આ ફ્રેન્ચ જુવાનોને અમે શા સારુ સંહારી રહ્યા છીએ તેની મને ગમ નથી પડતી. એના શ્વાસ ખૂટતા હતા. એની આંખો મારી સામે ગરીબડી દૃષ્ટિ નોંધીને તાકી રહી. મેં એના હાથમાં કલમ પકડાવી. એ કાગળને છેડે સહી કરવા માટે હાથ મુકાવ્યો. એણે પોતાના નામના અક્ષરો પાડવા માંડ્યા: Walte – આમ પાંચમે અક્ષરે આવતાં તો એનો દેહ ઢગલો થઈ ગયો ને પછી છેલ્લો અક્ષર r મારે હાથે ઉમેરીને મેં એનું 'વૉલ્ટર' એવું નામ પૂરું કર્યું. ને એ કાગળ એના ગામની ટપાલમાં નાખ્યો. આજ બે વર્ષે પણ એ હત્યાની છબી મારા મન પરથી જતી નથી. બહુ દારુણ કૃત્ય મેં કર્યું છે, ગુરુદેવ! હું એના અનુતાપમાંથી ઊગરવા આજે અહીં આ વધસ્થંભ પર ચડેલી ઈસુની મૂર્તિ સામે આવી ઊભો છું. મને મુક્તિનો માર્ગ બતાવો."

રાજની જિવાઈ ઉપર જીવતા એ રાજમંદિરના પુરોહિત પાસે આ વાતને સમજવાની બુદ્ધિ નહોતી. દેવળે દેવળે તે દિવસોમાં પોતાના દેશપક્ષનો જ વિજય પ્રાર્થવામાં આવતો, બંદગીઓમાં હમેશાં સામા દળનો નાશ જ ઇચ્છાતો. ઈશ્વરને પોતાના જ દળના દારૂગોળા અખૂટ રાખવાનું વીનવવામાં આવતું. એવા રાષ્ટ્રધર્મમાં રંગાયેલા ધર્મગુરુએ એને સાંત્વન દીધું કે "એમાં શું, બેટા? તેં તો તારો ધર્મ બજાવ્યો છે."

"ધર્મ! મારો ધર્મ!" યુવાન ચીસ પાડી ઊઠ્યો. ધર્મગુરુ સામે તાકી રહ્યો: "માણસ માણસની હત્યા કરે એ અમારો ધર્મ! આ ઈશ્વરના ધામની અંદર શું હું આ ઉત્તરની આશા કરીને આવ્યો હતો!" એની હૃદય-યાતનાએ એનો સાદ ફાડી નાખ્યો.

[2]

"હાં, જો બચ્ચા! તને આ ફક્કડ દવા આપું છું. તને જલદી આરામ આવી જશે. પણ જોજે હો, મોટો થાય ત્યારે કોઈ ફ્રેંચ બચ્ચાને દીઠ્યે મેલીશ શા મા, હો! જેટલા બને તેટલા ફ્રેંચોને ઠાર કરજે, હો કે બેટા?"

"હોવે હોવે, દાક્તર દાદા! ફ્રેંચ બચ્ચાનું તો હું ખૂન પી જઉં."

"વાહ, શાબાશ! શાબાશ! સલામ!"

"સલામ, દાક્તર દાદા!"

પ્રભાતને એક સુંદર પહોરે જર્મનીના એક નાના-શા શહેરના એક ખાનગી દવાખાનામાં એક બુઢ્ઢા દાક્તરની અને બાળક દર્દીઓની વચ્ચે આ પ્રમાણે વાતો થઈ ગઈ. હાજર હતાં તે તમામ દર્દીઓ હસતાં હસતાં આ દાક્તરનો તોર અને બાળકના શૂરભર્યા શબ્દો ઉપર ફિદા થઈ રહ્યાં હતાં. બાળકના આવા કટ્ટર પ્રત્યુત્તર પ્રસન્ન બનીને દાક્તર બેવડી તાકાત અનુભવતા હતા, એની કલમ નવાં દર્દીઓનાં નામો ટપકાવતી હતી. શહેરના એ પૂજનીય પુરુષ હતા. ફ્રેંચ તરફની એમની આ ધિક્કારવૃત્તિએ એમને પ્રજાની નજરમાં વધુ માનનીય બનાવ્યા હતા.

એક દયાવંત વૃદ્ધ દાક્તરના મેજ સામે પડેલું આ વાતાવરણ, ફ્રેંચો અને જર્મનો વચ્ચેની દુશ્મનાવટ કેટલી કટ્ટર બની હતી તે બતાવવા માટે બસ થઈ પડતું હતું.

થોડી વારે ફૂલોના ધીંગા ધીંગા હારતોરા લઈને દાક્તરના ઘરમાંથી એક જુવાન કન્યા બહાર નીકળી. "દાદા! કબ્રસ્તાને જાઉં છું." કહીને એણે દાક્તરની સામે મોં મલકાવ્યું. "હા બચ્ચા, જઈ આવ. આજે એની ત્રીજી સંવત્સરી, ખરું કે?" જવાબ દેતાં એની આંખો ભીની થઈ.

સ્વસ્તિક આકારની ખાંભીઓનું એક વિશાળ વન જાણે કે ગામની સ્મશાનભૂમિમાં પથરાઈ ગયું હતું. મૃત્યુએ મનુષ્યનાં શબો વાવીને પોતાની ફૂલવાડી ઉગાડી હતી. મહાયુદ્ધે ભોગ લીધેલા હજારો યુવાનો અહીં સૂતા હતા. કોણ કોનો બેટો ને કોનો પતિ ક્યાં સૂતો છે તેની નામનોંધ આ તમામ ખાંભીઓ ઉપર કોતરાયેલી હતી. એ બહોળા કબ્રસ્તાનની એક દિશામાંથી હૈયાફાટ છતાં રૂંધાયેલા રુદનના સ્વરો સંભળાતા હતા. નખશિખ શ્યામ પોશાકે ઊભેલી એક પચાસ વર્ષની બુઢ્ઢી મા એના દીકરાની ખાંભી ઉપર ફૂલહાર મૂકીને રોતી હતી.

એક ડોશી, બીજી ડોશી, બેઉ કાળા પોશાકમાં. રડે તો છે બન્ને પણ એકબીજાને દિલાસો ય દેતી જાય છે. બેઉ સમદુઃખી કાળા ઓળાયા

સંસારની વાતોએ ચડીને કબ્રસ્તાન સોંસરવા ચાલ્યા જાય છે.

બીજા એક ખૂણામાં એક ખાંભી ઉપર હાર પધરાવીને એક યુવાન આંખો મીંચી, હાથ જોડી, અદબથી ઊભો હતો. એની આંખો વહેતી હતી. થોડે દૂર ઠ...ક ક! ઠ...ક ક! કોદાળીના ઘા પડતા હતા. ઘોરખોદિયો એક નવી કબર ખોદી રહ્યો હતો. એની ટાંપ આ ધ્યાનસ્થ ઊભેલા યુવક તરફ જ હતી. વારંવાર ઘોરખોદુની કોદાળી થંભતી ને એની આંખો કોઈ ભયસૂચક આશ્ચર્યથી ભરાઈને તાકી રહેતી. ગામમાં આવેલો એ નવો મુસાફર કોણ હતો?

દાક્તરને ઘેરથી નીકળેલી એ યુવાન કુમારિકા પણ ખાંભીઓના આ વનને વીંધતી વીંધતી આખરે એ જ આરામગાહ ઉપર આવીને થંભી ગઈ. પણ જ્યાં ફૂલહાર ધરવા જાય છે ત્યાં તો એણે અજબ દૃશ્ય દેખ્યું. પોતાના સ્વજનની ખાંભી ઉપર એક અજાણ્યા પરદેશીને – ચહેરામહોરા પરથી પરખાતા એક ફ્રાન્સવાસીને – ભાળી આ યુવતી આશ્ચર્ય પામી. એને આવેલી દેખતાં જ યુવાન પ્રાર્થના કરવી છોડી દઈ ચૂપચાપ ત્યાંથી ચાલી નીકળ્યો.

કુમારી જ્યારે ફૂલો ચડાવીને પાછી ફરતી હતી ત્યારે ઘોરખોદુએ એને સાદ પાડ્યો. છાની વાત કહેતો હોય તેવે અવાજે એણે કહ્યું: "દીઠો એને? એણે મને તારા વૉલ્ટરની ખાંભી દેખાડવાના દસ રૂપિયા દીધા: ખબર છે? નવી નવાઈનો ફ્રેંચમેન! એક ફ્રેંચમેને ઊઠીને મને એક જર્મન બચ્ચાની ખાંભી બતાવવાના દસ રૂપિયા દીધા! જો, આ રહ્યા. ઈ મને એણે દીધા. તારા વરની ખાંભી દેખાડવાના."

[3]

ખાંભી પાસેથી ચાલી નીકળેલો એ જુવાન શહેરમાં દાખલ થયો. અને પોતાની મુખમુદ્રા કોઈની નજરે ન ચડે તેટલી ત્વરાથી ગલીઓ વટાવીને દાક્તરના દ્વાર પર આવી પહોંચ્યો. દર્દીઓ બધાં ચાલ્યા ગયાં હતાં. પણ દાક્તરની ઇસ્પિતાલે કોઈ પણ દર્દી માટે કદાપિ વેળાકવેળાનો પ્રશ્ન નહોતો. બારણા પર ટકોરા પડતાંની વાર જ એણે જવાબ દીધો: "અંદર આવો."

ચિંતાગ્રસ્ત અને તપ્ત યુવાને પ્રવેશ કર્યો. માથું ઊંધું ઘાલીને દાક્તર પોતાના રજિસ્ટરમાં તે દિવસના દર્દીઓની નોંધ કરતા હતા. એમણે ઊંચે જોયા વગર હંમેશની આદત મુજબ પ્રશ્નો પૂછ્યા: નામ? ઉમ્મર? સરનામું?

યુવકે તે શહેરનું પોતાનું ઊતરવાનું ઠેકાણું આપ્યું.

"હં... ફ્રેન્ચ હોટલ કે?" વૃદ્ધે વરુની માફક ઘુરકાટ કર્યો. હજુ એની આંખો અને એની કલમ તો રજિસ્ટરમાં જ ખૂતેલાં હતાં. એણે છેલ્લો પ્રશ્ન પૂછ્યો: "વતન?"

વતન તરીકે એક ફ્રેંચ ગામનું નામ કાને પડતાંની વાર જ વૃદ્ધે ઊંચે જોયું. એ ખુરસી પરથી ખડો થઈ ગયો. આવેલ યુવાનની સામે એણે ભવાં ખેંચીને ડોળા તાક્યા: "તું ફ્રેંચ બચ્ચો અહીં જર્મન આકાશની નીચે? અને અહીં ખુદ મારા જ ઘરના ઉંબરામાં? જીવતો ઊભો છે?"

યુવક ચૂપ રહ્યો. એણે દાક્તરના ટેબલ પર એક છબી પડેલી દીઠી. ત્યાં તાકી રહ્યો.

"બહાર નીકળ." વૃદ્ધ બરાડ્યો: "મારા ઘરને ભ્રષ્ટ કરવા એક પળ પણ ન ઊભો રહે, ચાલ્યો જા, કહું છું. ફ્રાન્સનો એકોએક વતની મારી નજરમાં ખૂની છે. જોઈ આ છબી? એકેએક ફ્રાન્સવાસી આ મારા એકના એક લાડકવાયા પુત્રનો પ્રાણ લેનાર ઘાતક છે. અહીંથી સત્વર બહાર નીકળી જા. મારું ધૈર્ય તૂટું તૂટું થાય છે."

"નહીં જાઉં." કહીને યુવકે એક ખુરસી પર ઢગલો થઈ પડ્યો. "હું નહીં જાઉં, નહીં જાઉં, તમે મારી નાખો, કટકા કરી નાખો તો પણ નહીં જાઉં." એમ કહેતાં એનો સ્વર ફાટી ગયો. "હું કંઈક કહેવા આવ્યો છું. મારે મારું દિલ ખોલવું છે. હું નહીં જાઉં."

દીવાના જેવા આ યુવકની સૂરત સામે બુઢ્ઢા દાક્તર ટીકી રહ્યા છે. ત્યાં તો દ્વાર ઊઘડ્યું અને પેલી કબર પરથી પાછી ફરનારી કુમારી અંદર આવી: "બાપુજી! બાપુજી! આજે એક કૌતુક થયું –" એટલું કહે છે ત્યાં એની નજર એ યુવાન ઉપર પડી. ઓળખ્યો. "બાપુજી, એ જ!"

"કોણ? શું છે? આજે આટલી ગાભરી તું કેમ છે, બચ્ચા?" વૃદ્ધ

વિસ્મયમાં પડી ગયો. કુમારિકાની અને યુવાનની આંખો વચ્ચે વિસ્મયના દોર બંધાઈ ગયા હતા.

"બાપુજી, આમણે આજે વૉલ્ટરની ખાંભી ખોળવા માટે ઘોરખોદુને દસ રૂપિયા દીધા. ખાંભી પર ફૂલો ચડાવ્યાં. ને હું ગઈ ત્યારે એ બંદગી કરતા ત્યાં ઊભા હતા. રડતા હતા."

વૃદ્ધનાં ભવાં નીચાં નમ્યાં. એની આંખોમાં અમૃત છવાયું. એણે યુવકને ખભે હાથે મૂકીને પૂછ્યું: "તું કોણ છે? તું મારા વૉલ્ટરને ઓળખતો હતો? તેં એને દીઠો હતો?"

યુવાને હકાર સૂચવતું ડોકું ધીરે ધીરે હલાવ્યું.

"ખરેખર?" ડોસો હર્ષઘેલો થવા લાગ્યો.

"ખરે જ શું તમે એને ઓળખતા હતા?" છોકરીનાં નેત્રો કાકલૂદી કરતાં તાકી રહ્યાં.

"ચાલો ચાલો, ઘરમાં ચાલો." એમ કહી વૃદ્ધે આ યુવાનને બથમાં ઝાલી અંદર ઉપાડ્યો. "ક્યાં છે તું? અહીં આવ," એમ કહી એણે પોતાની વૃદ્ધ પત્નીને બોલાવી. "આમ તો જો! આ જુવાન આપણા વૉલ્ટરને ઓળખતા હતા. એ અહીં વૉલ્ટરની કબર પર હાર ચડાવવા આવેલ છે. સાભળ્યું? હો-હો-હો-હો!"

ડોસી પણ એની ઝાંખી પડેલી આંખો ઉપર હાથની છાજલી કરીને તાકી રહી: "તે હેં માડી, તેં મારા વૉલ્ટરને દીઠો હતો? તું એને ઓળખતો હતો? હેં, મારા બાપ!"

"આવ, આવ! આંહીં બેસ તો ખરો, ભાઈ!" એમ કહીને ડોસાએ પરોણાને સુંવાળા સોફા ઉપર બેસાર્યો, ને એની બેઉ બાજુ બુઢ્ઢો-બુઢ્ઢી બેઠાં, યુવતી એની સામે ઊભી રહી. મહેમાનને ખભે હાથ મૂકીને એને પંપાળતાં પંપાળતાં ડોસા પૂછવા લાગ્યા: "તેં એને છેલ્લો ક્યાં દીઠેલો? હેં ભાઈ, કહે તો ખરો, છેલ્લો ક્યાં દીઠેલો?"

"સંગ્રામક્ષેત્રમાં. ખાઈઓના મોરચામાં."

"એ...મ? આહાહા! ને ત્યાં એ મજામાં હતો કે?"

"બડી મજામાં! બડી લહેરમાં! અમે બેઉ ગુલતાન કરતા હતા ત્યાં ખાઈમાં. હો-હો-હો-હો!" જુવાન જાણે કોઈક બીજા અવાજનું ગળું ગૂંગળાવા મથતો હોય તેમ ખડખડાટ હસી પડ્યો.

"હો-હો-હો-હો! વાહવા! વાહવા! બડી મોજમાં? બડી લહેરમાં? બસ બસ. હો-હો-હો-હો." ડોસાનો કંઠ ઠેકાઠેક કરી રહ્યો. ડોસી તો આ સંદેશો સાંભળી રડવું જ ન ખાળી શકી. છોકરીનું નીરવ મોં અતિથિની સામે લળી પડ્યું હતું.

"બડી મજા! બડી લહેર!" ડોસા કરતાં બેવડો મોટો ઘાંટો કાઢીને આ જુવાન એ સ્પ્રિંગવાળા સોફા ઉપર ઊછળતો હતો. એ ઉછાળા નીચે કશુંક દબાવી છુપાવી રાખવાના એના પ્રયત્નો હતા.

ત્રણે વિયોગીઓએ પોતાના પ્રિયજનના આટલા જૂના સુખસમાચાર લાવનાર અતિથિને પણ જાણે કે સદેહે પાછો ફરેલો ખુદ વૉલ્ટર જ કલ્પી લીધો.

[4]

શેરીઓનાં ઘરોની ખડકીઓ એક પછી એક ઊઘડે છે, ને નાનાંમોટાં તમામ બહાર આવીને કૌતુકનેત્રે નિહાળી રહે છે.

'અલી ઓ! આ પેલાં નીકળ્યાં!' એમ એક જોનારી પડખેની પડોશણને ટહુકો કરે છે.

'ઓ કાકા! જોવું હોય તો.' એક પડોશી અન્યને સાદ પાડે છે.

ચાંપ દાબતાં દીવા પ્રગટ થાય તેમ આ સંદેશા ચાલતાં પોળના માળાની ઊંચા-નીચી બારી પછી બારી ઊઘડી પડે છે. સેંકડો ચહેરા શેરીના માર્ગ પર ડોકિયાં કરે છે, અનેક આંખોનાં ભવાં ચડે છે, કૈં કૈં મોઢાં મચકોડાય છે. મશ્કરી અને તિરસ્કારની મેળવણીવાળા સિસોટી-સ્વરોની આપ-લે થઈ રહી છે.

ગામલોકોની ચેષ્ટાનાં બે પાત્રો શેરીઓમાં થઈને ચાલ્યાં જતાં હતાં. મહોલ્લે મહોલ્લાની એકેએક બારીને, રવેશને, અટારીને સજીવન કરનાર એ બે જણામાં એક હતી દાક્તરના મૃત પુત્રની એ જુવાન વિવાહિત પ્રિયા,

ને બીજો હતો એના ઘરનો ફ્રેન્ચ પરોણો. હાથમાં હાથ પરોવી, પથ્થરની પગથી ઉપર એકતાલ પગલાં પાડતી એ જોડલી લોકોનાં ચાળાચેષ્ટાની ઝડીઓમાં લહેરથી ભીંજાતી ચાલતી હતી.

પોતાની ગ્રામકન્યાને શત્રુ-દેશના એક યુવાન સાથે ફરતી જોઈ ઘરઘરનાં લોકોની આંખમાં આગ ઊઠતી હતી. રોજ ઊઠીને એ ભ્રષ્ટ દૃશ્ય લોકોને જોવું પડતું. છોકરાં હૂડિયો હૂડિયો કરતાં, બૈરાં દાંત કચકચાવતાં, ને બુઢ્ઢાઓ ચોરેચૌટે અને આરામખાનામાં બેસી આ અત્યાચાર સામે ઉગ્ર મત કેળવતા હતા. બન્ને જણાં કંઈ ખરીદી કરવાને સારુ જો કોઈ દુકાનમાં જઈ ઊભાં રહેતાં ને અમુક કાપડબાપડનો ભાવ પૂછતાં તો દુકાનદાર જાણીબૂઝીને બે નમૂના રજૂ કરતો, પછી બોલતો: 'આ કરતાં આ સુંદર છે. સસ્તું ય છે – પણ-પણ એ તો દુશ્મનોના દેશ ફ્રાન્સનું બનેલું છે, બાઈ!'

એક દિવસ એ લોકલાગણીએ બેહદ જોર પકડી લીધું. બુઢ્ઢા દાક્તરની પ્રેક્ટિસ નબળી પડી ગઈ. એની ડોસી કે પુત્રવધૂ ચીજવસ્તુ ખરીદવા જતાં ત્યારે દુકાનદાર એની સામે પીઠ દેતા થયા; ને હરરોજના નિયમ મુજબ જ્યારે દાક્તરે એ સંધ્યાએ પોતાના વર્ષોજૂના લંગોટિયા દોસ્તોની મંડળીમાં બેસવા સારુ ક્લબમાં પ્રવેશ કરી દોસ્તોને અવાજ દીધો કે 'સાહેબ મહેરબાનો! મુરબ્બીઓ! જય જય!' ત્યારે આખી મિત્રમંડળીમાંથી એક પણ મોં એની સલામ ઝીલવા તૈયાર થયું નહીં.

પોતાના કયા દેશદ્રોહ બદલ પોતાના બહિષ્કારની આ મસલત ચાલી રહી છે, એની કશી જ ગમ વગરનો એ બુઢ્ઢો સામો ધ્વનિ ન ઊઠ્યાની કે સલામ ન ઝિલાયાની ખાસ પરવા ન કરતાં સર્વની જોડે ખુરશી પર બેસી ગયો. એના હૃદયમાં મૂએલો બેટો પાછો મળ્યા જેવો મહોત્સવ જાગ્યો હતો. પુત્રની પછવાડે ઝૂરી ઝૂરી દેહને જલાવી રહેલી એ જુવાન પુત્રવધૂનું અંતર આ ફ્રેન્ચ પરોણાની ઉપર ઢળ્યું છે એ દેખી ડોસો સુખની છોળોમાં નહાઈ રહ્યો હતો. એના સૂનકાર ઘરમાં સઘળું ભર્યું ભર્યું બની ગયું હતું. દુશ્મન દેશ પ્રત્યેના એના દાંતના કચકચાટ અટકી ગયાથી હૈયું ફૂલ જેવું હળવું હતું. આવા સ્વર્ગીય આનંદની માનસિક લહેરમાં ચકચૂર બનેલ એ

બુઢ્ઢા દાક્તરે આસન લઈને ત્યાં બેઠેલ દોસ્તોનાં માથાં ગણ્યાં: એક બે ત્રણ... નવ.

"છોકરા!" એણે નોકરને હાક મારી. "નવ કટોરા શરબત લાવ."

"આઠ જ મગાવજો ને, દાક્તર!" એક ભાઈબંધે એ મૂંગી બેઠેલ ટોળીમાંથી પોતાના પ્યાલો ન મગાવવાની ખાતર સૂચના કરી.

"વારુ! છોકરા, આઠ કટોરા શરબત લાવ!"

ભોળિયા દાક્તરને ખાસ કશો વહેમ હજુ નથી પડ્યો, ત્યાં તો બીજા એકે પણ રાજીનામું પોકાર્યું: "દાક્તર સાહેબ, સાત જ મગાવજો ને! નાહક બગડશે."

હવે દાક્તર સાવધાન બન્યા. મામલો કળી ગયા. ધીરીધીરીને, ટીકીટીકીને, નીરખીનીરખીને એણે એ આઠ જણાના મૂંગા, ચડેલા ચહેરાની રેખાઓ તપાસી અને પછી ક્લબના છોકરાને હુકમ દીધો: "હં... છોકરા, એક જ કટોરો શરબત લાવ."

આઠેય જણાનો ઘા ખાલી ગયો. એકે વાત ઉચ્ચારી: "દુશ્મન દેશના છોકરાને ઘરમાં સંઘરવાનો શો સબબ છે, દાક્તર?"

બીજાએ ટાપસી પૂરી: "શત્રુઓના જાસૂસોને ઠીક સરળતા કરી આપવામાં આવે છે. મારા જુવાનજોધ દીકરાને એ દુષ્ટોએ જ રેંસી નાખ્યો."

"અને મારા બે પુત્રોને મારનાર પણ એ જ શયતાનો છે."

"મારો એકનો એક દીકરો તેઓએ જ હણ્યો."

આમ એક પછી એક બુઢ્ઢો એ મેજ ઉપર પોતાના દિલની આહ ઠાલવતો તેમ જ કટ્ટર વૈર પુકારતો ગયો. અને એકે ઉમેર્યું: "આપણા આટઆટલા પુત્રોની હત્યા કરનાર એ ફ્રેન્ચોને દાક્તર આશરો આપે છે. પોતાની દીકરા-વહુને એ અસુરની બગલમાં હાથ નાખી ફરવા-હરવા આપે છે."

"અરે ભાઈ, કોને ખબર છે, દાક્તર તો કાલે બેઉનાં લગ્ન સુધ્ધાં કરી આપશે!"

"ને છતાં શું દાક્તરની સાથે આપણી પ્રજા વ્યવહાર ચાલુ રાખશે? આપણી તે કંઈ સૂધબૂધ ઠેકાણે છે કે નહીં!"

"ઓ હો હો હો!" દાક્તરનો ઉગ્ર, હાસ્યમિશ્રિત, કરવત સરખો સ્વર નીકળ્યો: "શરબતના કટોરા ન સ્વીકારવાનું કારણ તો આ પેટશૂળ છે, એમ કે? મને એ ખબર નહીં. હું આવડો મોટો દેશદ્રોહી છું એ મને અત્યારે જ ભાન થયું. રહો, સબૂર કરો."

એટલું કહીને એની કરડી આંખોએ ફરી એક વાર સહુને નિહાળી લીધા. માપી જોયા. પછી અક્કેકની સામે આંગળી બતાવીને એ બોલ્યા:

"તારા દીકરાને, તારા બે દીકરાને, તારા એકના એક દીકરાને, તારા જમાઈને – અને યાદ છે ને? – મારા પણ એકના એક પુત્રને, તમામને, ફ્રેન્ચોએ સંહાર્યા છે. વારુ! ભાઈસાહેબો! તમારી માફક હું પણ આજ સુધી એ આખી પ્રજાને જ જલ્લાદ ગણી મારા અંતરના ઘોર અભિશાપ પોકારતો હતો. પ્રભાતે પ્રભાતે હું વૈરની ઝાળોમાં ઘી હોમતો હતો. એકેએક ફ્રેન્ચ મારી દષ્ટિમાં મારા પુત્રનો ખૂની હતો. પણ આજ? આજ મને સત્યનું દર્શન થયું છે. કહો મને, જવાબ આપો, આ કતલ થયેલા આપણા પુત્રોને રેંસનાર તો પેલા ફ્રેન્ચ, પણ એને એ કતલખાને મોકલનાર કોણ? આપણે સહુ. આપણે પોતે, વારુ! પૂછો તમારા આત્માને. આપણે શા સારુ આપણા પુત્રોને ત્યાં મોકલ્યા? પારકા ઘરના લાડકવાયા છોકરાઓની મહોબત કરવા? કે હત્યા કરવા? આપણે બુઢ્ઢા કેમ ન ગયા? આપણે લડવા-સંહારવા સશક્ત નહોતા માટે જ કે? ને આપણે ઘેર બેસીને શું કર્યું, ભાઈ? આપણે લડી ન શક્યા, પણ ધિક્કારી તો શકતા હતા! આપણાં હૈયાંની હિંસાવૃત્તિ શું કમ હતી? આપણા બે હજાર બચ્ચાની કતલ થયાના ખબર ત્યાં પહોંચે ત્યારે તેઓ ધજાપતાકા ફરકાવીને વિજયોત્સવ કરે, તો શું તેઓના બે હજાર પુત્રો આપણા પુત્રોને હાથે ખલ્લાસ થયાના ખબરનું ઉજવણું કરવામાં આપણે કંઈ ઓછા ઊતરતા'તા? બોલો, બોલો, પોતપોતાનાં અંતર તપાસો."

આઠેય જણાનાં મોં સિવાઈ ગયાં હતાં. તેઓનાં માથા ઢળેલાં હતાં.

દાક્તરનો ઊભરો શમતો નહોતો. એણે ચલાવ્યું: "આંહીં આપણા બેટાનો, ને ત્યાં તેઓના પુત્રોનો તમામનો હત્યાકાંડ કરનાર આપણે ઘેર બેઠા બુઢ્ઢાઓ જ છીએ. ને એક બનાવટી વૈરનું વિષ આપણે પ્રજાના મોંમાં પિવડાવી રહ્યા છીએ. મારી તો આંખ ઊઘડી ગઈ છે, ભાઈઓ! મારા પુત્રની ખાંભી પર ફૂલો ચડાવવા આવનાર અને મારા વૉલ્ટરના આખરી ખુશખબર લાવનાર એ જુવાન પરદેશીને હું ખૂની શા સારુ કહું? મારો પ્રાણ તો આજથી જગતના નવજવાનોની સાથે પ્રયાણે ચડે છે. એ કોઈ કોઈના શત્રુઓ નથી. એ તમામ વિશ્વબાંધવો છે. મારો આત્મા દેશ-દેશ વચ્ચેના સીમાડા લોપીને સારી દુનિયાના જુવાનોને ચૂમવા, ભેટવા ચાલ્યો છે. લ્યો મહેરબાનો, સાહેબજી!"

શરબતનો કટોરો અણસ્પર્શ્યો જ છોડી દઈને જ્યારે આ સ્વયંબહિષ્કૃત ડોસો ક્લબમાંથી ચાલતો થયો, ત્યારે એ ખંડના એક ખૂણામાંથી એક યુવાન ઊભો થયો. ઊભા થતાં એને મહેનત પડતી હતી, કેમકે એના બેઉ પગ સલામત નહોતા. મહાયુદ્ધની તોપો એના એક પગને ચાવી ગઈ હતી. બગલમાં લાકડાની ઘોડી દબાવીને એણે ખોડંગતા પગની દોટ દીધી. દરવાજા પાસે પહોંચેલા દાક્તરને એણે આંબી લીધા. એણે પોતાના હાથનો પંજો લંબાવ્યો. ડોસાએ એ પંજામાં પોતાનો પંજો મિલાવ્યો. ખૂબ પ્રેમથી દબાવ્યો. યુવાનની આંખો ડોસાના નેત્રનું અમીપાન કરતી ઠરી ગઈ. બન્ને પંજાનાં રુધિરો જાણે ધબકીધબકીને પરસ્પર કહેતાં હતાં કે આપણા તો એક પ્રાણ છે. એ એક યુવાનના પંજા વાટે પ્રજાનું સમગ્ર યૌવન દાક્તરને ધન્યવાદ દેતું હતું. એક પણ શબ્દોચ્ચારથી એ મિલનની મૂક પવિત્રતાને કલુષિત કર્યા વગર યુવક પાછો ફર્યો અને ક્લબની બહાર નીકળી જે વેળા એ વૃદ્ધ પગથી ઉપર ઊભો રહ્યો, તે વેળા તેની મીંચાયેલી આંખો સામે પ્યારા પુત્ર વૉલ્ટરની મૃત્યુ-છબી સરતી હતી, ને પુત્રના મૃતદેહ ઉપર છેલ્લી ક્ષણે ઝૂકતો ફ્રેન્ચ જુવાન ખડો થતો હતો. થીજી ગયેલ જળસમૂહ જેવું એનું વૈરભરપૂર હૈયું, શત્રુદેશના એક જ બાળકના પ્રેમકિરણે ઓગળી પડતું હતું.

[6]

'ભાઈ આવ્યો?' 'ભાઈને આવવાનો સમય થયો કે નહીં?' 'આ ઘડિયાળ બરાબર તો છે ને?' એવા એવા પ્રશ્નો પૂછતા દાક્તર ઘડીઘડીમાં બિછાનામાં બેઠા થતા હતા અને એના જર્જરિત દેહને હાંફ ચડી આવતી હતી. અતિથિ યુવાન એને ઉતારેથી આવવામાં આજે કંઈક મોડો પડ્યો હતો.

જરા દ્વારનો ભભડાટ થયો એટલે ડોસો જાગીને બેઠો થયો; "કોણ, ભાઈ આવ્યો?"

"હવે, કહું છું કે તમે ભલા થઈને શાંત પડ્યા રહેશો? નહીં તો પછી મારે..."

એટલું બબડીને વૃદ્ધ દાક્તર-પત્નીએ બુઢ્ઢા પતિને એક માતાના વાત્સલ્યથી પથારીમાં પાછો સુવાડી દીધો, ને પોતે સામી બેસીને ભાંગલાં ચશ્માં ચડાવેલી ઝાંખી આંખે પુત્રવધૂના નવા વસ્ત્રનું સીવણ કરતી બેઠી. અતિથિ યુવકની વાટ જોવામાં એની ઉત્સુકતા ઓછી નહોતી, પણ એનો ઉદ્યમી સ્ત્રી-સ્વભાવ એને ધૈર્ય દેતો હતો.

કદાચ એ નવું વસ્ત્ર વહુના નવા વિવાહ સારુ જ સિવાઈ રહેલ હશે.

મોડો મોડો મહેમાન આવ્યો. પણ આજે એના મોં ઉપર ગમગીનીની છાયા છવાઈ ગઈ હતી. બુઢ્ઢા-બુઢ્ઢીના મીઠા આગ્રહથી વહુ એને બગીચામાં ફેરવવા તેડી ગઈ, પણ મહેમાનના મોં પરની નિસ્તેજી નહોતી ઊતરતી. યુવતીના હાસ્ય-છંટકાવની અસર ઊલટી જ થતી હતી.

પછી એણે પરોણાને તે દિવસે પહેલો જ વહેલો ઘરના એક સુંદર ખંડમાં લીધો. ઓળખાણ આપી: "આ એમનો ઓરડો. અહીં એ સૂતા-બેસતા."

એ ખંડને અતિથિએ ધારી ધારી નિહાળ્યો. અભ્યાસનાં પુસ્તકોના છલોછલ કબાટો, સંગીતની પોથીઓ, આલ્બમો વગેરે એક એક સામગ્રીમાં એ મૂએલા યુવાનનો આત્મા મહેકતો લાગ્યો. યુવતીએ મેજ પર પડેલી એક પેટી ખોલીને એક ઈસરાજ બતાવી કહ્યું: "જુઓ, આ એમનું ઇસરાજ,

આના ઉપર એ બીથોવનની બધી રાગણીઓ બજાવતા. મને તો ખાસ સંભળાવતા. એ જ્યારે ઇસરાજ બજાવતા ત્યારે હું યે એની સાથે સૂર મિલાવી મારો પિયાનો વગાડતી. તમને આ ઈસરાજ ફાવે કે નહીં?"

ઓરડાની બારીમાંથી આકાશે ચડેલો ચંદ્ર ડોકાતો હતો. આ ભોળી બાળાનો એક એક બોલ અતિથિનું હૃદય ભેદતો હતો. એ પોતાના આત્માને પૂછતો હતો કે 'હું ક્યાં ઊભો છું? આ ઈસરાજમાં મારા શ્વાસોચ્છ્વાસથી હજુ ચિરાડ કાં નથી પડતી?'

યુવકને રીઝવવાના એવા પ્રયત્નો કરતી કરતી એ સ્ત્રી ત્યાંથી એને પોતાના ઓરડામાં તેડી ગઈ. ત્યાં જઈને એણે પોતાના ટેબલના ખાનામાંથી જીવનની એક અણમૂલ વસ્તુ કાઢી. "જુઓ, આ એનો છેલ્લો કાગળ. રણક્ષેત્રમાંથી એણે લખેલો. સાંભળો, હું વાંચું."

જેમ જેમ કાગળ વંચાતો જતો હતો તેમ તેમ મહેમાનની વિહ્વળતા વધતી હતી. કાગળ પૂરો થતાં જ એણે કહ્યું: "હું આજે વિદાય લેવા આવ્યો છું."

"વિદાય!" સ્ત્રી હેબતાઈ ગઈ.

"હા, હું પાછો મારે દેશ ચાલ્યો જાઉં છું."

"શા માટે? આ શું બોલો છો? આપણે... આપણે... આપણે..." યુવતીથી વધુ બોલાયું નહીં.

"મને ક્ષમા આપો. મારાથી અહીં હવે જિવાતું નથી. મારું પાપ મને અંદરથી કોરી રહ્યું છે. હું આવ્યો હતો તમારી પાસે એ પાપનો એકરાર કરી તમારી ક્ષમા મેળવવા, પણ મારી જીભ ઊપડતી નથી. હું કાયરોનો પણ કાયર બની ગયો. મને ક્ષમા કરો."

બોલતો બોલતો એ યુવતીના પગ પાસે ઘૂંટણભર થઈ ગયો. યુવતીએ એના હાથ ઝાલી લઈને પૂછ્યું: "પણ શું છે? શાનું પાપ?"

"તમારા વરનો ખૂની હું પોતે જ છું."

"તમે પોતે?"

"હા, મારી ગોળીથી જ એ પડ્યા. ને આ છેલ્લો કાગળ એની

કલમમાંથી ટપકતો હતો તે જ વખતે મેં એને ઠાર કર્યા. એના હાથમાં કલમ ઝલાવીને મેં છેલ્લી સહી કરાવી. પણ પૂરું નામ લખવાનો સમય મૃત્યુએ ન રહેવા દીધો. છેલ્લો અક્ષર મેં ઉમેર્યો. કાગળ ટપાલમાં નાખનાર પણ હું જ. મારી કાયરતાએ જ આટલા દિવસો સુધી આ ઘરમાં છલ ચલાવ્યું છે. હવે હું વધુ સહી શકું તેમ નથી. મને ક્ષમા આપો. હું જાઉં છું."

પોતાના ખોળામાં ઢળી પડેલાં એ પાપી મસ્તક ઉપર યુવતી સુંવાળા હાથ ફેરવતી હતી. ત્યાં તો બહાર બુઢ્ઢાનો સાદ સંભળાયો: "કાં છોકરાંઓ! હજુ કેમ તમે આવતાં નથી? હું તો બહુ વારથી વાટ જોઈ બેઠો છું. મને એકલાં ગમતું નથી."

બેઉ જણાં બહાર આવ્યાં. યુવતીએ કહ્યું: "બાપુજી, આ તો આજે રજા લેવા આવ્યા છે."

"રજા! શાની રજા?"

"એને તો પાછા પોતાને દેશ જવું છે."

"વાહવા! આવી મશ્કરી!" ડોસો હસી પડ્યો. "એમ કંઈ દેશ નાસી જવાશે તારાથી, બેટા? તું જાય તો અમારું કોણ?" વૃદ્ધની ધોળી પાંપણો ભીની બનતી હતી.

"દાક્તર સાહેબ! મને –" યુવક એટલું બોલવા જાય છે ત્યાં તો એને ચૂપ કરવા માટે સ્ત્રીએ પોતાના નાક પર આંગળી મૂકી. પોતે જ વચ્ચે બોલી ઊઠી: "બાપુજી, એમને શહેરમાં બધાં પજવે છે ખરાં ને, એટલે એ ત્રાસીને નાસવા માગે છે."

"હો-હો-હો-હો!" ડોસા ખડખડ હસ્યા. "એ બધા પજવનારાઓને તો મેં બરાબર પાધરા કરી દીધા છે. બેસ બેસ, અમને બુઢ્ઢાંને અને આ ગરીબ છોકરીને રઝળાવી હવે તું ક્યાં જવાનો હતો, ભાઈ?"

બુઢ્ઢાએ યુવકને ખભા દબાવીને બેઠક પર બેસાર્યો. સ્થિર સજળ નેત્રે વૃદ્ધ એની સામે તાકી રહ્યા. એ નજરમાં મીઠી, હલાવી નાખનારી યાચના દ્રવતી હતી.

"હું આવ્યો, હાં કે?" કહેતો ડોસો ડગમગ પગલે ત્યાંથી ચાલ્યો.

હૃદયમાં પુરાઈ રહેશે. એ હવે તમારા કબજાની વાત નથી. ખબરદાર હવે એનો ઉચ્ચાર સુધ્ધાં કર્યો છે તો.''

યુવકની લાગણીમાં કેટલા કેટલા સામટા મનોભાવ રમતા હતા તે કહેવું કઠિન હતું. એને કોઈ જાણે અપરૂપ અસત્ય સૃષ્ટિમાં ખેંચી જતું હતું.

ડોસો આવ્યો. એના હાથમાં મૃત પુત્રનું પ્યારું ઇસરાજ હતું. ઇસરાજ લઈને નીરવ પગલે ચૂપચાપ જીભે એ અતિથિની પાસે ગયો. બે હાથોમાં તેડેલું બાળક સુપરત કરતો હોય તે રીતે એણે ઇસરાજ એની સામે ધર્યું. 'લઈ લે': એ યાચના એની આંખોમાં હતી.

ગભરાટમાં ઘેરાઈ ગયેલા પરોણાએ વાજિંત્રને હાથમાં લીધું. તરત જ વૃદ્ધે એની સામે કામઠી ધરી.

'લઈ લે! લઈ લે!' એવી મૂક વાણી ઉચ્ચારતી પેલી બે કોમળ આંખો પણ પાસે જ બેઠી હતી.

યુવકે યંત્રવત્ કામઠી ઝાલી. બુઢ્ઢાના મોં પર દીપ્તિ ખીલતી જતી હતી. હજુ એનાં નેત્રો ત્યાં ને ત્યાં જ યાચના કરતાં ઠર્યાં હતાં. એ કોઈ ભિક્ષુક જેવો ઊભો જ રહ્યો.

યુવકે ઇસરાજને ડાબી બાજુની છાતી કે જ્યાં હૃદયનું સ્થાન કહેવાય છે સાથે ટેકવીને આંગળીઓનાં ટેરવાં તાર ઉપર ફેરવી જોયાં. એના જમણા હાથે કામઠીને તાર ઉપર ઘસી. એની આંખો વૃદ્ધના મોં પરથી ઊતરીને ઇસરાજ પર એકાગ્ર બની. સૂરો નીકળ્યા, ને એને આશા, શ્રદ્ધા આવી ગઈ. ગીત વહેવા લાગ્યું.

'હાશ!' એવા શાંત ઉચ્ચાર સાથે વૃદ્ધ સોફા પર બેસી ગયો. ડોસીએ પણ મૂંગાં મૂંગાં એની બાજુમાં આસન લીધું. જેમ જેમ ઇસરાજ બજતું ગયું, ને જૂના પરિચિત સૂર નીકળતા ગયા, તેમ તેમ બેઉ બુઢ્ઢાંની આંખો મીંચાઈ. એ સુખસમાધિ સ્થિર બની ગઈ.

કન્યા હજુ યુવકની કને બેઠી હતી. ઇસરાજના સૂર હવે પૂરા તોરથી પ્રવાહબદ્ધ બની ગયા હતા. યુવતી ધીરે ધીરે ઊઠી. સામી દીવાલે પહોંચી. ત્યાં પોતાનો પિયાનો પડ્યો હતો. ચાવી ચડાવીને એણે પિયાનો ખોલ્યો.

પોતે બેઠક લીધી. પિયાનોના પાસા પર એનાં ટેરવાં રમવા લાગ્યાં. ઇસરાજના સૂરોમાં પિયાનોનાં સૂરોએ મેળ સાંધી દીધો.

ડોસાની આંખો ઊઘડી ગઈ. એણે ઇસરાજ તરફ જોયું. ઇસરાજે એની આંખોને સામી દીવાલે જોવા કહ્યું. ડોસાએ દીકરીને પિયાનો બજાવતી દીઠી, બે વાદ્યો વચ્ચેનું એ સંગીત-લગ્ન બે આત્માઓની એકરસતા ગાતું હતું. ન હતો ત્યાં ધર્મગુરુ, ન હતું દેવાલય કે દેવદીપક, છતાં ત્યાં શું નહોતું! એ સ્વરમિલાપમાં ડોસાએ સાચા હસ્તમિલાપ પારખ્યા. એની સુખસમાધિ પરિપૂર્ણ જામી. એનાં નેત્રો ફરી વાર બિડાયાં.

# પાછલી ગલી

મનુષ્યના જીવનમાં પણ પાછલી ગલી હોય છે. એ ગલી અંધારી, સાંકડી અને અદીઠ છે. પાછલી ગલીને ગુપ્ત માર્ગે અનેક તત્ત્વો જીવનમાં આવ-જા કરે છે. માનવીનું સાચું જીવન એ પાછલી ગલીમાંથી જ, પાછલી બારી દ્વારા જ જિવાતું હોય છે. એ પાછલી ગલીનો પંથ જિગરના ચીરા જેવો પડ્યો છે, આંસુની ધારો વડે છંટકાયેલો છે. એમાંથી જે કાવ્ય ઊઠે છે તે બીજે કદાચ નથી.

એક માણસના જીવનની એવી અદીઠ પાછલી ગલીની આ કથા છે.

મહાસાગરનાં મોજાં જેવી નિર્બંધ અને છોળો મારતી એ મુક્ત અને ઉન્મત્ત ફરતી. એના ઉપર નવી બાનો કબજો નહોતો. સાવકી પુત્રી પર સત્તા ન ચલાવી શકતી નવી મા એનો બદલો પોતાની સગી પુત્રી ઉપર શાસન ચલાવીને વાળી લેતી. વાતવાતમાં મા કહેતી કે 'મોટી એને ફાવે તેમ કરે. ભલે વંઠી જાય. હું તો મારી છોકરીની વાત જાણું. એની રીતભાતમાં ફેર પડે તો ટાંટિયો જ ભાંગી નાખું. એ બધું તો મોટીને પોસાય, મારી છોડીના ફેલફતૂર એવા નો'ય. મારે દુનિયામાં જીવવું છે, બૈ!'

પવનની લહરી જેવી આ મોટેરી પુત્રી ઉપર અનેકની ટાંપ હશે. પણ એ સહુને માટે એના હોઠ પર હાસ્ય હતું. એથી વધુ કશું જ નહોતું. એ મુક્ત જીવન નિજાનંદી હતું. પુરુષજાતના ભુજપાશની એની ભૂખ હજુ ઊઘડી નહોતી. બિચારો પેલો બાઈસિકલિયો જુવાન પાડોશી! પાતળી લાંબી ડોક ઉપર ચશ્માંદાર મોઢું: માથા પર શાહુડીનાં પીછાં જેવા ઊભા વણઓળેલા વાળ: બાઈસિકલોનું યંત્ર બનાવતાં બનાવતાં એને હેનરી ફૉર્ડના જેવી મોટરની શોધ કરવાના મનોરથો જાગતા હતા. એમાં ને એમાં

એ શોષાઈ ગયેલો. એનો બીજો મનોરથ પણ એવો જ સ્વપ્નવત્ હતો:

"કિરણબેન! કિરણબેન! ઓ કિરણબેન!" મોટી છોકરીને ઘરમાં પેસતાં જ આ માનવ-શાહમૃગનો અવાજ સંભળાતો અને માયાળુ હૃદયે એનો બોલ ઝીલતી.

"કિરણબેન! ઓ કિરણબેન! દોડો, આંહીં આવો જલદી!" કહેતો એ જુવાન પોતાને કારખાને કિરણને બોલાવતો અને પોતાની શોધબુદ્ધિનો મહાવિજય કિરણને પગે સાદર રજૂ કરતો. ઓગણીસમી સદીના ઉષઃકાળની ઘોષણા કરતું એની નવી ગાડીનું મશીન હવે તો પાંચ પૂરી મિનિટો સુધી ભખભખ ધુમાડા કાઢતું થયું હતું અને એ થોડા જ દિવસોમાં ચાલુ થનારી આ નિશ્ચલ ગાડીની બેઠક ઉપર આ કારીગર પોતાની જીવનદેવીને બિરાજમાન કરી એની સામે કાકલૂદીભર્યે ચહેરે ઊભો રહેતો.

"મારા આવા યશસ્વી ભાવીની અધિષ્ઠાત્રી તું શું નહીં બને, કિરણ?"

કિરણના હાસ્યમાંથી દયા વરસતી.

"હા, હું સમજું છું. તું ના નથી કહેતી તેને હું 'હા' જ ગણું છું. ખરું ને?"

જવાબમાં કિરણ એક વધુ કોમળ હાસ્ય છાંટતી. ને પોતાનો ઉમેદવાર ધરાઈ રહે ત્યાં સુધી એ ખાલી છુક છુક કરતી ગાડીના ધુમાડા ખાતી ગાડીમાં બેસી રહેતી.

[2]

પવનની એ લેરખીને એક માનવીના સંસારની પાછલી ગલીમાં રૂંધાવાનો એક દિવસ આખરે આવી પહોંચ્યો. શહેરની પગથી ઉપર દૈવસંજોગે એક પોતાના જેવો જ લેરખડો, ફૂટડો, પાણીદાર જુવાન એને ભેટી ગયો. તેઓનાં અંતર પણ ભેટ્યાં.

"તમારું નામ?"

"કિરણ."

"સુંદર નામ. ગમે છે."

"મનેય તમારું નામ ગમે છે."

નાદાન પ્રેમીજનોને વર્ષો પહેલાં કોઈ વેવલી ફૈએ પાડેલાં સાદાં નામોમાં પણ ગહન અર્થ દેખાયો.

ફરીથી મેળાપ થયો. યુવકે પ્રસ્તાવ કર્યો: "આપણા બેઉનાં લગ્નને સારુ એક જ માર્ગ છે. મારી માની અનુમતિ તો મારે મેળવવી જ રહેશે."

"શું કરશું?"

"આવતી કાલે સાંજે પાંચ વાગ્યે માને લઈને હું નગર-બાગમાં આવું. બૅન્ડસ્ટૅન્ડની સામે જ અમે બેસશું. તમે ત્યાં થઈને નીકળશો? હું બાને તમારી ઓળખાણ કરાવી આપીશ."

"તમારાં બાને હું ગમીશ ખરી?"

"કઈ માતા એવી કઠોર હશે કે જે તમને દેખીને નહીં રિઝાય?"

[3]

સાડા ચારને ટકોરે કિરણ સજ્જ બનીને ઊભી. એના સાજશણગારમાં સાદાઈની શોભા હતી. અરીસાને એ આજ કહેતી હતી કે 'હવે તારી ગરજ મારે ઓછી થશે. એક બીજો અરીસો મને આજ સાંપડવાનો છે.'

એણે પહેલું પગલું ભર્યું–ન ભર્યું ત્યાં તો ચીસ પડી: "બહેન! ઓ મોટીબેન!"

ને એની સાવકી નાની બહેને શ્વાસભરી છાતીએ ઓરડામાં પ્રવેશ કર્યો:

"ઓ મોટીબેન, મને બચાવો," એ કરગરી ઊઠી.

"પણ શું છે તને, ગાંડી?"

"એ જાય છે. ચાલ્યો જાય છે."

કોણ ચાલ્યો જતો હતો તે મોટી બહેન સમજતી હતી. માતાએ બહુ દાબમાં દબાવેલી દીકરીના જીવનમાં પણ પાછલી ગલીથી એક જણ પ્રવેશ કરી ચૂક્યો હતો.

"જો બેન, તું રડ ના. હું જરા બહાર જઈ આવું. પછી હું એને

સમજાવીને રોકી રાખીશ."

"પછી! પછી! પછી! પછી તો ઘણું મોડું થઈ ગયું હશે. પછી મારું જીવતે મોત થશે. ઓ મોટીબેન! હમણાં ને હમણાં એને અટકાવો, નીકર, નીકર મારા નસીબમાં આટલું જ બાકી રહેશે."

એટલું બોલતી એ બારી ઉપર દોડી ગઈ, બારણું ઉઘાડ્યું, બહાર ડોકિયું કર્યું. એ બારીથી ધરતી બસો ફૂટ નીચે હતી.

"પણ શા માટે?"

"શા માટે? હજુ પૂછો છો શા માટે?" એમ કહીને એણે ધ્રૂસકાં નાખ્યાં.

"ઓ... હો! સમજી." મોટી બહેને નાનીના દેહ પર દૃષ્ટિ કરી. પાછલી ગલીમાંથી પ્રવેશેલા અતિથિએ યુવાન કન્યાના ઉદરમાં પોતાનું પાપ ક્યારનું ય રોપી દીધું હતું.

અત્યારે હું નહીં જાઉં, તો મારું આખું જીવતર હારી જઈશ. પણ એના સામેના પલ્લામાં આ છોકરીનું મોત છે. આ ભોળી છોકરી નીચે પડતું મૂકીને પોતાના દેહના ફોદા કાઢી નાખશે. એના દુઃખનું છાબડું નમે છે.

નાની બહેનને ગોદમાં લઈને એણે બહેનની પાછલી ગલીના પરોણા તરફ પગલાં ભર્યાં.

[4]

બગીચામાં બૅન્ડ ખલ્લાસ થયું. તાળીઓ પાડીને પછી લોકમેદનીએ વીખરાવા માંડ્યું. વાટ જોઈજોઈને આશા હારેલો યુવાન પણ વૃદ્ધ માને દોરી ચાલી નીકળ્યો. બૅન્ડનું છેલ્લું ઢોલક ખભે નાખીને છેલ્લો સિપાહી પણ નીકળી ગયો. તે વેળા એ વિશાળ નિર્જનતાની વચ્ચે બાંકડે બાંકડે તપાસતી કિરણ ત્યાં ભમતી હતી. ચોગમ શૂન્ય શૂન્ય બની રહ્યું હતું. પોતે પણ એ શૂન્યતાનું જ એક અંગ, એક બાંકડા જેવી થઈ ગઈ.

[5]

પાંચ વર્ષો વીતી ગયાં. ફરીને પાછાં એક આલેશાન રાજનગરના

સરિયામ રસ્તા પર બેઉ મળ્યાં. ઊભાં રહ્યાં. 'એક પળ મોડું' થયું હતું તે દિવસ બન્નેએ યાદ કર્યો.

"મેં તો પછી પરણી લીધું. મારે ઘેર બે બચ્ચાં પણ છે." પુરુષે પુરુષાતન પ્રગટ કર્યું. "તું શું કરે છે?"

"અહીં ચાકરી કરવા આવી છું. હું તો હતી તે-ની તે જ છું. તને મારા જીવતરમાંથી બહાર કાઢી નથી શકી."

"ક્યાં જઈશ?"

"તારી પછવાડે પછવાડે."

"પણ હું તો પરણ્યો છું."

"તેથી મારે શો વાંધો છે?"

રાજનગરની અંદર એક દૂરદૂરના લત્તામાં અજાણ્યા પાડોશની અંદર કિરણને સારુ એક ફ્લૅટ ભાડે રાખીને યુવકે પોતાની માશૂકને ત્યાં પિંજરમાં પૂરી. પોતે કાકાની બૅન્કમાં દિન-પર-દિન ઊંચી પાયરીએ ચઢતો જતો હતો. આબરૂદાર સમાજમાં ઊંચો દરજ્જો ભોગવતો હતો. બૅન્કના કામમાંથી, કુટુંબની જંજાળમાંથી, સમાજના વિનોદો અને વ્યવહારમાંથી જ્યારે જૂજ કંઈક ફુરસદ મળે ત્યારે જગતની નજર ચુકાવીને એ ધનાઢ્ય જુવાન આ અજાણી પોળના નિવાસમાં દાખલ થતો. કોઈ ન જાણે તેવી રીતે પાછો સરકી જતો. આવતો હતો અનેક વાર, પણ ઉઘાડા પડી જવાની ધાસ્તી એને છોડતી નહોતી. થોડો વખત ગાળ્યા પછી 'મારે હજુ ઘણું કામ છે' એ ઉચ્ચારો સાથે છૂપી વિદાય લઈને એ ચાલ્યો જતો.

આમ ઘણુંખરું કિરણ એકલી જ રહેતી. ઘરમાં એને કોઈ શોભા-શણગાર નહોતાં. હતી ફક્ત પોતાના પ્રેમીની એક છબી. એની સામે જોતી બેસતી. રાહ જોયા કરવી એ જ એનો એક વ્યવસાય થઈ પડ્યો. કદી દરરોજ, કદી બે દહાડે, કદી એથી પણ વધુ આંતરે પ્રેમીનું આવવું થતું. એટલે એ ઘરમાં કિરણનો દુ:ખબંધુ એક ટેલિફોન જ હતો. પાડોશમાં કોઈ સાથે એ બેસતી-ઊઠતી નહોતી. કેમકે પૂછપરછમાં એને પકડાઈ જવાનો ભય હતો.

એક વાતઘેલી પાડોશણ કોઈ વાર આવતી, એક જ શ્વાસે પચાસ વાતોનો ખીચડો કરીને એ કાબર કિરણને રમૂજ કરાવતી, કિરણના સ્વામીની છબી જોઈ જોઈ એ વાતોડિયણ કિરણને પ્રશ્ન કરતી કે 'ઓહો, કેવો રૂપાળો જુવાન! તમારા વર છે ને?' ત્યારે હા–ના કંઈ જ ન કહી શકતી કિરણ ચૂપ રહેવા મથતી. આખરે એ પાડોશણ પોતાના અંતિમ પ્રયોજનની સફળતા તરીકે કિરણ કનેથી બે બટાટાં માગી લઈને ઓરડાની બહાર નીકળતાં સુધી પણ લવલવ કરતી ચાલી જતી.

એ સુખી હશે. જીવનમાં પ્રલાપ કરવા જેવી પણ એક પહોળી દુનિયા એને હતી. વર હશે, કચ્ચાંબચ્ચાં હશે, રિસામણાં-મનામણાં હશે, છોકરાંની આળપંપાળ હશે, કોઈની સાથે સ્નેહ તો કોઈ અન્યની સાથે અણબનાવ, કૂથલી, કજિયા, પતિ સાથે ક્યાંક જમવા કે ફરવા-હરવા જવાનું, જીવનના અનેક ઓરડાઓને વસાવેલા રાખવાનું: આવું આવું ઘણું હશે.

કિરણને તો બે જ વસ્તુઓ હતી: એક છબી, ને એક ટેલિફોન. ટેલિફોન જોડવાનો નંબર પણ જગતમાં એને માટે એક જ હતો.

[6]

"જીવનમાં આજે પહેલી જ વાર યુરોપ જવાનો અવસર ઊભો થયો છે, કિરણ!" એક દિવસ આવીને પ્રેમીએ ખુશખબર આપ્યા.

"યુરોપ જવાનું?" કિરણના મુખ ઉપર તેજનાં મોજાં ઊછળી પડ્યાં. "આહાહા! કેવો આનંદ! આપણે યુરોપમાં સાથે ભમશું. આ જોશું, તે જોશું; અહીં જશું, ત્યાં જશું." કિરણ તો પક્ષીના પિચ્છ જેટલી હળવી બનીને જાણે કે હવામાં ઊડવા લાગી. ઓરડાની દીવાલો જાણે કે ઓગળી ગઈ.

"કિરણ! કિરણ! તું મારી વાતને હજુ બરાબર સમજી નથી જણાતી." એવા ઠંડાગાર શબ્દે આશકે કિરણના હર્ષોન્માદને ઉતારી નાખ્યો.

"કાં?" કિરણે એના સામે તાક્યું.

"મારું કહેવું એમ હતું કે અમારે – એટલે કે મારે તથા મારા કુટુંબને – યુરોપ જવું પડશે. વહાલી કિરણ! તને તો મારાથી સાથે શી રીતે લઈ જઈ શકાય? મારી આબરૂનો આ પ્રશ્ન છે. હું ત્યાં એક મોટી પરિષદમાં ભાગ લેવા

મારી બૅન્ક તરફથી જાઉં છું. હું શું કરું, કિરણ! તારા વિના હું ત્યાં કેટલો ઝૂરીશ! પણ તને કેમ કરી સાથે લઈ જાઉં? મારી આબરૂ –"

આશકની એ આબરૂની રક્ષા કરવા સારુ પોતાના એકાન્ત ગૃહમાં પુરાઈને કિરણ પડી રહી. એની બીડેલી આંખે એ વિશાળ મહાસાગરનાં લહેરિયા ઉપર લીસો એક ચીરો પાડતી ચાલી જતી આગબોટની પછવાડે પછવાડે દોડતી હતી. આગબોટના તળિયાની લીલી શેવાળ થઈને ચોંટી જવા તલસતું એનું મન આખરે થાકીને નિદ્રામાં પડતું.

મહિના વીત્યા. યુરોપના પ્રવાસમાંથી રોજ ટપાલની વાટ જોતી કિરણને એક દિવસ એક સામટાં ત્રણ પત્તાં મળ્યાં. ત્રણેયની પાછલી બાજુ ઉપર કોઈ ઈમારતોનાં છાપેલાં ચિત્રો હતાં. ફક્ત સરનામાની બાજુએ. જ અરધા ભાગમાં ત્રણ-ત્રણ લીટીઓ લખાઈ આવેલી ને એ ત્રણ-ત્રણ લીટીનાં ત્રણેય લખાણોની હકીકત ફક્ત આટલી જ હતી:

*અહીં અતિ ભવ્ય દૃશ્યો દેખી દેખી તને યાદ કરું છું. આ પ્રદેશ તો અપરૂપ સુંદર છે, વહાલી કિરણ!*

*લિ. તારો.*

ટેલિફોનની ઘંટડી હમણાં વાગશે, એવી આશાના તો અનેક કલાકો, પ્રહરો ને દિવસો વીતી ગયા, તે દરમિયાન કિરણને પોતાના ઓરડાના ઊંબરથી બહાર ખેંચી જનાર ફક્ત એક જ બનાવ બન્યો. બાજુના જ એક ઘરની અંદર આગ લાગ્યાની ચીસો ઊઠી. ઘરની એકાંતમાં એ ઓચિંતી લાગેલી આગે ઘરની એકલવાઈ જુવાન સ્ત્રીને આંચમાં લઈ લીધી. ત્યાં દોડી જઈને એ અસહાય સ્ત્રીનો બચાવ કરનાર કિરણે એને ઘણું ઘણું સમજાવી કે 'બહેન, તારા પતિને હું તેડાવું? એનો ફોન નંબર શો છે? એ ક્યાં છે?'

જવાબમાં એ પીડાતી બાઈએ માથું હલાવી ના જ પાડ્યા કરી: નથી બોલાવવો એને.

એની સારવારમાં દિવસ-રાત રોકાઈને એને સાજી કર્યા પછી એક દિવસ પોતાના ઘરમાં એને બોલાવી કિરણે મીઠાશથી પૂછ્યું કે "બેન, તારા વરને બોલાવવાની તેં કેમ ના પાડી હતી?"

"બેન, મારા એ વર નથી."

"ત્યારે?"

"મારી જોડે એ પરણ્યા નથી. મને એણે અહીં ખાનગી રીતે રાખી છે. હું શી રીતે એને ખુલ્લેખુલ્લા બોલાવું? મારો એના ઉપર શો અધિકાર? એની આબરૂ જાય. ઓ બહેન, તારા જેવી પુણ્યશાળી હું નથી. તારે તો કેવો પતિ છે!" એટલું કહીને આંસુભરી આંખે એ પાડોશણ કિરણના પ્રેમિકની છબી સામે જોઈ રહી.

"સાચું છે, બહેન!" કિરણે ફિક્કું હાસ્ય કર્યું: "તારી બહુ બૂરી દશા છે. હું તને સલાહ આપું છું, કે આ ત્રાસદાયક જીવનમાંથી તું ઝટ છૂટી થઈ જા. આ ક્ષણક્ષણના તલસાટો, ઊર્મિઓના છૂંદેછૂંદા, ટેલિફોનોની આ વરાળભરી ફૂંકો: ઓ બહેન, એક પુરુષના પાપનું ઢાંકણ બનવા સારુ આ બધું સહેવા કરતાં તો તું કોઈને પરણી જા, છોકરાની મા બની જા, ઘર માંડી લે. આ ત્રાસનો તો અંત જ નહીં આવે."

પાડોશણ નહોતી જાણતી કે કિરણ પણ પોતાના જેવી જ અભાગણી છે; ને કિરણ નહોતી જાણતી કે 'પાછલી પોળ'ના ઊંચા ઊંચા માળાઓની કેટલી કેટલી ઝળહળતી બારીઓ આવી ઉપપત્નીઓની હૈયાવરાળોને સંઘરી રહી હતી!

પરંતુ આ રખાત-જીવન પ્રત્યે એના બંડનો હુતાશન જાગે છે તે જ ક્ષણે બારણું ઊઘડે છે અને પ્રવાસેથી પાછો વળેલો પ્રેમિક દાખલ થાય છે.

"આ કોણ? તારા વર કે?" પાડોશણે પૂછ્યું.

"હા, એ જ." કિરણે દંભ સાચવ્યો. પાડોશણ ચાલી ગઈ. એને કંઠે વળગવાની સાથે જ કિરણનું બધું બંડ પીગળી ગયું. એ એક જ ઘડીએ જીવનની શૂન્યતાને છલોછલ પૂરી દીધી.

"ક્યારે આવ્યા?"

"પરમ દિવસે."

"પરમ દિવસે!" આભી બનેલી કિરણ જોઈ રહી: "બે દિવસથી

તમે શહેરમાં છો, છતાં મને ખબર સુધ્ધાં ન પડે?"

"હું તને શું સમજાવું, વહાલી કિરણ! મારે કેટલી બધી કામગીરી હોય છે! મને વખત જ ક્યાં મળે છે? કેટલી મહેનતે હું માંડમાંડ તારી કને આવી શકું છું! કેટલાની આંખોને ચુકાવવી પડે છે!"

હશે; સાચું હશે. કિરણે એ કામગીરીની વિટંબણાઓ સાચી માની લીધી. "પરંતુ," એણે કહ્યું: "આમ ક્યાં સુધી? ક્યાં સુધી આ ગુપ્ત એકલતાને મારે ભોગવ્યા કરવી? આ ચોરની દશાનો, આ ટળવળાટનો કોઈ અંત જ નથી શું? આ દરિયાને ક્યાંયે આરો નહીં મળે? ઓ વહાલા! મારે દા'ડા કાઢવાનું એક છેલ્લું સાધન-એક પેટનું જણ્યું –એક જ જો હોય ને!" રખાતના પ્રાણમાંથી માતૃત્વ બોલ્યું.

સાંભળતાંની વાર જ પુરુષ સ્તબ્ધ બન્યો. એની મુખરેખાઓ ઉનાળે ધગતી જળશૂન્ય નદીઓ જેવી બની ગઈ. એના મોંમાંથી શબ્દો છૂટી પડ્યા: "આ તું શું કહેઃ છે? મારી આબરૂનો કંઈ વિચાર કરે છે? તું કંઈ મારી પરણેલી સ્ત્રી છે, તે આવું ઘેલું કાઢી રહી છે?"

'તું કંઈ મારી પરણેલી સ્ત્રી છે!' એ શબ્દોએ કિરણને સમાધિસ્થ બનાવી. કેટલીક લાગણીઓ આંસુની પાળોથી ઘણે ઊંચે રહે છે. કેટલાક જખમો લોહી વહેવરાવતા નથી પણ લોહીને થિજાવી મરેલું બનાવી દે છે. કિરણ નિરુત્તર રહી.

"કિરણ, મને માફ કર." પુરુષ ખસિયાણો પડ્યો: "મારાથી અઘટિત વચન બોલી જવાયું. પણ હું શું કરું? મારી આબરૂ –"

ફરી પાછી કિરણ એની ગોદમાં સમાઈ. પણ એનો ઘા ઊંડો ગયો હતો. મારી આબરૂ! મારી આબરૂ! મારી આબરૂ! એ શબ્દો એની છાતી પર અંગાર-શા ચંપાતા હતા.

*

એક દિવસ બપોરવેળાએ બારણું ઊઘડ્યું અને કિરણના ધગધગતા જીવન પર વાયરાનો એક હિલોળો વાયો. એ હતો એના પિયર ગામનો પેલો બાઈસિકલિયો પાડોશી. હસતો હસતો અને ચશ્માંની અંદર આર્દ્ર

આંખો પટપટાવતો ઊભો રહ્યો.

"કિરણ! મારી મોટર હવે ચાલુ થઈ ગઈ છે. ને, આમ તો જો, મારા વાળ પણ હવે તો હું ઓળવા લાગ્યો છું. તને મારામાં હવે ય શું ફેરફાર નથી લાગતો?"

કરુણાર્દ્ર આંખે કિરણ એની સામે મલકી રહી.

"કિરણ, હું હજુ યે તારી રાહ જોતો બેઠો છું."

એ કશું બોલી નહીં.

"તું ક્યાંય બંધાઈ ગઈ છે શું?"

"બંધાઈ હતી. હવે મુક્ત છું." એણે પિંજરને તોડવા પ્રયત્ન કર્યો.

"આવીશ?"

"મારો ઇતિહાસ કેટલો મલિન છે તે તું જાણે છે?"

"જાણું છું, છતાં યે પૂછું છું કે આવીશ?"

"ચાલો."

*

તે દિવસે રાત્રિએ આશકે આવીને એ ઓરડામાં પડેલો કિરણનો કાગળ વાંચ્યો. એના જીવનની શૂન્યતા ચીસ પાડી ઊઠી.

બાપને ઘેર જઈને બાઈસિકલિયા પાડોશી સાથે વિવાહનું નક્કી કરી કિરણ પોતાનો લગ્નસંસાર ગોઠવતી હતી. નાની બેનનાં બે બાળકો ઘરમાં રમતાં હતાં, તેમના જેવાં પોતાને ઊંબરે પણ એક દિવસ ગેલતાં-ખેલતાં થઈ જશે એવા મનોરથોને હીંડોળે કિરણ હીંચકવા લાગી. એના રોમરોમમાંથી 'મા! ઓ મા!' એવા સાદ પડતા હતા. એ પોતાનાં જ સ્તનો પર હાથ ફેરવતી જાણે પ્રાણની અંદર સૂતેલાં સંતાનોને જ પંપાળતી હતી. હું હવે રખાત મટીને સ્ત્રી થવાની છું એવો ઉઘાડા જીવનનો ગર્વ એને [illegible]ની અટારી સુધી ઝુલાવતો હતો.

માર માર ઝડપે એક દિવસ એક મોટર આવીને એના ઘરના દ્વાર પાસે ઊભી રહી. શહેરી પ્રેમિક ઊતરીને એ ઘરમાં દાખલ થયો. રમતાં બે બાળ અને ઘરનાં તમામ રજકણો ઉજમાળાં દીઠાં. બજાર કરવા ગયેલી

કિરણની રાહ જોતો એ ઊભો.

કિરણ આવી. મનુષ્ય નહીં પણ મૂર્તિમાન ઘર. બેઉ હાથમાં, બગલમાં ને ખભા પર જેટલાં ઊંચકી શકાય તેટલાં બંડલો, ખોખાં ને કપડાંલત્તાનાં પરબીડિયાં! એ બધી બાહ્ય સામગ્રીની અંદર એના મનોરાજ્યનું જ દર્શન હતું. ગૃહસંસાર માંડીને તેમાં જંપી બેસવાનો અંતરતમ અનુરાગ એ પ્રત્યેક પરબીડિયામાંથી બોલતો હતો.

"તમે?" એ ચમકી ઊઠી: "તમે અહીં?"

"તું શા માટે ચાલી આવી?"

"કેમકે હું તમારી પત્ની નહોતી. મારી ભૂખ ઘરસંસાર વસાવવાની અને... અને..." કિરણની આંખોમાં નાનાં બાળકો જેવાં બે આંસુ ઊછળી રહ્યાં.

"હું તને લેવા આવ્યો છું. તારા વગર મારું મોત છે."

ગૃહસંસારનાં સ્વપ્નો ભુક્કો કરીને ફરી પાછી કિરણ એ મોટરમાં રાજનગર તરફ ચાલી નીકળી, અને આ 'ખાનદાન' ધનપતિના જીવનની પાછલી પોળમાં પેસી ગઈ. બહાર નીકળવાની હવે આશા નહોતી.

[7]

એ ગુપ્ત જીવનને પચીસ વર્ષોનાં કાળ-કરવત ઘસાયાં. પણ એમાં ચીરો પડી શક્યો નહીં. સંસારી સાફલ્યની સીડીનાં એક પછી એક પગથિયાં ચડતો સ્વામી જ્યાં જ્યાં ગયો-આવ્યો ત્યાં ત્યાં, રેલવેમાં, આગબોટોમાં, દેશદેશાવરે ને નગરે-નગરે, ઉત્સવે સહેલગાહે કે રોજગારે, કોઈ જ ન જાણે તે રીતે કિરણ એની છાયા બનીને એની પછવાડે પછવાડે જતી હતી. કેમકે કિરણની હૂંફ વગર પુરુષને ચાલતું નહોતું. પોતાના જીવનના મધ્યભાગમાં બંદિની બનીને કિરણ પડેલી છે, એ એક જ વાતમાંથી આ પુરુષના પુરુષાર્થનો ને વિજયનો ઝરો વહેતો હતો. જગતની બુલંદ બૅન્ક-પરિષદોનાં પ્રમુખસ્થાનેથી વાંચવા સારુ એણે લખેલાં ભાષણો એ સહુથી પહેલાં કિરણને વંચાવતો ને એના એકના સંતોષ પરથી પોતાની મહત્તા માપતો. છતાં એના આ તમામ દુન્યવી વિજયોનો પ્રગટ હિસ્સો ક્યાંયે યાચ્યા વગર અંગત અસીમ ગોપનતામાં જ

પુરાઈ કિરણને જીવવાનું હતું: સાથે ને સાથે છતાં અનંત યોજનને અંતરે.

એક દિવસે આ મહાપુરુષ પોતાના કુટુંબની સાથે એક આગબોટ પર પ્રવાસે ચડેલો છે. કિરણે પણ ગુપ્ત સહયાત્રા માંડી છે – મુસાફરીની અંદર અવારનવાર એકાંત શોધીને બેઉ જણાં – ચાલીસ-પીસ્તાલીસ વર્ષનાં બની ગયેલાં – મળે છે. સહુ સમજે છે કે આ બે જણાં પણ સામાન્ય સહયાત્રીઓ માફક પરિચય સેવી રહેલ છે. માત્ર બે જ જણાંની આંખો નથી ઠગાતી. એ બે હતાં આ ધનપતિ સ્વામીનાં જ પુત્ર-પુત્રી. પુત્રની કરડી નજર પિતાની અને આ કોઈ ભ્રષ્ટા રખાતની વચ્ચે ચાલતા વ્યવહાર ઉપર ખંજરની માફક તોળાઈ રહી છે.

એક દિવસ પુત્ર કિરણના ખંડમાં આવી પહોંચ્યો.અને ડોળા ઘુમાવતાં બોલ્યો: "હું જાણું છું – તને અને તારી અધમ જાતને હું જાણું છું. પણ આજ તને ચેતવવા આવ્યો છું કે તું મારા પિતાના જીવનમાંથી ઝટ ખસી જજે. તને ખબર છે, મારી બહેનનાં લગ્ન એક અમીર કુટુંબની અંદર થવાનાં છે. તારો મારા પિતા સાથેનો સંબંધ જો જાણવામાં આવશે તો અમારું સત્યાનાશ નીકળી જશે. મારી માતા જાણશે તો એ આપઘાત કરી મરશે. માટે હું કહું છું કે અમારા બાપનું તો તેં સત્યાનાશ કાઢી નાખ્યું, પણ ભલી થઈને હવે અમારાં ભાઈ-બહેનના ભલા ખાતર તું મારા પિતાના જીવનમાંથી ખસી જા. બોલ, તારે કેટલી કીમત જોઈએ? બોલ, હું તને ચૂકવી આપું." એટલું બોલતાં તેણે ગજવામાંથી ચેક-બુક કાઢી.

આ બધો સમય એ ચાળીસ વર્ષની શ્વેતકેશી કિરણ એ જ દૃષ્ટિથી જોઈ રહી હતી, કે જે દૃષ્ટિથી એણે પંદર વર્ષો ઉપર 'તું કાંઈ મારી સ્ત્રી થોડી છે!' એ ટોણો મારનાર આ પુત્રના બાપ તરફ તાક્યું હતું. એ હલી કે ચલી નહીં. એની આંખનાં મટકાં પણ અટક્યાં હતાં. અને 'બોલ, તારી કીમત કેટલી! બોલ ઝટ, હમણાં ચેક ફાડી આપું!' એ શબ્દ-હથોડાની નીચે એણે પોતાની છાતી છુંદાઈ જવા ધરી દીધી હતી.

ફરી એક વાર દ્વાર ઊઘડ્યું અને ત્રીજો જણ દાખલ થયો. એ હતો પુત્રનો પિતા. લજ્જિત ચકિત નજરે થોડી વાર તો એ અવાચક બની બારણા

પાસે થંભી ગયો, પણ પછી એણે બારણું બંધ કર્યું. કહ્યું, "બેટા, બેસ. મારે તને વાત કહેવી છે."

પીઠ દઈને પુત્ર ઊભો હતો. પોતાના બાપનો અને આ વેશ્યાનો મેળાપ નીરખવામાં એને અધર્મ લાગ્યો.

"ના, તું પણ હાજર રહે." કહીને એણે ત્યાંથી ચાલી જતી કિરણને રોકી. ફરીને કહ્યું, "પુત્ર, નીચે બેસ."

ઘૃણાથી દગ્ધ બની જતો જુવાન પુત્ર ખુરશીમાં યંત્રવત્ પટકાયો.

"જો બેટા!" બાપે સ્વસ્થ સ્વરે સંભળાવ્યું: "તારી માતા સાથેનાં મારાં લગ્ન અગાઉ બે મહિના પર અમારો બેઉનો મેળાપ થયેલો. એક અકસ્માતને કારણે અમારાં લગ્ન ન થઈ શક્યાં. પરંતુ આજે પૂરાં પચીસ વર્ષોથી એ મારા જીવનમાં પુરાઈ રહી છે. મને એણે શું શું સમર્પેલ છે, મારી પાછળ એણે શું શું ગુમાવ્યું છે, તે એક હું જાણું છું, ને બીજો ઈશ્વર જાણે છે. ને હવે આજ આ બુઢાપાના દ્વાર ઉપર ઊભેલો હું એને મારા જીવનમાંથી રજા નહીં આપી શકું. માટે, ભાઈ, તને હું એટલું જ કહું છું કે તું તારું કામ સંભાળ."

"નહીં તો –?" પુત્ર તાડૂક્યો.

"નહીં તો તારે જ મારા જીવનમાંથી અળગા થઈ જવું રહેશે."

"તમે બન્ને – તમે બન્ને ઘૃણિત, નીચ, ઘોર પાતકી છો." દાંત ભીંસીને પુત્રે સંભળાવ્યું.

"બસ, હવે ચાલ્યો જા, ભાઈ!" પિતાએ શાંતિથી પુત્રને વિદાય દીધી, અને પુત્રના સાંભળતા જ કિરણને સંબોધીને કહ્યું: "કાલે સવારે, ચા-નાસ્તો આપણે સાથે જ લેવાનો છે. કાલે સવારે – છડેચોક આપણે તારે ઘેર ભેગાં બેસી જમશું, ને જગત સમક્ષ આપણો સંબંધ પ્રગટ કરશું. કાલે સવારે, હોં કે!"

[8]

બીજા દિવસની સવારે કિરણ પોતાને હાથે જ મેજ ઉપર ચા-નાસ્તાનો અન્નકૂટ સજતી હતી. રકાબીઓ ગોઠવતી ગોઠવતી ગીત ગણગણતી હતી.

પચીસ વર્ષોની યાતનાઓ પછી એ જીવનપ્રભાત એના જીવનની સમગ્ર નિર્જનતાને ભરચક વસ્તી વડે વસાવી રહ્યું હતું. આજે એણે રસ્તા પરની બારીઓ પણ ઉઘાડી મૂકી હતી. સૂર્યકિરણો જાણે આજ પ્રથમ પૂર્ણમિલનના ઉત્સવમાં ભાગ લેવા થોકે થોકે અંદર દાખલ થતાં હતાં.

છાપાવાળો દૈનિક છાપું આપી ગયો, પણ તે વાંચવાની કિરણને ક્યાં નવરાશ હતી! એના હોઠ ઉપર મધમાખનું ગુંજન કંપી રહ્યું હતું. એના પગ ધરતી પર ટકતા નહોતા. એ શણગારતી હતી – કાલ રાત્રીના કોલ પ્રમાણે સ્વામી જમવા આવવાનો હતો તે નાસ્તાની વાનીઓને, પોતાના દેહને નહીં. દેહ તો આપેથી જ એની સફેદ વસ્ત્રોની સાદગીમાં દીપતો હતો.

વેળા બહુ થઈ. કિરણ વાટ જોતી બેઠી. વખત વીતાવવા માટે એણે છાપું ખોલ્યું, અને પહેલા પાનાના મથાળાના અક્ષરો વાંચતાં જ દિગ્મૂઢ બની: '......બૅન્કના સુપ્રસિદ્ધ મેનેજર શ્રી...... મૃત્યુપથારીએ: ગઈ અધરાતે એકાએક લકવાનો ભોગ.'

એ જ સમયે પતિનાં દૂરદૂરના ઘરની અંદર શું થઈ રહ્યું છે? નાસ્તો કરવા આવીશ એવું વચન દઈ જનારને રાતમાં જ પક્ષાઘાત થઈ ગયો. એક બાજુનો આખો દેહ ઝલાઈ ગયો. હોઠ ફફડાવતો બોલવા અને ચેષ્ટા કરવા જીવલેણ પ્રયત્ન કરતો એ પિતા ઓરડામાંથી અન્ય સહુને વિદાય આપી, એકલા પુત્રને જ પાસે બોલાવે છે. ટેલિફોન સામે મીટ માંડીને બતાવે છે. પુત્ર ટેલિફોન લઈને ઊભો રહે છે. કોઈ રણનો તૃષાતુર જે રીતે મોં ફાડે તે રીતે હોઠ ફફડાવતો પિતા, લોચા વળતી જીભે, કટકે કટકે અક્કેક આંકડો બોલી આખો નંબર આપે છે. એ નંબર જોડતાં જ પુત્રને સામેથી એક સુપરિચિત, ઘૃણિત કંઠનો અવાજ સંભળાય છે. પિતા આખરકાળનું સમગ્ર જોર એકઠું કરીને ચેષ્ટા વતી ટેલિફોન માગે છે. પુત્ર એ યંત્ર પિતાના કાન-મોં પર ગોઠવે છે:

"...ક...કિ...ઈ...ર...ણ" કંપતા હોઠ માંડ માંડ બોલી શક્યા.

"હા, હા હું જ કિરણ. બોલો, વહાલા!" સામો પ્રત્યુત્તર મળ્યો.

"કિ...ઇ...ઇ...ર...ણ!

"કિ...ઇ...ર...અ...ણ!

"કિ...ર...અ...અ...ણ!"

ત્રણ વાર એ નામના પોકાર કરતો અવાજ તૂટી ગયો. વધુ કંઈ કહેવાનું હતું? હા, પણ કહેવાયું નહીં. છેલ્લા શ્વાસ છૂટી ગયા અને પુત્રે ચીસો પાડી કે 'દોડો! દોડો! પિતાજી ખલાસ!'

એ જ શબ્દો ટેલિફોનના જોડાણને બીજે છેડે સંભળાયા. કેમકે પુત્રે 'રિસીવર' ટેલિફોનની ઘોડી ઉપર મૂકવાને બદલે નીચે છોડી દીધું હતું. ઓરડાનો એ કોલાહલ, રુદન-ચીસો, મૃત્યુનાં આક્રંદ, તમામ એ ઉઘાડા યંત્રમાં રેડાઈને દૂર દૂર બેઠેલી કિરણના કાનમાં અથડાયાં. 'પાછલી પોળ'ના ગુપ્ત આવાસમાં એ નિઃસહાય વેદનાની પ્રતિમા સમી વલવલી રહી હતી.

[9]

બારણા પર ટકોરા પડ્યા.

"આવો." ઉત્તર મળ્યો.

પિતાનો પુત્ર અંદર આવ્યો. આજે એના પગલામાં તીખાશ કે આંખોમાં કટારો નહોતી.

છતાં કિરણ ફાળ નહોતી પામી એમ કેમ કહી શકાય?

પુત્રે પોતાના પિતાની રખાતને દીઠી. સદેહે બેઠેલી એકલતા સમી: વૈધવ્યના જીવંત કાવ્ય જેવી: જગતમાં કોઈ ન જાણે તે રીતે મૃત સ્વામીનો ખૂણો પાળતી. ગોઠણ સુધી રજાઈ ઢાંકી પતિની છબી પાસે એણે આસન લીધું હતું. એને આશ્વાસન દેવા ત્યાં કોઈ જ નહોતું. પોતાનું દુઃખ બીજાની નજરે પડે તે વાતથી મળતો છૂપો આહ્‌લાદ પણ આ વિરહ-શોકને કલુષિત કરવા ત્યાં હાજર નહોતો.

"હું આવ્યો છું એક ખાસ કામ બાબત." જુવાનની વાણીમાંથી ડંખ ચાલ્યો ગયો હતો.

એક જ રાતમાં બુઢ્ઢી બની ગયેલી કિરણ આંખો માંડીને સાંભળી રહી. કોઈ નવા પ્રકોપની ધાસ્તી છતાંય એની નિશ્ચલતા ટકી રહી હતી. જાણે એને કશું બીવાપણું જ નહોતું. એ શૂન્યતામાં સંસારી આકાંક્ષાનું એક

તણખલું પણ હવે જગ્યા રોકતું નહોતું.

"મારા પિતાના તે દિવસના બોલવા પરથી મને લાગેલું કે તમારા સારુ એ કંઈક કાયમી ગોઠવણ કરવા માગે છે. 'વિલ' તો એમણે કર્યું છે, પણ 'વિલ'માં તમારા વિશે નથી લખ્યું એ સ્વાભાવિક છે. હું તમને પૂછું છું કે તમને મારા પિતા તરફથી શું મળતું?"

"બસો." નિશ્ચલ ઉત્તર.

"અઠવાડિક?" પુત્રે પૂછ્યું. એ દેશમાં અઠવાડિયે મુસારો ચૂકવવાનો નિયમ છે.

કિરણે નકારમાં ડોકું હલાવ્યું, ધીરેથી ઉમેર્યું: "મહિને."

એ એક જ શબ્દે પિતાની આ 'ઘૃણિત નીચ ભ્રષ્ટા' રખાતનું શ્વેત હૈયું ખુલ્લું કરી બતાવ્યું.

પુત્ર પોતાના ધનકુબેર બાપની પ્રિયાના ઘરમાં ચોમેર દૃષ્ટિ ફેરવીને નિહાળી રહ્યો. માસિક બસો રૂપિયાની નાચીજ જિવાઈ લઈને આ સુંદરી પચીસ વર્ષોથી એક જ પુરુષને ખાતર જીવન ઘસડે છે!

પુત્રે ચેક-બુક કાઢી. એક ચેક ફાડીને કિરણના ખોળામાં મૂકતાં એ બોલ્યો: "આ પહેલા માસનું ખર્ચ. દર માસની પહેલી તારીખે અચૂક તમને એ રકમ મોકલાતી રહેશે. તે ઉપરાંત જ્યારે તમને કંઈ પણ જરૂર પડે ત્યારે આ સરનામે લખશો અથવા આવશો. અચકાશો નહીં." પોતાના સરનામાનું કાર્ડ મૂકી એ જુવાન લગભગ દોટ કાઢવા જેટલી ગતિએ ત્યાંથી પસાર થઈ ગયો.

કિરણની નિશ્ચલતાને તો ખોળામાં પડેલો ચેક પણ ન ડગાવી શક્યો. એના હાથ પ્રાર્થનાની સ્થિતિમાં જ જોડાયેલા હતા. એણે માત્ર છબી સામે નજર ઠેરવી. એ શું બોલી? એ બોલી: "ઓહ વહાલા! કેવો માયાળુ દીકરો! આ દીકરો મારો જ હોત – મારે જ પેટે અવતર્યો હોત, જો તે દા'ડે બાગમાં હું જરીક વહેલી પહોંચી ગઈ હોત તો, નહીં?"'

એની આંખો સામે પચીસ વર્ષો પહેલાં 'થયું હોત તો!'નું દૃશ્ય રમી રહ્યું: જાણે પોતે બાગમાં વેળાસર પહોંચી ગઈ છે: પુત્રે જાણે વૃદ્ધ માને

આ છોકરીની ઓળખ આપે છે: બુઢ્ઢીને આવી નમણી ને મીઠાબોલી પુત્રવધૂ ગમી જાય છે: બેઉ પરણે છે: ને – ને પોતાને ગૃહિણીપદે આવો એક પુત્ર પ્રસવે છે-

પણ પાંચ જ મિનિટનું છેટું પડી ગયું. એ પાંચ મિનિટે એને રખાતની વલેમાં મૂકી દીધી.

'આજ એ મારો-મારો પેટનો જણ્યો હોત, નહીં?'

એટલું કહી છાતીફાટ રડતી, 'હવે હું આવું છું, જલદી આવી પહોંચું છું.' એ છેલ્લા બોલ બોલી કિરણ પેલી છબીની સન્મુખ ટેબલ ઉપર માથું નાખી ઢળી પડી.

# આત્માનો અસુર

રોમે રોમે ઉલ્લાસ રેડે એવું તેજોમય પ્રભાત હતું. અને ત્રીસ-બત્રીસ વર્ષના એક જુવાનની આંગળીઓ વાજિંત્રના પાસા ઉપર રમતી હતી. સામે સ્વર-લિપિની ઉઘાડી પોથીમાંથી કોઈક પ્યારનું ગાન ઉકેલતી એની આંખો પણ જાણે ચેતનના ધ્વનિ કાઢતી હતી. એનો આખો દેહ થનગનતો હતો. એ સુશોભિત મકાનમાં આ યુવક ઉપરાંત એક જૂનો ચાકર હતો. બુઢ્ઢા ચાકરે આ યુવાનના પારણાની દોરી તાણી હતી અને એનાં મળમૂત્ર ઝીલ્યાં હતાં. આજ એ યુવાનની ગણના દેશના મહાપુરુષોમાં થતી હતી, છતાં માબાપ વિનાનાં, ભાંડુ વિનાના અને શૂન્ય અવિવાહિત એ મહાન જીવનની નિર્જનતાને ભરેલી રાખનાર આ બુઢ્ઢો ચાકર એના આરામનું સ્થાન બની ગયો હતો.

બુઢ્ઢો નોકર જ્યારે જ્યારે માલિકના આ સંગીતને સાંભળતો, ત્યારે ત્યારે આવીને બારણામાં ઊભો થઈ રહેતો અને બબડતો: "ઘરની ધણિયાણી વિના આ રાગરાગણી શેનાં શોભે? હવે તો ઘર ખાવા ધાય છે."

"આવશે, એ પણ આવશે, ભાઈ!" કહીને યુવાન હસતો. વૃદ્ધ ચાકરની આંખો ભીંજાતી. સંગીત વધારે દર્દમય બનતું.

ઘડિયાળમાં ટકોરા થયા, બુઢ્ઢાએ આવીને માતાના ભાવથી યુવાનને કપડાં પહેરાવ્યાં, ઉપર કાળો ઝભ્ભો ચડાવ્યો, અને ઘરને આંગણે ઊભેલી ઘોડાગાડીના બારણા સુધી જઈને માલિકને બેસાડી આવ્યો.

"કેમ છો, ચાચા?" પોતાના પિતાની વારીના એ ગાડીવાનને આ યુવાને મીઠાશથી ખબર પૂછ્યા. "તમારી દુવાથી લીલાલહેર છે, બાપા!"

એવો જવાબ આપી ગાડીવાને લગામ લીધી. એની હાંકણીમાં, તરવરિયા ઘોડાની બંકી ગંભીર ગતિમાં, ગાડીના આરસી જેવા સાફ સુઘડ કલેવરમાં, સર્વત્ર આ જુવાન માલિક પ્રત્યેની સર્વ નોકરચાકરોની તેમ જ મૂંગા ઘોડાની વહાલપ ચમકતી હતી. રસ્તામાં લોકો એને 'સાહેબ! દાક્તર સાહેબ!' એવા સંબોધને ઝૂકી ઝૂકી નમન કરતાં, તેમાં અને આ યુવાન એ દરેકને ખબરઅંતર પૂછી જે છટાથી નમન ઝીલ્યે જતો હતો તેમાં પણ અનહદ લોકપ્રેમ નીતરતો હતો.

આખરે ગાડી એક ભવ્ય પુરાતન ઇમારતને દરવાજે આવીને ઊભી રહી. પટાવાળાઓના જઈફ જમાદારે ઝૂકીને અદબ કરી અને યુવાનના પ્રશ્નના જવાબમાં કહ્યું કે "આજ તો સોનાનો સૂરજ ઊગ્યો, સાહેબ! તમે પધારો છો તે દનની તો અમે સૌ વાટ જોઈ બેસીએ છીએ, સાહેબ!"

એમ આખે માર્ગે આ તરુણને માટે લોકપ્રેમનાં ફૂલો વેરાતાં હતાં. એના દીદાર કરવા એ શુભ શકુન લેખાતું. એનો બોલ સાંભળવામાં સહુ પોતાની જાતને ધન્ય સમજતા. પ્રભાતના બાલસૂર્ય જેવો એ પુરુષ હજુ તો જ્યારે એ ઈમારતના પ્રવેશ-દ્વાર પર હતો, ત્યારે અંદરના વ્યાખ્યાનગૃહમાંથી એકસામટા સોએક મધપૂડામાંથી ઊઠી રહ્યો હોય તેવો ગંભીર ઘેરો બણબણાટ સંભળાવા લાગ્યો; અને એ પુરુષના દાખલ થવાની સાથે જ એ ગોળાકાર ચડઊતર પંક્તિઓમાં ગોઠવાયેલી પાંચસો જેટલી ખુરસીઓ પરથી માનવ-સમૂહ ઊભો થઈ ગયો. ઓરડામાં જાણે આત્મા આવ્યો. યુવાન વ્યાખ્યાનપીઠ પર ચડ્યો એટલે સોય પડે તોય સંભળાય એટલી ચૂપકીદી છવાઈ ગઈ.

સિત્તેર-એંસી એંસી વર્ષના જઈફોથી લઈ છેક હજુ મૂછની રૂંવાટી યે ન ફૂટી હોય તેવા યુવાનો સુધીની એ વિજ્ઞાનીઓની મેદની સમક્ષ એ ઝૂલતા કાળા ઝભ્ભાની ભોંયમાં ગોરી ગોરી ભાત પાડતી મુખમુદ્રાવાળા યુવાન વિજ્ઞાનીએ વ્યાખ્યાનની શરૂઆત કરી:

"આજે હું તમને ઔષધિઓની કે રસાયણનાં મિશ્રણોની વાત નથી કરવાનો, પણ જીવનના એક ગેબી તત્ત્વ પર બોલીશ." અને પછી કેમ

જાણે કોઈ અનંતતાને પોતે માપી રહ્યો હોય એવી છટાથી જમણા હાથને ઝુલાવી, અને ડાબા હાથનો પંજો હૃદય પર રાખી એણે આગળ ચલાવ્યું:

"જગત સમસ્તના કલ્યાણને ખાતર, જ્ઞાન અને નવશોધનની અગમ અંધારી ઊંડી કંદરાઓમાં ઊતરી પડવું એ આપણી, વિજ્ઞાનનાં બાળકોની ફરજ છે. આપણે 'શોધક' એવું મહાન બિરદ ધારણ કર્યું છે. શોધકની વાટમાં પડેલાં ભયાનક જોખમો આપણને થરથરાવી કેમ શકે? તો તો આપણી વિદ્યા લજવાય."

એના ચહેરા પર નવીન દીપ્તિ ઝળકી ઊઠી ને એનો પ્રત્યેક બોલ જાણે ગુપ્ત અંધારી ગુફામાંથી ગાજ્યો.

"પ્રત્યેક માનવીના ભીતરમાં બે પ્રાણ રહે છે: એક સુંદર પ્રાણ ને બીજો કુત્સિત પ્રાણ: આ બન્ને વચ્ચે અહોરાત ભયંકર યુદ્ધ ચાલી રહેલ છે. બેઉ પરસ્પરના કટ્ટર શત્રુઓ છે. હવે જો આપણે – આપણે જગત-કલ્યાણના બિરદધારીઓ – કોઈક ઈલ્મ શોધીને આ બેઉ શક્તિઓને તદ્દન અલગ પાડી નાખીએ, તો પછી બેમાંનો જે સુંદર છે તે પ્રાણ કેટલી બધી પ્રગતિ કરી શકે! એની મુક્ત દશામાં એ કેવો બલવંત બની વિચરે! એ વિશ્વકલ્યાણના કેટલા સીમાડા સર કરી કાઢે! જગતમાંથી બુરાઈ માત્રનો સમૂળો જ ઉચ્છેદ થઈ જાય ને?"

અને પછી એના જમણા પંજાએ આત્મશ્રદ્ધાની ચૂડના જાણે કોઈ ઝેરી જંતુને ચગદી નાખવું હોય તેવી મુઠ્ઠી ભીડીને જાહેર કર્યું:

"ને હવે એ સુંદર માનવપ્રાણને કુત્સિત પ્રાણના પાશમાંથી મુક્ત કરાવવાનો દિવસ દૂર નથી. મારે પોતાને જ ઘેર, મારી પ્રયોગશાળામાં હું એક એવું રસાયન તૈયાર કરી રહેલ છું, કે જેના પ્રભાવથી પેલા અસુર-માનવતત્ત્વને શરીરમાંથી ચીસો પાડતાં નીકળી જવું પડશે; અને પછી માનવજીવનનો બંધનમુક્ત દૈવી અંશ પુણ્યની પાંખો પસારતો દુનિયા પર શાસન ચલાવશે."

વ્યાખ્યાનગૃહ વિસર્જન થયું ત્યારે એ યુવાન પ્રોફેસરની વાણીથી મંત્રમુગ્ધ બનેલા સમુદાયમાં ફરી વાર પાછો મધપૂડાનો ગણગણાટ શરૂ

થયો. એ જાહેર થયેલી નવી શોધના સમાચાર પર ભાતભાતની વાતો ચાલી રહી. અસંભવ, ભય, આશા અને લાભહાનિની અનેક આગાહીઓ તેમ જ એક વૃદ્ધ વિજ્ઞાની-મિત્રની ચેતવણીના પ્રત્યુત્તરમાં યુવાન ઇલ્મીનું મોં એક જ બોલ કહી રહ્યું હતું: "ધીરા રહો, હું બતાવી આપીશ. હું બતાવી આપીશ."

"ના, ના, ના," મિત્રે માથું ધુણાવીને કહ્યું: "ઓ દાક્તર! ઓ ભાઈ! એ રહેવા દો! જીવન-તત્ત્વની છેડ કરવી રહેવા દો! એ માર્ગ ભયાનક છે."

જવાબમાં આત્મશ્રદ્ધાનાં મૂક ડગલાં ભરતો યુવાન ઇલ્મી છૂટો પડ્યો.

[2]

નવા પ્રયોગની ઘોષણાને લીધે અજાયબીમાં ગરક થયેલી પ્રજા જ્યારે આતુર મનથી આ જુવાનની છેલ્લી સિદ્ધિની રાહ જોતી હતી, ત્યારે બીજાં પણ બે જણ હતાં કે જેમની રાહ જોવાની લાગણી સહુથી અલાયદા પ્રકારની હતી. એ હતાં એક જુવાન દીકરી અને એનો બુઢ્ઢો પિતા. જમાઈની નવી શોધ કાને પડતાં એ વૃદ્ધની છાતીની આરપાર એક ઊની ફાળ ચાલી ગઈ હતી. દેશનાં સર્વોપરી વિદ્યાલયનો સમર્થમાં સમર્થ આ પ્રોફેસર એ દીકરીના બાપને આત્મહત્યાને માર્ગે આંધળી દોટ દેતો લાગ્યો.

"હજુ વાર છે." એણે લગ્નની યાચના કરતા યુવાનને ઠંડો જવાબ દીધો.

"હજુ વાર છે? હજુ કેટલી વાર છે?" જમાઈએ દુખિત અવાજ કાઢ્યો: "આજ સાત વર્ષોથી તમે મને એક જ જવાબ આપી રહ્યા છો. મારું ઘર, મારું જીવન આ અંત વગરની એકલતામાં ઊભું ઊભું હાહાકાર કરે છે. તમને અમારી દયા કેમ નથી આવતી!"

પિતાની પુત્રી આઘે ઊભી ઊભી આ ઊભરો જોતી હતી; ને પિતા એના નિષ્ઠુર સ્વરે કહેતો હતો: "તમારા આ બધા ઉધામાનું છેવટ આવી જવા દો."

"ઉધામા? જગત જેને 'શોધ' કહે છે તેને તમે –"

"હા, કેમકે એમાં મારી પુત્રીનું સત્યાનાશ પોકારે છે. પાગલ જુવાન!

હજુ વાર છે. તમારું શું થવા બેઠું છે તે હું જાણું છું."

"શું જાણો છો આપ?"

"આ નવા રસાયનનો પ્રથમ પ્રયોગ તમે કોના ઉપર કરવા માગો છો? કોઈ પરાયા મનુષ્ય ઉપર?"

"સાચો શોધક પોતાના ઇલ્મ પર પહેલું બલિદાન પોતાનું આપે છે."

"હં-હં, માટે જ મારે એ બલિદાનમાં મારી દીકરીના જીવતરને નથી હોમી દેવું."

આ રીતે સાત વર્ષોથી વિવાહની ગાંઠમાં જોડાયેલો એ યુવાન પોતાની પ્રિયતમાના આગમનને માટે જીવનમાં નિરંતર તૈયારી કરતો, રાહ જોતો, ઝૂરતો, પરંતુ બીજી બાજુ માનવજીવનની અંદર રિબાઈ રહેલ દૈવી સંપત્તિના બંધમોચનનાં સ્વપ્નો સેવતો પોતાના અંતઃકરણમાં કશા ય પાપને ન પેસવા દેવા મથે છે. દિવસરાત દારુણ આંતર્યુદ્ધ ખેડે છે, એકલતા એને ખાઈ જાય છે. વિદ્યાની આરાધના અને વાસનાનું વધતું જતું ખેંચાણ, એ બે વચ્ચે પોતે પિસાય છે.

પ્રયોગના પરિપાકની રાત નજીક ને નજીક આવી રહી હતી તે દિવસોમાં એક નાનો-શો પ્રસંગ બની ગયો. વિદ્યાલયથી પાછા વળતાં એણે એક પછડાટ અને એક પોકાર સાંભળ્યાં. દાક્તર તરીકે સ્વધર્મ બજાવવા એ ધસી ગયો. એક જુવાન સુંદરીના શરીરને લાગેલો એ પછડાટ હતો. પડેલી સ્ત્રીને પોતાના હાથમાં ઉઠાવી એણે ઘરમાં લીધી. પગના ગોઠણ પર થયેલી કચર ઉપર એણે મલમપાટો કર્યો. પણ દર્દીને છોડીને એ બહાર નીકળી જાય તે પહેલાં એણે બે ચેષ્ટાઓ દીઠી: દર્દી સુંદરીના મોંનો પિગાળી નાખતો મલકાટ, અને લચકતી માંસલ પીંડીને સ્પર્શે કરી દિલના જૂના રાફડાની લાલસા જગાડતો એ સુંદરીનો ગૌર ગૌર, ઝૂલતો પગ. નગ્ન પગને એ નર્તકી લોડાવતી જ રહી.

[3]

ફેંસલાની રાત આવી પહોંચી છે. અંદરથી પૂરતો જાપ્તો કરી લઈને જુવાન ઇલ્મી પોતાના પ્રયોગાલયમાં એકલો બેસી ગયો છે. રસાયનોની

ઊકળતી કડાઈઓ વીજળીના ચૂલાઓ ઉપર ચીસો નાખે છે. વિદ્યુત્પ્રવાહોની કોઈ ભૂતાવળ ખૂણેખૂણે તીણા આર્તસ્વરો કાઢે છે. એકલો માનવી બીને ફાટી પડે એવી એ અઘોર રસાયન સૃષ્ટિ છે. આખો એ વિશાળ ખંડ કોઈ જીવતા માનવીના છૂપા ભોગ દેનાર મંત્રસાધક કાપાલિકના સ્મશાનઘરની યાદ આપે છે. એ પ્રેતસૃષ્ટિની વચ્ચે કોણી સુધી પહેરણની બાંયો ચડાવી, અસ્તવ્યસ્ત વાળની લટોએ કરી વધુ શોભતો, ગંભીર મુખડે, ઘડી કાપાલિક લાગતો તો ઘડી પછી સ્વયં બલિ સમો શોભતો એ સૌમ્ય સુંદર પુરુષ બેઠો છે. બેઠો બેઠો બે પ્યાલીઓમાં અક્કેક ઔષધિનું ટીપું ટીપું મિલાવી રહેલ છે. અક્કેક ટીપું પડતાં જાણે કોઈ પ્રેત-ડાકણ દગ્ધ થતાં હોય તેવી ધૂમ્રશિખાઓ ગોટેગોટે પ્યાલીઓમાંથી ઊંચે ચડે છે. કોઈ પિશાચના આકારો ધરતા એ ધુમાડાની આરપાર આ યુવાન વિજ્ઞાનીનું મોં નજરે પડે છે. ચોમેર 'ખાઉં ખાઉં'ના અવાજો ઊઠે છે.

આખરે છેલ્લી ઔષધિનું ટીપું પડ્યું, અને એણે પ્રગટાવેલા ધૂમ્રગોટે એ યુવાનને વિજય-પરાજયના ફેંસલાની અંતિમ ઘડી ઉપર આણી મૂક્યો. પ્યાલી ઊંચી કરીને એણે મિશ્રણનો રંગ પારખ્યો. પ્યાલી નીચે મૂકીને એ એક વાર બારણા પર ગયો ને પૂર્ણ જાપ્તાથી બારણું બીડી લીધું. દોટમદોટ પગથિયાં ઊતરતો એ પાછો આવ્યો અને આત્મસમર્પણના ફાટફાટ તોરથી એણે પ્યાલી ઉઠાવી. એક વાર એનું પ્રતાપી, પુણ્યશીલ, પ્રેમનીતરતું મોં એ પ્રયોગાલયની દરેક શીશી ઉપર એક પિતાની વહાલપથી ફરી વળ્યું. પ્યાલીને એણે હોઠ સુધી લીધી, વળી કંઈક સાંભર્યું. ભૂતાવળ જેવા વિદ્યુત્પ્રવાહોની કિકિયારી વચ્ચે એણે કાગળ લખ્યો. એ કાગળ પોતાના સાત વર્ષોના તલસાટની આરાધ્ય પ્રિયતમા જોગ હતો:

"વહાલી... મરણની ઘડી સુધી મેં એક તને જ ચાહી છે. જો મારું મૃત્યુ નીપજે તો માનજે કે વિજ્ઞાનને એક પગલું આગળ લઈ જવા સારુ હું હોમાયો છું."

અને પછી એ રસાયનને પોતે એકશ્વાસે ગટગટાવી ગયો.

એક ક્ષણમાં તો એના જઠરમાં ઝાળો ઊઠી. કાળી બળતરા એના

અંગેઅંગમાં વ્યાપી ગઈ. એની નસોને જાણે કોઈ જંતરડામાં નાખીને ખેંચવા લાગ્યું. એને રૂંવે રૂંવે આગ લાગી ગઈ. શરીરની અંદર કોઈ દારુણ સંગ્રામ મંડાયો હોય તેવા 'ઓહ! ઓહ! ઓહ!' અવાજે એનું ગળું ઘૂંટાઈ રહ્યું. અંદરથી જાણે કોઈ અસુર 'જાઉં છું, જાઉં છું: બળું છું રે બળું છું'ની ભેદક ચીસો નાખતો હતો. દેહના પુનિત મંદિરમાંથી એ અસુરને બહાર કાઢવા કોઈક સાંકળોના ફટકા લગાવતું હતું.

આખરે એ અસુર બહાર નીકળતો દેખાયો. યુવાન વિજ્ઞાનીના દેહમાં કોઈ દાહ લાગ્યો હોય તેવો પલટો આવવા લાગ્યો. એના માથાના રેશમી સુંવાળા વાળને સ્થાને ભાલા જેવા ઊભા અને બરડ પશુ-કેશ નીકળી પડ્યા. એના કોમલ હોઠ સૂજી જઈને ઊંચા ચડી ગયા. સરખા શ્વેત દાંતોની બત્રીસી અદશ્ય બની, પીળા, લાંબા, વાંકા દાંતના ચોકઠાએ બહાર ધસી આવીને એ મોંને કોઈ માનવભક્ષી વાંદરાની ભીષણતા પહેરાવી દીધી. એના આખા દેહની સુંવાળી ચામડી પલટાઈ જઈને શરીર જાણે પાડાના ચામડામાં મઢાઈ ગયું. ઝીણી લીસી રૂંવાટી મટી ગઈ અને રૂછાં ફૂટી નીકળ્યાં.

પોતાનું વિકૃત સ્વરૂપ એણે આરસીમાં જોયું. અસુર આખો યે જાણે બહાર નીકળી ગયો છે. પરંતુ એ હજુ પોતાના કબજામાં છે કે નહિ! શમાવ્યો શમી શકે છે કે નહીં? એણે બીજું વારણનું રસાયન અજમાવ્યું. એ બીજી ઔષધિના ઘૂંટડાએ ફરી વાર એના અંગેઅંગમાં આગ જગાડી, વેદનાની આહ ઉચ્ચારતો એ પલટાતો ગયો. પાંજરામાં પૂરતી વેળાનો વાઘ જે પછાડા ને કિકિયારા મચાવે છે તેવી દેહવેદના દાખવતો અસુર સમાઈ ગયો. પાછું એ જ નમણું અને આલોકમય માનવસ્વરૂપ એના દેહે ધારણ કરી લીધું. પ્રભાતે જ્યારે બુઢ્ઢો ચાકર ચહા-નાસ્તો પીરસીને પોતાના માલિકની આ ઉન્માદી એકલતા નીરખતો ઉદાસ ચહેરે ઊભો રહ્યો, ત્યારે કેવી ભવ્ય વિજયશ્રી આ યુવાનના મોં ઉપર વિરાજી રહી હતી! પરંતુ એ વિજયશ્રી જાણે કોઈ દારુણ સંગ્રામના થાકથી લોથપોથ હતી. કેટલો મોંઘો એ વિજય હતો! છતાં માનવજાતના કલ્યાણ ખાતર સ્વીકારેલું એ પીડન હતું. યુવાન વિજ્ઞાનીના જીવનનો એ મહોત્સવ હતો. ને હવે આ સિદ્ધિ

માનવજાતિને અર્પણ કરી પોતે સાત વર્ષની નિર્જનતાનો અંત લાવી શકશે, જીવનના વનમાં એની વનદેવીનું આગમન થશે... સજનીના મેંદીરંગ્યા પગની પગલીઓ જાણે ઉંબરમાં પડતી હતી, જાણે એના આગમનના ઝંકાર સંભળાય છે, એની નિર્જનતામાં કોયલ ટૌકે છે. 'વિજયનો જે તાજ જગત મને પહેરાવશે, તે તાજ હું મારી પ્રિયાના ખોળામાં ધરી દઈશ' – આવી ભાવના ભાવતો એ સૂતો.

બીજી રાત્રિ: પ્રયોગાલયને બંધ બારણે ભૂતાવળો-શા વિદ્યુત્-પ્રવાહોની ફરી પાછી એ-ની એ કારમી કિકિયારીઓ: ફરી વાર એ એકાકી માનવનો દીવાલો પર નાચતો કાળો ઓળાયો: ફરી વાર એક પછી એક ટપકતાં ટીપાંના આક્રંદમાંથી ભભૂકતી ધોળી ધોળી, સર્પાકાર ધૂમ્રશિખાઓ: અને ફરી વાર એ રસાયનના એક જ ઘૂંટડા સાથે, કાળી લાય લાગી જઈને કોઈ ફૂલબાગ સળગી ગયો હોય તેવું એ યુવાનનું દાનવી રૂપ-પરિવર્તન: કોઈને જાણે ખાઈ જશે તેવા લાંબા દાંત અને રીંછ જેવી રોમાવલિ. 'આહ! આહ! આહ!' કરતો અસુર બહાર આવ્યો; વેદના શમી ગઈ, આનંદ સાથે એણે પોતાની મુખાકૃતિ દર્પણમાં તપાસી. અને એ આકૃતિને એણે જાણે ગર્વભેર સંભળાવ્યું:

'હા, બસ! હવે તારી આસુરી ચૂડમાંથી છુટકાર પામેલો મારો સદાત્મા દિવ્યલોકમાં પાંખો પસારશે. અણરૂંધ્યો મારો આત્મા હવે સહેલાઈથી સત્યનાં દર્શન પામશે. લાલસા અને સ્વાર્થવૃત્તિઓનાં દર્દ શમી જશે. તને મેં આજે મારા હૃદયમંદિરમાંથી બહાર કાઢ્યો છે. ને તે જ રીતે હું એકેએક માનવાત્માની અંદરથી તને આગ લગાવી સળગાવી બહાર કાઢીશ. બહુ દિવસ તારાં શાસન રહ્યાં. બહુ યુગો સુધી તેં માનવજાતને પાપમાં રોળી. હવે તારી ઘડીઓ ગણાય છે: હા-હા-હા-હા...'

'હા-હા-હા-હા!' એવો સામો પડઘો આવ્યો. દર્પણમાં દેખાતી આકૃતિના મોટા દાંત હસી રહ્યા હતા.

પરંતુ એકાએક આ શું થયું? એની આંખો સામે ઘડિયાળના લોલક માફક આ શું ઝૂલવા લાગ્યું? કોઈ ઝાડની ડાળખીનો પડછાયો? કે કોઈ

લાકડે પૂંછડી વીંટાળીને લટકતા કોઈ ફણીધર સાપનો ઓળાયો? એણે આંખો ચોળી. ફરી ફરી નિરીક્ષણ કર્યું અને એની આંખો મદવિહ્વલ બની. એ આંખોએ જે ભુજંગાકાર દીઠો તે હતો એક પગ: ઘૂંટણ સુધીનો: એક ગૌરગૌર સુંદરી-શરીરનો: ચણિયાના ઊંચા થઈ ગયેલા સળમાંથી ઉઘાડો બની હીંચોળા લેતો, રક્તભરપૂર પીંડીઓને છોળો લેવરાવતો એક પગ: પલંગ પરથી ઝૂલા ખાતો પગ: એ પગના ઘૂંટણ ઉપર એક પાટો હતો.

ઓળખાયો: તે દિવસે જેનો પાટો ખુદ પોતાને જ હાથે એ બાંધી આવ્યો હતો તે જ આ પગ: જાણે ઝૂલીઝૂલીને સાદ પાડે છે. ઘણા દિવસથી વાટ જોઈ રહેલ છે.

લાલસા જાગી ઊઠી. એ કદરૂપ શરીરે ત્વરાભેર ડગલો ચડાવ્યો. નિત્યની પ્રિય લાકડી લીધી. ટોપી પહેરી. પ્રયોગાલયને પાછલે બારણે તાળું લગાવીને ઊપડતે પગલે એ ચાલી નીકળ્યો. વાસનાનાં ચક્રોએ એને વિદ્યુત્‌ગતિએ પેલી વારાંગનાના ઉંબર પર આણી મૂક્યો. એની તલસતી આંગળીએ ઘંટડીનું બટન દબાવ્યું. એ તલસાટના ઉચ્ચાર જેવા સ્વરે ઘરની અંદર ઘંટડી રણઝણી, હમણાં દ્વાર ઊઘડશે, ને પોતાના ભુજપાશમાં એ સુંદરી સમાઈ જશે, એવો તલસાટ એના પગને ધરતી પર નચાવી રહ્યો છે. ત્યાં તો દ્વાર ઊઘડ્યું અને ડોશીએ જવાબ આપ્યો કે 'બાઈ તો નાચ-ઘરની મહેફિલમાં ગયાં છે'.

ત્યાંથી એણે પગ ઉપાડ્યા. ઉદ્દામ બનતી જતી પિપાસાએ પગમાં બેવડું જોર મૂક્યું. જાણે કોઈ ચોર, કોઈ ગળાકટ્ટુ, કોઈ ખૂની ચાલ્યો જતો હતો. લાલસા જાણે એની આંખોમાંથી છૂરી છૂટતી હોય તેવા ચમકાર કરતી હતી.

શરાબની મહેફિલ ઉડાવતાં માતેલાં સ્ત્રી-પુરુષો આ નવા આગન્તુકને ચોમેર ચકળવકળ નીરખતો જોઈ વિસ્મય પામી ગયાં. જે જે મેજ પાસે થઈને જોતો જોતો એ આગળ વધ્યો તે મેજની મઝેદારી ઘડી વાર થંભી ગઈ. સહુની સામે પોતાના લાંબા દાંત કચકચાવતો એ જાણે પ્રત્યેકને વિશે પૂરી બાતમી ધરાવી રહ્યો હોય એવો જાણભેદુ દેખાયો. ને દૂરના એક

ખૂણામાં એક ખાલી મેજ ઉપર એણે એકલાએ આસન લીધું. સહુએ એને ત્રાંસી નજરે નિહાળ્યો. વરધી લેવા માટે કોઈ વેઈટરને પણ એની નજીક જવાનું દિલ થતું નહોતું.

'વેઈટર!' એનાં ફાટી ગયેલાં જડબાંમાંથી ભૂખ્યા વરુ જેવો અવાજ નીકળ્યો; જેના ગજવામાં શરાબ અને સુંદરી નામની બે અમૂલખ કૃતિઓ ખરીદવાના પૈસા છે અને જેના લેબાસમાં નખશિખ અમીરીની ભભક છે, એવા કોઈ પણ આદમીને પીરસવા આનાકાની કરવાની મજાલ વેઈટરમાં નહોતી. થરથરતે કલેજે વેઈટર વરધી લઈને જ્યારે એક ઊંચામાં ઊંચી જાતની મદિરાનો સીસો એની પાસે ધરવા જતો હતો, ત્યારે આ ભયાનક માનવ-દૈત્યના લાંબાં લાંબાં ભવાંની નીચેથી બે હિંસક આંખો એક સુંદરીને નજરમાં લઈ રહી હતી. જેનો ઇશ્ક અધરાત ભાંગ્યા પછી જ કોઈ સુરાલયને બંધ બારણે જાગ્રત થાય છે, તેવા ધોળા દિવસના કોઈક 'સજ્જન'ના ખોળામાં બેઠી બેઠી એ સુંદરી ગાતી હતીઃ ગાતી હતી કે –

*સજિયાં અકેલી દુઃખ દે!*
*હાં... સજિયાં અકેલી દુઃખ દે!*

મધરાતનો બિહાગ છેડી રહી હતી. છટાથી, 'અકેલી સેજ'ની વેદના રજૂ કરતા તમામ હાવભાવ સાથે, માદક મીઠી હલકથી એનું ગળું ટપકતું હતુંઃ

*સજિયાં અકેલી દુઃખ દે!*

એ શબ્દે શબ્દે મરોડ લેતી પંક્તિ આશકોને ડોલન કરાવતી હતી. મદિરા કરતાં યે વધુ નશાનાં લહેરિયાં લેવરાવતી હતી. સુરાભુવનના ભપકા જાણે અબઘડી ઓગળીને વહેવા લાગશે એવી એની કંઠમાધુરી હતી. સૌંદર્ય, સુરા અને સંગીતના ત્રિવિધ દંશ શ્રોતાઓને મૂર્છા પમાડી રહ્યા હતા.

"વેઇટર!" એકલ બેઠેલા વિકરાળ અતિથિએ ઘુરકાટ કર્યોઃ "એ સુંદરીને અહીં બોલાવ."

સૌંદર્યને અને કંઠને વેચવા નીકળેલી નાજનીન આવી. આવ્યા પછી

ભયાનક રૂપ ભાળી પાછાં પગલાં માંડવા જાય છે, ત્યાં તો એ માનવદૈત્યે એનો માંસલ હાથ પકડીને સામે બેસારી લીધી. એ જ હતી એ: જેના ઘૂંટણ સુધી નગ્ન જોયેલા પીંડીભર્યા એક પગે આ યુવાન વિજ્ઞાનીની નજરબંદી કરી હતી.

બે કટોરી ભરીને એક એણે સુંદરીની સામે લંબાવી કહ્યું: "લિજિયે પ્યારી! અને દિલ બહલાવો."

કૂતરો હાડકું કરડતો કરડતો કાઢે છે તેવો આ માનવ-મુખનો હિંસક અવાજ સાંભળીને સ્ત્રી સંકોડાઈ ગઈ. પરંતુ ત્યાંથી ઊઠવું સહેલ નહોતું.

"કેમ?" પુરુષે વિકરાળ હાસ્ય કરતાં કરતાં ચીમટા ભર્યા: "આ બધા બેઠા છે તે મનુષ્યો છે, ને હું શું વાઘ-દીપડો છું? મેં શું એવાં જ વસ્ત્રો નથી પહેર્યાં! હું શું શરાબનાં નાણાં નથી ખર્ચતો? મારામાં શું અમીરાઈભરી રીતભાત નથી? મને બદસિકલ સમજો છો, ને એ બધા શું ઉપરથી દેખાય છે તેવા જ રૂપાળા અંદર પણ છે? દંભ – દંભ તમને ગમે છે, કેમ? ભીતરનું સાચું સ્વરૂપ બહાર નીકળ્યું એટલે તમારાથી નથી સહેવાતું, કેમ? સહુને તમારો કંઠ અને તમારું કલેવર વેચવા નીકળ્યાં છો, ને મને એકને જ ના પાડશો, કેમ?"

પુરુષ બોલ્યે જતો હતો. શું બોલતો હતો તેની એ સુંદરીને ગમ નહોતી. એને કાને તો 'કરડ! કરડ! કરડ!' એવો ભયાનક અવાજ જ સંભળાતો હતો. એને પોતાને જાણે એ પુરુષ દાંતો વચ્ચે કરડતો હતો.

"નહીં માનો? મારા ખોળામાં બેસીને એ ગીત નહીં ગાઓ? આ બધાના ખોળા બહુ મીઠા છે કે? હં! એ તમામની અંદર આ જ પિશાચ પડ્યો છે, પણ એ બધા સિફતથી ઢાંકી રહ્યાં છે એટલે સુંદર લાગે છે, ને હું જેવો છું તેવો દેખાઉં છું માટે મારા પ્રતિ ઘૃણા છૂટે છે! ફિકર નહીં. યાદ રાખજો, હું તમારે ઘેર આવીશ. તમારું ગીત ત્યાં આવીને સાંભળીશ. રાહ જોજો!"

એટલું કહીને એ ત્યાંથી ઊઠ્યો. કોઈ ન દેખે તેમ ઘરને પાછલે બારણે પહોંચી, અંદર પેસી, વારણની ઔષધિ પીને પાછું અસલ સ્વરૂપ ધારણ

કર્યું.

અને રાતના બે બજે એ યુવાન વિચારે ચડ્યો:

'આ શો ગજબ થયો? મારો દુરાત્મા કેમ જોર પર આવ્યો? મને એ ક્યાં ઘસડી ગયો? મારી પાસે એણે શું કુકર્મ કરાવ્યું? મારે તો પ્રાણપ્રિય મારી પત્ની છે, એના પ્રતિનો પ્યાર મારા સમગ્ર જીવનને વ્યાપ્ત કરી રહ્યો છે, છતાં એને બદલે આ એક જ વાર વિચારમાં સેવેલી ભ્રષ્ટ વારાંગના તરફ હું કેમ ખેંચાયો? આ શું થવા બેઠું? મારો સદાત્મા કેમ કશું બળ કરતો નથી? આ બેઉને જુદા પાડવા જતાં શું અસુર જ બહેકી ઊઠ્યો?

મોટી સમસ્યા એ વિજ્ઞાનીના મન પર ચડી બેઠી. એની નિદ્રા ઊડી ગઈ. મોં ઉપર હાથના પંજા ઢાંકીને એ બેસી રહ્યો.

[4]

રસાયન પી-પીને વારંવાર એ અસુરને બહાર કાઢ્યો. વારંવાર પાછો શમાવ્યો, પણ આત્મસુખની લહેર મળવાને માટે ગુપ્ત ઇંદ્રિયાવેગો જ જોર પકડતા. ઇલ્મ જાણે એળે ગયો હતો. હવે એને એમ પણ લાગવા માંડ્યું હતું કે સદાત્મા-દુરાત્માને છૂટા પાડવાનો આ પ્રયત્ન જ નકામો છે. અંદર ચાલી રહેલો એ બે વચ્ચેનો સંગ્રામ જ ઠીક છે, અથવા કોને ખબર છે કદાચ આ નબળાં-સબળાં બન્ને તત્ત્વોનો માલિક જીવાત્મા એક જ નહીં હોય! ને એના લેબાસરૂપી મળેલું આ માનવ-શરીર પણ કદાચ ઠીક જ નથી શું? જીવન જેટલું ઢાંક્યું રહે એટલું ઓછું ભયંકર નથી શું? હવે હું આ ઔષધિ પીવાનું છોડી દઉં. હું જે છું તે જ બની રહીશ.

એવી મંગલ મનદશામાં એણે તે દિવસે પોતાના સસરાને ઘેર સંદેશો મોકલ્યો કે આજે સાંજે તો હું તમારે ત્યાં જમીશ. મનમાં હતું કે પ્રિય સહચરીના થોડાક સહવાસે પાછી શુદ્ધ ભાવોનો પરિમલ પામી શકાશે.

એવા શાંતિમય ભાવો ભાવતો આ યુવાન તે દિવસ સાંજરે નદીને કાંઠે લટાર મારતો હતો. આથમણી વાદળીઓમાં ઊતરતો સૂર્ય માળામાં લપાતા ચંડુલ પક્ષી જેવો લાગતો હતો. પસ્તાઈને નિર્મળ બનેલ હૃદયના રંગો જેવા સંધ્યાના રંગો પાંદડાંમાંથી ચળાઈને નદીના પ્રવાહમાં ગળતા

હતા. એક ઝાડની ડાળી પર બેસીને દેવચકલાં સંધ્યાગીત ગાતાં હતાં. ગાતાં ગાતાં એ બેઉ નરમાદા ચાંચમાં ચાંચ પરોવતાં હતાં. પાંખોમાં પાંખો ઢાળી લથબથ ક્રીડા કરતાં હતાં. યુવાન વિજ્ઞાની એ પક્ષી-ક્રીડા નિહાળી રહ્યો. 'હમેશાં ગાયા કરો, હે પંખી!' ઇલ્મીએ એ પક્ષીગાનના રસમાં ભીંજાઈ જઈને આશીર્વાદ આપ્યા: 'સદા ગાયા જ કરજો. કુદરતે તમારા કંઠમાં વિશ્વ-શાંતિની શરણાઈઓ ભરી છે. નિરંતર ગાયા કરજો. નિરંતર તમારી જુગલ-જોડ આ પ્રણયસુખમાં રમ્યા જ કરજો. કોઈ પાપી એને વિછોડશો ના!'

એ આશીર્વચન હજુ તો એના મોંમાં જ છે, પક્ષીઓએ હજુ એની ચાંચ બીડી નથી, ત્યાં તો એક જંગલી બિલાડીએ ડાળ પર તરાપ મારી, ગીતો ગાતી દેવચકલીને દાંત વચ્ચે પીસી નાખી. ઝાડ પર ચીંચીંકાર થઈ રહ્યો અને ઇલ્મીની આંખો ફાટી રહી.

રોજ તો પેટમાં દવા પડતી ત્યારે જ રૂપ-પલટો થઈ જતો. પરંતુ આજે આ હિંસાના દૃશ્ય માત્રે જ એના શરીરમાં પલટાની તીવ્ર લાગણી જગાડી. અંદરનો અસુર પછાડા મારી જાગી ઊઠ્યો. નસો તૂટ તૂટ થઈ રહી. રોમ રોમ પ્રજ્જ્વલવા લાગ્યાં, અને વેદનાના ન સાંભળ્યા જાય તેવા ઓહકારા વચ્ચે એણે પોતાની સિકલ ફરતી અનુભવી. હાથ ઉપર નજર કરી. રોમેરોમે રીંછના વાળ ખડા થયેલા દીઠા. અને એ દૈત્ય-આકૃતિ લઈને વિજ્ઞાનીએ છૂપી દોટ દીધી. બાગમાંથી બહાર નીકળી એક દીવાલની ઓથે એ થોડી વાર થંભ્યો. ઔષધિ વિનાનું આ રાક્ષસ-રૂપ ક્યાંથી પ્રગટ્યું! 'હાશ, હાશ' એવા નિઃશ્વાસોની ધમણ ધમાઈ રહી. રૂંવે રૂંવે પસીનો છૂટી પડ્યો. પણ હજુ તો આ ઓચિંતી વિકૃતિ ઉપર ક્ષણભર વિચાર કરે છે ત્યાં તો આત્મભાન ચાલ્યું ગયું. સ્વાગતના સાથિયા પૂરતી, ધૂપદીપ જલાવતી અને વાટ જોતી પાકદિલ પ્રિય કુમારિકા વીસરાઈ ગઈ. એને બદલે આસુરી હૃદયે યાદ દીધું કે 'ચાલો, પેલી ઝૂલતા પગવાળીને વચન આપ્યું છે – એને ઘેર જવાનું, એનું ગાણું સાંભળવાનું'.

રાત્રિના આઠ વાગ્યે જ્યારે નગરીની એ પ્રખ્યાત નટી પોતાના ઘરમાં

અધરાતના શણગાર સજી રહી હતી, ત્યારે બારણામાં માનવદૈત્ય હાજર થયો. ચીસ પાડવાની હિંમત એ સુંદરીમાં નહોતી રહી. ગળું પીસી નાખે તેવા પંજા પહોળાવીને એ પિશાચે હુકમ કર્યો: "આંહીં આવ."

થથરતે દેહે સુંદરીએ એની પાસે, લગભગ એના ખોળામાં આસન લીધું.

"હવે પેલું ગીત ગા. ત્યાં મહેફિલખાનામાં બીજાઓને સંભળાવ્યું હતું એવા જ લહેકાથી ગા."

નર્તકીનું દયામણું મોં કરગરી રહ્યું.

"ગા!" પિશાચ ઘૂરક્યો.

'સજિયાં અકેલી દુ:ખ દે!' એણે ગાયું – બિલાડાના મોંમાં ઝલાયેલી મેના ગાય તેવું ગાયું.

ને પછી બળબળતી લાલસાએ વારાંગનાના દેહમાંથી તૃપ્તિ મેળવી.

[5]

ઉપરાઉપરી હવે તો કોઈક હિંસક અથવા ઉદ્દીપક દૃશ્ય ભાળતાં જ રૂપ-વિકૃતિ થાય છે; કોઈ હલકી લાગણીનું જોર પણ એને અસુર બનાવી મૂકે છે. હવે તો શરીરની પ્રકૃતિ જ રોજની આદતને તાબે થઈ ગઈ છે. અને એક દિવસ બપોરે જ્યારે આ મૂર્તિમાન પ્રાણાત્મા જેવો સુંદર ઇલ્મી પોતાના એ વિનાશને વિચારે અફસોસ કરતો બેઠો હતો, ત્યારે એ જ નર્તકી હાજર થઈ.

"દાક્તરસાહેબ! ઓ દયાળુ દાક્તરસાહેબ!" એ સુંદરી ત્યાં ધ્રુસકાં ભરીને રડી પડી: "મને બચાવો. મને કોઈ રીતે બચાવો."

"કોનાથી? તને શું છે બહેન? તું શેનાથી બચાવ માગે છે?" ઇલ્મીના અંગ પર અનુતાપના સ્વેદ વળવા લાગ્યા.

"મને એક પિશાચથી બચાવો. એક અસુર રોજ રાતે મારે ઘેર આવે છે અને મારું લોહી શોષી જાય છે. હું કોઈને આ વાત કહી શકતી નથી. કહું તો કોઈ માનશે નહીં. પણ મારું શરીર ચૂસી જનાર એ જણના પંજામાંથી મને ઉગારો, ઓ ભલા દાક્તરસાહેબ."

છાતીફાટ રડતી એ સ્ત્રીની વાત સાંભળ્યા પછી દાક્તરે થોડી વાર એક ઉચ્ચાર પણ ન કર્યો. પોતે જ એ પિશાચ છે તે કહેવાની એની હામ નહોતી રહી. આ કોમલાંગીની પોતે કેવી વલે કરી હતી એનું પોતાને પૂરેપૂરું ભાન હતું. એ સ્ત્રીની આંખોમાં, એ મુખમુદ્રામાં, શરીરની નિચોવાયેલી હાલતમાં આ યુવાને પોતાની હેવાનિયતનો દર્દભર્યો ઈતિહાસ વાંચી લીધો. પોતાનું ભુક્કો બની રહેલું કલેજું છુપાવીને એણે કહ્યું:

"જા બહેન, હું તને ખાતરી આપું છું કે તું કહે છે તેવો કોઈ જીવતો પુરુષ નથી. તને કોઈનો વળગાડ લાગે છે. પણ હું તને આજથી ભયમુક્ત કરું છું. મારું જ્ઞાન મને ખાતરી આપે છે કે તને હવે ફરી વાર એ અસુર નહીં સંતાપી શકે." પોતે ગુજારેલા અત્યાચારના પ્રાયશ્ચિતરૂપે ઇલ્મીએ એ સ્ત્રીને એક મોટી રકમ ભેટ કરી વળાવી.

પરંતુ બીજે જ દિવસે જે વેળા કોઈ દુષ્ટ આવેગને બળે એનામાં અસુરનો આવિર્ભાવ થયો, ત્યારે આગલા દહાડાના અનુતાપનું તમામ ભાન ચાલ્યું ગયું. ભીષણ રૂપ લઈને એણે ફરી પાછી ત્યાં ને ત્યાં દોટ દીધી; અને ભયત્રસ્ત સુંદરીને એણે પાછી પોતાની ચૂડમાં ભીડવી. એના પાશવી બાહુપાશમાં ભુક્કો થઈ જતી સુંદરી વિસ્મય પામી બોલી ઊઠી: "ઓહ ઓહ ઓહ! તમે પાછા ક્યાંથી? દાક્તરસાહેબે તો કહ્યું'તું કે તમે હવે નહીં આવો –"

"હં-હં!" વિહ્વળતાની આગમાં ભડકે બળતાં બળતાં એણે પ્રેયસીને વધુ દાબી – વધુ જોરથી, વધુ ને વધુ જોરથી. તેમ તેમ એ ભયભીત સ્ત્રીએ છટકવા પછાડા માર્યા, ગૂંગળાટ અનુભવ્યો; અંગેઅંગ જુદું પડતું અનુભવ્યું; અને જેમ જેમ એનો અણગમો પોતાની પરિતૃપ્તિના માર્ગ વચ્ચે આવતો ગયો, તેમ તેમ એ પિશાચની લાલસા-લાય વધુ પ્રકાંડ બની. એનું ભાન ચાલ્યું ગયું. એની દસેય આંગળીઓએ એ સ્ત્રીનું સુકોમલ ગળું પકડી લીધું, ભીંસી નાખ્યું. છેલ્લી ચીસ પાડીને એ સુંદરીના મોંએ શ્વાસ છોડ્યા. આંખો ફાટી ગઈ.

ઊપડતે પગલે જ્યારે એ ખૂની પ્રયોગાલયની પાછલી બારી પર

જઈને ઊભો રહ્યો ત્યારે એને યાદ આવ્યું કે આજ પોતે ગુપ્ત પરિભ્રમણની કશી જ ગોઠવણ કરવી ધારી નહોતી, આગલે દ્વારેથી જ જમવા જવા નીકળ્યો હતો ને પાછો દાખલ પણ ત્યાંથી જ થવાનો હતો, એટલે બારણું તો અંદરથી બંધ કરાવ્યું હતું. ઓચિંતાનો, ઔષધિ વિનાનો આ રૂપ-પલટો આવશે એવી તો કલ્પના જ નહોતી. શી રીતે ઘરમાં પ્રવેશ કરી શકાશે! વારાંગનાની હત્યાનું તો હમણાં જ બુમરાણ બોલશે!

એ દોડ્યો પોતાના દાક્તર મિત્રને ઘેર. મિત્ર ઘરમાં નહોતા. નોકરને પોતે એક ચિઠ્ઠી આપી. ચિઠ્ઠીમાં લખ્યું હતું: "ભાઈ, મારે ઘેર, મારી પ્રયોગશાળામાં તમે જાતે જઈ, નં...ની દવાની પેટી લઈ આવજો. તમારે ત્યાં રાતના બાર બજે એક માણસ એ લેવા આવશે. એને પેટી દેજો. હું ભયાનક સંકટમાં છું. વિશેષ રૂબરૂ સમજાવીશ."

અરધી રાતે જ્યારે એ પાછો આ મિત્રને ઘેર પેટી લેવા આવ્યો, ત્યારે મિત્ર એ ભયાનક સિકલને નખશિખ નિહાળી રહ્યો. નિહાળતાં નિહાળતાં એની નજર આ રાક્ષસી પુરુષના હાથની લાકડી પર ઠેરી. શંકા પડી. પૂછ્યું: "કોણ છો તમે?'

"દાક્તર ...નો દૂત."

"ક્યાં છે દાક્તર ...?"

"નહીં કહી શકું."

"બોલો! કોણ છો તમે!" એ પ્રશ્ન ફરી વાર પૂછતાં તેણે રિવૉલ્વર તાકી. પિશાચ થંભ્યો.

"કદમ ઉપાડશો તો ફૂંકી દઈશ. બોલો, કોણ છો તમે?"

"પિછાન કરવામાં સાર નથી."

"બોલો, બીજો ઇલાજ નથી."

"જોવું જ છે?"

એ હસ્યો. મોટા દાંત કાઢીને હસ્યો. પેટી ઉઘાડી રસાયન બનાવ્યું. છેલ્લા ટીપાની મેળવણીએ ગોટેગોટ ધુમાડાનાં વાદળાં જન્માવ્યાં. એ ઊકળતું રસાયણ એણે પીધું. અસુર અદૃશ્ય બન્યો. પ્રિય ડૉક્ટર-મિત્રની

દેવમુદ્રા પ્રકાશી ઊઠી.

વાચાને સ્થાને નહોતું. અધરાતે બેઉ છૂટા પડ્યા.

[6]

"અત્યારે? અત્યારે તમે અહીં?" ચોવીસ વર્ષની કુમારિકા ચમકી ઊઠી: "મારા બાપુ જાણશે તો? ભલા થઈને તમે –"

"હા, હું વિદાય લેવા જ આવેલ છું." દ્વારમાં આવેલો પુરુષ હાથ જોડીને યાચના કરતો ઊભો રહ્યો: "હવે તમારા બાપુને હું નહીં સતાવું."

કુમારિકા નજીક આવી. પુરુષનું મોં ઉકેલવા લાગી: "શું બોલો છો? શાની વિદાય?"

"હું તમને મારી સાથેના વેવિશાળમાંથી મુક્ત કરવા આવ્યો છું."

"સાત વર્ષો સુધી વાટ જોયા પછી? મારો કશો દોષ?"

મૂંગા મૂંગા એ પુરુષે માથું હલાવ્યું અને કહ્યું: "મારું દુર્ભાગ્ય." એની આંખોના ખૂણામાં અક્કેક આંસુ ઝલકી ઊઠ્યું.

"પણ શા માટે?" કુમારિકાએ પુરુષના હાથ ઝાલ્યા. બેસારીને કહ્યું: "હવે મને કહો. મૂંઝવણમાં પડ્યા છો તમે? કોઈ નવું લગ્ન?"

"આજે હું હાંસી સહી શકીશ નહીં. મારું નવું લગ્ન તો હવે મૃત્યુ સાથે જ થઈ શકશે."

"પણ તમને થયું છે શું! કેમ આજે ગાંડાં કાઢો છો?" કુમારિકાએ પુરુષના માથા પર – આખા માથા પર – હાથ ફેરવ્યા.

પુરુષે એના ખોળામાં પોતાનું માથું નાખી દીધું. એનું હૈયું ભેદાતું હોય તેવો અવાજ નીકળ્યો. સ્ત્રીએ એ મોંને ઊંચે લીધું. મા એના બાળને પૂછે તેવે સ્વરે પૂછ્યું: "શું છે આ બધું? કહો, મારા સોગંદ, મને કહો."

"તને હું નહિ કહી શકું એવી એ વાત છે. જીવનભર મારે પ્રાયશ્ચિત્ત જ કરવાનું રહેશે. તારો અવતાર મેં બગાડ્યો છે."

પુરુષે સ્ત્રીના પગ સુધી માથું લઈ જઈને કપાળ પર એના પગનો સ્પર્શ લીધો. પછી એ ઊભો થયો.

સ્ત્રીએ એના હાથ ઝાલી લીધા: સાત વર્ષોમાં કદી નહોતા ઝાલ્યા

એવા જોરથી ઝાલ્યા. ને એ પુકારી ઊઠી: "નહીં, નહીં, નહીં જવા દઉં. તમારું જે દુઃખ હશે તેમાં હું ભાગીદાર બનીશ. મને કહો, એક વાર કહો, એક વાર..."

બહાર નીકળી ગયેલો પુરુષ જ્યારે એ સાસર-ઘરની પાછલી બારીએ આવીને દુઃખમાં ભાંગી પડતો ઊભો રહ્યો, ત્યારે એણે જોયું કે પોતે ત્યજેલી કુમારિકા એના પિયાના ઉપર દેહ ઢાળીને ઊંધે મોંએ પડી છે: વાજિંત્રના દબાયેલા પાસા એકસામટું આક્રંદ કરીને ચૂપ થયા છે, પણ કન્યાનું રુદન હજી નથી અટક્યું.

'કેવો ધ્વંસ?' પુરુષ, એ કાચ વાટે આ પોતાનું જીવન-કરતૂક જોઈ રહ્યો. 'આને હું મારી છાની વ્યથા ન કહી શક્યો. મારા કાબૂની બહાર ગયેલા ઇલ્મની એ કથા સાંભળીને, ગામની ગલીએ ગલીએ ગવાતાં મારાં પાપો સાંભળીને એ મને કેવો ધિક્કાર દઈ ઊઠત! અને મારું ઓચિંતું પલટાતું રૂપ હું એનાથી શી રીતે છુપાવત? અક્કેક દુષ્ટ ઊર્મિના આંચકા સાથે જ મારો પ્રગટ થતો અસુર આને જીવતી ને જીવતી ભરખી જાત.'

અસ્તાયમાન સૂર્ય જેવો શોભીતો એ જુવાન હજુ બારીના કાચ વાટે તાકી રહ્યો હતો. પરિતાપ કરતો કરતો એ થોડી ઘડી થંભ્યો. એની દૃષ્ટિ જાણે ધીરે ધીરે બદલવા લાગી. એના મનોભાવ આ ઢળેલી યુવતીના રૂપ ઉપર ફરવા લાગ્યા: ભરપૂર માંસલ દેહલતાને અંગે અંગે એની આંખો અડકી રહી. ને એની લાલસા જાગ્રત થઈ. 'આ સૌંદર્ય! ઓહ! સાત વર્ષોથી જેનાં સ્વપ્નાં સેવતો તેને એક વાર પણ મેં ભોગવ્યું નહીં! ને આજ સામે પડ્યું છે છતાં ય છોડીને ચાલ્યો જાઉં છું. એ મારું છે છતાં ય...'

આટલો વૃત્તિવેગ નીપજતાં તો રાફડામાંથી જાજડ ભુજંગ જાગે તેમ એના અંગમાંથી અસુર ધસી આવ્યો. દુરાશયે ભયાનક રૂપે દર્શન દીધું; અને એક પલમાં તો એની હિંસા એ બારીના કાચના ભુક્કા બોલાવી, એને અંદર લઈ ગઈ, ઢળેલી કન્યાને એણે આલિંગનમાં ભીંસી. લાલસાની લાય પથરાઈ ગઈ.

ચમકેલી કન્યાએ આ અસુરને દેખતાં જ તીણી ચીસ નાખી. એ

ચીસે આખા ઘરને ઢંઢોળ્યું.

જેને જરી અડકવામાં પણ પોતાની કોમલ સંસ્કારિતા આઘાત પામતી, તેને જ અત્યારે પોતાના ભુજપાશમાં રગદોળી રહેલો એ પુરુષ એ તૂટતા બારણામાં ધસી આવનાર વૃદ્ધ સસરાને ભોંય પર ધકેલી દેતો નાસી છૂટ્યો. પછવાડે પોલીસનું ને લોકટોળાનું બૂમરાણ બોલ્યું. ચોરગતિથી નાસતા એ પુરુષે પોતાને મકાને પહોંચીને પાછલા દ્વારની ચાવી કાઢવા ગજવાં તપાસ્યાં. પરંતુ તે દિવસની પેઠે આજ પણ દ્વાર અંદરથી જ બંધ કરેલું હતું. એ દોડ્યો આગલા પ્રવેશ-દ્વારે. ટકોરા માર્યા. બુઢ્ઢા નોકરે બારણું ખોલ્યું. ભયાનક રૂપ દેખતાં જ 'દાક્તરસાહેબ ઘરમાં નથી' એટલું એ માંડ બોલી શક્યો. એક જ ધક્કો મારીને દાક્તર અંદર પેઠો. અને પોલીસની ટુકડી ત્યાં આવીને બારણું ઠોકવા લાગી ત્યારે એ પોતાની પ્રયોગશાળામાં દાખલ થઈ જઈ કપડાં ઉતારી, ઔષધિ પી લઈ, પોતાના અસલ સ્વરૂપે જાણે કશું કામ કરતો બેસી ગયો.

'આંહીં પેઠો છે! એ ચોર આંહીં જ પેઠો છે!' એવા રીડિયા પાડતી પોલીસ-ટુકડી પ્રયોગશાળાનું બારણું તોડવા મથી રહી.

દાક્તરે બારણું ઉઘાડ્યું: 'મારો! મારો! મારો!' શબ્દની ચીસો નાખતા પોલીસોએ અંદર પેસતાં જ એ પૂજનીય પુરુષની ભવ્ય મુખમુદ્રા દીઠી. પ્રતાપી અવાજે એણે પોલીસને પૂછ્યું: "શું છે? શી ધાંધલ મચાવી રહ્યા છો આંહીં?"

ખસિયાણો પડેલ પોલીસ-અમલદાર પોતાની રિવૉલ્વરને નીચી નમાવી બોલ્યો: "માફ કરજો, સાહેબ, પણ અહીં એક ખૂની પેઠો છે."

"અહીં ખૂની પેઠો છે?"

"જી હા, અમે અમારી સગી આંખે એને અહીં પેસતાં જોયો છે."

"તમારી ભૂલ થતી લાગે છે. અહીં કોઈ નથી."

"સાહેબ, એ આપનાં બાનુ ઉપર અત્યાચાર કરીને અને આપના સસરાનો જાન લઈને નાઠો છે. અહીં જ પેઠો છે એ."

"ન હોય."

એવામાં ઓચિંતો 'એ જ, એ પોતે જ, દાક્તર પોતે જ એ છે' એવો એક અવાજ આવ્યો અને દાક્તરની આંખ ફાટી ગઈ.

પોલીસો દિગ્મૂઢ બની તાકી રહ્યા.

અવાજ દેનાર આદમી પોતાની રિવૉલ્વર ખેંચતો આગળ ધસી આવ્યો. રિવૉલ્વરની નાળનું એણે દાક્તરની સામે નિશાન લીધું.

દાક્તરે એ મનુષ્યને ઓળખ્યો. એ હતો મિત્ર-દાક્તર. આખા જગતમાં પોતાની આ રાક્ષસી લીલાનો એક જ જાણભેદુ. તે રાત્રિએ એનો રૂપ-પલટો નજરોનજર જોનાર.

"દાક્તરસાહેબ પોતે?" લોકો તાજ્જુબ બન્યા.

"હા, એ પોતે જ," કહેતો એ મિત્ર રિવૉલ્વર તાકતો આગળ વધ્યો, દાક્તરનું મોં ભયથી ફફડી ઊઠ્યું.

દાક્તરનું રૂપ પલટાયું. મૂર્તિમાન હિંસાએ એ સુંદર શરીરનો કબજો લીધો અને પોલીસે ચીસ પાડી: "એ જ, એ જ, એ જ!"

આત્મરક્ષણના છેલ્લા પછાડા મારતો એ અસુર, પ્રયોગાલયની અભરાઈઓ ને કબાટો પર ઠેકી ઠેકી, તેજાબોની શીશીઓના ઘા કરી કરી, બેચાર વધુ હત્યાઓ કરી, છેવટે જ્યારે મિત્રની બંદૂક-ગોળી ખાઈને હાહાકાર કરતો ઢળી પડ્યો, ત્યારે પાછું એનું આસુરી રૂપ સમાઈ ગયું, અને એ મૃતદેહ ઉપર અસલની મધુર આકૃતિ વિરમી રહી.

પંથભૂલી માનવ-ભવ્યતાનો આવો દયાજનક અંત દેખીને લોકોનાં માથાં નીચે ઢળ્યાં.

પરંતુ આખી પ્રજાના રુદનમાંથી સૌથી વધુ એક ભેદક સૂર તો એ શૂન્ય ઘરની અંદર ઊઠતો હતો. એ કલ્પાંત ઘરના બુઢ્ઢા ચાકરના કંઠનું હતું.

# એ આવશે!

જળદેવીના લહેરિયા સાળુ ઉપર આથમતો સૂર્ય જ્યારે ચંપકરંગી ટીબકીઓ ભરતો ભરતો નીચે ઊતરતો હતો, ત્યારે એક નૌકા એ પાણી ઉપર પહોળો પટ્ટો પાડતી ઝૂલણગતિએ ચાલી આવતી હતી. એને દેખીને બંદરનું બારું જાણે જીવતું બન્યું હતું, ઉદ્યમ અને આજીવિકાના થનગનાટ એ સંધ્યાકાળને રોમાંચિત કરી રહ્યા હતા.

સહુથી વધુ ઉલ્લાસ રમતો હતો એક સુઘડ સુવાસિત મકાનમાં: જ્યાં સોળથી લઈ ત્રીસ વર્ષની કુમારિકાઓનો માલિક એ વિદેશી નાવિકોનાં ભર્યાં ભર્યાં ગજવાંની વાટ જોતો ધૂપદીપ અને પુષ્પોના શણગાર સજાવી પ્રત્યેક ઓરડાને જાગ્રત કરતો હતો. જાતજાતની જટાને આકારે ગૂંથેલા ઊભા અંબોડાની ઘાટી ઘટામાં એ ચીબલાં નાક અને ચળકતી ઝીણી આંખોવાળું સૌંદર્ય ચહેરે ચહેરે રમતું હતું. છાતીથી પગની ઘૂંટી સુધી પહેરેલા ચપોચપ કિમોના* એ કુમારિકાઓની પગલીઓને નાજુકાઈ તેમ જ તરવરાટ આપી રહ્યા હતા. ઇજ્જતવાન માબાપોની આ ચંપકવરણી કુમારિકાઓ, ખુદ માબાપોની જ મોકલી, અને બુદ્ધદેવની પ્રતિમાના આશીર્વાદો લેતી, પોતાનાં નવજોબનનું વેચાણ કરવા અહીં આવતી; વર્ષ-બે વર્ષ રહેતી, અને પોતાની કમાઈ પિતાને ઘેર લઈ જઈ કુટુંબની ભીડ ભાંગતી. યોગ્ય અવસરે પાછી પરણી જઈ હરકોઈ ઊંચા ઘરની કુલ-વધૂ બનતી. એવો એ દેશનો વ્યવહાર હતો.

આવી પચાસેક માનવ-પરીઓનાં પાંપણો પટપટાવતાં ચંચલ નેનાંનું નિશાન બની રહેલ એ જહાજ બરાબર સૂર્યાસ્તે તો બારાની અંદર નાંગરી ચૂક્યું હતું; અને એમાંથી બહાર આવતાં ઉતારુઓમાં બે જણા જુદા તરી નીકળ્યા.

બન્નેના લેબાસ સફેદ હતા. રૂપેરી બટનો છાતી પર, કાંડા પર અને ખભા પર ચળકતાં હતાં. બેઉ જણા જહાજના અફસરો હતા. મોટેરાના ગઠિયા જેવા બેઠી દડીના ભરાવદાર દેહ ઉપર પીઢ છતાં દોંગાઈભર્યું ગોળ મોં હતું. નાનેરાની કદાવર કાઠી પાતળી અને સાગના સોટા જેવી સીધી હતી. એના મોં પર બિનઅનુભવની મધુરતા હતી.

"કેમ, જરા સેલગાહ કરવા ઊપડશું ને?" મોટેરાએ આંખોનાં નેણ ઉછાળ્યાં.

"ભલે, ચાલો." જવાને 'સેલગાહ' શબ્દનો મર્મ પારખ્યો નહીં.

જેવાં તરલ અને હળવાં એ દેશનાં મનુષ્યો, તેવાં જ ત્યાંનાં વાહનો છે. સડક ઉપર રમતી આવતી રિક્ષા-ગાડીએ જ્યારે એ બેઉ પરદેશીઓને પેલા સુંદરીગૃહને દરવાજે ઉતારી દીધા, ત્યારે બન્ને મહેમાનોના સ્વાગતનું નૃત્ય ગુંજી ઊઠ્યું. સુખની મીઠી વેદના જગાડે તેવાં ધીરાં એનાં વાદ્યો હતાં. હવામાં લહેકતી એ જુવાન નર્તકીઓ હતી. પગમાં ઝાંઝર-ઘૂઘરા નહોતા. હાથમાં ઝૂલી રહેલ પંખા અને પંખીની પાંખો જેવા દુપટ્ટાના છેડા જ એ સંગીતને તાલ દેતા હતા.

મૂઠી ભરીને દાણા છાંટતાં જેમ પક્ષીઓ દોડ્યાં આવી ચણવા લાગે, તે રીતે એ જૂની પિછાનવાળા આધેડ અફસરનું એક જ દોંગું હાસ્ય સાંભળીને આ દુપટ્ટાવાળી ચીબી સુંદરીઓ એની સન્મુખ દોડી આવી. લળી લળીને એ બેઉ પરોણાઓને અંદર લીધા. મોટેરાના લાલસા-ભરપૂર ખડખડાટ હાસ્યે મકાનને ભરી દીધું. જુવાન તો હજુ આ કયા પ્રકારની સેલગાહ છે તેનો ઉકેલ કરી શક્યો નહોતો. ત્યાં તો આ સુંદરીઓના માલિકે સામા આવી ઝૂકીને આજ્ઞા માગી: "કેટલી જોશે, સાહેબ?"

"હો-હો-હો-હો," મોટેરાએ હાસ્ય ગજાવીને જવાબ દીધો: "મારે જોઈશે ત્રણ, ને આમને માટે એક. એ હજુ નવો નિશાળિયો છે ખરોને! હો-હો-હો-હો."

માલિકે તેમ જ સુંદરીઓએ એ કડાકા કરતું હાસ્ય ઝીલી લીધું. અને જુવાન અફસરને એક બીજા ખંડમાં ધકેલી દઈ એ મોટેરાએ ત્રણ

સુંદરીઓના સંગમાં બગીચાનો લતામંડપ શોભાવ્યો.

જીવનમાં આજે પહેલવહેલા અનુભવની મીઠી બેચેની, લજ્જા અને કંપારી પામી રહેલો એ યુવાન પોતાને સારુ પીરસાવાની સુંદરીની વાટ જોતો – અથવા તો ધાસ્તી અનુભવતો – બેઠો છે. બહારના બાગમાં બજી રહેલ નૃત્યગીતના ઘેરા ઝંકાર એ કાચનાં કમાડોની ઝીણી ચિરાડો વાટે અંદર ટપકી રહેલ છે. સાંભળનારને મીઠો નશો ઉપજાવે એવી ઘેરી માધુરી એ સંગીતમાં ભરી છે.

એકાએક એ યુવાનની નજર સામી દીવાલ પર પડી. કાચની એ પારદર્શક ભીંત ઉપર એક છાયા-છબી નૃત્ય કરી રહી છે. પાતળિયો, ઘાટીલો અને અંગેઅંગના મરોડ દર્શાવતો પડછાયો બરાબર પેલા બહારના સંગીતને તાલે તાલે જ ડોલે છે. એકાંતે, અણદીઠ અને નિજાનંદે જ નાચતી એ પ્રતિમા જાણે કોઈ ચિત્રમાંથી સળવળી ઊઠી છે. યુવાને એ બાજુનું બારણું ઉઘાડ્યું. એકલી એકલી મૂંગા મૂંગા નૃત્યની ધૂન બોલાવી રહેલી એક કન્યા થંભી ગઈ.

બન્ને જણાં સમજતાં હતાં કે અહીં આવનાર અતિથિને મનમાન્યું પાત્ર પસંદ કરી લેવા હક્ક છે. પરદેશી યુવાન એ કન્યાને કાંડું ઝાલીને પાછલા લતોદ્યાનમાં ઉઠાવી ગયો. પોતાની બીજી તમામ સંગિનીઓથી જુદી પાડી રાખીને પોતાને એકને જ શા માટે આ વેશ્યા-ગૃહના માલિકે અહીં એકાંતમાં સંઘરી હતી એ સમસ્યામાં પડેલી આ કન્યા આનંદભર તરવર પગલે આ પરોણાની જોડે દોડી ગઈ. એણે પોતાના જીવનની સફળતા અનુભવી. કોઈક બે આંખોને એ આકર્ષી શકે તેવું રૂપ પોતાને ય છે, એવી એને લાગણી થઈ આવી. બાગની હરિયાળી ઝુંડ-ઘટામાં ચાંદની ચળાતી હતી. એ ચળાતાં ચંદ્રકિરણોને અજવાળે યુવાન એને નીરખી રહ્યો. ને એ તાજ્જુબ થયો: શા માટે આ એક જ મોં એ આખા સુંદરી-વૃંદમાંથી બાતલ રહ્યું હશે? શા માટે આવું સૌંદર્ય ઓરડે પુરાયું હતું?

કન્યાની આંખોમાં તો કેવળ આભારનાં જ આંસુ ચમકી રહ્યાં. શરમાતી સંકોડાતી, બીતી બીતી એ ઊભી રહી. હજુ એને ફફડાટ હતો કે કદાચ

મહેમાન હજુ યે અણગમો પામીને ચાલ્યો જશે તો? એણે પોતાનું કિસ્મત એ જુવાનની બે આંખોનાં છાબડાંમાં તોળાતું દીઠું.

બાળકના જેવી એ નિર્વ્યાજતાને નિહાળવામાં સુખની સમાધિ પામેલા એ યુવાને આખરે લાંબી વાર સુધીની એકીટશ દૃષ્ટિને ઉઠાવી લઈ પહેલો પ્રશ્ન કર્યો:

"તમારું નામ?"

"ચુ-ચુ-સેન." ઉત્તર આપતાં આપતાં છોકરીના અંતરમાં નવું અજવાળું થયું.

"ચુ-ચુ-સેન!!" યુવકની જિજ્ઞાસા વધી; "એટલે શું?"

કન્યાએ શબ્દનો અર્થ સમજાવવા યત્ન કર્યો. આ રંગીલા વહાણવટીઓની વિદેશી ભાષાનું ભાંગ્યું-તૂટ્યું જ્ઞાન ધરાવવું એ આંહીં દાખલ થતી સુંદરીઓનો વિશિષ્ટ ગુણ હતો. વેશ્યાગારની બહાર ચોડેલું પાટિયું એ સમાચાર મોટે અક્ષરે પોકારી રહ્યું હતું, છતાં અઢાર વર્ષની ચુ-ચુ-સેન પોતાના નામનો સ્ફોટ ન પાડી શકી. થોથરાતી જીભે એણે કહ્યું: "એક જીવડું."

"કયું જીવડું?"

જવાબમાં છોકરીએ શબ્દની ભાષાને પડતી મૂકી, ઈશારતની વિશ્વ-વાણી અજમાવી. બેઉ હાથના પંજાને પતંગિયા-આકારે સંધાડ્યા, ને પતંગિયાની પાંખો હલે તે રીતે હલાવ્યા.

"ઓહો! પતંગિયું?" યુવક હસ્યો.

"એ જ, એ જ." આશાતુર આંખે તાકી રહેલી છોકરીએ પોતાની સમજાવવાની શક્તિનો વિજય અનુભવ્યો. બીજા પ્રશ્નની રાહ જોતી એ સ્મિતભરી અને ઓશિયાળભરી ઊભી રહી.

– ને થોડી વાર પછી સમાપ્ત થયેલી પિછાને જ્યારે એ બન્નેને સુખાલિંગનની સમાધિમાં બે-પાંચ ઘડી વિલીન બનાવ્યાં હતાં, ત્યારે મકાનની ઊંચી ઓસરીમાંથી કોઈ ચાબૂકનો ફટકો પડે તેવો એક અવાજ આવ્યો: "ચુ-ચુ-સેન!"

સુખસમાધિ ભાંગી ગઈ. વેશ્યાલયનો માલિક રાતોપીળો થતો આવીને ઊભો રહ્યો. કંઈક ભૂલ થઈ છે એવા ભાવથી યુવક પણ થંભી ગયો.

"ચુ-ચુ-સેન, અંદર જા." માલિકે આજ્ઞા કરી.

છોકરીએ પરદેશી તરફ રંક દૃષ્ટિ કરી. પણ માલિકની દૃષ્ટિ વધુ વેધક બનતાં એ અંદર ચાલી ગઈ.

"કેમ? શા માટે અંદર જાય?" મહેમાને પૈસા આપનાર ખરીદદારની કડક ભાષામાં વાંધો ઉઠાવ્યો.

માલિકે દુભાયલે સ્વરે કહ્યું: "તમે સમજતા નથી, મહેરબાન! પણ આ છોકરી અમારી બીજી તમામ છોકરીઓ કરતાં ચડિયાતા કુટુંબમાંથી આવેલી છે. અમારો રિવાજ એવો છે કે ઊંચા કુળની છોકરીઓને અમારાથી ટૂંક વખતના ખપ માટે ન વપરાય."

"એટલે?"

"એટલે કે એની સોબત કરવી હોય તો તમારે એની જોડે અમારા દેશની ધર્મ-વિધિ પ્રમાણે લગ્ન કરવાં જોઈએ."

"લગ્ન?" યુવકને આશ્ચર્ય થયું.

"હા, લગ્ન; પણ તે તો હંગામી લગ્ન, કામચલાઉ લગ્ન, મહિના, બે મહિના, કે ચાર મહિના પૂરતાં જ. જેવી તમારી જરૂરિયાત."

"પછી?"

"પછી તમારી મુદત પૂરી થયે તમે તમારે દેશ ચાલ્યા જાઓ, ને છોકરી પોતાના કુટુંબમાં ચાલી જાય."

"એટલે? પછી શું અમારી કશી જવાબદારી નહીં?"

"ના જી, કશી પણ નહીં."

"છોકરીનું શું થાય? એની ઇજ્જતને શું એબ ન બેસે?"

"ના રે ના મહેરબાન! એ તો ગંગાના નીર જેવી પવિત્ર જ રહે, કુમારિકા જ લેખાય, ને પછી એનાં કાયમી લગ્ન બીજે ફાવે ત્યાં થઈ શકે."

"સાચું કહો છો?"

"અરે સાહેબ, બુદ્ધદેવના સોગંદ પર."

"ચાલો ત્યારે. બે મહિના માટે હું ચુ-ચુ-સેન સાથે લગ્ન કરવા તૈયાર છું."

બીજા દિવસને પ્રભાતે ધર્મમંદિરની અંદર બુદ્ધપ્રભુની ધ્યાનસ્થ પ્રતિમાની છાયામાં એક દેશી પુરોહિતના અગમ્ય મંત્રોચ્ચાર પ્રમાણે આ વિદેશી નાવિક અને અઢાર વર્ષની ચુ-ચુ-સેન એક મુદતબંધી લગ્નની ગ્રંથિમાં જોડાઈ ગયાં.

દેવાલય હતું, દેવપ્રતિમા હતી, દીપમાલા અને ધૂપ-નૈવેદ્ય હતાં, ધર્મગુરુના સ્તોત્રોચ્ચાર હતા. વડીલો અને અન્ય લગ્ન-સાક્ષીઓની નાની મેદની હતી. વરકન્યાનાં અંગ ઉપર મંગલ વસ્ત્રપરિધાન હતાં. લગ્નક્રિયા તો એ-ની એ પ્રચલિત જ હતી. આવો ગૌરવયુક્ત લગ્નસમારંભ એ અઢાર વર્ષની ચુ-ચુ-સેનના દિલ પર એક કાયમી વિવાહની જ છાપ પાડી ગયો. ઠરાવેલી નાની મુદત વિશે એને ઝાઝું ભાન નહોતું રહ્યું. અલાયદું ઘર વસાવીને યુગલ રહેવા લાગ્યું. 'મારું પતંગિયું! મારું પતંગિયું!' એ શબ્દો વરના મોંમાંથી સુકાતા નહોતા, ને નાનકડી ચુ-ચુ-સેન એના પહોળા ખોળામાં સમાતી નહોતી. પતિના ચરણોને પોતાની આંખો પર ચાંપતી ચુ-ચુ-સેન આ વિદેશીને પૂછતી કે "તમારા દેશમાં લગ્ન કેવાં હોય?" સુખમાં ગરકાવ બની રહેલ સ્વામી ઘેનમાં ને ઘેનમાં બોલી ઊઠતો કે "અમારે ત્યાં તો સ્ત્રી-પુરુષ સામસામી પ્રતિજ્ઞા કરે કે –

'મૃત્યુ આપણને નહીં વિછોડે ત્યાં સુધી, જીવનની છેલ્લી ઘડી સુધી હું તારી રક્ષા કરીશ, સેવા કરીશ, બેવફા નહીં બનું.'

આ પ્રતિજ્ઞાના સૂર ચુ-ચુ-સેનની આંખોમાં શ્રદ્ધાનું સંગીત રેડતા હતા.

[2]

વિદેશી નૌકાને વિદાય થવાના બે પાવા તો વાગી ચૂક્યા હતા. નૌકાનાં યંત્રો ધબકતાં હતાં. સીડી ખેંચાઈ જવાને બહુ ઝાઝી વાર નહોતી. એ વખતે બે માસની અવધ પૂરી કરીને જુવાન નાવિક પોતાના કામચલાઉ લગ્ન-જીવનમાંથી બહાર નીકળતો હતો. સાથે ચુ-ચુ-સેન એને વિદાય દેવા

આવતી હતી.

"બસ, ચુ-ચુ-સેન!" નાવિકે એને અટકાવી: હવે પાછી વળી જા!"

"પાછા ક્યારે આવશો?"

યુવાન થોભી ગયો, જવાબ ગોઠવતાં એને થોડી વાર લાગી. એણે કહ્યું: "પાછાં ચકલાં માળા બાંધશે ને, ત્યારે."

છેલ્લી ચૂમી ઝીલીને ચુ-ચુ-સેન ત્યાં ઊભી રહી. બે-ત્રણ વાર પાછા વળી વળી દર્દભરી નિહાળ નાખતો નાવિક અદૃશ્ય બન્યો ત્યાં સુધી એ ન ખસી. ને જ્યારે નૌકાનો ત્રીજો પાવો સંધ્યાના ભૂખરા ઉજાસને ચીરતો એના કાન પર પડઘાયો, ત્યારે ચુ-ચુ-સેનની આંખો ઝાડમાં પાંદડાં તપાસતી હતી. ફાગણ-ચૈત્રની ઊઘડતી કૌમુદીમાં ચકલીઓના માળા ધીરા ધીરા ચીંચીકારે ગુંજતા હતા.

[3]

"જાગ્યો કે, દુત્તા! નીંદર જ ન મળે કે?" ઓગણીસ વર્ષની માતા આઠ મહિનાના બાળકને પારણામાં નિહાળતી પૂછતી હતી.

"બા-પા-પા-પા!" બાળક હાથપગ આફળતો જીભના ગોટા વાળતો હતો.

"હં-હં!" માનું મોં ભર્યું ભર્યું મલક્યું: "બા-પા! લુચ્ચાને ઝટ ઝટ 'બા-પા' જોવા છે, ખરું કે? પણ હમણાં નહીં, હમણાં નહીં. હજુ રાંડ ચકલીઓ માળા ક્યાં નાખે છે? હજુ તો શિયાળો છે, બચ્ચા! ચકલીઓ થિજાઈને લપાઈ રહી છે. પછી ટાઢ ઊડશે, તડકી નીકળશે, વહાણલાં સોનલવરણાં બનશે, ચકલીઓ ગાતી ગાતી માળા નાખશે ત્યારે 'બાપા' આવશે, સમજ્યો?"

એટલું કહીને માએ બાળકની હડપચી હલાવી: "સમજ્યો કે?"

"બા-બા-પા-પા!" બાળકના મોંમાંથી સનાતન ભાષા સંભળાઈ.

"દુત્તો નહીં તો! જો તો ખરી, ઓળખ્યાપારખ્યા વિના નામે બોલાવવા લાગી પડ્યો! ખબરદાર! ચૂપ! લપાટ મારીશ, જો હવે એને બોલાવશે તો!" માએ નાક પર આંગળી મૂકી; હળવા હાથની લપાટ ચોડી.

ખિલખિલાટ હસી પડતા બાળકના મોંમાંથી જવાબ આવ્યો: ''બા-પા-પા-પા!''

''હત ધુતારા!'' મા હસી પડી: ''આજથી જ બાપની ભેરે થઈ ગયો કે? જોઈ રાખજે. હવે તારે બેન આવશે ને, એટલે અમે ય તમારી બેની સામે બે જણાં થાશું, જોઈ રાખજે તું, પાજી!''

'બા-પા-પા-પા'ના બાલ-સ્વરો છેક ઘરની બહાર જઈ પહોંચતા હતા, અને રસ્તે જતાં લોક એ સાંભળીને એકબીજા સામે મિચકારા કરતાં હતાં.

'ગાલાવેલી છે ગાલાવેલી!' રસ્તા પરની કોઈ કોઈ સ્ત્રીઓ બોલતી હતી: 'વાટ જોઈને બેઠી છે! લેજે હડસેલા! જો પેલો આવવા બેઠો છે તે!'

– અને એ અખૂટ ગિલાનો આનંદ માણતાં જતાં લોકોની પછવાડે ઓગણીસ વર્ષની એકાકિની જનેતાનો કંઠ જાણે કે એવા કોઈક 'હાલા-વાલા'ના સ્વરો લઈને ચાલ્યો જતો હતો: ઠંડા વાયુના સુસવાટા સોંસરા કોઈ આવા અવાજ નીકળતા હતા:

*ધીરા વાજો રે ધીરા વાજો*
*વાહુલિયા હો ધીરા ધીરા વાજો!*
*બાળુડાના બાપુ નથી ઘરમાં,*
*આથડતા એ દૂર દેશાવરમાં*
*લાડકવાયો લોચે છે નીંદરમાં*
*– વાહુલિયા હો ધીરા ધીરા વાજો!*
*વીરા! તમે દેશ દેશે ભટકો,*
*ગોતીને એને દેજો મીઠો ઠપકો,*
*લખ્યો નથી કાગળનો કટકો!*
*વાહુલિયા હો ધીરા ધીરા વાજો!*

– ને પારણાની દોરી હલાવતી માતાનાં પોપચાં નીંદર-ભારે ઢળી પડતાં હતાં. ઝોલાં ખાતી ખાતી એ ગાવું ચાલુ જ રાખતી હતી. નહોતી જાણતી કે જીભ લથડિયાં લ્યે છે:

*સૂતી'તી ત્યાં સ્વામી દીઠા સ્વપ્ને,*
*વહાણે ચડી આવું છું કહેતા મને,*
*વાહુલિયા! વધામણી દઉં તમને –*
*– વાહુલિયા હો ધીરા ધીરા વાજો!*

પારણામાંથી અર્ધનિદ્રિત સ્વરો આવે છે: બા-પા-પા-.

"હાં સૂઈ જા, જો; બાપા આવે છે હો કે! આંખો બીડી જા તો! કેટલાં બધાં વહાણો લઈને બાપા દરિયામાં ચાલ્યા આવે છે! ઓહોહો – કંઈક વહાણ – ઓ ચાલ્યાં આવે:

*વીરા! તમે મધદરિયે જાજો,*
*વાલાજીના સઢની દોરી સ્હાજો,*
*આકળિયા નવ રે જરી થાજો,*
*– વાહુલિયા હો ધીરા ધીરા વાજો!*

"બા-પાં-પા-પા."

"હા, જો દરિયાની લેર્યોને હું વીનવું છું હો કે! સાગરની લેર્યો હો! બેનડીઓ હો! ભાઈલાના બાપાને રક્ષા કરીને લાવજો –

*બેન્યો મારી, લેર્યો સમુદરની*
*હળવે હાથે હીંચોળો નાવડલી,*
*હીંચોળે જેવી બેટાને માવડલી –*
*– વાહુલિયા હો ધીરા ધીરા વાજો!*

"બા-પા-પા-પા-પા!"

"હાં સૂઈ જા! બાપા આવશે. આપણે ઊંઘી ગયાં હશું તો જ આવશે. છાનામાના આવશે. જાગતાં રહીશું તો નહીં આવે હો! સૂઈ જા! ક્યારે આવશે, ખબર છે? પાછલી રાતે આવશે:

*પાછલી રાતે આંખો મળેલી હશે*
*ધીરી ધીરી સાંકળ રણઝણશે.*
*બેમાં પે'લી કોને બચી ભરશે?*
*– વાહુલિયા હો ધીરા ધીરા વાજો!**

"પહેલી બચી કોને ભરશે? મને કે તને? બોલ જોઉં! નહીં કહે! મને નહીં કહે? કહે તો એક વાર –"

નિદ્રાધીન બાળકના પારણા પાસે મા પણ ઢળી પડી.

[4]

"અમે તને ઘેર તેડી જવા આવ્યાં છીએ. હવે તું કોની રાહ જોઈને બેઠી છે?"

"દાદાજી, મને ન તેડી જાઓ. એ આવશે."

"શું કપાળ તારું આવશે? બે વર્ષો ચાલ્યાં ગયાં છતાં યે હજુ તારું 'આવશે! આવશે!'નું ગાણું અટકતું નથી?"

ભવાં ચડાવીને ઊકળતા શબ્દો કાઢનાર એ વૃદ્ધ તરફથી વળીને ચુ-ચુ-સેને પોતાની વિધવા માતા તરફ જોયું.

"ત્યાં શું જુએ છે?" વૃદ્ધ બરાડ્યો: "અહીં જો. સાંભળ. એ નહીં આવે."

"પણ એણે મારી જોડે લગ્ન કર્યાં છે. એણે મને કહ્યું છે, કે એના દેશમાં તો 'મૃત્યુ સુધી હું તને પાળીશ, ચાહીશ ને રક્ષીશ' એવી રીતે પ્રતિજ્ઞાથી પરણાય છે."

"પાગલ છોકરી! એના દેશની વાત ભૂલી જા. તમારાં લગ્ન તો આપણા દેશના કાયદા મુજબ કરેલાં હતાં. બે માસનાં કામચલાઉ લગ્ન હતાં એ."

ચુ-ચુ-સેન થોડી વાર થંભી ગઈ. પછી એ બોલી: "છતાં એ કહીને ગયો છે કે હું આવીશ. એ કંઈ જૂઠું કહે!"

"કપાળ તારું! ખેર, તું તારે ફાવે તેમ કર. પરંતુ તારી બેવકૂફીનો ભોગ આ છોકરો શા માટે થાય? અમે છોકરાને લઈ જઈએ છીએ." એમ કહીને વૃદ્ધે ત્યાં બેઠેલ બે વર્ષના બાળક ઉપર હાથ મૂક્યો.

"નહીં, કદી નહીં!" માતાએ છાતીફાટ ચીસ પાડી: "નહીં લઈ જવા દઉં. હું, આ ઘર, આ છોકરો – બધાં એનાં જ છીએ. અમે કોઈ નહીં આવીએ. ન સતાવો. અમને એની વાટ જોવા દો, ઓ દાદાજી! ઓ બા!

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪



અમને ગરીબને ન સંતાપો. અમે તમારું શું બગાડ્યું છે? અમારો માળો ન વીંખી નાખો."

"સારું! પડો ઊંડા દરિયામાં. ઊઠો આપણે સહુ." કહેતો વૃદ્ધ પુરુષ ઊભો થયો. ચુ-ચુ-સેનની મા, એનાં ભાંડુ વગેરે સમસ્ત કુટુંબ ઊઠ્યું. વૃદ્ધે સહુને સંભળાવ્યું: "આજથી આ છોકરી મૂએલી માનજો સહુ."

એક પછી એક સ્વજન નીચે માથે ત્યાંથી વિદાય થઈ ગયું, ચુ-ચુ-સેનના હાથ પોતાની માને પકડવા માટે જરીક લંબાયા, પાછા ખેંચાઈ ગયા. થોડી વારે જ્યારે એની એકધ્યાન નિઃસ્તબ્ધતા તૂટી ત્યારે એણે જોયું કે આખા સંસારમાં હવે એ બે જણાં રહ્યાં હતાં ને ત્રીજી એક ઘરની ચાકરડી હતી.

278970

બાળક અને ચાકરડી, બેઉ એની સામે તાકી ઊભાં હતાં.

"મને એક વિચાર આવે છે." ચુ-ચુ-સેન આંખોની પાંપણો મટમટાવતી બોલી; પોતે જાણે કોઈ મહાન શોધ કરી નાખી હોય તેમ એ બોલી: "એ કહી ગયા છે કે ચકલાં માળા નાખશે તે વેળાએ પાછો આવીશ. એ જૂઠું ન કહે. કદાચ એના દેશનાં ચકલાં આપણા દેશનાં ચકલાંની પેઠે વરસોવરસ માળા નહીં ઘાલતાં હોય તો?"

"હા, બા, એ વાત સાચી હો! એ વિચારવાનું તો આપણે છેક ભૂલી જ ગયેલાં." દાસીએ સૂર પુરાવ્યો.

"હં-હં-હં-હં!" ચુ-ચુ-સેન પણ હસી, "કેવાં પણ આપણે ય તે! ખરી વાત જ ભૂલી ગયાં ને મનમાં મનમાં હું ય કેવી કૂડી શંકા કરવા લાગી'તી! હં-હં-હં-હં!" ફરી વાર એ હસી.

"ત્યારે હવે શું કરવું, બા? આપણે શી રીતે નક્કી કરશું કે એના દેશમાં ચકલાં ક્યારે માળા નાખે છે?"

"આપણે કોઈક ડાહ્યાં માણસોને પૂછી જોઈએ. જો તો, આપણે કેવાં ઉતાવળાં બની ગયાં! કેવાં અધીરાં! આપણા મનમાં કેવો પાપી વિચાર આવવા લાગેલો! એ કદી જૂઠું કહીને જાય જ નહીં."

આ નવી શોધના હર્ષ-ઉમળકામાં માએ બાળકને તેડી લીધો.

[5]

"સાહેબ! એ બાઈ કહે છે કે એનું નામ મિસિસ ... છે અને એના પતિ આપણા દેશબંધુ છે."

"અંદર આવવા દો."

પરાયા દેશની અંદર પોતાના વતનની એક સન્નારીને મળવા આવતી જાણી, એનું સ્વાગત કરવા માટે એ વિદેશી એલચી ખુરશી પરથી ઊભો થયો. પરંતુ બારણું ઊઘડતાંની વારે જ એણે જે સ્ત્રીને દીઠી તેનાં દર્શન માત્રથી જ એ વિદેશી હાકેમનો નારી-સન્માનનો ઉમળકો પાછો વળ્યો.

"સલામ, સલામ એલચી સાહેબ!" કહેતી હસતી ચુ-ચુ-સેન હાથમાં એક હળવા પંખાના છટાદાર ફરફરાટ સાથે અંદર આવી; અને પરદેશી એલચી કશું પૂછે તે પહેલાં એણે પોતાની ઓળખ આપી: "હું ... મિસિસ ..."

પરદેશી પ્રતિનિધિએ આ ધૃષ્ટ સ્ત્રીને માથાથી પગ સુધી નિહાળી. ક્ષણમાત્રમાં એણે આ સ્ત્રીના દિદાર પોશાક પરથી પારખી લીધું કે 'મિસિસ...' નો અર્થ શો હોઈ શકે. ભ્રમિત દેખાતી વારાંગ-વનિતા પ્રત્યે એને કરુણા ઊપજી. એણે પૂછ્યું:

"તમારે શું જોઈએ છે?"

"હેં એલચી સાહેબ!" ચુ-ચુ-સેને પૂછ્યું: "તમે તો મોટા માણસ છો. ઘણા વિદ્વાન છો. તમે પક્ષીઓ વિશે તો બધી વાતો જાણતા જ હશો, નહીં?"

વિદેશીના તિરસ્કાર અને અનુકમ્પાથી રંગાયેલા ભાવમાં વિસ્મયની માત્રા ઉમેરાતી હતી. એણે પૂછ્યું: "કેમ? તમારે અહીં પક્ષીઓ વિશે પૂછવાનું શું પ્રયોજન પડ્યું છે?"

"હું પૂછું, કે તમારા દેશની અંદર ચકલાં માળા ક્યારે નાખે?"

વિદેશીનો અચંબો વધ્યો. કંઈક ગમત પડવા લાગી. પૂછ્યું: "એ વાત શા માટે પૂછો છો?"

"એ તો એમ બન્યું છે સાહેબ, કે આ બાળકના બાપુ જ્યારે અહીંથી

તમારે દેશ ગયા, ત્યારે કહેતા ગયા છે કે ચકલાં પાછાં માળા ઘાલશે ત્યારે હું આવી પહોંચીશ; હવે એમના ગયા પછી અહીંનાં ચકલાંએ તો બબ્બે વાર માળા ઘાલી નાખ્યા, તો પણ એ આવ્યા નહીં. ને એ જૂઠું તો બોલે જ કેમ? તમારા દેશના માનવી કંઈ આવું જૂઠું બોલે કદી? ત્યારે કેમ ન આવ્યા? તમારા દેશમાં...''

''બાઈ!'' પરદેશી એલચીએ આ સ્ત્રીની મીઠી ભ્રમણાને ભાંગવાની હામ ન ભીડી: ''તમારી કલ્પના સાચી છે. અમારા દેશમાં તો ચકલાં ત્રણ-ત્રણ વર્ષે માળા નાખે છે.''

''બસ, બસ.'' ચુ-ચુ-સેનની આંખો હર્ષાશ્રુમાં ના'વા લાગી: ''હવે મને સમજાયું. ઘણી મોટી મહેરબાની થઈ તમારી, એલચી સાહેબ! ઘણો અહેસાન તમારો.''

ઝૂકી ઝૂકી નમન કરી જ્યારે ચુ-ચુ-સેન દીકરાને ચૂમીઓ કરતી, નાનો પંખો ફરફરાવતી ને દુપટ્ટાના છેડા ઝુલાવતી ઑફિસની બહાર ચાલી ગઈ, ત્યારે વિદેશી એલચી ધરતી સાથે જડાઈ ગયા જેવો થંભી ગયો હતો. તિરસ્કાર, મશ્કરી અને વિસ્મયને બદલે એની આંખોમાં અનુકમ્પા ગળતી હતી.

[6]

ફરી એક વાર સાગર-સુંદરીના સાળુના સળ લહેરે ચડ્યા હતા. ફરી એક વાર આથમતો સૂર્ય એ સાળુ ઉપર ટીબકીઓ ચોડતો હતો. સાત નૌકાઓનું એ-નું એ જૂથ ઝૂલણ-ગતિએ ચાલ્યું આવતું હતું.

''દાસી! જો આવ્યાં, વહાણ આવ્યાં, એનાં વહાણ આવ્યાં.'' એવા હર્ષોદ્ગાર મચાવતી ચુ-ચુ-સેન ઘેલી થઈને ઘરમાં દોડાદોડ કરવા લાગી. બારીનાં બારણાં એણે ઉઘાડાં ફટાક મૂકી દીધાં. દીકરાને તેડીને બારી પર ઊભો રાખ્યો: ''જો આવે, જો બાપુ આવે, જો એના વહાણના વાવટા દેખાય.'' એવું કહીને અઢી વર્ષના કીકાને દરિયા પરનો કાફલો દેખાડવા લાગી.

પાછી એ ઘરમાં દોડી: ''દાસી, જા ઝટ, તું ફૂલોના હાર, સુગંધી

ચૂવા, આસમાની બત્તીઓ, જેટલી બને તેટલી સામગ્રી લઈ આવ. એ હમણાં જ અહીં આવીને ઊભા રહેશે. એના સ્વાગતની તો કશી જ તૈયારી ઘરમાં નથી. તું જલદી જા."

દાસી પણ ઘરમાં આગળપાછળ બેચાર આંટા મારીને શૂન્ય ચહેરે ઊભી રહી.

"કેમ ઊભી છે?"

"પૈસા?"

"ઓ... હો!" ચુ-ચુ-સેનને યાદ આવ્યું: "પૈસા નથી? કેટલા છે? ઠીક ત્યારે જા, ફક્ત અગરબત્તી જ લઈ આવ. જલદી લઈને આવ. એ હમણાં જ અહીં આવી પહોંચશે. એકલો ધૂપ જ કરશું."

પરદેશી જતી વેળા પોતાના કામચલાઉ લગ્નની જે રકમ ચૂકવી ગયો હતો, તેમાંથી ત્રણ વર્ષનું ગુજરાન ચલાવ્યા પછી તે દિવસે સિલિકમાં ફક્ત ધૂપસળીઓ ખરીદવા જેટલા જ પૈસા રહ્યા હતા.

પછી તો એક બાજુ પોતે, બીજી બાજુ દાસી, ને વચ્ચે બાળક એમ ગોઠવાઈને ત્રણેય જણાં બારી ઉપર ઊભાં રહ્યાં. ચંદ્ર ઊગ્યો. સમુદ્ર જાણે ડોલર ફૂલોનો ભર્યો ભર્યો થાળ બની ગયો.

ચંદ્ર પણ આખરે આથમ્યો. પરોડિયું થયું ત્યારે બાળક અને દાસી ત્યાં બારી પાસે જ ઢળી પડ્યાં હતાં. ઊભી હતી એક ચુ-ચુ-સેન, સાગરના થાળમાંથી ડોલરના ફૂલહાર ખલાસ થયા અને પ્રભાતના પારિજાતકની છાબ છલકી, ત્યાં સુધી એ ઊભી જ રહી.

બાળકે જાગીને પૂછ્યું: "બાપુ ક્યાં?"

[7]

"દાસી!" તે દિવસના સંધ્યાકાળે પછી ચુ-ચુ-સેન ઘરમાં દોડી. છોકરાને ઉપાડ્યો. "દાસી, એ આવે છે. આવ્યા. તું કીકાને લઈને પાછળના ચોગાનમાં ચાલી જા. હમણાં આપણે એને કીકો દેખાડવો નથી. પછી અમે બેઉ બેઠાં હોઈએ, ને ત્યારે તું કીકાને લાવજે. એમના ખોળામાં જ બેસે હો! એ ચકિત થઈ જશે."

એમ કહેતી, કીકાને દાસી સાથે બહાર ધકેલી, ચુ-ચુ-સેન દ્વાર પર આવી. અને રિક્ષા-ગાડીના ઘૂઘરા સ્તબ્ધ બન્યા કે તરત જ એણે કાચનાં દ્વાર બેઉ દિશામાં ધકેલી દીધાં. ઉંબર પર હાથ પહોળા કરીને એ ઊભી રહી.

પરદેશી આવ્યો. એનાં પગલાંમાં પ્રાણ નહોતો.

"આટલાં બધાં વર્ષો! શું ચકલાંએ ત્યાં માળા નાખ્યા?"

એટલું બોલતી ચુ-ચુ-સેને એના હાથ ઝાલી લીધા.

"હું – હું વિદાય માગવા આવ્યો છું..." યુવાને ઉંબરની બહાર જ ઊભા રહી કહ્યું.

"કેમ? ગમત માંડી?" એટલું બોલ્યા પછી ચુ-ચુ-સેને મહેમાનની આંખો નિહાળી. પકડેલા હાથ એણે ઢીલા કર્યા. યુવકે પછવાડે ખડકી પર નજર કરી. ચુ-ચુ-સેનની દૃષ્ટિ પણ ખડકી પર ગઈ, રિક્ષામાં એક જણ બેઠું હતું.

"ઓ! એ કોણ છે બીજું?" ચુ-ચુ-સેને હાથ છોડી દઈને પૂછ્યું.

"મારી પરણેલી સ્ત્રી."

"એ...મ! હાં, હાં," એને યાદ આવ્યું: "તમારી પાસે મેં જેની છબી જોઈ હતી તે જ?"

યુવકે ડોકું ધુણાવ્યું.

ચુ-ચુ-સેને પલભર એ સ્ત્રીને અને પલભર આ પુરુષને, એમ વારાફરતી નીરખ્યા જ કર્યું.

પુરુષે થોડી વારે કહ્યું: "મને કહેવામાં આવેલું કે તું તો પછી તારા કુટુંબમાં ચાલી જશે."

"હં-હં!" ચુ-ચુ-સેને એ વાત સમજવા કોશિશ કરી, પછી જાણે સમજ પડી ગઈ હોય તેમ ઉમેર્યું: "ત્યારે તો બરાબર!"

"હું – બહુ – દિલગીર છું." યુવકે ખોંખારી ગળું સાફ કરતાં કહ્યું.

"ના, ના." ચુ-ચુ-સેને સહેજ સ્મિત કર્યું: "ઊલટાની હું તમારી વારંવાર ક્ષમા માગું છું. તમને – તમારી – પરણેલી – પત્ની જોડે – હું

– સુખી – ઇચ્છું છું'–થોથરાતાં થોથરાતાં એણે માંડ માંડ વાક્ય પૂરું કર્યું.

– ને પછી બેઉ કમાડ ખેંચીને ભેગાં કર્યાં.

ઊપડતી રિક્ષાની ટોકરીઓ એને કાને પડી.

અંદર જઈને એણે દાસીને બોલાવી; કહ્યું: "કીકાને હવે દાદાજી પાસે લઈ જા. સોંપી દેજે – મારા વતી સહુની ક્ષમા માગજે."

કમાડની બહાર નીકળ્યો ત્યાં સુધી બાળક પાછો વળી મા સામે જોતો હતો.

મા પીઠ દઈને ઊભી હતી.

એકલી પડી. ઘર બંધ કર્યું. પોતે જેને નિરંતર પૂજતી તે પ્રિય છબીની પાસે ગઈ.

છબીની પાસે એક છૂરી પડી હતી તે ઉપાડી. મ્યાનમાંથી છૂરી બહાર કાઢી. છૂરી ઉપર કોતરેલા શબ્દો વાંચ્યાં: 'કલંકિત જિંદગી કરતાં ઇજ્જતભર્યું મૃત્યુ બહેતર છે.'

શાંતિથી એ છૂરીને એણે ગળામાં પરોવી લીધી. એનું કલેવર તમ્મર ખાઈને જ્યારે ધરતી પર પટકાયું, ત્યારે એ ધબાકો સાંભળવા ત્યાં કોઈ હાજર નહોતું.

રિક્ષા-ગાડીના ઘૂઘરા દૂર દૂર રણઝણતા હતા.

# હાસ્ય: પહેલું અને છેલ્લું

બેઉ જણાં હસી પડ્યાં.

આગલી સાંજે જ પરણીને બેઉ આનંદ કરવા નીકળ્યાં હતાં. ધમધમાટ વેગે વહી જતી મોટર-બસને ઉપલે માળે બેઉ બેઠાં હતાં. કેશની લટો અને કપડાંના છેડા પવનની લહેરોમાં ફરકતાં હતાં. બસ-ગાડીની અટારી પરથી આકાશ એ બેઉને આજ એટલું નજીક લાગતું હતું કે તારાઓને તોડી લેવાનું મન થાય. ધરતી તો બહુ નીચે રહી ગઈ હતી. બેઉની બગલમાં જાણે પાંખો ફૂટી ઊઠી હોય ને, એવો લગ્નોન્માદ, એવી તાલાવેલી, એવી આકુલતા અને સુખ-લહેર તેઓનાં માથાંને ધુણાવતાં હતાં. આકાશનાં કોઈ કડાં સાથે બાંધેલ હીંડોળા ઉપર બેઉ ફંગોળાઈ રહ્યાં હતાં.

લગ્નજીવનના એવા પ્રથમ પ્રભાતે બેઉ હસ્યાં, તેઓને ખૂબ લજ્જત પડી. આવું રમૂજી દૃશ્ય તેઓએ આજ સુધી કદી ધીરી ધીરીને દીઠું નહોતું. એક બુઢ્ઢો આદમી રસ્તાની પગથી પર ઊભો હતો, એના ગળામાં એક જબ્બર પાટિયું પહેરેલું હતું. મનુષ્ય-દેહથી બેવડા મોટા એ પાટિયા ઉપર કંઈ કંઈ રંગો પૂરીને કશુંક ચિતરામણ કરેલું હતું. એ ચિતરામણમાં કોઈક શક્તિવર્ધક દવાની જાહેર ખબર ચીતરાયલી હતી. ચોખંડા એ પાટિયાની વચ્ચોવચ પડેલા બાકોરામાંથી આ બુઢ્ઢા મનુષ્યનું ગળા સુધીનું દેખાતું માથું જાણે કે એ જાહેર ખબરને આકર્ષક બનાવવા માટે પૂરતું ન થતું હોય ને, એટલે બુઢ્ઢો પોતાના બેઉ છૂટા હાથમાં લોઢાના ત્રણ ગોળા ઉછાળીને લોકોને પોતાના તરફ ખેંચી રહ્યો હતો. ગોળાના એ કરામતભર્યા ઉછાળને કારણે બુઢ્ઢાના કંઠમાં પરોવેલી જાહેર ખબર વધુ વંચાતી હતી. એ બુઢ્ઢો, એ જાહેર ખબરનું પાટિયું, ત્રણ ગોળા, બધાંની મેળવણીમાંથી કેવું હાસ્ય ઊભું થતું હતું!

બેઉ જુવાનિયાંને આ વિચિત્ર માનવ-તમાશો જોઈને ખૂબ હસવું આવ્યું. ભારી રમૂજ થઈ. આવા બેકાર ડોસાને પોતાની જાહેર ખબરનો તમાશો બનાવી દેનાર એ 'શક્તિવર્ધક દવા'ના માલિકની ચતુરાઈ પર બેઉએ આફરીન ઉચ્ચાર્યું: અને સુસવાટા મારતી, ગર્જતી, હુંકાર કરતી એ બસ-ગાડી આગળ ચાલી ગઈ તો પણ પેલો જીવતો તમાશો દેખી શકાયો ત્યાં સુધી વરવહુ વળી વળીને નિહાળતાં રહ્યાં. પુરુષે પત્નીનો હાથ પોતાના હાથમાં લઈને કહ્યું: "શી બેવકૂફી! કેટલી પામર મનોદશા! પૈસા રળવા ખાતર એ બુઢ્ઢાએ કેવો બેહૂદો વેશ પહેર્યો છે!"

"શું બીજા ધંધા નથી મળતા તે આમ પોતાની જાતને માણસ હલકી પાડતાં હશે!" સ્ત્રીએ પુરુષનું અનુકરણ કર્યું.

"અરે ધંધા ન મળતા હોય તો માણસે મરી જવું પસંદ કરવું જોઈએ, પણ પોતાના મનુષ્યાવતારની આવી હાંસી! આવી હીનતા!"

– ને એ હીનતાનું દશ્ય વટાવીને ગાડી બાગ-બગીચાના હરિયાળા રાજમાર્ગો પર નીકળી ગઈ હતી. વર-વહુ આકાશના તારા તોડતાં માનવ-જીવનની પ્રથમ પહેલી મોજ માણતાં હતાં. વાયુ એની ઝુલ્ફો સાથે ગેલ કરતો હતો. પૃથ્વી તો એ બેઉથી ક્યાંની ક્યાં ય નીચી રહી ગઈ હતી.

રાત્રિએ બેઉ જણાં એકબીજાના ખોળામાં ઢળી પડ્યાં ત્યારે ય તેઓને એ પાટિયાવાળો ડોસો યાદ આવ્યો ને હસી પડાયું. એ સુખરાત્રિને જાણે કે પ્રભાત ફૂટવાનું જ નહોતું.

જુવાન એક આલેશાન ઑફિસમાં નોકરી કરતો હતો. મોતીના દાણા જેવા અક્ષરો હતા. આંકડા ગણવામાં એ એક્કો હતો. એના કામમાં ક્યાંયે કદી ચૂક પડતી નહીં. દર મહિને નિયમિત મળતા જતા પગાર ઉપર એનો વિશ્વાસ વિશ્વનિયંતાના વહીવટ પરના વિશ્વાસ જેટલો જ અચળ હતો. અગિયાર બજવામાં એક સેકન્ડ બાકી રહે ત્યાં સુધી મગદૂર ન હતી કોઈની કે એને એના ઑફિસના કામ સંબંધી એક પ્રશ્ન પણ કરી શકે. અને સાંજના છના ટકોરા પડ્યા પછી ટેબલ પરનું પત્રક એક જ ખાતું પૂરવાને વાંકે પણ બીજા દિવસ પર મુલતવી રહેતું હોય તો તે રાખીને પણ એ ખડો થઈ ચાલ્યો

જતો. છને ટકોરે નવવધૂ એની વાટ જોઈને ઑફિસના દરવાજા પર ઊભી રહેતી. બેપરવાઈથી બેઉ જણાં બગીચામાં લટાર મારવા, અથવા તો નવા ઘરને શણગારવાની ઘરવખરી ખરીદવા માટે બજારમાં નીકળી પડતાં.

[2]

ધીરે ધીરે આ સ્વમાની યુવાનને ખબર પડવા લાગી કે જીવનની અંદરથી 11 થી 6 બજ્યા સુધીના મુકરર કલાકો જેવું, મહિને મહિને પહેલી તારીખે ચૂકવાતા દરમાયા જેવું, બીજું પણ એક અક્કડ તત્ત્વ એને જકડીને બેઠેલું છે: પોતાના જેવા 100-200 કારકુનોની એક આખી ઘટમાળ ચાલી રહી છે: પોતે પણ એ ઘટમાળનો જ એક ઘડો છે: એ હંમેશના ચક્કરમાં પોતાને પણ એક મુકરર જ સ્થાન છે: પોતાની આગળ અને પાછળ બીજા અનેક જુવાન ઊભા છે: પોતાના પગારમાં પાંચ રૂપિયાનો પણ વધારો મળવાની કોઈ સંભાવના નથી: પોતાની કાર્ય-પ્રવીણતાની ખાસ કોઈ અલાયદી કિંમત કે કદર નથી: સર્વ ક્લાર્કો પોતપોતાને સ્થાને અવિચળ છે: તાત્કાલિક કોઈ ઉપલી શ્રેણીનો મહેતો ગુજરી જાય કે માંદો પડે તેવો કોઈ સંજોગ નથી: અને પોતાને જો ચાલુ પગારે રહેવું ન પરવડતું હોય તો બીજા પાંચસો જુવાનો આટલા પગાર માટે એ ચક્કરમાં જોડાવા તૈયાર છે!

આ જ્ઞાન એને કોણે કરાવ્યું? ચારેક મહિનાનાં ચડત બિલો લઈને નાણાંની ઉઘરાણીએ આવનારા કાપડિયાએ, દાણાવાળાએ, ઘાંચીએ, મોચીએ, ધોબીએ અને હજામે.

'પૂરું થતું નથી; પગાર વધારી આપો: મેં હવે સંસાર માંડ્યો છે' એવી માગણી લઈને એક દિવસ સાંજે જ્યારે એ મૅનેજરના ટેબલ સામે જઈ ઊભો રહ્યો, ત્યારે એને જવાબ મળ્યો કે 'બીજે ઠેકાણે વધુ મળતું હોય તો શોધી લો! સંસાર માંડ્યો તેનું તો શું થાય? અમે કંઈ તમને તમારો સંસાર ચલાવી દેવાનું ખત નથી કરી આપ્યું: ઉતાવળ નહોતી કરવી'.

તે દિવસના છ ટકોરા એના માથા પર છ હથોડા જેવા પડ્યા. તે છ બજ્યે જ્યારે સર્વ મહેતાજીઓને એણે પોતાની બાજુમાં જ ઊભીને નળ

ઉપર હાથ-મોં ધોતા દીઠા, ત્યારે એ દરેકને એણે દુશ્મન માન્યો. એ તમામના હાસ્યવિનોદમાં એણે પોતાના ગૃહસંસારની ઠેકડી થતી કલ્પી લીધી. એ બધા જાણે પોતાની થાળીમાંથી રોટલી ઝૂંટવી લેતા હોય એવું એને ભાસ્યું. પોતાની આસપાસ આટલી બધી ભીડાભીડ છે એ ખબર એને તે સંધ્યાએ પહેલવહેલી પડી.

[3]

"આ કબાટની ચાવી ક્યાં મૂકી છે?" ઘેર આવીને એક દિવસ એણે પત્નીને પૂછ્યું: એ પ્રશ્નમાંથી નવસંસારની મીઠાશ ઊડી ગઈ હતી. સ્ત્રી ચાવી શોધવા લાગી. 'ક્યાંક ડાબે હાથે મુકાઈ ગઈ છે એટલે સાંભરતું નથી' એવી રમૂજ કરતી એ ખૂણાખાંચરા પર હાથ ફેરવતી હતી. પણ પતિને એવી રમૂજો હવે અણગમતી થતી જતી હતી.

ચાવી શોધીને એણે પતિને આપી. પતિનું મોં ચડેલું ભાળીને પોતે એક બાજુ ઊભી રહી. કબાટ ઉઘાડીને પતિએ સ્ત્રી ઊભેલી તે બાજુનું બારણું જોરથી – દાઝથી ખોલી નાખ્યું. પત્નીના લમણા ઉપર અફળાઈને બારણાએ ઈજા કરી. જાણે પતિએ તમાચો ચોડી દીધો. ખસિયાણી પડીને એ ઊભી રહી.

"આમાંથી પૈસા ક્યાં ગયા?" પતિએ પૂછ્યું.

"એ તો આપણે તે દિવસે કાપડવાળાને ચૂકવવામાં –"

"મને એ ખબર નથી."

આ સવાલોમાં પતિનો ઇરાદો સ્ત્રીનું લેશ પણ અપમાન કરવાનો નહોતો. એને પત્ની ઉપર કશો સંદેહ પણ નહોતો. પોતે શું પૂછી રહ્યો છે એનું પણ તેને ભાન નહોતું. અકળામણથી ઠાંસીને ભરેલા એના મગજનો આ કેવળ ઉદ્દેશહીન પ્રલાપ જ હતો. જગત પરની ચીડ ક્યાંઈક કોઈકની ઉપર અને કોઈ પણ હિસાબે ઠાલવી નાખવી પડે છે. ઘણાખરા પતિઓને એ કાર્ય સારુ ઘર જેવું કોઈ બીજું અનુકૂળ સ્થળ નથી હોતું અને પરણેલી સ્ત્રી જેવું કોઈ લાયક પાત્ર નથી હોતું.

બાઘા જેવી બનીને ચૂપ ઊભેલી પત્ની આ માણસને વધુ ને વધુ

ચીડનું કારણ બની ગઈ. પોતાની અત્યારની આર્થિક સંકડામણનું નિમિત્ત પોતાનું લગ્નજીવન છે, એટલે કે લગ્ન છે, એટલે કે આ સ્ત્રી પોતે જ છે, એવી વિચાર-કડીઓ એના મનમાં જોડાતી થઈ. ઉગ્ર બનીને એ થાકેલો અકળાયેલો પાછો કપડાં પહેરવા લાગ્યો.

"ક્યાં ચાલ્યા?" ગરીબડે મોંએ પત્નીએ પૂછ્યું.

"જહન્નમમાં! એ બધી જ પંચાત?"

એટલું કહીને પુરુષ બહાર નીકળ્યો. સ્ત્રી અંદરથી બારી ઉપર આવી ઊભી, ચાલ્યા જતા પતિને એણે આટલું જ કહ્યું: "આમ તો જુઓ!"

પુરુષે એક વાર બારી પર દૃષ્ટિ નાખી. સ્ત્રી કશું બોલી તો નહીં, પણ એનો દેહ જાણે કે બોલતો હતો: 'તમે એકને નહીં પણ બે જીવને મૂકીને જાઓ છો, યાદ છે?'

પુરુષને સમજ પડી. સ્ત્રીની આંખોની કીકીઓમાંથી, છાતીમાંથી, થોડી થોડી દેખાઈ જતી કમ્મરની ભરાયલી બાજુઓમાંથી કોઈક યાત્રી એમને ઘેર નવ મહિનાની મજલ કરતો ચાલ્યો આવતો હતો.

બેઉનાં મોં સામસામાં સ્થિર બનીને મલકી રહ્યાં. માતૃ-દેહના રોમ રોમ રૂપી અનંત કેડીઓ પર થઈને જાણે એક બાલ-અતિથિ દોડ્યું આવતું હતું. એના મોંમાંથી "બા, બાપુ!' 'બા, બાપુ!' એવા જાણે અવાજ ઊઠતા હતા. એની કંકુ-પગલીઓ પડતી આવતી હતી. પતિ પાછો ઘરમાં ગયો. એણે પત્નીને અનંત મૃદુતા અને વહાલપથી પંપાળી. એના માથાની લટો સરખી કરી. પોતે શોષ્યું હતું તેનાથી સાતગણું લોહી પાછું ચૂકવવા મથતો હોય એવી આળપંપાળ કરવા લાગ્યો. પોતે જાતે ચહા કરીને પત્નીને પાઈ. ફરી એક વાર જગતની ભીડાભીડ ભુલાઈ ગઈ. ઑફિસના મહેતાઓ ફરી પાછા એને પોતાના જેવા જ નિર્દોષ મિત્રો દેખાવા લાગ્યા. લેણદારોની પતાવટ એ બીજા નવા લેણદારો નિપજાવીને કરવા લાગ્યો. લૉટરીમાં ઈનામનો ખળકો આવી જવાની તકદીર-યારીમાં આસ્થા ધરાવનાર કોઈ નિર્ધનની પેઠે આ જુવાનને પણ કોણ જાણે શાથી શ્રદ્ધા આવી કે પત્નીને બાળક અવતરવાથી ભાગ્યચક્રનો આંટો ફરી જશે! અથવા કોઈક ચમત્કાર

અવશ્ય બની જશે.

[4]

પ્રસૂતિ આવી ગઈ. નમણા ચહેરાવાળો પુત્ર મોટો થઈને રમવા લાગ્યો. પરંતુ ચમત્કારના કોઈ પણ અદ્ભુતરંગી કલ્પનાજગતથી નિરાળું એવું આ કઠોર જગત તો ફરી વાર પાછું એની સમક્ષ એવે ને એવે સ્વરૂપે ખડું થઈ ગયું. થોડા દિવસો સુધી રવિવારે રવિવારે એ ત્રણેય જણાંએ દરિયાની રેતીમાં છત્રી ખોડીને છાંયો કર્યો, ભરતીનાં પાણીમાં નહાયાંધોયાં, રેતીમાં કૂબા અને ઘોલકી બાંધી બાળ રિઝાવ્યું, ભેળું બાંધી ગયેલાં તે ભાથું જમ્યાં. પણ દરિયાને કાંઠેથી રવિવારની ઉજાણી પૂરી કરીને પાછાં પૃથ્વીમાં પ્રવેશ્યાં ત્યારે પાછી ભીડાભીડ શરૂ થઈ ગઈ. લગ્ન પછીનાં ચાર વર્ષે ઘરની વસ્તીમાં ત્રણ માનવી માતાં નહોતાં, કેમકે ઑફિસમાં 11 થી 6 બજાવનાર ઘડિયાળના કાંટાની માફક પગારપત્રક પણ પ્રત્યેક માસે વિધિના નિયમ જેવું અટલ ને અચલ હતું. ધીમે ધીમે એના ટેબલ પર દરેક દિવસનાં બાકી રહી જતાં કાગળિયાંનો ઢગલો મોટો મોટો થતો જતો હતો. કામમાં થતી ગફલત માટે એક-બે વાર સહેજ એનું ધ્યાન પણ ખેંચવામાં આવ્યું હતું.

શહેરની અંદર જ સ્ત્રીના ભાઈઓની એક ધીકતી પેઢી હતી. બહેનની ભાળ લેવા આવતા ભાઈઓ ઘરની દિનપ્રતિદિન વધતી કંગાલિયત જોઈ શકતા. બનેવી કારકુનીના ધંધામાં પડ્યો રહે છે એ બાબતનો તેઓ અફસોસ કરતા.

*

પિતા રેલગાડીના પુલ ઉપર ધસ્યો જતો હતો. એનાં પગલાંમાં જીવન છૂંદી નાખવાનો નિશ્ચય હતો. એ પછવાડે જોતો નહોતો.

પાંચ વર્ષનો બાળક બાપુની પાછળ પાછળ દોડતો હતો. દોડવા છતાં પણ બાપુને એ આંબી શકતો નહોતો. બાપુનું મોં એને દેખાતું નહોતું. પિતાનાં મરણિયાં પગલાં અને અબોલ અક્કડ બરડો બાળકના હૃદયમાં ઊંડો ભય પેદા કરી રહ્યાં હતાં.

"બાપુ! બાપુ! બાપુ!" બાળક પોકારતો હતો. પોકારતો પોકારતો

દોડતો હતો.

પિતાએ પાછળ જોયું નહીં.

"બાપુ, ઊભા રહો! બાપુ, જરીક ઊભા રહો!" બાળક વીનવતો હતો.

– અને દૂર દૂર ચાલી આવતી આગગાડીના આઘાતો પુલ પરના પાટાને થરથરાવી રહ્યા હતા.

"બાપુ! બાપુ! બાપુ" કરતો બાળક પિતાને આંબી ગયો, ધસ્યા જતા પિતાના હાથ ઝાલી પૂછવા લાગ્યો: "બાપુ, તમને શું થયું?"

પિતા હાથ તરછોડી નાખે છે, ને ઊપડતે પગલે પુલ પર પહોંચવા ધસે છે.

"બાપુ!" બાળકે ફરી વાર પિતાનો હાથ ઝાલ્યો: "મને કહો તો ખરા! તમને બા વઢી? શું વઢી બા?"

રેલગાડીની સીટી સંભળાઈ.

"બાપુ, બા તમને શું વઢી? બા તમને બહુ વઢે છે, હેં બાપુ?"

કરગરતી પુત્રની ડોક બાપુ સામે જોવા સારુ મથતી ઊંચી ને ઊંચી રહી હતી. કોઈક બકરીનું બાળ જાણે ઊંચા આંબાની ડાળનો કોળાંબો વાળવા મથતું હતું.

"બાપુ, તમને શું બા રોજ રોજ બહુ વઢ્યા કરે છે?"

બાળકના એ શબ્દોએ પિતાના મોંને એક વાર નીચું નમાવ્યું. પિતા બાળક સામે જોઈ રહ્યો.

"બાપુ, ચાલો પાછા. હવે બા નહીં વઢે. હું બાને કહીશ કે બા! બાપુને હવે વઢશો તો હું ને બાપુ ભાગી જશું."

બાપે બાળકને તેડી લીધો, છાતીએ ચાંપ્યો; અને આગગાડીનું એન્જિન કોઈ રાક્ષસી રોષથી પ્રજ્જ્વલિત નેત્રે આ બાપ-બેટાની સામે જોતું, એની બાજુમાંથી ભૂકમ્પોના આંચકા દેતું પસાર થઈ ગયું.

[5]

કુદરતે ચમત્કાર કર્યો હતો, ઑફિસના પગારપત્રકનો અવિચલિત

આંક ફેરવવાનો નહીં, પણ કારકુની કરતા મુફલિસ એ જુવાનને એક બીજું સંતાન બક્ષિસ કરવાનો. અઢી-ત્રણ વર્ષનું તો એ પણ થઈ ગયું હતું. મા તાણીખેંચીને સહુનાં પેટ પૂરતી હતી. નાના નાના કજિયા પ્રજ્જ્વલતા હતા અને પાછા આ બાળકની બાલ-ક્રીડાના શીતળ વાતાવરણમાં ઓલવાઈ પણ જતા હતા. સ્ત્રી પોતાના ભાઈઓ પાસેથી છૂપી સહાય મગાવી લેતી હતી ને ઘરવ્યવહાર ચલાવ્યે જતી.

દિવાળીનો તહેવાર આવ્યો. ઘરની બારીમાં ઊભાં રહીને બેઉ બાળકો બાપુની વાટ જોતાં હતાં. ટ્રામો, મોટરગાડીઓ, ઘોડાગાડીઓ, બાઈસિકલો અને લોકોનાં ટોળેટોળાં, એ તમામની ભીડાભીડમાં થઈને માર્ગ કરતો પિતા આવતો દેખાયો.. ફટાકડા, રમકડાં, મીઠાઈનો ટોપલો, નવાં કપડાંનું પોટકું, એવી એવી ચીજોથી લાદેલો માનવ-ખટારો જાણે ચાલ્યો આવતો હતો. ભીડાભીડમાં એ અથડાતો હતો. મોટરનાં ભૂંગળાં એની કારકુનગીરી ઉપર ભયાનક હાસ્ય કરતાં હતાં. પગપાળા ચાલનારાઓ હમેશાં જગતની ગતિને વિઘ્નરૂપ છે એ વાતનું વારંવાર ઉગ્ર સ્મરણ કરાવતી આ મોટરોનો અંત નહોતો.

"બાપુ! એ બાપુ!" ઊંચી બારીમાંથી નાના બાળકે અવાજ દીધો.

મોટરની દોડતી દીવાલ આડેથી બાપુએ હાથ ઊંચા કર્યા.

પણ નાના બાળકને ફટાકડા ફોડવાથી અધીરાઈ આવી હતી. એણે બાપુની સામે દોટ દીધી. 'એ બા...પ...' એટલો શબ્દ એના મોંમાં અધૂરો હતો, ત્યાં એક મોટરગાડી એને ઝપટમાં લઈને ચગદી ચાલી ગઈ. અધૂરા ઉચ્ચારમાં હજુ હ્રસ્વ 'ઉ' ઉમેરવાનું બાકી જ હોય એ રીતે એ બે સુંવાળા હોઠ અધ-ઉઘાડા રહી ગયા હતા.

ત્યાં પણ ટોળું હાજર હતું. લોકોની ઠઠ કેવળ ઑફિસમાં જ હતી એમ નહોતું. પિતા બાળકના શરીર પાસે પહોંચે તે પહેલાં તો ટોળાએ બાળકને ઘેરી લીધો હતો. જોઈ જોઈ, કોઈ અરેરાટ કરી, કોઈ ઇસ્પિતાલે લઈ જવાનું કહી, કોઈ મોટરમાં બેઠેલાં બૈરાં પોતાની ગાડીને નજીક લાવી, 'પાણી લાવો જલદી!' એવી પરગજુ બૂમ પાડી, કોઈ 'કોનો છોકરો છે?

કેવડોક હશે!' 'એનાં માવતર મૂરખ્યાં અક્કલ વન્યાનાં હશે! આવી ગફલત!' ઇત્યાદિ અભિપ્રાય આપીને સિનેમાનો ટાઇમ થઈ જતો હોવાથી પસાર થયાં. ગયેલાની જગ્યાએ નવાં આવી પુરાયાં. અને એ બધાની ભીડાભીડ ભેદીને કૂંડાળાની અંદર જવા પ્રયત્ન કરતો પિતા એ ટોળાની આંખે કોઈ પાગલ જેવો દેખાયો. પોલીસની મદદથી જખમી બાળક ઘરની ઓરડીમાં પહોંચતું થયું.

*

દાક્તર ભલામણ કરી ગયા છે કે બાળકની પાસે કશો અવાજ કરશો ના. એને શાંતિની, ઊંઘની જરૂર છે. સ્ત્રી-પુરુષ બેઉ એક શબ્દ પણ બોલ્યા વિના, ઇશારતોથી જ કામ લેતાં બેઠાં છે.

છતાં આટલો બધો કોલાહલ ક્યાંથી? આજે ઓચિંતું ભાન આવ્યું કે માર્ગ ઉપર ટોળાનો અવરજવર છે. પિશાચો દાંત કચકચાવતા હોય તેવી રીતે ટ્રામોનાં પૈડાં ઘસાય છે. મોટરગાડીઓ પીધેલા ભેંસાસુરો સમી બરાડી રહી છે. ટોળાનો અનંત કોલાહલ ચગદાઈ રહેલાં બાળકોની ચીસો જેવો ઊઠે છે.

જખમી બાળક ઝબકી ઝબકી પાછો ઘેનમાં પડી જાય છે.

'છી...ત! છી...ઈ...ત!' પિતા બારીએ ઊભીને નાક પર આંગળી મૂકતો જગતને ચૂપ થઈ જવા કહે છે.

'એ...હે...ઈ! ચૂ...પ! છી...ત છી...ત ચૂ...પ! બચ્ચુને સૂવું છે. ચૂ...પ!'

મોંની બન્ને બાજુ બેઉ હાથની આડશ કરીને એ દુનિયાને ધમકાવે છે: 'છી...ત! છી...ત! ચૂપ...પ! થોડી વાર ચૂ...પ! બચ્ચું પીડાય છે. જોતા નથી!'

પણ દુનિયા એનો અવાજ સાંભળતી નથી. એ કઈ બારીમાં ઊભો છે તેનું પણ ટોળાને ધ્યાન નથી.

'અરે એઈ! ચૂ...પ! થોડી વાર ટ્રામને ચૂપ કરો. બચુભાઈને સૂવા તો દો!' પિતા ભવાં ચડાવીને જગતને ધમકાવે છે.

'નહીં માનો કે? ઊભા રહો, ઊતરવા દો મને નીચે!' કહેતો એ

દોટમદોટ ઉઘાડે માથે ને પહેરણભેર નીચે જાય છે. નાક પર આંગળી મૂકી, દોડી આવતી મોટરોને, ટ્રામોને, ગાડીઓને, ટોળાને, તમામને એ 'સી...ત! સી...ત!' એવા ચુપકાર કરતો ગીચ વાહન-વ્યવહાર સોંસરવો દોડી રહ્યો છે. થોડી વાર આ તરફ, તો ઘડી પછી બીજી બાજુ, જ્યાં અવાજ સાંભળે છે ત્યાં એના ડોળા ફાટ્યા રહે છે, ને એનું મોં પોકારે છે: 'ચૂ... પ! ચૂ...પ! ચૂ...પ! બચુભાઈને સૂવું છે. બચુભાઈ બીમાર છે. ચૂ...પ!'

એકાએક એની ગતિ અટકી ગઈ. એને ભાન થયું કે એક કદાવર પોલીસના પંજામાં એનું બાવડું પકડાયું છે.

'તારો બચુભાઈ બીમાર છે તેથી દુનિયા શું ઊભી થઈ રહેશે, નાદાન?' એટલું કહીને પોલીસે એને એ ચીસાચીસ કરતી યાંત્રિક ભૂતાવળમાંથી બહાર લીધો. એના ઘરને દરવાજે ચડાવી દીધો. પણ એ અંદર ગયો ત્યારે બચુભાઈ બાને ખોળે ચિરનિદ્રામાં પોઢ્યો હતો. દુનિયાને 'ચૂપ' કહેવાની જરૂર હવે નહોતી રહી.

[6]

"તમારા માથામાં શું ભૂસું ભરાયું છે?"

ઑફિસના ઉપરીએ આવીને એટલું કહી એને ચમકાવ્યો. તે વખતે એના ભેજાની અંદર ચીસાચીસ કરતી મોટરગાડીઓ દોડી જતી હતી: બારણામાં ઊભેલો બચુભાઈ પોતાની સામે 'બાપુ! બાપુ!' કરતો કૂદતો આવતો હતો: ને એક મોટર એને હડફેટમાં લઈ સુસવાટ વેગે ચાલી જતી હતી.

"જુઓ આ તમારા કામ કરવાના રંગઢંગ!" કહેતાં ઉપરીએ એના ટેબલ પર બે પત્રકો ધરી દીધાં. એક હતું છ મહિના પહેલાનું એણે પોતે તૈયાર કરેલું પત્રક, જેમાં મોતીના દાણા જેવા, એક પણ છેકછાક વગરના અક્ષરો ઊડીઊડીને આંખે વળગતા હતા.

બીજું પત્રક આગલી સાંજનું હતું. તેમાં અક્ષરો કીડીમકોડી જેવા હતા. ડાઘા અને છેકાછેકનો પાર નહોતો. સરવાળા-બાદબાકીમાં દોષો હતા. પોતે એ બેઉ પત્રકો નિહાળી રહ્યો. બન્ને એના જ હસ્તાક્ષરોનાં હતાં.

"જોયું? તમારું મગજ હમણાં ક્યાં ભમી રહ્યું છે? પગાર તો પહેલી તારીખની સાંજના પાંચ વાગ્યે માગતાં ભૂલી નથી જતા. એમાં તો એક રૂપિયો પણ ઓછો લેવાની ચૂક નથી પડતી."

યુવાન લમણાં ઝાલીને નીચું માથું ઢાળી રહ્યો. એના માથાની આરપાર મોટરો દોડતી હતી. દરેક મોટર એના બચુને પછાડી ચગદી ચાલી જતી હતી. બચુએ બીજો કશો જ દોષ નહોતો કર્યો. એ તો બાપુની સામે દોડ્યો આવતો હતો ફટાકિયાની સેરો ઝટઝટ ફોડવા માટે.

"થોડા દિવસ મને રજા આપશો, સાહેબ? પરમ દિવસ મારો છોકરો મરી......"

"આ નહીં ચાલે. તમારો છોકરો મરી ગયો તેથી કંઈ દુનિયાનો વહીવટ નહીં થંભી શકે."

આ છેવટની તાકીદ કરી જ્યારે ઉપરી આગળ ચાલ્યો ત્યારે કારકુનની આંખોનાં અશ્રુબિંદુઓમાં બચુડો દીકરો 'બાપુ! બાપુ!' કરતો બોલાવતો હતો.

વળતે દિવસે એ ઑફિસે હાજરી આપી ન શક્યો. ત્રીજે દિવસે એ આવ્યો ત્યારે એની ખુરશી ઉપર એક નવો માણસ બેસી ગયો હતો અને એ જગ્યાની ભરતીમાં નાસીપાસ થયેલા ચાલીસ-પચાસ જણનું ટોળું પેલા સફળ થયેલા જુવાનને ઉદ્દેશીને કંઈક એવા શબ્દો સંભળાવ્યે જતું હતું કે –

'સાલો લાગવગથી ફાવી ગયો!'

'અરે સાલાએ પૂરા પગારની પહોંચ લખીને કશુંક કમિશન મૅનેજરને આપવાનું કબૂલ કર્યું હશે.'

'અરે ભાઈ, એને ને મૅનેજરની બહેનની છોકરીને મીઠો સંબંધ છે.'

[7]

"ત્યારે તમારે ક્યાંય કામધંધે નથી ચડવું ને?"

"પ્રયત્ન કરું છું."

"મારા ભાઈઓની દુકાને બેસતાં તમને શો વાંધો છે?"

"તારા પિયરના આશ્રિત મારે નથી બનવું."

"થયું, તો પછી હવે મારાથી આ ઘરમાં રહી શકાય તેમ નથી. મારા ભાઈઓ મને ને છોકરાને તેડી જવા આવ્યા છે."

"તમે ત્યાં સુખી થતાં હો તો ખુશીથી જાઓ."

"ઠીક ત્યારે, આ પેટીની ચાવીઓ."

"સારું."

"પેલી પેટીના તાળાને ચાવી ચડાવ્યા પછી જરી ખેંચજો. એમ ને એમ ઊઘડશે નહીં."

"વારુ."

"અને આ ઘોડા ઉપર મસાલાનાં ડબલાં છે. એમાં ધાણાજીરું નથી રહ્યું."

"કંઈ નહીં. મને ધાણાજીરાની ગંધ ગમતી પણ નથી."

"આ પેલો ઘઉંનો લોટ છે, તે આજે તો હું ચાળીને જાઉં છું; પરંતુ ચાર દિવસ પછી તમે ફરી ચાળીને જ વાપરજો. જીવાત પડી જશે."

"ચાળીને વાપરીશ."

"ઘઉં બીજા લાવવાના છે."

"લઈ આવીશ."

"તમારા ખમીસને થીગડાં બે ચોડી દીધાં છે. બહુ ઝીંકાવીન ન ધોતા."

"સારું."

બહાર દરવાજેથી બૂમ પડી: "બહેન, હવે આવતી રહે ને! ચાલ, મોડું થાય છે."

"એ... આ આવી ભાઈ!" કહેતી પત્ની બહાર નીકળી, છેલ્લી દૃષ્ટિ એણે સાત વર્ષના જૂના આ મુસાફરખાના ઉપર ફેરવી લીધી. જ્યારે ભાઈઓની સાથે એ ચાલવા લાગી ત્યારે ભાઈઓ એકબીજા – કહી રહ્યા હતા કે 'સાત વર્ષમાં તો બેનનું લોહી પી ગયો અભાગિયો!'

થોડાં પગલાં દૂર ગયા પછી બહેન ઊભી રહી. એણે કહ્યું: "ભાઈ, જરીક ઊભા રહેશો?"

"કેમ?"

"એને ચા પાતી આવું."

ભાઈઓ આ બહેનની વેવલાઈ ઉપર તિરસ્કારથી હસ્યા. બહેન અંદર ગઈ. ટેબલ પર ચાનો સરંજામ જેમનો તેમ પડ્યો હતો. પુરુષ ટેબલ પર માથું ઢાળીને બેઠો હતો. સાત વર્ષોમાં એક દિવસ પણ એણે એકલાં ચા પીધી નહોતી. રાંધવાનો સમય કોઈક દિવસ આવ્યો હશે ત્યારે ભજિયાં-ઢોકળાંથી જ ચલાવી લીધું હતું.

સ્ત્રીએ અંદર આવીને આ માવિહોણા નાના બાળક જેવું દશ્ય દીઠું. એ દશ્યમાં અનંત કરુણતા હતી.

બારીમાં ઊભા રહીને એણે ભાઈઓને કહ્યું: "તમે તમારે જાઓ. મારાથી નહિ અવાય."

"લો આ ચા." એણે પ્યાલો બનાવીને પતિની પાસે ધર્યો.

"તું હજુ નથી ગઈ?"

"શું જાય? તમે રઢિયાળા ચાનો પ્યાલો પણ હાથે બનાવતાં કે' દા'ડે શીખ્યા છો?"

બેઉ જણાંનાં આંસુ ચાના પ્યાલામાં ટપકવા લાગ્યાં.

[8]

'શક્તિવર્ધક ઔષધ-ભંડાર'ના દરવાજા ઉપર પાટિયું ચોડ્યું હતું કે 'જોઈએ છે ફેરિયાઓ. રૂબરૂ મળો. મળવાનો સમય 11 વાગતાં'.

હજુ નવ જ વાગ્યા હતા. દોઢસો-બસો માણસોની ગિર્દી જમા થઈ ગઈ હતી. ઘરડા હતા, દૂબળા રોગિયાઓ હતા, સ્ત્રીઓ પણ હતી. સહુ કોઈ દરવાજાને મોખરે ઊભવાને માટે ધક્કામુક્કી કરતાં હતાં.

અગિયાર બજે દરવાજા ઊઘડતાં જ કોલાહલ મચી રહ્યો. 'ઔષધ-ભંડાર'નો મૅનેજર ઊંચા મેજ ઉપર ચડીને પોકારી ઊઠ્યો: "અમસ્થાં અમસ્થાં પાટિયાં નથી ફેરવવાનાં. બોલો, ગોળા ઉરાડતાં કોને આવડે છે?"

"મને આવડે છે, મને આવડે છે." કહેતો એક જુવાન ધસીને ધક્કામુક્કી કરતો આગળ આવ્યો.

"શાબાશ, આ લે જોઉં, ઉછાળી બતાવ." મૅનેજરે લોઢાના ત્રણ ગોળા આગળ ધર્યા.

"લાવો." કહેતો એ જુવાન ત્રણ ગોળાને એક સામટા સિફતથી ઉછાળવા લાગ્યો.

"સા...લો!" ટોળું બબડી ઊઠ્યું. સહુનાં મોં ઝંખવાણાં પડી ગયાં.

"શાબાશ, લે, દોસ્ત, પહેરી લે આ પાટિયું. લે આ ગોળા. વેચીશ તેટલા માલ પર તારું પાંચ ટકા કમિશન."

ગળામાં મોટું તોતિંગ પાટિયું પરોવીને જુવાન ચાલી નીકળ્યો. એના હાથમાં ત્રણ ગોળા ઊછળતા હતા. ઘડી વાર એ મદારી જેવો દેખાયો, ઘડી પછી કોઈ જાદુકપટના પ્રોફેસર જેવો.

'હી-હી-હી-હી!' યુવાનને કાને અટ્ટહાસ્યના ધ્વનિ અથડાયા. એણે ઊંચે નજર કરી. બસ-ગાડીના ઉપલા માળ પરથી કોઈક મુસાફરો હસતાં હતાં.

'હો-હો-હો-હો!' પોતે પણ ગોળા ઉરાડતો ઉરાડતો સામો હસ્યો.

એ હાસ્ય લોકોનાં ટોળાંને મોંએ મોંએ ફરી વળ્યું.

## જીવન-પ્રદીપ

ભૈરવીના આલાપ શરૂ કરતી ગાયિકાના ગળામાં જેમ એકાદ માખી પેસી જાય, પૂર્ણિમાના રાસ ચગાવવા શણગાર સજતી સુંદરીઓના ઉલ્લાસને વરસાદની ઓચિંતી ઝડી ધૂળ મેળવી નાખે, અથવા તો, રસિયાં જનોની ભાષામાંથી ઉપમા શોધીએ તો, ચુંબન ચોડવા જતાં મોંમાં અકસ્માત છીંક આવી પડે: એવા જ પ્રકારની ખાનાખરાબી તે દિવસના મંગલ પ્રભાતે એ નગરના મહાન એક ઉત્સવમાં એક રખડેલ આદમીએ કરી નાખી.

ઉત્સવ હતો એક સ્મારક-ક્રિયાનો. નગરના ચોકમાં ભવ્ય ત્રણ બાવલાં ખુલ્લાં મુકાવાનાં હતાં. સારું યે શહેર ત્યાં ઠલવાઈ ગયું હતું. ઊમટી આવેલા માનવસાગરની વચ્ચોવચ પચાસેક ફૂટની ઊંચી એક બેઠક ઉપર સંગેમરમરની ત્રણ પ્રતિમાઓ ઊભી કરવામાં આવી હતી. એક શાંતિની પ્રતિમા, બીજી સમૃદ્ધિની, ને ત્રીજી સ્વાધીનતાની. એના ઉપર ઓઢાડી રાખેલ બૂંગણની દોરી ખેંચવાની તૈયારી હતી. એક પછી એક એમ ત્રણ ધનપતિઓએ ઊંચી વ્યાસપીઠ પર ચડીને આ ભવ્ય અવસરને છાજતાં ભાષણો આપ્યાં. જે બાનુના મુબારક હસ્તે આ ઉદ્‌ઘાટન-ક્રિયા કરાવવાની હતી તેમણે પણ લળી લળી, મોંના વિધવિધ મલકાટ સાથે પોતાના અહોભાગ્ય માટે આભારની વાણી સંભળાવી. પ્રતિમાઓ બંધાવનાર સજ્જનોએ ઘોષણા કરી કે 'આ નગરને આ ત્રિમૂર્તિ અર્પણ કરીને અમે કૃતાર્થ થઈએ છીએ', અને પછી હજારો પ્રજાજનોના તાળી-ગગડાટ વચ્ચે જે વેળા એ બાનુના મુબારક હસ્તે ખેંચાતી હીર-દોરીએ પેલું ગંજાવર બૂંગણ ઊંચે ઉપાડ્યું ત્યારે – હાય! એ વચલી, સમૃદ્ધિની પ્રતિમાના આલેશાન ખોળાની અંદર એક મનુષ્ય ઘસઘસાટ ઘોરતો પડ્યો હતો. તેને દેખી આખી

મેદનીનાં ઊજળાં હાસ્ય અર્ધાં ઊઘડીને ભાંગી ગયાં. શી ક્રૂર હાંસી વિધાતાની! દેશની સમૃદ્ધિના આરસપૂતળાને ખોળે એક ચીંથરેહાલ, બદસિકલ, બોકો, બેકાર માનવી! ટૂંટિયાં વાળીને ઘોરતો પડ્યો છે. અબઘડી જાણે કે એ મહિમા, પ્રતાપ અને ઇતિહાસી ગૌરવથી મંડિત પ્રતિમા સળવળી ઊઠશે અને આ અપશુકન દેનાર પામરને પોતાના પંજામાં ઉઠાવીને ગરોળીની પેઠે ચેપી દઈ, લટકાવી, ફગાવી દેશે!

રાતની કડકડતી ટાઢમાં ઓઢણ-પાગરણ વગર ભટકતો આ મનુષ્ય કશા ય વિચાર વગર એ બૂંગણ નીચે પેસીને પ્રતિમા-સુંદરીના ખોળામાં પોઢી ગયો હતો! મીઠી હૂંફ વળી ગઈ હતી. તડકા ચડી ગયા હતા છતાં જાગવાની કશી જરૂર માની નહીં હોય. પણ બૂંગણ ઊપડી ગયું, પવનનો સુસવાટો વાયો, અને ખીજેલા લોકોએ નીચે ઊભીને સંભળાવેલી ગાળો એને કાને પડી, ત્યારે એની આંખો ઊઘડી, એ ઊઠ્યો.

પ્રથમ તો એણે માન્યું કે આ એકત્ર થયેલ મેદની એને પોતાને જ કશુંક આપી રહી છે. એવી સમજણથી એણે પણ સહુને સલામ કરી. સલામો એણે એક ગૌરવશાળી અગ્રેસરની છટાથી ઝીલી. પણ એણે જોયું કે સલામો કરનારાં લોકોના હાથ એની સામે તો મુક્કીઓ ઉગામી રહ્યા છે. આ તે મુક્કીઓ છે કે સલામો છે, એ સમસ્યા ન સમજાયાથી એણે લોકોની સામે કંઈક સવાલો કર્યા. પરંતુ લોકો એનો શબ્દ ન સાંભળી શકે, કે ન તો પોતે લોકોના બબડાટ સમજી શકે, એટલી બધી ઊંચાઈ ઉપર એનું બિછાનું હતું.

પછી પોતે ઊંચે નજર કરી ત્યારે એને સૂઝ પડી કે પોતે કોઈક સુંદરીની ગંજાવર પ્રતિમાની છાયામાં ઊભો છે.

પણ પ્રતિમા એટલી તો હૂબહૂ હતી, કે આ બેકાર એને જીવતી સમજીને એની બેઅદબી બદલ ક્ષમા માગતો માગતો શરમિંદો બનીને એના ઉન્નત ખોળામાંથી નીચે ઊતર્યો. પણ અર્ધે ઊતરતાં જ એને લાગ્યું કે એની પીઠ પરના લેંઘામાં કશુંક પરોવાઈ ગયું છે. જાણે એને કોઈએ પરોવીને અધ્ધરથી જ ઊંચે ટાંગી દીધો છે. જાણે પોતે કોઈક ખીંટી ઉપર ટીંગાઈ

ગયો છે.

એણે લટકાતી દશામાં પછવાડે નજર કરી. એ ખીંટી નહોતી, પણ આરસની લાંબી તરવાર હતી. વાત એમ હતી કે વચલી ભવ્ય પ્રતિમાની સન્મુખ સહેજ નીચે બેસણે બીજી જે પ્રતિમા બેઠી હતી, તે હતી સ્વાધીનતાની પ્રતિમા: એક મહાવીર પોતાની ઉઘાડી સમશેર એ મુખ્ય પ્રતિમાની સન્મુખ ધરીને ઘૂંટણભર બેઠેલો હતો.

ખળભળી ઊઠેલ લોકસમુદાયને આ બેહૂદું દશ્ય દેખીને તો અપમાનની અવધિ થઈ ગઈ લાગી. લોકોની દશા કેટલી લાઈલાજ હતી! મુકરર મુહૂર્તના મંગળ ચોઘડિયે ઉદ્‌ઘાટનની ક્રિયા તો રસમ મુજબ ચાલુ જ હતી. ધર્મગુરુઓના પાઠ બોલાયે જતા હતા. તે મુજબ પ્રજાને તો પૂતળાં સામે નમન કર્યે જ જવાં પડતાં હતાં. ને પેલો મુફલિસ પણ સ્વાધીનતાની મૂર્તિની સમશેરમાં ટીંગાતો ટીંગાતો નમન કરી રહ્યો હતો. ક્રિયામાં ભંગ પાડીને કોઈ આ હેવાનને હેઠો ઉતારવા જઈ શકતું નહોતું. સહુનાં મોં ઉપર ગાંભીર્યભર્યો ભક્તિભાવ અને ખિજવાટ એકસામટા તરવરતા હતા.

હદ થઈ ગઈ. મુફલિસ મહામહેનતે એ મહાવીરની સમશેરમાંથી પોતાના લેંઘાને કાઢી લઈ પછવાડે ઊતરી પડ્યો, વાડ્યના સળિયા વટાવી બહાર નીકળી ગયો ને રફુચક્કર થઈ ગયો.

[2]

રાજમાર્ગોની પગથી ઉપર આંટા મારીમારીને એ દહાડા વિતાવતો હતો. હાથમાં એક જ્યેષ્ટિકા રાખતો. લાકડીનો ટેકો દઈને એ વારેવારે ઊભો રહેતો. ઘણી વાર દૂરથી અનેક વટેમાર્ગુઓ એને પોતાને સલામ કરતા હોય એવો ભાસ એને થયા કરતો. વસ્તુતઃ એ સલામો કરનારાં ને ઝીલનારાં મનુષ્યો બીજાં જ હતાં. પણ તેઓનો દોષ એ હતો કે તેઓ બહુ બહુ દૂરથી સલામો લેતાં-દેતાં. ખાસ કરીને વધુ રમૂજ તો એ થતી કે રસ્તાની એક બાજુએ ચાલી જતી નવયૌવનાઓ સામી પગથી પર પસાર થતા પોતાના કોઈ પ્રેમિકોને દેખી મોં મલકાવતી. આ રખડુ માણસ એ મોં-મલકાટને પોતાના કરી સ્વીકારી લેતો. સામે પોતે પણ વેવલું સ્મિત ઉછાળતો. પણ

પછી એ સુંદરીઓના ચહેરાને ફૂંગરાતા દેખી અચરજમાં પડી જતો. પોતાની ભૂલ એને સમજાતી નહીં. સુંદરીઓનો પ્યાર શું આટલો બધો અચોક્કસ હશે! કે શું એ રોષ-ભ્રૂકુટિ પણ પ્યારની જ છૂપી સંકેત-ભાષા હશે? આટલી બધી ચાલી જાય છે. તેમાંની પ્રત્યેક શું એના વહાલને એકલે જ હાથે કબજે કરી રાખવાની સ્વાર્થી લાગણીને કારણે ઇર્ષ્યાથી એકદમ ગુસ્સે થતી હશે શું? પ્રણયની દુનિયા, અહો, કેટલી બધી વિકટ, નિગૂઢ, ને ભીડાભીડથી ભરેલી! મારા રૂપ અને યૌવન માટે કેટલી ઝૂંટાઝૂંટ! હું કોને સ્વીકારું ને કોને તરછોડું!

આ ગંભીર સમસ્યા વિચારતો એ થોડે થોડે ચાલીને પાછો પોતાની પ્રિય જ્યેષ્ટિકાને ટેકે થંભી જતો. કદાચ સર્જનહારને એ ઠપકો પણ દેતો હશે કે મને તેં આવડું બધું રૂપ શીદને પહેરાવ્યું, અભાગિયા!

[3]

નાની-શી ટોપલીમાં થોડાંક ફૂલો લઈને એક જુવાન છોકરી રસ્તા પરને એક ઓટે રોજ બેસે છે. બેઠી બેઠી ધીરે અવાજે બોલ્યા કરે છે: "ગુલાબનાં ફૂલ લેશો, શેઠ? આ ગુલાબનાં ફૂલ લેશો કોઈ? આ તાજાં ગુલાબનાં ફૂલ!"

ઠબ ઠબ જ્યેષ્ટિકા કરતો રઝળુ નીકળ્યો, તેને કાને પણ ધ્વનિ પડ્યો: "આ ગુલાબ લેશો, શેઠજી?"

પોતે ઊભો રહ્યો. આસપાસ જોયું. બીજો કોઈ આદમી ત્યાં નહોતો. ત્યારે આ ફૂલવાળીએ કોને કહ્યું 'શેઠજી'?

આગળ ચાલ્યો. માલણનું મોં એના તરફ વળ્યું. અવાજ આવ્યો: "શેઠજી, આ ગુલાબ લેશો?"

ફરી વાર એણે ચોગમ નજર કરી. ખાતરી થઈ કે 'શેઠજી' શબ્દ વડે સંબોધાનાર એ પોતે જ હતો.

રાંડ ફૂલવાળી શું ઠેકડી કરતી હતી? મારા આવા દીદાર દેખતી છતાં મને 'શેઠજી' શીદ કહેતી હશે? લાકડીને દમામભેર ભોંય ઉપર પછાડી એ રાતો પીળો બનીને છોકરી તરફ ફર્યો.

તો યે છોકરીની ઉઘાડી આંખો અનિમેષ તાકી રહી છે. છોકરીના હાથમાં એક ગુલાબ છે. એના મોં ઉપર ફૂલ વેચાવાની આશા છે. સહેજ મલકાટ મારતા એ ચહેરામાં એકાદ પૈસાની ઓશિયાળ છે. મશ્કરીનું કોઈ ચિહ્ન નથી.

મુફલિસને કૌતૂક થયું. એ નજીક આવ્યો. માલણે ફરીથી પૂછ્યું: "એક ગુલાબ લેશો, રૂડા શેઠજી!"

આંખોનું મટકું માર્યા વગર સામે ને સામે એ નિહાળી રહી છે. પણ જાણે કે એ તાકી રહી છે મુફલિસના પગના ધબકારા ઉપર – ચહેરા પર નહીં. એની આંખોના ડોળા ફરતા નથી.

મુફલિસને બહુ વારે સમજ પડી: માલણ આંધળી છે.

આજ જીવનમાં પહેલી જ વાર મુફલિસે પોતાના પ્રત્યે એક અણભંગ સ્મિત નિહાળ્યું. પહેલી જ વાર એ 'શેઠજી' બન્યો. ગુલાબનું ફૂલ એણે પહેલી જ વાર પોતાના તરફ રજૂ થતું દીઠું, પહેલી વાર એણે એક એવી સૃષ્ટિમાં પ્રવેશ કર્યો કે જ્યાં બાહ્યલા લેબાસના ભેદાભેદ વગર, સુંદર-અસુંદર ચહેરાના વિવેકથી રહિત, મીઠી સમાનતાનો સૂર ઊઠે છે કે 'ફૂલ લેશો, શેઠજી?'

મુફલિસે પોતાનું ગજવું તપાસ્યું. અંદરથી એક પાવલી નીકળી. પાવલી એણે ચૂપચાપ માલણની હથેળીમાં મૂકી અને માલણના હાથમાંનું ગુલાબ ઉપાડી લીધું.

હસતી માલણે પ્રભાતના પ્રથમ વેચાણનું આ ધન પોતાની આંખો સાથે ચાંપ્યું. અને કહ્યું, 'જરા ઊભા રહેશો? હમણાં બીજું ઘરાક આવે એટલે છૂટા કરાવીને પંદર પૈસા પાછા આપું. આજ પે'લી બોણી તમારી થઈ ખરી ને, એટલે મારી કને પરચૂરણ આવ્યું નથી હજી'.

'પે'લી બોણી!' એ શબ્દ મુફલિસના કાનમાં કોઈ મીઠી રાગિણી સમો પડ્યો. થોડી વાર એ થંભી ગયો. આંધળી માલણ હજુ પાવલી હાથમાં રાખીને જ બેઠી છે. મુફલિસ પોતાના ગુલાબને નાક વડે જાણે ખાઈ જવા ચાહતો હોય તેટલા જોસથી સૂંઘે છે. આંધળી બોલી: "તમને ખોટીપો

કરાવ્યો, શેઠજી! નસીબદાર માણસને અત્યારના પો'રમાં –"

ત્યાં તો મુફલિસ જાણે પાણી પાણી બની ગયો. એને ઓચિંતો એક ભાવ સ્ફુરી ઊઠ્યો. ફાટેલાં ખાસડાં જરીકે ખખડાટ ન કરે તે માટે પગમાંથી કાઢીને હાથમાં લીધાં. બિલ્લીપગલે એ પાછો પાછો ગયો. દૂર જઈને પછી એક ઓથ લઈને ઊભો રહ્યો. ઊભાં ઊભાં ચેષ્ટા નિહાળી. આંધળી માલણ હજુ જાણે સામે જ ઊભેલા શેઠજીની સામે પાવલી રાખીને વાતો કરતી હતી કે 'તમને બહુ ઊભા રાખ્યા. આ લ્યો આ પાવલી. સાટે કાલે છૂટો પૈસો આપી જજો. હું તો રોજ અહીં જ બેસું છું. આ લ્યો, તમે ક્યાં ચોર છો? તમારો પૈસો ખોટો થાય નહીં. આ લ્યો!'

આંધળી માલણ! તેં પાવલી આપવા લંબાવેલો હાથ તો હવામાં જ રહી ગયો! સામો હાથ ધરનાર ત્યાં નહોતો – હતો છતાં નહોતો! પાવલી તારી પાસે જ રહી. તું શાને વિચારે ચડી? કેમ ચમકી ઊઠી? પાવલી તો તારા હાથમાં છે છતાં તને જ જાણે કોઈક છેતરી ગયું હોય એવા ભાવ તારા મોં ઉપર શીદ ફૂટી નીકળ્યા! આમ ક્યાં સુધી તું પાવલી આપતી જ બેસી રહીશ?

રાજી રાજી થતો મુફલિસ ચાલ્યો ગયો. તે દિવસના પ્રભાતનું ભૂખ્યું જઠર એણે ગુલાબની ખુશબો વડે ભરી લીધું. પોતે એક આંધળી માલણ પાસે 'શેઠજી' બની આવ્યો, એવો સંતોષ એના મોંને એકલુંએકલું, બસ, હસાવતો જ રહ્યો.

[4]

અંધારી રાત: અને ઊંડી નદીનો નિર્જન આરો: સુખી માણસને પણ આપઘાતના મનસૂબા કરાવે એવું એ સ્થળ અને એવો એ સમય. લક્ષ્મીની છાકમછોળ વચ્ચે આકુલ બનેલો એક ધનિક સુરાપાનના નશામાં ત્યાં આવી ઊભો, અને શૂન્ય જીવનને જળમાં પધરાવવા સારુ એણે ગળામાં એક રસી નાખી. રસીને બીજે છેડે એણે એક મોટો પથ્થર બાંધ્યો. એને સ્ત્રી ત્યજી ગઈ હશે. બાળકો નહોતાં. હતી કેવળ દોલત. દોલત એની છાતીએ ચડીને એને ગૂંગળાવતી હતી. દોલતે એને ગાંડપણ દીધું હતું. સુધરાઈ ખાતાના

નિસ્તેજ બળતા દીવા નજીક એણે ડૂબી મરવાની તૈયારી કરી. નરી દોલત મનુષ્યને જીવન જીવવા દેવા માટે બસ નથી થતી. જીવન તો માગે છે સંસારની સુંવાળી સ્નેહગાંઠો, અથવા તો એને જોઈએ છે કોઈક એકાદ ધૂન, લગની, મસ્તી. આમાંના તમામ વિસામાથી રહિત આ ધનપતિને દારૂના નશાએ નદીનાં પાણીમાં પધરાવી દીધો.

આપણા મુફલિસનું રોજિંદું હવાખાનું અહીં જ હતું. અહીં પડેલા એક ભાંગલા બાંકડા ઉપર એ આસાએશ લેતો, ને અહીં થતી આત્મહત્યાઓનાં સંભારણાં એને મજા આપતાં. ઉપલી દુનિયામાં સહુકોઈનો સતાવ્યો એ અહીં આવી બેસતો. કેમકે ગળાકાપુઓ પણ આ સ્થળથી થરથરીને એની એકાંતને ભાંગવા ઢૂકતા નહોતા.

પોતાના નિત્યના આરામસ્થાનમાં પ્રવેશતાં એણે જ્યારે આ ધબાકો સાંભળ્યો ને એક જીવતા જણને ડૂબતો દેખ્યો, ત્યારે એને ખૂબ માઠું લાગ્યું. પછવાડે કૂદી પડીને એણે એ ડૂબતાને બહાર કાઢ્યો. દુભાઈને કહ્યું: "ભલા આદમી, બીજે ક્યાંય નહીં ને અહીં તને જળસમાધિ લેવાનું સૂઝ્યું! અહીં તને કોણે ઠેકાણું બતાવ્યું? કોઈક માણસને નિરાંતે સૂવા પણ ન દ્યો તમે? તમે તે કેવાં લોકો છો?"

"નહીં, બસ મને મરવા દે. મારે મરવું છે. તું ન અટકાવ." શ્રીમંતે એના હાથમાંથી છૂટવા પછાડા માર્યા.

"ભાઈ, તારે મરવું હોય તો તે સારી વાત છે. મને વાંધો નથી. પણ અહીં મારી સૂવાબેસવાની જગ્યાએ નહીં. મને પછી નિરાંતે ઊંઘ ન આવે, તારું મૂડદું અહીં પડ્યું હોય એટલે પોલીસ પણ મને સતાવે. માટે અહીં તો તને નહીં મરવા દઉં."

તે દિવસે એને પહેલી જ વાર એક બીજો સંતોષ થયો કે પોતે એક માનવીને આપઘાતના પાપ ઉપર ઉપદેશ આપી શક્યો છે. ધનવાનને પણ આજે પહેલી જ વાર પ્રતીતિ થઈ કે પોતાની ઈસ્કામત ઉપર ટાંપીને બેઠેલ પિત્રાઈઓ, સગાંસંબંધીઓ અને ધૂર્તોની સૃષ્ટિ વચ્ચે એક એવો માનવી છે કે જે એને જીવવાનું કહે છે. શરાબના નશામાં આવી દોસ્તીની ઊર્મિ

જરા વિશેષ ઊછળી પડે છે. 'ભાઈ! દોસ્ત! મારા દિલજાની!' એવાં સંબોધનો દેતો એ શ્રીમંત આ મુફલિસને કંઠે ભેટી પડ્યો. ને પોતાની જોડે બંગલા પર આવવા વિનંતી કરી.

મુફલિસને છેક પુલ ઉપર ગયા પછી યાદ આવ્યું કે પ્રભાતે ખરીદેલું એનું ગુલાબ તો નીચે બાંકડા પર પડ્યું રહ્યું હતું. એણે પાછા જઈને ગુલાબ લઈ લીધું. પંદર-સોળ કલાક સુધી સૂંઘીસૂંઘીને છેક ચૂસી નાખેલું ફૂલ હજુ પણ જતું કરવાનું એનું દિલ નહોતું. એની ચીમળાયેલી પાંદડીઓમાં એક કંઠની માધુરી ભરી હતી. મુફલિસની એ વેવલાઈ કવિની કવિતા જેવી બની ગઈ હતી.

'દિલજાની! અય દિલજાની દોસ્ત!' કહી કહી, આ નવા મિત્રને કંઠે હાથ નાખી શ્રીમંતે પોતાના ઘરમાં ઠીક ઠીક દારૂ ઢીંચ્યો. બેઉ જણાએ નૃત્યાલયમાં જઈ રંગરાગ માણ્યો, ને પ્રભાતે જે વેળા ધનવાન મિત્રને એની મોટરમાં નાખી, અગાઉ કોઈક વખતનો શોફર આ મુફલિસ એને ઘેર લઈ આવ્યો, ત્યારે એણે હાથમાં ફૂલછાબ લઈને વેચવા જતી પેલી આંધળી માલણને દીઠી. એની છાબમાં ગુલાબની બે મોટી મોટી ગેંદો હતી. ધનપતિ અંદર ગયો એટલે પોતે માલણ તરફ દોડ્યો.

"ફૂલવાળી!"

"તમે ગઈકાલવાળા શેઠ?" આંધળીએ અવાજ ઓળખ્યો: "અરે શેઠ, તમે પાવલી આપીને ક્યાં ચાલ્યા ગયા'તા?"

"કંઈ ફિકર નહીં. એવી પાવલી તો મારે ઘેર રોજ સંજવારીમાં વળાય છે."

"લ્યો આજનું ફૂલ." માલણે સ્પર્શની આંખો વડે તપાસીને શુક્ર બૃહસ્પતિના મોટા તારા જેવડું ગુલાબ કાઢ્યું.

મુફલિસે ગજવાં તપાસ્યાં. દમડી પણ નહોતી. "રહે, ઊભી રહે. હું આવું છું," કહેતો એ પોતાના લક્ષ્મીવંત દોસ્તના ઘરમાં પેઠો. દોસ્ત હજુ દારૂના નશામાંથી છૂટો નહોતો થયો ત્યાં સુધી દોસ્ત જ હતો. કહ્યું: "દોસ્ત, તમારા સારુ સુંદર ફૂલો લાવું. થોડા પૈસા આપો."

'બેશક, બેશક દિલજાની! ફૂલો લઈ આવ, દિલજાની! આ લે, આ લે! કેટલા?'' દસ રૂપિયાની નોટ મુફલિસના હાથમાં પડી.

એ બહાર દોડ્યો. ફૂલવાળીની બન્ને ગેંદો તેણે ઉઠાવી લીધી. આંધળી ભયભીત બની. આવું સામટું ઘરાક કદી મળ્યું નહોતું. ત્યાં તો એના હાથમાં નોટનો કાગળિયો સરક્યો. મુફલિસે કહ્યું: ''લે આ દસ રૂપિયાની નોટ.''

''ઓહો, પણ હું આટલા બધાના છૂટા ક્યાં કરાવું, શેઠજી?''

''છૂટા નથી કરવાના. લઈ જા દસેદસ.''

''દસ રૂપિયા?''

''મૂંગી મર, મારે શી કમીના છે રૂપિયાની? કહું છું કે લઈ જા.''

આંધળી ઊભી થઈ રહી. એના મોં ઉપર કરુણતાનો પુનિત નિતાર પથરાઈ ગયો.

''તારે હવે ઘેર જવું છે ને?'' મુફલિસને પોતાની શેઠાઈ સ્થાપિત કરવાનો વિચાર આવ્યો. ''ઊભી રહે, હું તને મારી 'કાર'માં બેસાડીને તારા ઘર પર છોડી દઉં.''

એટલું કહેતો એ દોડ્યો, ને ધનપતિ દોસ્તના દ્વાર પર ઘરના મહેતાને એ ફૂલોની ગેંદ સોંપી, બહાર ઊભેલી મોટરમાં આંધળી માલણને ઊંચકી લીધી, મોટર દોડાવી મૂકી.

હેબત પામી ગયેલી માલણનું મોં સિવાઈ ગયું હતું. આખી વાટમાં એનાથી કશું બોલી ન શકાયું.

એક કંગાલ લત્તામાં એનું કાતરિયું હતું. ઉતારી વિદાય લેતાં લેતાં માલણને એણે પૂછ્યું: ''તને ઘેર પાછો ક્યારે મળવા આવું?''

''તમારી મરજી થાય ત્યારે.''

મોટર લઈને એ જ્યારે પાછો દોસ્તને ઘેર પહોંચ્યો ત્યારે એને અંદર પ્રવેશ કરવાની રજા ન મળી. બંગલાના નોકરે એને સંભળાવ્યું કે ''શેઠજી કહે છે તને એ ઓળખતા જ નથી. શેઠજીને દારૂ ઊતરી ગયો છે.''

''પણ આ મોટર –''

''હા, એ મોટર મૂકીને તું તારે રસ્તે પડ. નહીં તો પોલીસને સ્વાધીન

કરવો પડશે તને. હવે શેઠને દારૂ ઊતરી ગયો છે.''

આખી રાત શેઠનો દિલજાની બનીને બંગલાના ચાકરોની સલામો ઝીલનાર મુફલિસ એ પ્રભાતે બંગલામાં પેસવાના ત્રણ વારના પ્રયત્નોમાં નોકરોના હડસેલા પામીને ફૂટપાથ પર પટકાયો. પછી એના અંતઃકરણની કળ ઘણી વારે ઊતરી, ત્યારે એને સમજણ પડી કે પોતે શેઠસાહેબનો દિલજાની નહોતો, પણ દારૂનો દિલજાની હતો, ધનપતિનું એક રાત્રિનું રમકડું હતો.

એને પહેરાવેલા નવા પોશાક પણ નોકરોએ ઉતારી લીધા. એ જ જ્યેષ્ટિકા, ફાટેલો એ જ લેંઘો, અને એ જ ગાભા ગાભા થઈ ગયેલું ફૂડતું એનાં સંગાથી રહ્યાં. કોઈ તત્ત્વવેત્તાના દમામથી એણે રસ્તા પર પગલાં ભર્યાં. અને માલિકનો એણે અહેસાન માન્યો કે ઓ પ્રભુ, પેલી માલણને તેં અંધી બનાવી છે તે ઠીક કર્યું છે. નહીં તો હું એની સમક્ષ ફરી શી રીતે ઊભી શકત!

[5]

આંધળી માલણ જ્યાં રોજ ફૂલો વેચવા બેસતી તે ઓટા પર જવાની અને ત્યાં પોતાનો શેઠ-પાઠ ભજવવાની તો હવે મુફલિસને આદત જ પડી ગઈ છે. ત્યાં જઈને ગુલાબ લીધા વગર એને કશો ધંધો-મજૂરી સૂઝતાં જ નથી. એકાદ-બે કલાકની મજૂરીમાંથી બે આના એ રળી લ્યે. છે. એકાદ આનાના દાળિયાધાણી ખાઈને એક આનો રોજ ફૂલનો આપે છે. આખો દિવસ ગુલાબને ચૂસીચૂસીને સૂંઘ્યા કરે છે. રાત્રિએ સૂએ છે પેલા આપઘાતિયા નદી-ઘાટને બાંકડે. હમણાં હમણાં એની શાન્તિમાં ભંગ પાડવા ત્યાં કોઈ આવતું નથી.

પણ છેલ્લા બે દિવસથી ઓટો ખાલી પડ્યો રહે છે. આંધળી દેખાતી નથી. બેઠક બદલી તો નહીં હોય? મુફલિસ આખા નગરમાં ભમી વળ્યો. ક્યાંય આંધળી ફૂલવાળીને દીઠી નહીં.

એને ઘેર ગયો. એના મેડાની પાછલી બારીએ એઠવાડની એક કોઠી ઉપર ચડીને એણે અંદર ડોકિયું કર્યું. આંધળી ફૂલવાળી ગોદડાના ગાભામાં

સૂતી હતી. તાવમાં લોચતી હતી. ઘેનમાં ને ઘેનમાં એનો એક બોલ સંભળાતો હતોઃ 'શેઠજી! શેઠજી!'

મુફલિસ જ્યાં ઊભો હતો ત્યાં પોતાનું સમતોલપણું ન સાચવી શક્યો. એઠવાડની કોઠી ગબડી પડી. પોતે પલળ્યો. ભોંયતળિયાની નીચે પણ બીજાં ઘર હતાં, તેમાંના એક ઘરમાં બધો એઠવાડ રેડાયો. એટલે એ ભૂગર્ભના એક વાસીએ બહાર નીકળીને એને ગાળો દીધી.

પણ એ બધું તો એણે એક ફિલસૂફને છાજતી ખામોશીથી સહી લીધું. ફરીથી પાછો એ કોઠી પર ચડી મેડાની બારીએ ટીંગાયો. આંધળીની પથારી પરથી ચાલ્યા જતા દાક્તરના છેલ્લા બોલ એણે પકડી લીધાઃ 'સંભાળ રાખજો. દવાદારૂ ને શેક બરાબર કરજો. કેસ ગંભીર છે.'

એંશી વર્ષની એક ઘરડી ડોશી દાક્તરના આ બોલ સામે બાઘી બનીને ઊભી થઈ રહી હતી. ત્યાં બીજું કોઈ નહોતું. તાવના પૂરા ઘેનમાં પડેલી કન્યા લોચતી હતીઃ "શેઠજી! શેઠજી! શેઠજી! ગુલાબ લ્યો."

આંધળીની સૃષ્ટિમાં મનુષ્યોના બે જ વર્ગો હતા શું? – એક પોતેઃ અને બાકીના તમામ શેઠજી!

મુફલિસ ઊતરીને ચાલ્યો ગયો. 'હું એનો શેઠજી છું' એ ખુમારી એના હૃદયમાં ફાટી ઊઠી. એણે રઝળુ જીવન છોડી દીધું. શહેરની મ્યુનિસિપાલિટીમાં એણે ઝાડુવાળાની નોકરી લીધી. કચરાની હાથગાડી ફેરવતો એ આખો દિવસ રસ્તા પરની ઘોડાંગધેડાંની લાદ, કૂતરાંની ઊલટી, ફૂટેલાં ઈંડાં, કેળાંની છાલ, બીડીનાં ખોખાં, ને ઝરૂખાવાસીઓનાં ખાધેલાં ફળોની ફોતરીઓ ઉસરડતો હતો. એ મજૂરીના પૈસા રોજ આંધળીને ઘેર પહોંચતા.

થોડે દિવસે આંધળીને આરામ આવ્યો, પણ નબળાઈ હજુ ઘણી હતી. દાદીમા હવે એને મૂકીને ફૂલ વેચવા જઈ શકતાં હતાં. અને રોજ સંધ્યાએ દાદીમાના ગયા પછી જ મુફલિસભાઈ છાનાછપના મેડા પર પેસતા. આંધળી પુત્રીનો જીવનાધાર 'શેઠજી' આ દાદીમાની નજરે કદી ચડ્યો નહોતો, દાદી અને દીકરી બેઉના કલ્પના-જગતમાં જ એની આકૃતિ અંકાઈ

રહી હતી, કોઈ પરીકથા માંહેલા વીર કુમારની પેઠે, અંધારભુવનના રાજેન્દ્રની માફક, જાણે કે એનું રહસ્યાગમન થતું હશે, અરુણવરણું કોઈ પારિજાતક લઈને એ જાણે પોતાના રથમાંથી ઊતરતો હશે, અને અંધ પુત્રીને સૃષ્ટિના અપરંપારનું અદ્દ્ભુત વહાલ કરતો હશે! એનું નામ-ઠામ ઠેકાણું એ જાણીબૂજીને જ જણાવતો નહીં હોય. આવી આવી કોઈ પુરાતન પરીવાર્તાને પોતાના ઘરમાં ભજવાતી સમજીને હર્ષઘેલડાં બનતાં દાદીમા ફૂલો વેચવા ચાલ્યાં જતાં, ને એક દિવસ પુત્રીનો આ તારણહાર રહસ્ય-પટને ચીરી નાખી પોતાની આંખો સામે ઊભો રહેશે એવી આશાએ જીવન ટકાવતાં.

"દાદીમા!" આંધળીએ પોતાને ચૂમતી ડોશીના ગાલ પર હાથ પસારતાં ચમકીને પૂછ્યું: "કેમ તમારા ગાલ ભીના છે?"

"કંઈ નહીં, બેટા, એ તો મને પરસેવો થયો છે."

એમ કહી એક સંધ્યાએ ડોશીએ છાબડી ઉપાડી. બહાર નીકળીને એણે બાકીનું રુદન પૂરું કર્યું.

આંધળીનો દુર્બલ દેહ બેઠો છે. એકલો, એનાં પગલાંના ધ્વનિ પર કાન માંડીને, એના હાથના સુખ-સ્પર્શની આશાએ ભર્યો. ઓહોહો! આંધળીના જગતમાં શી સુંદરતા ખડી થઈ હતી! કેટલી ભવ્ય આત્મવંચના!

રોજની પેઠે, દિવસ બધાના ઝાડુકામની દુર્ગંધને હાથ-મોં પરથી ધોઈ નાખી, મ્યુનિસિપાલિટીનાં કપડાંને બદલે પોતાના જૂના ગાભા પહેરી 'શેઠજી' આવ્યો. રોજની પેઠે આજે પણ ભેટ લાવ્યો હતો. ફાટેલી કોથળીમાંથી એણે એક મોસંબી, એક સફરજન, એક કાકડી ને એક માછલી બહાર કાઢ્યાં.

"જો! આ સફરજન મારા પોતાના જ બાગમાં પાકેલું."

એમ કહીને એણે આંધળીનો હાથ લઈ ફળ ઉપર ફેરવ્યો. પૂછ્યું, "કેમ, કેવું સરસ?"

"બહુ સરસ, આવું લીસું, સુંવાળું ને મીઠું સફરજન તમારા બાગમાં થાય છે?" જાણે આંધળીની આંગળીઓ ફળને ચાખતી હતી.

"ન થાય ત્યારે? કેટલાં ખાતર પુરાવેલ છે મેં! મને વેચાઉ ફળ ખાવાં

ગમે જ નહીં ને!'' શબ્દે શબ્દે શેઠજીની સાહેબી ગુંજી ઊઠી.

''ને જો આ કાકડી, આ મોસંબી, બધાં જ મારી વાડીનાં.''

પ્રત્યેક ફળ ઉપર આંધળીના હાથ ફરી ચૂક્યા.

''ને જો આ મચ્છી! મારા પોતાના જ તળાવમાંથી મારી બંદૂક વડે જ મેં શિકાર કર્યો. મારા જેવી નિશાનબાજી અમારા આખા ગામમાં કોઈને ન આવડે.''

''ઓહોહો!'' આંધળીની કલ્પનાભોમમાં હવે તો તસુ પણ ખાલી જગ્યા નહોતી રહી. હવે તો જાણે વધુ કંઈ સાંભળતાં કલ્પનામાં ચિરાડ પડી જશે!

મમતા અને અહેસાનમંદી બતાવવાનું શ્રેષ્ઠ સાધન બે આંખો જ છે. પણ આંખની વાણી જેની પાસે નથી તે શું કરે? જીભ વાપરે? ના, ના, જીભનું ઉચ્ચારણ કનિષ્ઠ છે. આંધળીએ જીભ-વાચા છોડી હતી. ફક્ત એના હાથ જ આ તારણહારના હાથ ઉપર ફરતા હતા. હથેળીમાં જાણે એને આંખો ઊઘડતી હતી.

''આ તારા નામનો કાગળ અહીં પડ્યો છે.'' મુફલિસે ત્યાં પડેલું એક કવર ઊંચક્યું.

''દાદીમાએ તો મને કંઈ કહ્યું નહીં! કોનો છે કાગળ? વાંચો જોઉં!''

મુફલિસે માંડ માંડ શબ્દો બેસાર્યા; લખ્યું હતું:

''મેડા નં ...ની ભાડૂત બાઈ ...! ત્રણ મહિનાનું ચડત ભાડું આજ સાંજ સુધી તો નહીં ચૂકવી જાઓ, તો કાલ સવારે મેડો ખાલી કરાવવામાં આવશે.''

આંધળી સમજી, ઘરધણીની એ નોટિસ હતી. પોતાની લાંબી માંદગીને કારણે મેડાનું ભાડું ચડ્યું હતું. 'શેઠજી'ના મોકલ્યા પૈસા તો દવામાં જ ગયા હતા. દાદીમાને ફૂલની ખપત કરતાં આવડતું નહોતું. દાદીમાના ભીના ગાલની સમસ્યા સમજાઈ ગઈ.

આંધળીનાં નેત્રોમાંથી ધાર વહેતી હતી. આંખોમાંથી દૃષ્ટિ ઓલવાય છે, પણ પાણી કેમ નથી સુકાતાં? અંધાપો આપનાર દેવ બહુ ક્રૂર મશ્કરો

હશે.

"પણ તું રોવા શું બેઠી એમાં?" મુફલિસનો ગુંજતો અવાજ એના મોંની સિકલ પરની મૂંઝવણને છેતરતો હતો: "હવે ભાડાની રકમમાં તે શું બળ્યું છે? આજ સુધી બોલી કાં નહીં? આપણે ઘેર ક્યાં કમીના છે? હમણાં જ હું જઈને લઈ આવું છું. ને આ જો!"

રસ્તા પરથી ઝાડુ કાઢતાં વીણેલું એક છાપું એણે બતાવ્યું:

"જો, આમાં છાપ્યું છે કે – ગામનો મોટો દાક્તર જનમઅંધાપાને પણ ટાળે છે. તું તૈયાર થઈ જા. આપણે એની પાસે જઈ આવવું છે. હું ભાડાના રૂપિયા લઈને હમણાં જ આવું છું."

પણ ઝડપથી બહાર નીકળેલા પગનું જોર એક જ પળમાં ચાલ્યું ગયું. ભાડાના રૂ. 50ની લૂમ કોઈ પણ ઝાડ પર લટકતી હોય એવું એણે ન દીઠું. મ્યુનિસિપાલિટીના ડીપો ઉપર એ પહોંચ્યો અને એને રુખસદ મળી હોવાના ખબર આપવામાં આવ્યા ત્યારે જ એને ભાન થયું કે પરગજુપણાની દુનિયામાંનો એક અંધારિયો મેડો કંઈ મ્યુનિસિપાલિટીની શાખા નથી. એની રોટલી ગઈ હતી.

પણ રોટલીની વાત તો હજુ સવારે છે. અત્યારે તો આંધળી છોકરીના મેડાના ચડત ભાડાનો જ પ્રશ્ન છે. ભૂત-ભવિષ્યને ભૂંસી નાખી કેવળ ચાલુ વર્તમાનમાં જ જીવનાર કો' તત્ત્વવેત્તા સમો મુફલિસ નગરમાં આંટા મારવા લાગ્યો. રાતના દસેક વાગ્યે એક ઝગઝગતી રંગભૂમિને દરવાજે આવી પહોંચ્યો. અંદર મુક્કાબાજીનો જલસો થવાનો હતો.

અંદરથી એક આદમી બહાર આવ્યો. એણે પૂછ્યું: "અમારી એક જોડી તૂટે છે. તારે ઊતરવાની છે મરજી? જીતનારને રૂ.100નું ઈનામ મળશે."

"હા. એક શરતે, મને બહુ મુક્કા ન મારવા, હું જાણીબૂજીને હારીશ. રૂ. પચાસ-પચાસ આપણે બેઉ વહેંચી લઈશું."

મુક્કાબાજીની રમત ખૂનખાર છે. લોહીના કોગળા કરાવે છે. નાકકાનનાં હાડકાં તોડી નાખે છે. એક રમતમાં મનુષ્ય સો વાર મૃત્યુનો

કિનારો ભાળી જાય છે. માયકાંગલા શરીરવાળો એ મુફલિસ અખાડાની અંદર લંગોટ પહેરવા પેઠો ત્યારે ત્યાં સજ્જ થતાં કદાવર, પલીત ખેલાડીઓને દેખી એનું લોહી થીજી ગયું.

જેની સાથે ઈનામની અરધોઅરધ વહેંચણીનો કરાર કરેલો તે ખેલાડીને કોઈક અકસ્માતને કારણે આ મુફલિસ ભાઈની જોડીમાંથી ખેસવવામાં આવ્યો. એને બદલે મુફલિસે એક બીજા જણને દીઠો: મનુષ્યાવતારમાં કેટલાક દીપડા જન્મે છે તેવો વિકરાળ અને ખૂનભર્યો.

"કાં દોસ્ત! આપણે બે જણા ભાગે પડતું વહેંચી લઈશું?" મુફલિસે પ્રસ્તાવ મૂક્યો.

જવાબમાં દીપડા-સ્વરૂપ પ્રતિસ્પર્ધીએ ડોળા ઘુરકાવ્યા: "હું ઈનામ સારુ નથી આવતો અહીં. ઇજ્જત સારુ આવું છું."

તે દિવસના જલસાએ મુફલિસને મરણતોલ કરી મૂક્યો. અરધી રાતે એણે ડગલાં ભર્યાં ત્યારે પ્રભાતે ચૂકવવાના રૂ. 50માંથી એકાદની કરકરિયાળી કોર પણ નહોતી દેખાતી.

[6]

"કોણ, મારો દિલજાની તો નહીં?" કહીને એની બાજુએ લથડિયાં લેતાં એક આદમીએ એની સામે જોયું.

એ હતું શરાબખાનાનું દ્વાર, ને એ ગૃહસ્થ હતા પેલા શરાબી શ્રીમંત. દારૂએ એને એના દોસ્તની પિછાન દીધી. દોડીને એ દિલજાનીને ગળે ભેટી પડ્યો.

મદિરાનાં વખાણ સાવ જૂઠાં તો નથી જણાતાં.

"અરે જિગર! અરે મારા કલેજાના ટુકડા!" શ્રીમંત-હર્ષઘેલો થયો: "તું ક્યાં હતો? મને મૂકીને તું ક્યાં ગયેલો?'

"તમારા માણસોએ ધમકાવીને કાઢેલો; તમારા કહેવાથી!"

"મારા કહેવાથી? હોય નહીં. હું કહું નહીં; હું સાચો હું તો અત્યારે જ હોઉં છું! સવારને પહોરે તો, યાર, હું ગુમસાન બની જાઉં છું. મને માફ કર. ચાલ ઘેર ચાલ, મારા જિગર! ચાલ મારા કલેજા."

ઘેર જઈને ફરી વાર શ્રીમંતે સુરા ચડાવી. મુફલિસે પોતાના દુઃખની વાત કહી. આંધળી માટે એણે ભાડાની રકમ માગી.

"પણ ત્યારે તું કેમ માગતો નથી? કેટલા જોઈએ? બોલ, બોલ, આ લે, આ એક-બે-ત્રણ –" દારૂ ચડ્યો હતો.

સો-સો રૂપિયાની દસ નોટો એણે ગણી આપી. લઈને મુફલિસ નાઠો. નોકરો એની પૂંઠે પડ્યા. પોલીસને જાણ કરી. દરમિયાન મુફલિસ ભાઈ આંધળીને મેડે ચડી ગયા હતા.

"જલદી હાથ ધર." આંધળીની હથેળીમાં એણે એક પછી એક નવ નોટો ગણી લીધી. "આમાંથી રૂ. 50 ભાડાના, ને બાકીના રૂ. 850 પેલા દાક્તર કને જઈ આંખો સુધરાવવાના."

આંધળીના મોંમાં ઉચ્ચાર નહોતો. દેખતી દુનિયામાં, પોતાના અંધાર-જગતને ઊંબરે આ શું કૌતુક બની રહ્યું છે! આભી બનીને એ બેઠી રહી. નોટોનાં કાગળિયાં હજુ એણે ઝાલ્યાં નહોતાં.

"કેમ? કંઈ ઓછું પડે છે? લુચ્ચી જાણી ગઈ કે? કેમ કરીને જોઈ ગઈ તું?"

એક નોટનો કટકો એણે પોતાના ઉપયોગ માટે ખિસ્સામાં સરકાવ્યો હતો. તે એણે બહાર કાઢ્યો અને આંધળીની હથેળીમાં મૂકી દીધો: "આ લે, હવે તો મેં કશુંજ છુપાવ્યું નથી હો! તારી આંધળી આંખો પણ કટારી જેવી છે, ખરું ને? કોઈકના ગજવામાં, છેક કલેજા સુધી પેસી જાય છે, ખરું કે? બહુ દુત્તી છે! આંધળાં બધાં ભારી કાબેલ હોય. ખરું કે?"

આંધળીએ આ બધા પ્રલાપનો જવાબ આપવા સારુ પોતાનો હાથ 'શેઠજી'ના હાથ પર ફેરવવા લંબાવ્યો, અહીં તહીં બધે જ આંગળાં પસારી વળી. પણ ત્યાં કોઈ નહોતું. 'શેઠજી' તો અહેસાનમંદીનો એક સુખસ્પર્શ પામવા પણ નહોતો રોકાયો.

હજાર રૂપિયાની નોટો ઉપર આંસુનાં ટીપાં ટપ ટપ અવાજ કરતાં હતાં. પાછળ છુપાઈને ઊભો હશે, ટગાવતો હશે, એવી ભ્રમણાથી આંધળીનો હાથ પછવાડે પણ વીંઝાતો હતો. હવામાં જ એને અફળાવું રહ્યું

હતું.

પ્રભાતે જ્યારે પોલીસ એ મુફલિસને પકડીને શ્રીમંતના ઘરમાં લઈ ગઈ ત્યારે ટટ્ટાર છાતીએ ને રુવાબી ચાલ ચાલતો એ અંદર પહોંચ્યો.

'દિલજાની દોસ્ત' ઊંઘતો હતો. એને ઢંઢોળીને મુફલિસે જગાડ્યો, કહ્યું: "બોલી નાખો દિલજાની દોસ્ત! આ હજાર રૂપિયાની નોટો તમે મને રાજીખુશીથી જ આપી છે કે નહીં?"

"કોણ છે આ બેવકૂફ?" 'દિલજાની દોસ્તે' નોકરો તરફ ફરીને પૂછ્યું.

"કેમ કોણ છે?" મુફલિસે યાદ દીધું: "હું તમારો જિગરજાન, તમારા કલેજાનો ટુકડો."

"આ માણસને હું ઓળખતો નથી." શ્રીમંતે પોલીસને જણાવ્યું.

મદિરા ઊતરી ગઈ હતી.

મુફલિસને લાંબી ટીપ મળી.

[7]

રસ્તાના ચોકની એક બાજુએ ફૂલોની દુકાન શોભતી હતી. કાચનાં બારીબારણાં વાટે હજારો ફૂલોની ગેંદો, માલાઓ, વેણીઓ, ગજરાતોરા, અને લગ્નસરાના પુષ્પ-મુગટો હસતા હતા. રંગો અને ખુશબો જાણે વાચા ઉચ્ચારી રહ્યાં હતાં. બે-ત્રણ દાસીઓ અંદર ઘૂમતી હતી. 85 વર્ષના એક ડોશી એક આરામખુરસી પર બેઠાં હતાં અને એક સુંદર કાળી ખુરસી પર બેસીને ઘરાકોની વરધી નોંધતી એક જુવાન સ્ત્રી આ ફૂલની દુકાનને ગૌરવ આપતી હતી.

ધનિકોની અને રસિકોની રોનકદાર મોટરગાડીઓ ત્યાં ઉપરાઉપરી અટકતી અને ફૂલોની ખરીદી કરનારા ફૂલભોગીઓ ઊતરી પડતા. એમાંના અનેક ઘરાકોની મુખાકૃતિ ઉપર એ ફૂલ-હાટની અધિષ્ઠાત્રી તાકીતાકીને જોઈ રહેતી. જાણે એનું કોઈ ખોવાયું હતું.

એમ તો એ દુકાનના તારીખિયા ઉપરથી કેટલી યે તારીખોનાં પતાકડાં ઊખડી ઊખડીને હવામાં ઊડી ગયાં, ને કેટલીયે મોટરો ધીરે

અવાજે ત્યાં અટકીઅટકીને પાછી ઊપડી ગઈ.

સજા ભોગવીને જેલની બહાર આવેલા મુફલિસનાં પગલાં યંત્રની પેઠે ચાલ્યાં જતાં હતાં. એનો લેબાસ ઘૃણા ઉત્પન્ન કરે તેવો હતો – પણ તે તો દેખતાં લોકોને. પોતે જેને મળવા જતો હતો તે તો હતું અંધ માનવ. સંકોચ વિના તેણે કદમ ઉપાડ્યા.

જૂની પિછાનવાળા ઓટા પાસે એ આવી પહોંચ્યો. ઓટા પર કોઈ નહોતું. ફૂલવાળી, ફૂલછાબ કે ફૂલની એક પાંદડી સુધ્ધાં નહોતી. ઓટો ઘણા કાળથી ઉજ્જડ પડ્યો હોય એવું દેખાઈ આવ્યું.

થોડી વાર એણે ત્યાં ઓટાની સામે આમતેમ ટેલ્યા કર્યું, પણ કોઈ આવ્યું નહીં. માંદી હશે? મરી તો નહીં ગઈ હોય? બીજે ક્યાંય બેઠક બદલી હશે? શું થયું હશે?

દૂર ઊભેલો પોલીસ એની ચેષ્ટાને તપાસી રહ્યો છે. છાપાં વેચતાં બે ફેરિયા છોકરાઓ ચણીબોરના ઠળિયા ભૂંગળીમાં ભરીને એને તાકીને મારી રહ્યા છે. ઠળિયા એના ગાલ ઉપર જોરથી ચોંટતાં જ એ પછવાડે જુએ છે. ફેરિયા છોકરા બીજી બાજુ ફરીને બૂમ મારે છે: 'સમાચાર!' 'પ્રજાહિત!' 'ગડગડાટ!' 'બડબડાટ!' જગતને રમૂજ અને પરિહાસનાં પાત્રોરૂપ આ વિવિધસ્વરી ભિખારી ફેરિયા છોકરાઓ: તેને પણ ઠેકડીએ ઉડાવવાનું યોગ્ય પાત્ર સાંપડ્યું હતું. મુફલિસની અવદશાનો ચિતાર આપવા માટે આ એક જ બીના બસ થતી હતી.

મોં ઉપર ચોંટી જતા બોરના ઠળિયાને ઉખેડી દૂર કરતો અને એ મશ્કરા છોકરાઓની સામે ખીજે બળતો મુફલિસ ભારે પગલે આગળ ચાલ્યો.

ચોકના ખૂણા પરની પગથી ઉપર એ પહોંચ્યો ત્યારે જમીન પર ગટરની અંદર એણે એક ફૂલ પડેલું દીઠું. દેખીતી રીતે જ એ ફૂલ કોઈ દુકાનના વાસીદામાં જ નીકળેલું હતું. એની પાંખડીઓ કરમાઈ ગઈ હતી, પરંતુ મુફલિસને આજે ઘણા મહિનાની તલબ એકઠી થઈ હતી. ફૂલને તેણે ગટરમાંથી ઉઠાવી લીધું, નાક વતી સૂંઘતો નહીં પણ જાણે કે ચૂસતો ચૂસતો

એ ત્યાં ઊભો રહ્યો. એના માથામાં જાણે કોઈ માદક ખુશબો ચઢી રહી છે.

થોડી વારે એણે પછવાડે જોયું; ને જોતાં જ એ દંગ થઈ ગયો. ભરચક ફૂલોની દુકાન દીઠી. ખુશબોના તો જાણે છંટકાવ થતા હતા. એના મોંને જાણે એ સુગંધિત હવાની ઝાલક ભીંજવતી હતી.

એણે ફરીથી જરા ટીકીને જોયું. ફૂલોની દુનિયા વચ્ચે એક મોં દેખાયું.

એ જ એ મોં? ક્યાંથી હોય? કોઈક ભળતો ચહેરો? એ જ – એ જ – એ જ.

એ અહીં ક્યાંથી? કોઈની દુકાનમાં નોંકર રહી ગઈ? કેવાં સ્થિર નેત્રે બેઠી છે! મહિનાઓ પહેલાં દીઠી હતી તેવી જ અંધ, છતાં અનંતને પાર જોતી બે આંખો. મટકું ય નથી મારતી.

ત્યાં તો એણે ઉદ્ગાર સાંભળ્યો: "દાદીમા, આજ મારી ડાબી આંખ ફરકે છે. મને એમ થાય છે કે જરૂર આજ એ આવશે."

એ આવશે! કોણ આવશે? મુફલિસે એ દુકાન તરફ પગલાં માંડ્યાં. એ હર્ષઘેલો થઈ હોઠ પલકાવી રહેલ છે. એના હાથનું ચીમળાયેલું ફૂલ હમણાં જાણે છેક નાકની અંદર પેસી જશે.

ધીરે ધીરે છેક ફૂલોના જૂથની પાસે જઈને એ ઊભો. બોલતો નથી. નિહાળે છે. ધારીધારીને નિહાળે છે.

ફૂલવાળી પણ આ ગાંડા ભિખારીની હર્ષચેષ્ટાઓને જોઈ રહી. એને તો રોનક થયું છે. પોતે વાટ કોની જોઈ રહી છે: અને મેળાપ કોનો થયો છે: કલ્પનાની સુંદર સ્નેહમૂર્તિ ક્યાં! ને ક્યાં આ એક ગાંડાની ઈસ્પતાલમાંથી નાસી આવેલાના દીદાર! વિધાતા પણ ઠીક ઠેકડી કરી રહી છે.

"દાદીમા!" ભિક્ષુકના ચહેરા પર કોઈ અજબ વેવલાપણું દેખીને ફૂલવાળીએ ડોશીને કહ્યું: "જુઓ તો ખરાં! કેવો વિજય વર્તી રહ્યો છે મારા રૂપનો! આમ તો જુઓ! આ શેઠજી મારા ઉપર એનું વહાલ ઢોળી રહેલ છે – હી-હી-હી-હી." એ ધીરું ધીરું હસી.

સાંભળીને મુફલિસ ખસિયાણો પડી ગયો. એના મોં પરની વેવલાઈમાં કરુણતા ભળી. એના ફૂલમાંથી પાંખડીઓ ખરતી હતી. એ જોતો હતો પેલી બે આંખોને. શું એ આંખો ભાળે છે?

એક પછી એક એના ફૂલની બધી જ પાંખડીઓ ખરી પડી. મુફલિસના હાથમાં માત્ર સળી જ બાકી રહી છે, છતાં હજુ એ સૂંઘતો અટકતો નથી. એનું જોવાનું હજુ પૂરું થયું નથી. ભોંઠામણ, હર્ષોન્માદ અને કૌતુકની ઊર્મિઓ એના ચહેરા પર એકઠી મળી છે.

"તારે ફૂલ જોઈએ છે, અલ્યા!" ફૂલવાળીએ એના સામે અનુકમ્પિત દૃષ્ટિ કરી: "તું તો બહુ ફૂલનો શોખીન જણાય છે, અલ્યા! લે હવે એ સળી નાખી દે, ને આ લે આ તાજું ગુલાબ!"

દિવસોનો ક્ષુધાતુર જેમ રોટલાનો ટુકડો પકડવા હાથ લંબાવે તેટલી અધીરાઈથી એણે ફૂલ લેવા હાથ લંબાવ્યો. પણ પાછો ખંચકાયો. હાથ એણે પાછો ખેંચ્યો.

"લે, લે અલ્યા, હું તને ટગવતી નથી, સાચેસાચ ફૂલ આપું છું."

ફૂલ લઈને એ ઊભો થઈ રહ્યો. હજુ એની મીટ ફૂલવાળીના મોં પરથી ઊખડતી નથી.

"કેમ હજુ ઊભો છે, અલ્યા? તું ભૂખ્યો છે? પૈસો જોઈએ છે તારે? આ લે પૈસો."

ફૂલવાળીએ પૈસો આપવા હાથ લંબાવ્યો. એ દેખીને મુફલિસ પોતાને જાણે કોઈ અંગારા ચાંપવા આવતું હોય તેવા ત્રાસથી પાછો હટ્યો. દૂર જઈને ઊભો રહ્યો. એની આંખોમાં જાણે બે દીવા બળતા હતા.

"કેમ? કેમ નાઠો, અલ્યા? આ લે પૈસો, સાચે જ પૈસો આપું છું." એમ કહેતી એ ઊભી થઈ. લપાઈએ ઊભેલા મુફલિસને તો આ હાંસીની હદ થઈ ગઈ. એ ઊભો હતો ત્યાં જ થીજી ગયો. એને જાણે કોઈ સોટા મારવા ચાલ્યું આવે છે.

"આ લે પૈસો."

મુફલિસે હાથ સંકોડી લીધા. ફૂલવાળીએ એનો હાથ પકડીને

હથેળીમાં પૈસો મૂક્યો. મૂકતાં જ, હાથનો સ્પર્શ થતાં જ, ફૂલવાળીને રોમે રોમે ઝણઝણાટી ઊઠી, સ્પર્શની વાચાએ એને સાદ દીધો. ઝાલેલો હાથ એનાથી છોડી ન શકાયો. હાથ જાણે ચોંટી ગયો. એનાથી એટલું જ બોલી શકાયું: "તમે? તમે જ? પાછા આવી પહોંચ્યા?"

મુફલિસે માથું હલાવ્યું. સજળ એનાં નેત્રો હજુ તાકી જ રહ્યાં છે. એના મોંમાંથી પણ સામો આટલો જ બોલ પડ્યો: "તું તું દેખતી થઈ?"

ફૂલવાળીએ માથું હલાવ્યું. ચારે જીવન-પ્રદીપોમાં આંસુનું તેલ પુરાતું હતું. હસ્તમિલાપ હજુ ભાંગ્યો નહોતો. બેઉની વચ્ચે એક તાજું ગુલાબ હસતું હતું.

## મવાલી

આગગાડીનો વેગ ધીમો પડ્યો. સેંટ્રલ જેલની અજગર સરખી લાંબી કાળી દીવાલ દેખાવા લાગી. એક ડબામાં ગુલતાન કરતો એક જુવાન હતો. એનો હાથ જો એક પોલીસના હાથ જોડે હાથકડીમાં ન બંધાયેલો હોત તો કોઈ એને કેદી ન માની શકત. એને વીંટળાઈને બેઠેલા ચાર-પાંચ દોસ્તો એની પીઠ થાબડતા હતા. કોઈ એને કલેજે હાથ દેતો હતો. કોઈ એના માથા પર હાથ ફેરવતો હતો. 'ખરો બહાદુર!' 'વીર પુરુષ' 'કોમને ખાતર!' એવા ધ્વનિ દોસ્તોનાં મોંમાંથી ઊઠતા હતા.

"આ જેલની અંદર તારે માટે હું મહેલ ખડો કરી દઈશ, દોસ્ત!" મિત્રો માંહેલો મુખ્ય આદમી કેદીને હિંમત દેતો હતો: "જેલવાલા તો સાલા કુત્તા છે કુત્તા! એનાં મોઢાં તો હું ફટફટ ભરી દઈશ. મારા તમામ પૈસા તારા પર કુરબાન છે, દોસ્ત! તારી શહીદીથી તો કોમ તાજ્જુબ થઈ ગઈ છે."

કેદીના ચહેરા પર આ સાંભળીને ચમક ઊપડતી હતી. એણે શહીદી કરી હતી – પોતાની સામી કોમના એક રાજદ્વારી અગ્રેસર ઉપર, ચૂંટણીને આગલે દિવસે છૂરીથી હુમલો કરવાની. એની સાથે આવનાર આ પૈસાદાર 'દોસ્ત' કોમી રાજદ્વારી પક્ષનો નામચીન આગેવાન હતો.

"અને દોસ્ત, તું જોજે તો ખરો!" એણે વધુ હિંમત આપી: "ઠેઠ ધારાસભા સુધી પૈસા પાથરીને તારી સજા રદ કરાવીશ હું."

સ્ટેશન આવ્યું. આ મહાન શહીદના માનમાં વાવટા ફરકાવતાં લોકોનાં ટોળાં ઊતરી પડ્યાં. 'કોમી વીરની જય!' 'જય!' 'જય!' એ ધ્વનિ કેદખાનાના ગઢની છાતી પર પછડાયા.

શહીદની તસવીરો લેતા લેતા અનેક કૅમેરાની ચાંપો ખખડી રહી. અનેક સોનેરી પોથીઓનાં પાનાં 'શહીદ'ના હસ્તાક્ષરો ઝીલવા માટે એની સન્મુખ ખુલ્લાં થયાં. છાપાંવાળાની ફાઉન્ટન-પેનો એના સંદેશા લેવા તલપી રહી.

શહીદ એ સહુને સંતોષવા યત્ન કરતો હતો. વારંવાર સલામો ઝીલવા માટે ઊંચો થતો એનો હાથ, પોતાની સાથે હાથકડીની અંદર જકડાયેલા પેલા પોલીસના હાથને પણ પરાણે ઊંચો કરતો હતો.

જેલના દરવાજાએ જડબાં ફાડ્યાં. 'કોમની જય! કોમની જય!' બોલતો કેદી અંદર ચાલ્યો.

'ફિકર ન કરજે!' એ શબ્દો સાથે શાહુકાર અગ્રેસરે એની સામે આંખમિચકારા કર્યા.

"મારી-મારી-મારી ઓરતને સમાલજો!" કેદીએ લહેરથી હાથની ઇશારત કરી પીઠ ફેરવી દમામભેર એ અંદરના બીજા ફાટકમાં દાખલ થયો. ફાટક બિડાયું. હજુ એને કાને 'શહીદ! શહીદ! શહીદ!' એ ઘોષ ગુંજતા હતા.

*

"સાહેબજી, વૉર્ડન સા'બ, સાહેબજી!" કહેતો એ શ્રીમંત આગેવાન જેલ-ઉપરીની ઑફિસમાં પેઠો. ઉપરીએ સહેજ સ્મિત કરીને એની સાથે હાથ મિલાવ્યા. ખાસ કંઈ ગાઢ પરિચય ન બતાવ્યો.

"કેમ, છો તો મજામાં ને? હવે તો આપણી કોમનું જૂથ ધારાસભામાં જોર પર આવી ગયું છે, યાર! અમારા મિ. ... વગેરેએ જેલના કારોબારની ખૂબ તરફદારી કરવા માંડી છે; છાપાં વાંચો છો ને?"

"ના જી, હું બહુ વાંચતો નથી. વારુ, બીજું કંઈ?" જેલના વૉર્ડને ટૂંકામાં પતાવવા માગ્યું.

"ના, ખાસ તો કંઈ નહીં, હું તો આપણા એક બિરાદરને અહીં સુધી વળાવવા આવ્યો હતો. આ હમણાં તમે જોયો ને વાવટા સરઘસ વગેરે દબદબો? એ આપણો કોમી શહીદ છે. બડો નામાંકિત જુવાન છે. સામા

પક્ષની લાગવગથી ટિપાઈ ગયો છે. એની સંભાળ રાખશો ને? મહેનત-મજૂરી ન કરાવતા, સમજ્યા કે?"

"અહીં આવો." વૉર્ડને નવા આવનાર કેદીની સાથે શહેરમાંથી મોકલાયેલો રિપોર્ટ ઉખેળીને કહ્યું: "જુઓ, આમાં શું લખાઈ આવ્યું છે તે સાંભળો! કેદીએ કાચી જેલમાં જેલરને માર્યો. અદાલતમાં માજીસ્ટ્રેટ પર સોડાની બાટલી ફેંકી. સબ-જેલમાં સંત્રી ઉપર જોડાનો ઘા કર્યો. એને સાત વરસની સખત ટીપ છે. માજીસ્ટ્રેટે કડક ચેતવણી લખી છે. છતાં તમે કહો છો કે એને મારે મુલાયમ રખાવટ આપવી?"

"અરે, મારા યાર!" કોમનો આગેવાન હસી પડ્યો: "માજીસ્ટ્રેટ તો બધું લખે. અહીં જેલની અંદર કોણ જોવા બેઠું છે! તમે તમારું કામ કરો, અમે અમારું કામ કરીએ! તમારે પણ, યાર, બેઉ બાજુ પીઠ થોડી છે? એક બાજુ પીઠ છે, બીજી બાજુ પેટ છે; પેટ તો સહુને પૂરવાનું જ છે ને!" બોલતાં બોલતાં એણે સો-સો રૂપિયાની પાંચ નોટો વૉર્ડનના ટેબલ પર ધરી દીધી, ને ઉમેર્યું: "આજકાલ સમય બહુ બારીક છે, વૉર્ડન સાહેબ! સમય બહુ બારીક છે, હેં-હેં-હેં-હેં!"

"હેં-હેં-હેં-હેં" જેલનો વૉર્ડન પણ હસવા લાગ્યો. પાંચસો રૂપિયાની નોટો વૉર્ડનના જમણા હાથમાંથી ડાબા હાથમાં ચાલી ગઈ. એને ડાબે પડખે, શિયાળાની ઠંડી હોવાથી, એક સગડી બળતી હતી. એ સગડીના તાપ તરફ એનો ડાબો હાથ લાંબો થયો. 'હેં-હેં-હેં-હેં' એણે ફરીથી હાસ્ય કર્યું અને સગડીના અગ્નિમાંથી છલંગ મારીને જ્વાલાએ પાંચેય નોટોને પોતાની જીભમાં પકડી. 'હેં-હેં-હેં-હેં' વૉર્ડને હાસ્ય કર્યું. એ હાસ્યમાંથી પણ જ્વાલાઓ ઊઠી. એ જ્વાલાઓએ સામે ઊભેલ કોમી અગ્રેસરના હાસ્યને ખાક કરી નાખ્યું. એણે ચમકીને પૂછ્યું: "અરે, અરે, વૉર્ડન, આ શું કરો છો?"

"શું કરું છું!" વૉર્ડનના પહોળા મોં પર સખત કરચલીઓ વળી ગઈ: "મને, મારી નેકીને, ખરીદવા આવ્યા છો? જેલની દીવાલોની અંદર કોઈ આંખો જોતી નથી, માટે મારા આત્માની આંખને પણ ફોડી નાખવા

આવ્યા છો? તમે રાજદ્વારી કોમી લડાઈઓના કાળા પડછાયા અહીં પણ પાડવા માગો છો?"

"એટલે?"

"એટલે! ન સમજ્યા? તો સમજો, કે અહીં રંક કે રાય, શહીદ કે ચોર, આગેવાન કે અદના ઈન્સાન, સહુ સરખા છે. સહુને નિયમમાં રહેવાનું છે, સહુને એના વર્તાવ મુજબ રાહત કે સખતાઈ મળશે. જ્યાદે કે કમી કોઈને નહીં મળે, સમજ્યા?"

"સમજ્યો!" આગેવાને દાંત પીસ્યાઃ "પસ્તાશો. બુઢ્ઢા થયા છો."

"બુઢ્ઢો થયો છું માટે જ માર્ગ બદલવા નથી માગતો. પસ્તાઈશ તો માલિકની વધુ નજીક આવીશ. જાઓ."

"હું કોણ –"

"તે મને ખબર પડી ગઈ છે. પધારો."

કોમી આગેવાનને વિદાય દેતું બારણું પણ અકળાઈને જાણે કે બોલ્યું: 'જાઓ.'

[2]

નવા કેદીઓ કપડાં બદલતાં હતા. જેલ-કપડાંની પોતાને મળેલી જોડને શરીર પર સરખી કરવા મથતો એ જુવાન વિચારમાં પડ્યો હતો કે આવાં કોથળા જેવાં કૂડતું-પાયજામો પોતાને શા ઈરાદાથી આપવામાં આવેલ હશે! પોતાના જેવા બે જુવાનો સમાઈ જાય એવાં એ પહોળાં હતાં. પોતાના પાતળા સોટા સરખા બદનની આવી બેહાલી એણે જિંદગીમાં પહેલી જ વાર દેખી.

"એ હેઈ! એ સિપાઈ!" એણે પાસે ઊભેલા જેલ-વૉર્ડરને બોલાવ્યો. ફરી વાર બૂમ પાડી, ફરીફરી સાદ પાડ્યા છતાં જેલ-વૉર્ડરે ધ્યાન ન આપ્યું એટલે એણે વૉર્ડરનો ખભો પકડીને પોતાના તરફ ફેરવ્યો. કહ્યું: "આમ નિગાહ તો કર. આવા કોથળા શું મારે પહેરવાના છે? હું કોણ છું એ તને હજુ ખબર નથી? તને વૉર્ડને હજુ કંઈ કહ્યું જ નથી, કુત્તા!"

પલકમાં તો એની અને વૉર્ડરની વચ્ચે ખૂનખાર ટપાટપી લાગી પડી.

લઠ્ઠ શરીરવાળા એ પશુતુલ્ય જુવાને પોતાની 'શહીદી'ની ખુમારીમાં વૉર્ડરને પીટ્યો. કપડાં ફગાવી દીધાં. રમખાણ મચાવ્યું. પરિણામે એને કોટડીમાં પૂરી દેવામાં આવ્યો.

એનો ખટલો કરવા આવનાર જેલરને વૉર્ડને ઠંડા મિજાજે હસીને કહ્યું: "કંઈ જરૂર નથી. એને કપડાં ન પહેરવાં હોય તો ન પહેરે. એને સવારે કામ પર લઈ જજો – ત્યાં –" વૉર્ડનનો આંખ-ઇશારો જેલરે સમજી લીધો.

બીજે દિવસે બગબગાની કલેજા ચીરતી ઠંડી પવન-સુસવાટીમાં એ જુવાને પોતાની કોટડીમાંથી એક હજાર કેદીઓની કૂચકદમ દીઠી. એક હજાર મનુષ્યો: શરીર પર અક્કેક કૂડતું ને પાયજામો: છાતી પર પતરાનાં ચકચકિત ચગદાં: ચગદા ઉપર કોતરેલા સજાના આંકડાઓ: પંદર વરસ, પચીસ વરસ, ત્રીસ વરસ, ચાલીસ વરસ, પચાસ, એંશી... ચગદાં, બસ ચગદાં! ચકચકાટ કરતાં ચગદાં જાણે ચાલ્યાં જાય છે: જીવતાં માનવીઓ જાણે કાળા ઓળાયા જ બની જાય છે. અને નાનાં નિર્જીવ ચગદાંની એક પ્રેતસૃષ્ટિ સજીવન થાય છે. કાળાં કૃત્યો, કાળી વેદના, અંધારી એકલતા, આશાહીન જીવન, જીવતાં કફન. જીવતી કબરો: એક હજાર ઈન્સાનનાં મુડદાં જાણે કે ચગદાં સાથે જકડાઈને ચાલ્યાં જાય છે. દુનિયાની માયામમતાથી રદબાતલ એક હજાર મનુષ્યોની મુખમુદ્રાઓને માંજવા માટે કારાગૃહમાં માટી નથી. લાલ મિટ્ટી અને ખાટી આંબલી ત્યાં ફક્ત ચગદાંને ઊટકવા માટે જ મળે છે. ફક્ત ચગદાંને ચકચકિત રાખવાનાં ઇનામો મળે છે. ચગદાં જ ત્યાં જીવે છે. માનવી ત્યાં પડછાયો માત્ર છે. એક હજાર ચગદાં જાણે કડકડતી ટાઢમાં થરથરી રહેલ છે. પાંચ વરસ, દસ વરસ, પંદર-વીસ, પચીસ, એમ સરેરાશ વીસની સજા: જીવતી ઇન્સાનિયતનાં વીસ હજાર વરસો ત્યાં પુરાયાં છે. ધ્રૂજે છે! ખણીંગ, ખણીંગ, ખણીંગ, અવાજે હાથકડીઓ ને પગબેડીઓના ઝંકાર દેતાં ત્યાં ચાલ્યાં જાય છે – માનવજીવનનાં વીસ હજાર વર્ષો: થર થર કાંપે છે. ઓરતની ગોદને અને બચ્ચાંની હૂંફને યાદ કરે છે, પ્રભાતની ગુલાબી સગડીને કલ્પનામાં શોધે

છે. એક હજાર મોંના ધ્રૂજતા દાંતમાંથી ડાકલી વાગે છે.

કોટડીના બારણા પર આવીને દરોગાએ કહ્યું: "કાં જુવાન, તારે માટે વૉર્ડન સાહેબે છૂટી આપી છે. જેલ-કપડાં પહેરવાનું તને ફરજિયાત નથી."

"એમ છે?" જુવાનનો સીનો ટટ્ટાર થયો: "એમ ત્યારે! હવે તો મારી પિછાન પડી ને!"

"હા, ચાલો હવે બહાર."

"બેશક, ચાલો."

એક હજારની કૂચકદમમાં એણે પણ પગના તાલ મિલાવ્યા. ઉઘાડે શરીરે એ છાતી પહોળાવતો ચાલ્યો. વીસ હજાર વર્ષોની જોડે એનાં સાત વર્ષો પણ શામિલ બન્યાં. સૂસવતાં ઠંડા પવનને એની છલકતી છાતી હુંકાર દેતી હતી.

"તમારે આ બાજુ જવાનું છે." કહીને દરોગાએ એને એકલાને આખી ફાઇલથી છૂટો પાડ્યો. એક મકાનના બારણા તરફ વાળ્યો. મકાન ઉપરના પાટિયા પર લખેલું હતું: 'બરફનું કારખાનું'.

બારણામાં પેસતાં જ એની જુવાની કાંપી ઊઠી. ખુલ્લા શરીરે શિયાળાની કડકડતી ટાઢમાં બરફના કારખાનાની અંદર!

એક, બે ને ત્રણ દિવસનાં એવાં પરોડિયાં ગયાં. ત્રીજી સંધ્યાએ પોતાની તુરંગમાં એ ભાંગી ભુક્કો થઈ બેઠો હતો. જુવાની થીજી ગઈ હતી. એ વિચારતો હતો: આ શું થઈ ગયું? મને અહીં મોકલનારા ક્યાં ગયા? મારા વિજયધ્વજો, મારી શહીદીના જયધ્વનિ, મારી વીરતાની તસવીરો, મારા હસ્તાક્ષરો પર અવાયા પડનારા કોમી લોકો, મને જેલમાં મહેલનો અયશઆરામ અપાવવાના બોલકોલ, બધાં ક્યાં ગેબ થઈ ગયાં? મેં કોઈકની શીખવણીથી છૂરી ચલાવી, તે કોના સારુ? હું અહીં એક મોટો માણસ થઈને આવ્યો, અને આખરે એક હજારમાં જ ખપ્યો! આ બરબાદી કોણે કરી?

મનમાંથી જવાબ જડ્યો: પોતે કોઈક ફાંસલામાં ફસાયો હતો: પોતે એક મવાલી જ હતો: વધું કંઈ જ નહીં.

ઘડીભર એને વિચાર થઈ આવ્યો કે હવે તો જેલ-કપડાંની જોડ માગી લઉં. પરંતુ હવે તો એ વાતમાં એને પોતાની મવાલી તરીકેની મરદાનગીનું પણ અપમાન લાગ્યું. ઉઘાડું શરીર હંમેશની કરડાઈ ધરી રાખીને બરફની કોટડીમાં મુકરર કામ કરતું જ રહ્યું. દરોગાનો ટુંકારો મળવાની તો ધાસ્તી જ નહોતી. એની છેડતી કરવા કોઈ તૈયાર નહોતો. પણ આપેલું કામ ચોક્કસ કલાકે ઉકેલી મૂકવું એ એણે પોતાના નોકની વાત સમજી લીધી. દરોગાએ એનો મદ ઉતારવા માટે વધુમાં વધુ બોજો એના પર લાદી લીધો. પણ મવાલી જુવાનનાં અંગ ટુકડે ટુકડા થઈને એ તમામ બોજાને પહોંચી વળ્યા. એની આંખોના ખૂણાની લાલી તો હમેશાં ઘોળાતી જ રહી. એણે દરોગાઓને સંભળાવી દીધું હતું. 'ચૂપચાપ કામ લિયા કરો. જબાન મત ચલાના. નહિતર જબાન ખીંચ લૂંગા.'

થોડા દિવસમાં જ દરોગાઓ દંગ થઈ ગયા. જુવાનને તેઓએ શરીર પર બંધબેસતાં ગરમ કપડાં આપ્યાં. બેપરવાઈથી જુવાને એ પહેરી લીધાં. એને જોડા સીવવાના કારખાનામાં લેવામાં આવ્યો.

[3]

"પણ આ શું? માડી રે, તમારા મોં ઉપર આ કાળી દાઝ્યો કાં પડી ગઈ છે?"

"કંઈ નથી કંઈ. તું આટલી બધી કેમ સુકાઈ ગઈ એ તો કહે."

એની ઓરત એની મુલાકાતે આવી હતી. બેઉ એકબીજાના ગાલો ઉપર હાથ ફેરવતાં હતાં.

"તમને અહીં ખાવાપીવાનું કેમ છે? કામ-બામ તો કરાવતા નથી ને?"

"ના રે ના, મને શું કામ કરાવે?"

"હા, એ તો હું જાણું કે – શેઠે આંહીંવાળાને બરાબર ભલામણ કરી છે. એ તો મને કહે કે ભાભી, મારા ભાઈને તો જેલમાં દોમદોમ સાયબી છે."

"હં!!!" મવાલીએ પોતાના ખુન્નસના અંગાર ઉપર હાસ્યની રાખ

દાબી દીધી. ઓરતના મોં ઉપર એ પોતાના ગાલ ચાંપતો રહ્યો.

"શેઠ તો મારી બહુ જ ખબર રાખે છે હો! પૈસાટકા આપી જાય છે. મને કહેતા હતા કે ભાભી, મારા ભાઈને છોડાવવા હું આકાશપાતાળ એક કરી રહેલ છું."

"સાચું," બીજી બાજુ જોઈને જુવાને પોતાના હોઠ કરડ્યા. એણે સ્ત્રીને કહ્યું: "પણ તું આજ શનિવારે શા માટે આવી?"

"કેમ?"

"ના, તારે શનિવારે ન આવવું."

"પણ, શા માટે?"

"શનિવારને ને મારે બનતું નથી. એ અપશુકનિયાળ વાર છે.

શનિવારે હું જેલમાં પડ્યો. શનિવારે મે છૂરી હુલાવી. શનિવારે મારો જન્મ થયો. મારે ને શનિવારને બિલકુલ લેણું નથી. તું કોઈ દી ભલી થઈને શનિવારે આવીશ મા નીકર તને માર્યા વિના નહીં મૂકું. ખબરદાર તું શનિવારે આવી છો તો!"

અબૂધ બાળકની માફક વાતો કરતા એ ધણીને સ્ત્રી ઠંડો પાડવા લાગી: "ઠીક, નહીં આવું શનિવારે, તારી વાત ખરી છે. તું જનમ્યો શનિવારે ખરો ને એટલે જ શનિવાર સહુથી વધુ અપશુકનિયો વાર છે. પણ હવે તારે કેટલાક શનિવાર અહીં કાઢવાના છે, ભૂંડા! શેઠ તને હાલઘડી છોડાવવાના છે. નહીં છોડાવે તો મારા દા'ડા શે' જાશે?"

બોલતાં બોલતાં સ્ત્રીના શરીર ઉપર જોબનની છોળો ઊછળી ઊછળીને પાછી ભાંગી જતી દેખાઈ. મુલાકાત પૂરી થઈ.

[4]

સાંજની સિસોટી વાગી ગઈ. ખણીંગ ખણીંગ બેડીઓ ઝંકારતા એક હજાર ઓળાયા અંદર આવી ગયા. એક હજાર ચકચકિત ચગદાંની પાછળ એકંદર વીસ હજાર વર્ષો પોતાનાં નિસ્તેજ મોં લઈને બુરાકોમાં પેસી ગયાં. કરપીણ મોઢાં, કાળાં મોઢાં, કુટિલ અને કદરૂપમાં મોઢાં, હચમચેલ જડબાવાળાં ને ગમગીન મોઢાં, દાંતો ભીંસતાં ને આંખો બગાડતાં મોઢાં,

વહાલાં જનોની યાદમાં ભીંજાઈને અનંતમાં શૂન્ય મીટ માંડતાં મોઢાં, આશાહીન, લાલસાભર્યાં, ક્ષુધાર્ત મોઢાં, અગણિત રેખાઓવાળી અક્કેક નિગૂઢ કિતાબ જેવાં એક હજાર મોઢાં: તમામ સળિયાઓની પાછળ પુરાઈ ગયાં, અને વાંદરાં જેવાં ઊભાં થઈ રહ્યાં. ભાતભાતના મુખસ્વરો, ચેનચાળા, સંકેતશબ્દો, સર્વ નિઃસ્તબ્ધ બની ગયું. દરોગાઓએ છેલ્લી ગણતરી કરી, તાળાં તપાસી આલબેલ પોકારી લીધી. પછી ઠંડા પહોરે કેદીઓએ હુલ્લડ જગવ્યું.

દિવસોના દિવસો સુધી કારખાનામાં બેઠાં બેઠાં તેઓએ તાળા તોડવાના સંચા તેમ જ તમંચા બનાવવાનો કસબ કરેલો. એ સંચાઓના છૂટક છૂટક ટુકડા એક પછી એક કોટડીમાંથી પસાર થઈ એક અગ્રેસરની તુરંગમાં એકઠા થયા, ને ત્યાંથી તાળાં તૂટ્યાં. તુરંગોની સળંગ ભોગળ હતી તે પણ ખેસવી નાખવામાં આવી. એક પછી એક કેદી બહાર નીકળી પડ્યો.

"બહાર નીકળ, દોસ્ત!" અગ્રેસરે એ જુવાન મવાલીની કોટડી પર જઈ એનું તાળું ખોલ્યું.

"મને માફ કર." જુવાને ના કહી.

"કેમ? તું તો બધા તાલમબાજોની મોખરે હતો ને? દગો કે?"

"દગો? હું ન કરું."

"ત્યારે?"

"આંખો ફાડીને જોતો નથી સામે તારીખિયામાં? આજ મારો વેરી શનિવાર મૂઓ છે."

"તેથી શું?"

"શનિવારે હું એક પણ પરાક્રમનું કામ કરવાનો નથી. તમને ને મને બધાને અપશુકન લાગશે."

"મર ત્યારે એકલો."

ત્યાર પછી તો રમખાણ જામ્યું. દરોગાનાં ખૂન થયાં. વૉર્ડરે અને જેલરોની ટુકડીએ આવીને ઝેરી ગૅસોની રિવોલ્વરો ચલાવી. બળવો કાબૂમાં આવી ગયો. કેદીઓ લપાઈને બેસી ગયા.

દરેક ઓરડીનો જાપ્તો કરીને ઘેર જતા વૉર્ડનને કોઈએ સાદ પાડ્યો: "એ હેઈ વૉર્ડન!"

પાછા ફરીને વૉર્ડને નજર નાખી. સાદ કરનાર મવાલી પોતાની તુરંગમાં શાંત ઊભો ઊભો હોઠ કરડતો હતો.

"આ બંધ કરી દે." કેદીએ વૉર્ડનને પોતાની તુરંગનું ઉઘાડું તાળું બતાવ્યું.

વૉર્ડન સ્થિર થઈ ગયો. તાળું ખુલ્લું છતાં આ ભયાનક કેદી કેમ ચૂપચાપ અંદર જ ઊભેલો છે?

"કેમ, અટંકી!" વૉર્ડને હસીને પૂછ્યું: "તું કેમ બળવામાં શામિલ નથી થયો? કૂણો પડી ગયો કે શું? આવ્યો ત્યારે તો મિજાજનો પ્યાલો ફાટફાટ હતો, ખરું કે?"

"હજુય ફાટફાટ જ છે." મવાલીએ હોઠ કરડીને જવાબ દીધો.

"ત્યારે આમ કેમ લપાઈ બેઠા છો, બહાદર?"

"શનિવાર હતો તેથી. વૉર્ડન! શનિવારને ને મારે લેણું નથી. મારો જનમ જ શનિવારે થયો'તો!"

એ તુરંગને તાળું દેતાં બુઢ્ઢા વૉર્ડનને કોણ જાણે શાથી આ જુવાન ઉપર પોતાના ફરજંદ જેવું વહાલ ઊપજ્યું.

[5]

"બચ્ચા!" વૉર્ડન એ જુવાનને હમણાં હમણાં 'બચ્ચા' કહીને બોલાવતો હતો. આજે એના હાથમાં એક તાર હતો. એના મોં ઉપર ગમગીની હતી. એણે જુવાનને ખબર દીધા: "બચ્ચા, તારા નામનો તાર છે."

જગતમાં એક વર્ગ એવો જીવે છે કે જેને તાર-વ્યવહાર વગરનું જીવન જ ફિક્કું લાગે છે. 'ટપાલ બીડી છે' એ ખબર પણ આ વર્ગ તારથી પહોંચાડે છે. જગતમાં બીજો વર્ગ એવો છે કે જે તારનું પરબીડિયું જોતાં જ થરથરી ઊઠે છે.

તાર દેખતાં જ જુવાનને ફાળ પડી.

"તારી ઓરત મૃત્યુને બિછાને પડી છે." વૉર્ડને તારનો મર્મ કહ્યો.

"બીમારી?" જુવાને પૂછ્યું.

"મોટરમાંથી પડતાં જખમો થયેલ છે."

જુવાન મવાલીના ચહેરા પર પ્રેમનું દર્દભર્યું કાવ્ય પથરાયું. એ બાઘોલો બની ઊભો રહ્યો. એની છાતીમાં ઓરતની છેલ્લી બૂમો પડતી હતી. પરંતુ એ જ છાતી ઉપર સાત વર્ષોની ટીપનું ચકચકિત ચગદું તકદીરના તાળાની માફક લટકતું હતું.

"સાંભળ, બચ્ચા!" વૉર્ડને એના ખભા પર વહાલભર્યો પંજો ઠેરવ્યો. મવાલીએ ધીરે ધીરે આંખો ઊંચી કરીને વૉર્ડનની સામે જોયું.

"જો બચ્ચા, વીસ જ મિનિટની અંદર અહીંથી એક ટ્રેન છૂટે છે. હું જો તને એક દિવસની રજા પર છૂટો મૂકું, તો તું સાંજે પાછો આવવાનો બોલ આપે છે?"

"વૉર્ડન સા'બ!" મવાલીના કરડા સ્વરમાં આજે પ્રથમ વાર ધ્રુજારી આવી; "જિંદગીમાં મેં આપેલો બોલ – કોઈને, કુત્તાને પણ આપેલો બોલ – તોડ્યો નથી."

"પાછો આવીશ?"

"ફાંસીને માંચડે લટકવાનું હશે તો પણ આવીશ."

"સાંજે બુરાકો બંધ થયા પહેલાં."

યુવકે હકારમાં શિર હલાવ્યું. શબ્દો બગાડીને નાપાક કરવા જેવી એ ઘડીઓ નહોતી. પત્નીના અવાજ સંભળાતા હતા, ઇમાનનો ધૂપ બળતો હતો.

"તું નહીં આવે તો મારું શું થશે એ જાણે છે?"

મવાલીએ ડોકું ધુણાવ્યું, એની આંખોમાં સળગતા અંગાર પર કોઈ જળ છંટાતું હતું.

"બસ ત્યારે, અલ્લાબેલી."

"અલ્લાબેલી, વૉર્ડન સા'બ!"

[6]

સંધ્યાના છેલ્લા ડંકા સેંટ્રલ જેલના મિનારા ઉપરથી પોકાર પાડી ચૂક્યા. નવસો નવાણું કાળા ઓળાયા અને ઉજ્જ્વળ ચગદાં સંધ્યાકાળની સુસવાટીમાં કાંપતાં કાંપતાં એ કાળી દીવાલોમાં પાછાં સમાયાં. માનવજીવનનાં વીસ હજાર વર્ષોએ ફરી વાર પથારી પાથરી. એક કોટડી ખાલી રહી.

મિનારા ઉપર ચડીને વૉર્ડન જોતો હતો. સ્ટેશન પર ઊભી રહેતી એક પછી એક ટ્રેન એની આશાને ચગદતી ચાલી નીકળતી હતી. 'બચ્ચો' હજુ આવ્યો નહોતો.

'સા'બ, ટેલિફોન.'' સિપાહીએ આવી ખબર દીધા. વૉર્ડન ટેલિફોન પર ગયો.

''હલો! હલો! વૉર્ડન?''

''જી હા. આપ કોણ?''

''હું કમિશ્નર.''

''ફરમાવો.''

''તમારે ત્યાંનો નં ...નો કેદી, નામે ... આજે હાજર છે?'' વૉર્ડનથી જવાબ અપાયો નહીં. સામેથી શબ્દો આવ્યા: ''એ ભયંકર કેદીએ આજે શહેરમાં આવીને એક આબરૂદાર શહેરીનું ખૂન કર્યું છે.''

વૉર્ડનના મોં પરથી લોહી શોષાઈ ગયું.

સામા શબ્દો પછડાયા: ''તમારી રહેમિયત ઠીક પરિણામો લાવી રહી છે!'' સખત પછડાટ સાથે ટેલિફોન બંધ થયો.

વૉર્ડન મકાન પર ગયો. ઘરના ઓરડામાં ટેલવા માંડ્યું. આજે એ બાળબચ્ચાં જોડે રમતો નથી. વારંવાર બેસે છે ને ઊભો થાય છે.

પત્ની પૂછે છે: ''શું છે? કંઈ છે?''

''ના રે ના, કશું નથી.''

સાંજનાં છાપાં લઈને સિપાહી આવ્યો. દરેક છાપાના પહેલા પાના પર સેંટ્રલ જેલના વૉર્ડનની કેદીઓ પ્રત્યેની રહેમિયતભરી નીતિ ઉપર પ્રહારો

હતા. શહેરના નામાંકિત નાગરિકના ખૂનની જવાબદારી એના શિર પર મુકાયેલી હતી. છાપાંમાં કાર્ટૂનો પણ ચીતરાયાં હતાં. બેવકૂફ બાપ પોતાનાં બચ્ચાંને કહેતો હતો: 'છોકરાંઓ, જાઓ, ડાહ્યાંડમરાં થઈને પાછાં સાંજે આવી જજો હો!' છોકરાં એકબીજાંને આંખમિચકારા કરીને પછી જવાબ દેતાં હતાં: 'હો બાપા! હો!'

લગભગ અધરાત થવા આવી હતી. 'બચ્ચા'નો પત્તો નહોતો. વૉર્ડને ટેબલ પર બેસીને પોતાનું રાજીનામું લખ્યું. નીચે સહી મૂકવા જાય છે ત્યાં જ દ્વાર ઊઘડ્યું. વૉર્ડનના મોં પર દીપ્તિ તરવરી: "આવી પહોંચ્યો, બચ્ચા?"

"મેં તો આપને કહ્યું હતું કે ફાંસીને દોરડે લટકવાનું હશે તો પણ આવીશ. આવ્યો છું પણ એવું જ મોત શિર પર લઈને"

"સાચી વાત?" વૉર્ડને ભયભીત થઈને પૂછ્યું.

"સાચી વાત. વૉર્ડનસા'બ! મારી સબૂરી ન રહી શકી. પણ મારે બદલે પથ્થર હોત તો તે પણ ફાટીને ત્યાં ટુકડા થઈ ગયો હોત. હું સમજતો હતો. હું અહીંથી નીકળ્યો ત્યારે જ તારીખિયા પર મેં જોયું હતું, કે આજ મારો વેરી શનિવાર છે. બદબખ્ત શનિવારે જ આ દશા કરી. હું જન્મ્યો જ છું શનિવારે ખરો ને!"

'બચ્ચા'ના આ બાલિશ વહેમીપણા ઉપર વૉર્ડન નિહાળી રહ્યો.

[7]

એક નામાંકિત રાજદ્વારી અગ્રેસરનું કરપીણ ખૂન કરવા બદલ વૉર્ડનના લાડકવાયા કેદીને ફાંસીની સજા મળી. કેદીએ પોતાનો ગુનો કબૂલ કરી લીધો. બીજા કોઈ પુરાવાની જરૂર નહોતી. એ નામાંકિત અગ્રેસર બીજો કોઈ નહીં પણ કેદીને પ્રથમ દિવસે જેલ પર મૂકવા અને વૉર્ડનને રુશવત આપવા આવનાર 'શેઠજી' જ હતો. પોતાની ગેરહાજરીમાં પોતાની ઓરતની વધુ પડતી સંભાળ રાખનાર એ પરગજુ મિત્રનું જ પોતાના જ ઘરમાં મવાલીએ ખૂન કર્યું હતું. ખૂનીના નામ પર લોકો થૂંકતા હતા. સહુ એમ સમજતા હતા કે મવાલીએ એ નામાંકિત નગરજનની કનેથી દબડાવીને

નાણાં કઢાવવાની કોશિશમાં જ આ કૃત્ય કર્યું હતું.

[8]

ફાંસી-ખોલીની એક તુરંગમાં આખી રાત એક કેદી મોં-વાજું વગાડતો હતો. એમ લાગે કે જાણે કે કોઈક રાગના સૂર બેસારવા મહેનત કરતો હતો.

પ્રભાતે એની તુરંગના તાળા પર ચાવી ફરી. ઊઘડતા બારણાએ કિચૂડાટ કરીને એને વિદાય દીધી.

"ચાલ, ભાઈ!" દરોગાએ એને હાથકડી પહેરાવી.

"હો-હો-ટેમ થઈ ગયો!" કેદીએ સામો હાસ્યધ્વનિ કર્યો. એ હતો, તે દિવસના હુલ્લડનો અગ્રેસર. અદાલતે એને મોતની સજા કરી હતી. અત્યારે એને ફાંસીએ જવાનું હતું.

"આ વાજું સાથે લઈ લઉં?"

દરોગાએ હા પાડી.

મોં-વાજું બજાવતો બજાવતો એ બહાર નીકળ્યો. સહુ સાથીઓને એણે વિદાય દીધી: "લ્યો ભાઈઓ, સલામ છે સર્વેને, પંદરેક દિવસ મને વધુ રે'વા દીધો હોત ને, તો વાજા ઉપર હું આ ગાયન બરોબર બેસારી લેત. પણ ખેર! ઈ તો હવે ત્યાં જઈને બેસાડશું. લ્યો ભાઈઓ, રામરામ! આપણે પાછા ત્યાં મળશું – બધાં ત્યાં થોડા રોજમાં જ મળશું. લ્યો ભાઈઓ, બોલ્યું ચાલ્યું માફ છે!"

મોં-વાજું બજાવતો એ ચાલતો થયો. લહેરથી પોતાના જુવાન દેહને એ ડોલાવ્યે જતો હતો. છેલ્લી તુરંગમાં એણે મવાલીને દીઠો. એ બોલી ઊઠ્યો: "કાં દોસ્ત શનિવારિયા, લહેરમાં છો ને? આપણે તો કાલે જ ભેગા થઈ જશું, કેમ? લે, વે'લો આવી પોગજે, રામરામ!"

કેદીઓએ કાન માંડીને દૂર દૂર બજી રહેલ મોં-વાજાના સ્વરો સાંભળ્યા. પછી એક મોટો ધડાકો સાંભળ્યો. પછી જેલના મિનારાની ઝાલરના, માતાના વિલાપ જેવા ડંકા પડતા સાંભળ્યાં.

તે દિવસના બપોરે મવાલીની ઓરત છેલ્લી મુલાકાતે આવી. વૉર્ડન

પોતે જ એને તેડીને ફાંસી-ખોલીની તુરંગમાં આવ્યો. બેઉને છૂટથી મળવા દીધાં.

"તું જૂઠ શા માટે બોલ્યો?" ઓરત એને ગળે બાઝીને પૂછતી પંપાળવા લાગી.

"જૂઠ નથી બોલ્યો હું. ચૂપ કર." જુવાને ઓરતના મોં પર હાથ ફેરવ્યા.

"જૂઠ! જૂઠ! જૂઠ! વૉર્ડન સા'બ! આ આદમી નરાતાર જૂઠ બોલીને ફાંસીએ જાય છે," સ્ત્રી ચીસો પાડવા લાગી: "ઓ વૉર્ડન સા'બ! સાંભળો, મારી વાત સાંભળો –"

"હવે નથી કહેવી વાત. મૂંગી મર ને!" મવાલી વચ્ચે પડ્યો.

"નહીં, સાંભળી લ્યો. ખૂન એણે નથી કર્યું. મેં કર્યું છે. સાંભળો! એ શેઠિયાએ મને ભોળવી. ફોસલાવી. આની લાંબી ટીપનો તો કોઈ આરો ન રહ્યો એટલે મારી સબૂરી ન રહી. હું એના પ્યારમાં ખેંચાણી. એણે મને એક દી એની મોટરમાં ઉપાડી. રસ્તે મારું દિલ આ પાપ સામે પોકારી ઊઠ્યું. મને આ બાપડો કેદમાં પડેલો સાંભર્યો. એ પાપિયાના ફાંસલામાંથી કોઈ રીતે છૂટવાની બારી ન રહી. હું મોટરમાંથી કૂદીને નીચે પડી. મને જખમી હાલતમાં મારે ઘેર નાખીને એ ચાલ્યો ગયો. ત્યાં હું મલમપટા કરાવીને પડી હતી. ત્યાં આ આવ્યો. આને મેં મારી કાયાને અડવાની ના પાડી. હું હવે તારા ખપની નથી રહી એમ કહ્યું. આણે મારી પાસેથી આખી વાત કઢાવી, શેઠને મારવા એણે તમંચો લીધો. મેં આને ધીરો પાડી, પંપાળી, ભરેલો તમંચો છોડાવી લઈ મારા ઓશીકા હેઠળ મૂકી દીધો. એને હું મારા પડખામાં લઈને ટાઢો પાડતી હતી. આ બાપડો રાંક બનીને મારા ઉપર લળી રહેલ હતો. ત્યાં બારણું ખખડ્યું. મેં આને સંતાડી દીધો. જોઉં છું તો કાળમુખો ઈ શેઠજી જ આવીને ઊભો છે. મને ટોણા મારવા મંડ્યો કે કાં, બદલી ગઈ? નશો ઊતરી ગયો? હવે બક બક કરવું છે કે આ પૈસા જોઈએ છે આ લે, આ લે, આ લે, કેટલા જોઈએ? એમ કહીને એણે નોટોનો થોકડો મારી પથારીમાં નાખ્યો. મેં એને કહ્યું કે ભલા થઈને, શેઠ,

તમે અહીંથી ચાલ્યા જાઓ, પણ એણે ન માન્યું. એણે મને ન કહેવાનાં મર્મ-વેણ સંભળાવવા માંડ્યાં. ત્યાં તો આ અભાગિયો નીકળ્યો. બે ય જણા વચ્ચે રમખાણ થઈ પડ્યું. શેઠ માતેલા સાંઢ જેવો. એક જ ઘડીમાં આ મારા રાંક ધણીનો ટોટો પીસી નાખત. પણ મને સાંભર્યું. ઓશીકા હેઠથી મેં તમંચો કાઢીને વછોડ્યો. ને એ પીટ્યો ઢળી પડ્યો. સાચી વાત આ છે; ઓ વૉર્ડન સા'બ! આને, આ નિર્દોષને બચાવો. એને સાટે મને ફાંસીએ મોકલો. મેં ખૂન કર્યું છે, મેં કર્યું છે, મેં જ કર્યું છે." બોલતી બોલતી એ છાતીફાટ રડી પડી.

"હવે સા'બ!" મવાલીએ ઠંડે કલેજે કહ્યું, "એ તો રાંડ ગાંડી છે ગાંડી. રાંડ મને બચાવવા સાટુ આ બનાવટ કરી રહી છે. એનું કહ્યું તમે માનશો મા, સા'બ! કો'ક આપણને મૂરખ કહેશે, સા'બ! લે હવે તું ભલી થઈને જા અહીંથી. નીકર ઠાલી કાંઈક સાંભળી બેસીશ."

એટલું કહીને એણે ફરીથી ઓરતને પંપાળી, છેલ્લી બચી લીધી. એના ખોળામાં, હૈયા પર, કંઠે ને ખંભે વારંવાર પોતાનું માથું ચાંપ્યું.

થીજી ગયેલા વૉર્ડનને પણ આખરે ભાન આવ્યું કે આ તો જેલ છે, ને આ તમાશાનો કોઈ અંત નથી. પોતે પેલા શેઠની નોટોને શગડીમાં સળગાવી દીધાનો દિવસ એને યાદ આવ્યો. એણે અત્યારે પણ એ જ શેઠની નોટો આ બે જણાંની ચિતામાં બળતી દીઠી.

ધણીને બાઝી રહેલી ઓરતને 'બેટી! હવે બસ' કહી, મીઠાશથી વિછોડાવી, વૉર્ડને ખભાને ટેકે ટેકે બહાર લીધી.

છેલ્લા પ્રભાતનું બગબગું હતું. ધર્મગુરુ આવીને જુવાનની પાસે બેઠો. એ કંઈક પ્રાર્થના સંભળાવતો હતો. એમાં વારંવાર એવું વાક્ય આવતું હતું કે 'હે પ્રભુ! હે પિતા! આ રંક આત્માને તું ક્ષમા દેજે. તારી ગોદમાં લેજે! એ તારે દ્વાર આવે છે! –'

"હવે મે'રબાન!" કંટાળેલો કેદી ધીરજ ગુમાવીને બોલ્યો: "મારે પ્રભુની પાસે જાવું કે બીજે ક્યાંય જાવું એ બાબત મેં હજી નક્કી નથી કરી. હજી એ નક્કી કરવા માટે મારી પાસે આખો એક કલાક બાકી છે.

માટે ભલા થઈને આ બબડાટ બંધ કરો. મારું માથું પકાવો મા!"

ધર્મગુરુએ આ દુરાત્માનું નરકધામ નક્કી કરી લઈ ત્યાંથી વિદાય લીધી.

કેદી એ માથાકૂટમાંથી છૂટીને તૈયાર થઈ બેઠો. આખી જેલ આજે મૌન સેવી રહી છે. સિપાઈઓ, દરોગાઓ સર્વનાં હૈયાં ગમગીન છે. અન્ય કેદીઓને કૂચકદમ કરાવી કામ પર લઈ જનારી સિસોટીઓ આજે ધીરી ધીરી ફૂંકાય છે. બે હજાર કદમોનો આઘાત ધરતી પર અત્યંત ધીમો પડે છે. અને એ આખા કારાગૃહના જીવતા જાગતા શોક સમો વૉર્ડન ભારે પગલે ફાંસી-ખોલીમાં પ્રવેશ કરે છે. 'બચ્ચા'ની તુરંગમાં પેસે છે.

"બચ્ચા!" એણે ધીરેથી પૂછ્યું: "કંઈ આખરી ઇચ્છા?"

"હા સા'બ! આપ આપને હાથે જ મને એક બીડી પાઓ!"

વૉર્ડને દિવાસળી કરી, 'બચ્ચા'ના મોં નજીક ધરી રાખી. 'બચ્ચા'એ એમાંથી બીડી ચેતાવી.

બીડીના ધુમાડાની આરપાર એ ચારેય આંખો સામસામી નિહાળી રહી. ધુમાડાનાં ગૂંચળાં ધીરે ધીરે ઊંચે ચડવા લાગ્યાં.

જેલના મિનારા ઉપરથી છેલ્લી ઝાલરના ડંકા પડ્યા.

**વિદેશી ફિલ્મો પરથી લખેલી આવી જ વાર્તાઓનો**
**લેખકનો બીજો સંગ્રહ**

**પલકારા**

# ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય

**આ પુસ્તક ચૌદ દિવસ રાખી શકાશે.**

મોડાઈ રોજના રૂ. ૧-૦૦

પુસ્તક પરત કરવાની તારીખ

5 OCT 2012

27 NOV 2017

9 DEC 2013

25 AUG 2018

1 DEC 2018

ટ:૩
જોધાણી
278970
ગૂ. વિ. ગ્રંથાલય

ચિત્રપટની કલાને હાનિકારક લેખનાર વર્ગ ઘણો મોટો છે. એથીય વધુ મોટો સમૂહ ચિત્રપટનો પ્રેમી છે.

યુરોપી ચિત્રપટોએ જગતના નામાંકિત કથાસાહિત્યને પોતાની 'પ્રકાશ અને પ્રતિધ્વનિ'ની જીભ પર ચડાવી લીધું છે. આમ સાહિત્ય અને ચિત્રપટની કલાનો જ્યાં હસ્તમેળાપ થઈ રહેલ છે ત્યાંથી પકડેલી આ કથાઓ છે. આ વાર્તાઓમાં તો કેવળ ચિત્રપટોમાં જે જોયું તેનું જ ઝીલણ છે : કોઈ વિરાટની આંખના વેગવંતા પલકારા દરમિયાન એની કાળી પાંપણો વચ્ચે મારાથી જે કંઈ પકડી લેવાયું, તેને મેં સ્મરણ-મંદિરમાં સુવાડી લીધું. પવનવેગીલી એ તેજપગલીઓની આછી આછી મુદ્રા મેં મારા ચિત્તપ્રદેશ પર અંકાઈ જવા દીધી. ને પછી મેં મારા અંતઃકરણની આરપાર ચાલ્યાં ગયેલાં એ અતિથિઓની અખંડ સ્મરણ-સાંકળી વેરણછેરણ અંકોડામાંથી ઊભી કરી.

'પ્રતિમાઓ'ની નવ અને 'પલકારા'ની છ મળીને એ પંદરેય કથાઓનાં પાત્રોને પડદા ઉપર ઝડપી નજરે જોઈ લીધા પછી મેં કોણ જાણે કેટલી કેટલી વાર એક પછી એક મારી પાસે તેડાવ્યાં હશે : સ્વપ્નમાં ને જાગૃતિમાં, મિ જોડેના વાર્તાલાપમાં અને એકાંતમાં, હસતાં હસતાં અને અશ્રુભેર, એ મા પ્રિયજનો બન્યાં, તેઓનાં ગુપ્ત આવાસોનાં બારણાં મારે સારુ ઊઘડી ગયાં પછી જ તેઓની આ પિછાન આપવાનું મારે માટે શક્ય બન્યું.

આ પિછાનને, આ તેમના હાર્દ-ઉકેલને, આ પૃથક્કરણને સાહિત્ય સમીક્ષક મૌલિક નહિ માને. મેં એને સર્જ્યાં નથી. પણ સર્જવામાં જો પ્રસવ-વેદ રહેલી છે, તો ઉછેરવામાં, સમજવામાં ને ચાહવામાંય ક્યાં ઓછી વેદના ર છે ! ... એમાં મારો પ્રાણ નિચોવાયો છે.

['પ્રતિમાઓ' અને 'પલકારા'નાં નિવેદનોમાં]

ISBN 978-81-8480-006-7